
BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## Semester - 2
## MAIKS - 202
## પ્રાચીન ભારતીય સાહિત્ય



ભારતીય જ્ઞાન પરંપરા

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**નિદર્શન:**

| | |
|---|---|
| પ્રો. અમી ઉપાધ્યાય | કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. યોગેન્દ્ર પારેખ | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષયસમિતિ:**

| | |
|---|---|
| ડૉ. દર્શનાબહેન ત્રિવેદી | નિયામક, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. દીપક કોઈરાલા | પ્રધાનાચાર્ય, હેમચંદ્રાચાર્ય ગુરુકુળ, સાબરમતી, અમદાવાદ. |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન:**

| | |
|---|---|
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, |
| શ્રી વિવેક ગોપાલ સાખી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ભારતીયજ્ઞાનપરંપરા(IKS) વિભાગ, |
| શ્રી શ્યામ અનિલકુમાર પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ભારતીયજ્ઞાનપરંપરા(IKS) વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| ડૉ. મણિભાઈ પ્રજાપતિ | પૂર્વ નિયામક, શ્રી શંકરાચાર્ય સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટીટયુટ, દ્વારકા; નિવૃત્ત આચાર્ય, કાકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, થરા. |
| ડૉ. યોગિની એચ. વ્યાસ | નિવૃત્ત પ્રોફે.,સંસ્કૃતવિભાગાધ્યક્ષ, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ |
| ડૉ. દિલીપ સી. પટેલ | પ્રોફેસર, સંસ્કૃત અને ભારતીયવિદ્યા વિભાગ, એચ. એન. જી. યુ., પાટણ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. રવીન્દ્રકુમાર ખાંડવાલા | એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગાધ્યક્ષ, શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ |
| ડૉ. કાલિન્દી એચ. પાઠક | એસો. પ્રોફેસર, સંસ્કૃત વિભાગાધ્યક્ષ, સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કોલેજ, અ'વાદ. |


**પ્રકાશક:** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રથમ આવૃત્તિ-2024**


## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ભારતીય જ્ઞાન પરંપરામાં અનુસ્નાતક (Master of Indian Knowledge System)

**SEMESTER – 2 COURSE CREDIT – 4**

**MAIKS-202**

# પ્રાચીન ભારતીય સાહિત્ય

એકમ – 1
અલંકારશાસ્ત્ર અને તેની વિચાર પરંપરા

---

એકમ – 2
આચાર્ય મમ્મટ અને કાવ્યપ્રકાશ: સામાન્ય પરિચય

---

એકમ – 3
સંસ્કૃત નાટ્ય સાહિત્ય ઉદ્ભવ અને વિકાસ

---

એકમ – 4
મહાકવિ કાલિદાસ જીવન અને માલવિકાગ્નિમિત્ર

---

એકમ – 5
વિક્રમોર્વશીય અને શાકુન્તલનો પરિચય

---

એકમ – 6
ભવભૂતિ જીવન અને કૃતિઓનો પરિચય

---

એકમ – 7
હર્ષવર્ધન જીવન અને કૃતિઓનો પરિચય

---

એકમ – 8
શૂદ્રક જીવન અને કૃતિઓનો પરિચય

---

એકમ – 9
મહાકવિ ભાસ જીવન અને સમય

---

એકમ – 10
ભાસની કૃતિઓ

---

એકમ – 11
મહાકાવ્ય: સ્વરૂપ, વિકાસ, લક્ષણો

---

એકમ – 12
કુમારસંભવ

---

એકમ – 13
રઘુવંશ

---

એકમ – 14
કિરાતાર્જુનીય

---

એકમ – 15
શિશુપાલવધ અને નૈષધીયચરિત

---

**એકમ 1**

# અલંકારશાસ્ત્ર અને તેની વિચારપરંપરા

## રૂપરેખા


**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 અલંકારશાસ્ત્ર અને તેની વિચારપરંપરા**

**1.2.1 અલંકાર શબ્દની વ્યુત્પત્તિ અને તેના અર્થો**

**1.2.2 અલંકાર ઉપરાંત કાવ્યની શોભામાં અભિવૃદ્ધિ કરનાર તત્ત્વો**

**1.2.3 અલંકારશાસ્ત્રની પ્રાચીનતાના ઉલ્લેખો**

**1.2.4 અલંકારશાસ્ત્રનાં અન્ય નામો**

**1.2.5 અલંકારશાસ્ત્રની વિચારપરંપરા કે વિકાસપરંપરા**

**1.2.6 અલંકારશાસ્ત્રની વિચારપરંપરાઓ**

**1.3 તમારી પ્રગતિ ચકાસો**


## 1.0 ઉદ્દેશ

- *સંસ્કૃત 'અલંકારશાસ્ત્ર'ના ઉદ્ભવ-વિકાસનો પરિચય કેળવશે.*
- *સંસ્કૃત વિષયના વિદ્યાર્થીને વિવેચનક્ષેત્રે કૌશલ્ય વિકસાવવા માટે 'અલંકારશાસ્ત્ર'નું જ્ઞાન આવશ્યક છે.*
- *પ્રાચીન ભારતીય 'અલંકારશાસ્ત્ર'નું વિવેચનનાં ક્ષેત્રમાં શું મહત્ત્વ છે, એનું વિશ્વસાહિત્યમાં શું યોગદાન છે ? તદ્વિષયક માહિતી વિદ્યાર્થીને આ યુનિટના અભ્યાસ દ્વારા થશે.*
- *ભારતીય અલંકારશાસ્ત્રીઓએ કાવ્યનાં વિવેચનના જે માર્ગો વિકસિત કર્યા છે, તે અંગે સંસ્કૃતનો વિદ્યાર્થી ગૌરવાન્વિત થાય અને સાહિત્યનાં ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કરે એ પણ ઉદ્દેશ્ય છે.*

## 1.1 પ્રસ્તાવના :

*'અલંકાર' શબ્દની વ્યુત્પત્તિ, તેના અર્થો, અલંકારશાસ્ત્રની પ્રાચીનતા - ઋગ્વેદ વગેરે ગ્રંથોમાં તેનો ઉલ્લેખ વગેરે મુદ્દાઓ તથા અલંકારશાસ્ત્રની વિચારપરંપરા વિષયક મુદ્દાઓ પ્રસ્તુત યુનિટમાં ચર્ચાયા છે.*

*જેમ મનુષ્ય પોતાના દેહની શોભા વધારવા માટે અલંકારો પહેરે છે, તેમ કવિ પોતાની કવિતારૂપી દેહને વધુ સૌન્દર્ય બક્ષવા માટે અલંકારોનો સમુચિત પ્રયોગ કરે છે. ભારતીય પરંપરામાં* **'અલંકારશાસ્ત્ર'** *ને માટે* **'કાવ્યશાસ્ત્ર'** *કે* **'સાહિત્યશાસ્ત્ર'** *જેવાં નામો પણ પ્રયોજાય છે. આ શાસ્ત્રમાં 'કાવ્ય' કેન્દ્રસ્થાને હોવાથી 'કાવ્યશાસ્ત્ર' કહે છે અને શબ્દ તથા અર્થનું સાહિત્ય આનો વિષય હોવાથી 'સાહિત્યશાસ્ત્ર' પણ કહે છે. આ યુનિટમાં 'અલંકાર' શબ્દના વ્યુત્પત્તિજન્ય અર્થો, અલંકારશાસ્ત્ર વિષયક વિવિધ વિચારધારાઓનો મહત્ત્વપૂર્ણ અભ્યાસ વિદ્યાર્થી કરશે, જેથી આ શાસ્ત્રનું મહત્ત્વ, તેની પ્રાચીનતાનો ખ્યાલ આવે. આ ઉપરાંત આ શાસ્ત્રને આધારે સાહિત્યનું મૂલ્યાંકન કેવી રીતે અને ક્યારથી થતું આવ્યું છે, એ વિશે પણ વિદ્યાર્થી સજ્જ થશે.*

## 1.2 અલંકારશાસ્ત્ર અને તેની વિચારપરંપરાઃ

### 1.2.1 'અલંકાર' શબ્દની વ્યુત્પત્તિ અને તેના અર્થો :

*'અલંકાર' શબ્દ* ***'अलम्'*** *અને* ***'कृ'*** *ધાતુ પરથી બન્યો છે. અહીં* ***'अलम्'*** *નો અર્થ 'ભૂષણ' થાય છે. જે અલંકૃત કરે તેને 'અલંકાર' કહેવાય. દંડીએ 'કાવ્યાદર્શ'માં 'અલંકાર' શબ્દની વ્યાખ્યા આપી છે કે,* ***'काव्यशोभाकरान् धर्मान् अलंकारान् प्रचक्षते ।*** *(૨-૧) અર્થાત્ 'કાવ્યની શોભા કરનારા ધર્મોને 'અલંકાર' કહેવાય છે.*

*અલંકારના પ્રયોગથી કાવ્યની શોભામાં અભિવૃદ્ધિ થાય છે. એક સમય તો એવો હતો કે કેટલાક આચાર્યો એવું દૃઢપણે માનતાં કે 'અલંકાર વિના કાવ્ય નહિ'* ***(ऋते अलंकारान्न काव्यम् ।)*** *માટે જ તો 'અગ્નિપુરાણ'માં આ સંદર્ભે લખ્યું છે કે, 'અલંકાર વગરની સરસ્વતી એટલે કે કવિતા વિધવા જેવી છે'*

***अर्थालंकाररहिता विधवेव सरस्वती*** (344-2)

### 1.2.2 અલંકાર ઉપરાંત કાવ્યની શોભામાં અભિવૃદ્ધિ કરનાર તત્ત્વો :

*અલંકાર' શબ્દનો અર્થ અમુક સમય સુધી ઉપમા, રૂપક કે ઉત્પ્રેક્ષા વગેરે અલંકારો સંદર્ભે જ મર્યાદિત હતો, જો કે, વૈદિક સમયમાં તો આ અર્થ ખૂબ વ્યાપક હતો. ગદ્ય-પદ્ય બધું જ સર્જન 'કાવ્ય' ગણાતું. 'અલંકારશાસ્ત્રી' માટે 'કાવ્યશાસ્ત્રી' અથવા 'સાહિત્યશાસ્ત્રી' શબ્દ પણ પ્રયોજાય છે. તેઓએ વખતોવખત અલંકાર સિવાયનાં પણ અન્ય તત્ત્વો કે જેનાથી કાવ્યની શોભામાં અભિવૃદ્ધિ થાય તે વિશે ખૂબ રસપ્રદ અને ગહન ચર્ચા કરી છે. અલંકાર સિવાયનાં આ અન્ય તત્ત્વોમાં રસ, રીતિ, ગુણ, વૃત્તિ, ઔચિત્ય, વક્રોક્તિ અને ધ્વનિનો સમાવેશ થાય છે, આ રીતે આવા તત્ત્વોને આધારે કાવ્યશાસ્ત્રની આ બધી વિવિધ પરંપરાઓ ક્રમશઃ અસ્તિત્વમાં આવી.*

*સંસ્કૃતમાં* **'શાસ્ત્ર'** *શબ્દ* **'દર્શન'** *અને* **'વિજ્ઞાન'** *એવા બે મુખ્ય અર્થોમાં પ્રયોજાય છે. કાવ્યનાં વિભિન્ન અલંકરણો જેવાં કે, કાવ્યને અસ્તિત્વમાં આણનાર, કાવ્યની શોભા ધરાવનાર તથા કાવ્યભાવને સુંદર અભિવ્યક્તિ આપનારાં કાવ્યનાં વિભિન્ન અંગોની*

*શાસ્ત્રીય, વિસ્તૃત આલોચના જેમાં કરવામાં આવે છે, તેને 'અલંકારશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવે છે.*

### 1.2.3 અલંકારશાસ્ત્રની પ્રાચીનતાના ઉલ્લેખો

*ઋગ્વેદના સમયથી અલંકારોનો પ્રયોગ થયેલો દષ્ટિગોચર થાય છે. ઋગ્વેદમાં શબ્દાલંકારો, અર્થાલંકારો તેમજ ઉભયાલંકાર પૂરતા પ્રમાણમાં જોવા મળે છે.*[૧] *એનો અર્થ એ થયો કે ઉપમા વગેરે અલંકારોથી વેદના કવિ સુપરિચિત હતા.*

1. *વધુ વિગત માટે જુઓ : વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, ડૉ. ગૌતમ પટેલ, યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ,* 1990, *પૃ.*179-198
   *ઋગ્વેદમાં ઉષાની સુંદરતાનું વર્ણન કરતો એક મંત્ર જોઈએ, જેમાં ઋષિની ઉદાત્ત કાવ્યચમત્કૃતિ જોવા મળે છે, જેમ કે, -*

1. ***"उत त्वः पश्यन्न ददर्श वाचमुतत्वः शृण्वन्न शृणोत्येनाम् ।***
2. ***उतो त्वस्मै तन्वं वि सस्रे जायेव पत्ये उशती सुवासाः ॥"***

- *(**ऋग्वेद** -* 10/71/4*)*

*પ્રસ્તુત મન્ત્રમાં ઋષિએ વિરોધાભાસ અને ઉપમા બંને અલંકારો ખૂબ સુંદર રીતે પ્રયોજ્યા છે.*

*પ્રથમ પંક્તિમાં કાવ્યાત્મકરૂપે વિરોધાભાસ છે, જેમ કે જોતો હોવા છતાં જોતો નથી, સાંભળતો હોવા છતાં સાંભળતો નથી. દ્વિતીય પંક્તિમાં ઋષિકવિ કલ્પના કરે છે કે પ્રણયમાં વ્યાકુળ થયેલી પ્રેયસી જેમ પોતાના પ્રિયતમ સમક્ષ સુંદર પહેરેલાં વસ્ત્રોને અનાવરિત કરે છે, તેમ ઉષા પણ સૂર્ય સમક્ષ પોતાને પ્રગટ કરે છે. કેટલી સુંદર ઉપમાનું ઉદાહરણ છે!*

*વળી, અથર્વવેદમાં(*10/8/32*)માં તો ઋષિ વેદને* **'દેવોનું કાવ્ય'** *કહે છે.* ***देवस्य पश्य काव्यं न ममार न जीर्येति ।*** *અહીં રૂપક અલંકારનો પ્રયોગ થયો છે.*

*વૈદિક સાહિત્ય અન્તર્ગત બ્રાહ્મણગ્રંથો અને ઉપનિષદોમાં પણ ઘણે સ્થળે અલંકારોનો સુંદર વિનિયોગ થયેલો જણાય છે. જેમ કે, - 'કઠોપનિષદ'ના એક મંત્રમાં સચોટ રૂપક અલંકાર પ્રયોજાયો છે :*

***"आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।***
***बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥" (कठ-१-३-३)***

*અર્થાત્ "આત્માને તું રથનો સ્વામી 'રથી' જાણ. શરીરને રથ સમજ, બુદ્ધિને તો સારથિ જાણ અને મનને એની લગામ સમજ."*

*આ રીતે વૈદિક સાહિત્યમાં અલંકારશાસ્ત્રનાં બીજ જોઈ શકાય છે. તો, વેદાંગ અંતર્ગત 'નિરુક્ત'માં પણ યાસ્કાચાર્યે* ***इव, यथा, वत्*** *જેવા ઉપમાવાચક શબ્દોનો પ્રયોગ કર્યો છે.*

ત્યારબાદ 'અષ્ટાધ્યાયી' જેવા વ્યાકરણગ્રંથના રચયિતા મુનિ પાણિનિએ પણ ઉપમાન, ઉપમેય, સાધારણ ધર્મ અને ઉપમા પ્રતિપાદક શબ્દોનો પ્રયોગ જુદા-જુદા સૂત્રોમાં કરેલો જણાય છે.

**યાસ્કાચાર્ય** અને **પાણિનિ** મુનિ ઈ.સ. પૂર્વે 500 પહેલાં થઈ ગયા એટલે 'અલંકાર' વિષયક આ ઉલ્લેખો તેની પ્રાચીનતા દર્શાવે છે.

આ બંને વૈયાકરણોની પણ પૂર્વે રચાયેલા **રામાયણ** અને **મહાભારત** જેવાં આદિ મહાકાવ્યોમાં પણ ખૂબ સુંદર આલંકારિક પ્રયોગો જોઈ શકાય છે.

**ભરતમુનિ**ના નાટ્યશાસ્ત્રનું સર્જન ઈ.સ. પૂર્વે બીજી સદીનું મનાય છે. તેમાં પણ આલંકારિક તત્ત્વોની ચર્ચા નાટ્યશાસ્ત્રનાં વિવિધ અંગો તરીકે થયેલી છે. એનો અર્થ એ થયો કે, નાટ્યાચાર્ય ભરતમુનિ રચિત 'નાટ્યશાસ્ત્ર' એ અલંકારશાસ્ત્ર વિષયક સ્વતંત્ર અને સર્વપ્રથમ ગ્રંથ કહી શકાય. નાટ્યશાસ્ત્ર પણ અલંકારશાસ્ત્રનું એક અંગ છે.

ત્યારબાદ આચાર્ય ભામહે ઈ.સ.ની ૭મી સદીના ઉત્તરાર્ધમાં અથવા ૮મી સદીની પૂર્વે 'કાવ્યાલંકાર' નામનો ગ્રંથ રચ્યો. આ ગ્રંથ અલંકારશાસ્ત્રનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ ગણાય છે. જો કે, ભામહે અહીં એમની પૂર્વેના અલંકારશાસ્ત્રીઓના મતો પણ ટાંક્યા છે. જે દર્શાવે છે કે, એમની પૂર્વે પણ અલંકારરશાસ્ત્રની ચર્ચા કરનારા વિદ્વાનો હતા.

રાજશેખરે તો 'કાવ્યમીમાંસા' નામના ગ્રન્થમાં વિભિન્ન અલંકારશાસ્ત્રીઓના મતની સૂચિ જ આપી દીધી છે, જે અલંકારશાસ્ત્રની પ્રાચીનતા અને વ્યાપકતા સાબિત કરે છે. વધુમાં રાજશેખરે તો **"उपकारत्वादलङ्कार: सप्तमं अङ्गम्"** એમ કહીને અલંકારશાસ્ત્રને 'સાતમા વેદાંગ' તરીકે નવાજ્યું છે.

ટૂંકમાં, આ બધા ઉલ્લેખો પરથી અલંકારશાસ્ત્રની પ્રાચીનતા સિદ્ધ થાય છે.

### 1.2.4 અલંકારશાસ્ત્રનાં અન્ય નામો :

'અલંકારશાસ્ત્ર' માટે જુદા જુદા સમયે વિવિધ નામોનો નીચે પ્રમાણે પ્રયોગ થયો છે.

**(1) ક્રિયાકલાપ :**

'અલંકારશાસ્ત્ર' માટે આચાર્ય ભામહ વગેરેની પૂર્વે 'ક્રિયાકલ્પ' એવો શબ્દ વપરાતો, એવું ડૉ. રાઘવને ઉદ્ધરણ આપી સાબિત કર્યું છે. વાત્સ્યાયનના કામસૂત્ર (૧-૩-૧૬)માં જે ચોસઠ કળાઓનું વર્ણન મળે છે, તેમાં **'क्रियाकल्प'** શબ્દ કાવ્યક્રિયાકલ્પ માટે પ્રયોજાયેલો જોવા મળે છે. 'લલિતવિસ્તર' નામના બૌદ્ધ ગ્રંથમાં પણ આ શબ્દપ્રયોગ થયેલો છે. જયમંગલાર્ક નામના ટીકાકાર આ શબ્દ સમજાવતાં લખે છે કે, -

**"क्रियाकल्प इति काव्यकरणविधि: काव्यालंकार इत्यर्थ:** અર્થાત્ 'ક્રિયાકલ્પ' શબ્દથી કાવ્યશાસ્ત્ર એટલે કે અલંકારશાસ્ત્ર જ અભિપ્રેત છે એમ અહીં કહેવાયું છે. પરંતુ અલંકારશાસ્ત્રના ઈતિહાસમાં આ શબ્દ બહુ પ્રસિદ્ધિ પામ્યો નથી.

(2) **કાવ્યાલંકાર** : *અલંકારશાસ્ત્રના પ્રારંભના સમયગાળામાં આ શાસ્ત્રને માટે 'કાવ્યાલંકાર' જેવો શબ્દ પ્રયોજાતો હશે એવું લાગે છે કારણ કે 'કાવ્યાદર્શન'ના કર્તા દંડી સિવાય અલંકારશાસ્ત્રના પ્રારંભિક ગ્રંથોનાં નામો આ પ્રમાણે મળે છે –*

*(1) **काव्यालङ्कारः** (આચાર્ય ભામહ, ઈ.સ.7મી કે 8મી સદી)*

(2) ***काव्यालङ्कारः*** *(ઉદ્ભટ, ઈ.સ.800)*

(3) ***काव्यालङ्कारसूत्र*** *(આચાર્ય વામન, ઈ.સ.800)*

*(4) **काव्यालङ्कारः** ( આચાર્ય રુદ્રટ, ઈ.સ.850)*

*અહીં પ્રયોજાયેલો 'અલંકાર' શબ્દ માત્ર ઉપમા વગેરે અર્થાલંકારો કે અનુપ્રાસ, યમક વગેરે શબ્દાલંકારો પૂરતો જ સીમિત નથી, પણ કાવ્યના સૌન્દર્યના અર્થનો બોધક પણ છે. આચાર્ય દંડી અને આચાર્ય વામન પણ 'અલંકાર' શબ્દને ઘણા વ્યાપક અર્થમાં ગ્રહણ કરવાનું સૂચવે છે. આમ, 'અલંકાર' શબ્દ અલંકારશાસ્ત્રના પ્રારંભિક સમયે કાવ્યનાં બધાં જ શોભાદાયક તત્ત્વોનો બોધ કરાવનારો હતો અને તેથી જ* **'કાવ્યાલંકાર'** *શબ્દથી* **'કાવ્યસૌન્દર્યદર્શકશાસ્ત્ર'** *એવો લાક્ષણિક અર્થ ગ્રહણ કરવાનો છે. તેથી જ નામને કહ્યું છે :* ***सौन्दर्यं चालङ्कारः*** *।*

(3) **સાહિત્યશાસ્ત્ર** : *અલંકારશાસ્ત્રના પરવર્તી કાળમાં 'અલંકારશાસ્ત્ર' માટે* **'સાહિત્યશાસ્ત્ર'** *શબ્દ વિશેષ રીતે પ્રચલિત બન્યો. ચૌદમી સદીમાં થઈ ગયેલા આચાર્ય વિશ્વનાથે પોતાના ગ્રંથનું નામ જ 'સાહિત્યદર્પણ' એવું રાખ્યું. દસમી સદીમાં થઈ ગયેલા આચાર્ય કુન્તકે એમના 'વક્રોક્તિજીવિત' નામના ગ્રંથમાં સ્પષ્ટ લખ્યું કે –*

***साहित्यमनयोः शोभाशालितां प्रति काप्यसौ ।***
***अन्यूनानतिरिक्तत्वमनोहारिण्यवस्थितिः ॥*** *(1/17)*

*શબ્દ અને અર્થનું સહિતત્વ એ જ 'કાવ્ય', એવું આચાર્ય ભામહે પણ કાવ્યની વ્યાખ્યા આપતી વખતે કહી દીધું હતું, એને જ આચાર્ય કુન્તકે વધુ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, 'કાવ્યમાં સૌન્દર્યાધાનને માટે શબ્દ અને અર્થ બંનેની એકસમાન મનોહારી અવસ્થિતિ હોવી એનું નામ જ સાહિત્ય'.*

*નવમી સદીમાં થઈ ગયેલા આચાર્ય રાજશેખરે પણ પોતાના અલંકારશાસ્ત્રીય ગ્રંથનું નામ જ 'કાવ્યમીમાંસા' રાખ્યું તથા* ***'पञ्चमी साहित्यविद्या इति यायावरीयः*** *એવું કહીને 'શાસ્ત્ર'ને માટે 'વિદ્યા' શબ્દપ્રયોગ કર્યો. આમ, શબ્દ અને અર્થનું સાહચર્ય ધરાવતાં કાવ્યની ચર્ચા કરનાર અલંકારશાસ્ત્રને 'સાહિત્યશાસ્ત્ર'ના નામથી પણ ઓળખવામાં આવે છે.*

(4) **કાવ્યશાસ્ત્ર** : *સંસ્કૃતમાં 'કાવ્ય' શબ્દથી સમસ્ત લલિત સાહિત્ય અભિપ્રેત છે.* ***'कव्'*** *ધાતુ ઉપરથી* ***'काव्य'*** *શબ્દ બન્યો છે.* ***'कव्'*** *એટલે 'બોલવું' અથવા 'અસાધારણ રીતે*

*બોલવું' એવો અર્થ થાય. ઋગ્વેદના ઋષિઓ કવિઓ કહેવાતા, ઉપનિષદોના ઋષિઓ પણ કવિઓ કહેવાતા. આ રીતે કવિ એટલે દૃષ્ટા, અથવા આર્ષદૃષ્ટા, ત્રિકાલજ્ઞાની.*

*આ સંસારનો મનુષ્ય જે રહસ્યોને ઉકેલી ન શકે તે રહસ્યોના ઊંડાણનો પાર કવિ પામી શકે. પોતાના કાવ્યથી તે માનવજીવનનું, મન, હૃદય અને આત્માનું ક્ષણે ક્ષણે નવીનતાને પામતું રમણીયતાસભર દર્શન કરાવે. આવા ઉચ્ચ કાવ્ય-સાહિત્યના વિવેચન-સિદ્ધાન્તો જે શાસ્ત્રમાં રચાયા હોય તેને 'કાવ્યશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવે છે. 'કાવ્યશાસ્ત્ર' કાવ્યનાં વિભિન્ન અંગોની શાસ્ત્રીય આલોચના કરે છે.*

*આમ, 'અલંકારશાસ્ત્ર' માટે તેનાં વિકાસની સાથે સાથે વિભિન્ન નામકરણ કરવામાં આવ્યાં.*

### 1.2.5 અલંકારશાસ્ત્રની વિચારપરંપરા કે વિકાસપરંપરા :

*અલંકારશાસ્ત્રની પ્રાચીનતાના કેટલાક ઉલ્લેખો આગળ જોયા. હવે અલંકારશાસ્ત્રની વિચારપરંપરાને સમજવા માટે સર્વપ્રથમ તેની બે થી અઢી હજાર વર્ષની વિકાસપરંપરા સમજી લેવી આવશ્યક છે. જો ભરત મુનિના નાટ્યશાસ્ત્રને વ્યાપક રીતે અલંકારશાસ્ત્રીય ગ્રંથ તરીકે સ્વીકારીએ તો, કાવ્યના શાસ્ત્રીય વિવેચનનો આરંભ ઈ.સ. પૂર્વે પાંચમી સદીથી થયો ગણાય અને તેને સુવ્યવસ્થિત સ્વરૂપ ઈ.સ.ની છઠ્ઠી સદીમાં મળ્યું એમ મનાય. જો કે, અલંકારશાસ્ત્રના વિદ્વાનોએ આ શાસ્ત્રની પરંપરાને ચાર વિભાગમાં વિભાજિત કરેલી છે :*

**(1) પ્રારંભિક કાળ :** *ઈ.સ. પૂર્વે અજ્ઞાતકાળથી પ્રારંભી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી.*

**(2) રચનાત્મક કાળ :** *ઈ.સ.ની છઠ્ઠી સદીથી ઈ.સ.ની દસમી સદી સુધી, જેમાં ભામહથી આનંદવર્ધન સુધીના આલંકારિકોનો સમાવેશ થાય છે.*

**(3) નિર્ણયાત્મક કાળ :** *ઈ.સ.ની દસમી સદીથી ઈ.સ.ની અગિયારમી સદી સુધી, જેમાં આનંદવર્ધનથી મમ્મટ સુધીના આલંકારિકોનો સમાવેશ થાય છે.*

**(4) વ્યાખ્યા કાળ :** *ઈ.સ.ની અગિયારમી સદીથી ઈ.સ.ની સત્તરમી સદી સુધી, જેમાં મમ્મટ, જગન્નાથ અને વિશ્વેશ્વર સુધીના આલંકારિકોનો સમાવેશ થાય છે.*

**(1) પ્રારંભિક કાળ :** *અલંકારશાસ્ત્રના ઉદ્ભવનો પ્રારંભિક કાળ પ્રાયઃ અનુમાનથી જ નક્કી થયેલો છે. કારણ કે યાસ્કના નિરુક્ત, પાણિનીની અષ્ટાધ્યાયી, રામાયણ, લલિતવિસ્તર વગેરે ગ્રંથોમાં મળતા ઉલ્લેખોને આધાર તરીકે ગણી શકીએ. ઈ.સ. પૂર્વે બીજી સદીના મનાતા ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાંથી સૂચન મળે છે કે, અલંકારશાસ્ત્રની વિચારણા નાટ્યશાસ્ત્રના એક અંગ તરીકે શરૂ થઈ શકે. આચાર્ય ભામહે મેધાવિન્, રુદ્રદામન્ જેવા પુરોગામી આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે. તેને આધારે એમ કહી શકાય કે, આ શાસ્ત્ર ઈ.સ.ના પ્રારંભે અસ્તિત્વ ધરાવતું હતું. પણ સમસ્યા માત્ર એ છે કે, ભામહની*

*પહેલાંના કોઈ જ આલંકારિકોના ગ્રંથ મળતાં નથી. આથી એમ કહી શકાય કે અલંકારશાસ્ત્રની ભૂમિકા પ્રારંભના ઈ.સ. 500 થી 600 વર્ષના સમયગાળા દરમિયાન ઘડાઈ ચૂકી હતી.*

(2) **રચનાત્મક કાળ :** *અલંકારશાસ્ત્રનો સર્વપ્રથમ ઉપલબ્ધ ગ્રંથ ઈ.સ.ની સાતમી કે આઠમી સદીમાં થઈ ગયેલ આચાર્ય ભામહનો 'કાવ્યાલંકાર' છે. ભામહ બાદ લગભગ 200 વર્ષોમાં આ શાસ્ત્રની ઠીકઠીક પ્રમાણમાં ચર્ચા વધી.*

*કાવ્યને અલંકૃત કરનારાં તત્ત્વો તરીકે ગુણ, રીતિ, રસ, અલંકાર વગેરે ઓળખાતાં, પણ આ બધાંમાંથી કાવ્યનું પ્રાણભૂત તત્ત્વ કયું? કાવ્યનો આત્મા કયો છે ? એ નિશ્ચિત કરવાના પ્રયત્નો આ ૨૦૦ વર્ષના સમયગાળામાં આરંભાયા. એના પરિણામસ્વરૂપે વિભિન્ન અલંકારસંપ્રદાયો કે સાહિત્ય-સિદ્ધાન્તોનો જન્મ થયો. જેમ કે –*

- **અલંકાર સમ્પ્રદાય :** *તેમાં ભામહના કાવ્યાલંકાર, ઉદ્ભટ્ટના કાવ્યાલંકારસારસંગ્રહ તથા રુદ્રટના કાવ્યાલંકાર ગ્રંથનો સમાવેશ થાય છે.*
- **રીતિ સમ્પ્રદાય :** *તેમાં દંડીના કાવ્યાદર્શ અને વામનના કાવ્યાલંકારસૂત્રનો સમાવેશ થાય છે.*
- **રસ સમ્પ્રદાય :** *તેમાં ભરતના 'રસસૂત્ર'ની વ્યાખ્યા કરનાર લોલ્લટ, શંકુક અને ભટ્ટનાટક વગેરેના મતોનો સમાવેશ થાય છે.*
- **ધ્વનિ સમ્પ્રદાય :** *તેમાં આનંદવર્ધનના ધ્વન્યાલોકનો સમાવેશ થાય છે.*

*આ રચનાત્મક કાળમાં કાવ્યશાસ્ત્રીઓએ કાવ્યના બાહ્ય અને આંતરિક સૌન્દર્યને પારખવાનો નિષ્ઠાવાન પ્રયત્ન કર્યો છે.*

(3) **નિર્ણયાત્મક કાળ :** *'કાવ્યના આત્મા' તરીકે આનંદવર્ધને 'ધ્વનિ'ને પ્રતિપાદિત કર્યો. ત્યારપછી અલંકારશાસ્ત્રની પરંપરા લગભગ આ મતના સમર્થનમાં કે વિરોધમાં જ આગળ વધતી રહી છે. આચાર્ય મમ્મટ અને આચાર્ય અભિનવગુપ્તે 'ધ્વનિવાદ'ને દૃઢીભૂત કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું, તો વળી, આ નિર્ણયાત્મક કાળમાં આચાર્ય કુન્તકે 'વક્રોક્તિવાદ'ની સ્થાપના કરી. આચાર્ય મહિમ ભટ્ટે 'વ્યક્તિવિવેક' નામના ગ્રન્થમાં 'ધ્વનિવાદ'નું સમ્પૂર્ણ ખંડન કર્યું. તેમ છતાં 'ધ્વનિવાદ'ને કાંઈ બહુ મોટી હાનિ થઈ નહીં, તે ખૂબ પ્રસિદ્ધિ પામતો ગયો અને એક સમયે 'ઉત્તમ કાવ્ય'ના માપદંડ તરીકે પ્રતિષ્ઠિત થયો. અલંકારશાસ્ત્રની વિભિન્ન પરંપરાઓ 'ધ્વનિવાદ'માં એક નિર્ણયાત્મક તબક્કે પહોંચી. માટે આ ૨૦૦-૩૦૦ વર્ષના સમયગાળાને 'નિર્ણયાત્મક યુગ' તરીકે વિદ્વાનો ઓળખાવે છે. આ સમયગાળામાં ઉદ્ભટ્ટ, ભોજરાજ, ધનંજય અને ધનિક નામના અલંકારશાસ્ત્રીઓ પણ અદ્ભુત યોગદાન આપી ગયા.*

(4) **વ્યાખ્યા કાળ :** *અલંકારશાસ્ત્રના ઈતિહાસમાં આચાર્ય મમ્મટ અને તે પછીના લગભગ 700 થી 800 વર્ષના ગાળાને 'વ્યાખ્યાકાળ' તરીકે વિદ્વાનો ઓળખે છે. આ*

*કાળના આચાર્યોએ મુખ્યત્વે પુરોગામી આચાર્યોના મતોનું પોતાના ગ્રંથોમાં સંકલન કરીને, કેટલાક મતોનું ખંડન કર્યું, તો કેટલાક મતોમાં સુધારા-વધારા કર્યા. આચાર્ય મમ્મટ, આચાર્ય વિશ્વનાથ અને આચાર્ય જગન્નાથ જેવા સામર્થ્યવાન અલંકારશાસ્ત્રીઓએ આ કાળ દરમિયાન કાવ્યશાસ્ત્રની સર્વાંગી અને તલસ્પર્શી ચર્ચા કરી છે. અન્ય આચાર્યોએ કોઈને કોઈ સાહિત્યવાદને વધુ સ્પષ્ટ રીતે સમજાવવા ગ્રંથો રચ્યા અથવા તો ભાષ્યોની રચના પણ કરી. માટે જ આ સમયને 'વ્યાખ્યાકાળ' કહે છે.*

*આ સમયગાળામાં અલંકારશાસ્ત્રના જે સ્વતંત્ર ગ્રંથો રચાયા. એમાં મુખ્યત્વે મમ્મટે કાવ્યપ્રકાશ, હેમચન્દ્રે કાવ્યાનુશાસન, વિશ્વનાથે સાહિત્યદર્પણ, જયદેવે ચન્દ્રાલોક અને જગન્નાથે રસગંગાધરની રચના કરી. તો વળી રુય્યક અને અપ્પય દીક્ષિત નામના સાહિત્યશાસ્ત્રીઓએ માત્ર અલંકારોની ચર્ચામાં જ પોતાનું સ્થાન કેન્દ્રિત કર્યું. બીજી બાજુ રસસંપ્રદાયને વધુ સ્પષ્ટ કરવા માટે શારદાતનયે ભાવપ્રકાશ, શિંગભૂપાલે નાટકલક્ષણ-શબ્દકોશ તથા ભાનુદત્તે રસતરંગિણી જેવા ગ્રંથોની રચના કરી. રૂપગોસ્વામી જેવા વૈષ્ણવાચાર્યનું યોગદાન પણ નોંધનીય છે. કવિશિક્ષાનો વિચાર રાજશેખર, ક્ષેમેન્દ્ર અને અમરચન્દ્રે પુરસ્કૃત કર્યો.*

**'વ્યાખ્યાકાળ'માં થઈ ગયેલા આચાર્યોનું વર્ગીકરણ એમની વિચારપરંપરા અનુસાર** *આ મુજબ થઈ શકે –*

(1) **ધ્વનિસમ્પ્રદાય :** *મમ્મટ, રુય્યક, વિશ્વનાથ, જયદેવ, અપ્પય દીક્ષિત વગેરે.*

(2) **રસસમ્પ્રદાય :** *શારદાતનય, શિંગભૂપાલ, ભાનુદત્ત, રૂપગોસ્વામી વગેરે.*

(3) **કવિ-શિક્ષા :** *રાજશેખર, ક્ષેમેન્દ્ર, અરિસિંહ, અમરચંદ્ર, દેવેશ્વર વગેરે.*

(4) **અલંકાર-સમ્પ્રદાય :** *પંડિતરાજ જગન્નાથ, વિશ્વશ્વર ભટ્ટ વગેરે.*

- *'ધ્વનિસિદ્ધાંત'ને સબળ અનુમોદન આનન્દવર્ધન, અભિનવગુપ્ત અને મમ્મટે આપ્યું અને 'કાવ્યના આત્મા' તરીકે 'ધ્વનિ'ને પ્રસ્થાપિત કર્યો.*

*આથી 'ધ્વનિ'ને કેન્દ્રમાં રાખીને પણ વિદ્વાનોએ 'અલંકારશાસ્ત્ર'ને ત્રિવિધ રીતે વિભક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે, તે જોઈએ તો –*

(1) **પૂર્વ ધ્વનિકાળ :** *પ્રારંભિક કાળથી આનંદવર્ધન સુધી.*

(2) **ધ્વનિકાળ :** *આનંદવર્ધનથી મમ્મટ સુધી*

(3) **ઉત્તર ધ્વનિકાળ :** *મમ્મટથી જગન્નાથ સુધી*

*આમ, ઉપર્યુક્ત સમગ્ર ચર્ચાથી જણાય છે કે, લગભગ બે હજાર વર્ષના સમયગાળા દરમિયાન કાવ્યના મર્મને પામવાની શાસ્ત્રીય ગંભીર ચર્ચા-વિચારણા ઉત્તરોત્તર ઉચ્ચ શિખરો સર કરતી ગઈ છે. આ અલંકારશાસ્ત્રની વિકાસપરંપરામાં પ્રાચીન ભારતીય વિવેચકોની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેચનશક્તિ અને સજ્જતાનો બહુમૂલ્ય ફાળો દષ્ટિગોચર થાય છે.*

### 1.2.6 અલંકારશાસ્ત્રની વિચારપરંપરાઓ :

**પ્રસ્તાવના :** *કાવ્યના સ્વરૂપને સમજવા માટે અલંકારશાસ્ત્રીઓએ ખૂબ ઝીણવટથી વિચાર કરેલો છે. કેટલાકે 'કાવ્ય'ને 'સુંદરી' તરીકે ઓળખાવી છે. જેવી રીતે સુંદર અલંકારો (આભૂષણો)થી સજ્જ થયેલી કામિની શોભી ઊઠે છે, તેવી રીતે ઉત્તમ કવિનું કાવ્ય પણ, સુંદર પદોની રચનાથી શોભી ઊઠે છે. 'કાવ્યમીમાંસા' નામના ગ્રંથમાં રાજશેખરે તો 'કાવ્ય'ની 'પુરુષ' સાથે સરખામણી કરી છે. જેમ શ્રેષ્ઠ પુરુષની ઓળખ એનો સુંદર અને સુવ્યવસ્થિત દેહ, મુખ, હાથ, જંઘા, પગ, ઉદર વગેરે હોય છે, એમ 'કાવ્યરૂપી પુરુષના શરીર' તરીકે 'શબ્દ અને અર્થ'ને દર્શાવાયાં છે.* **'સંસ્કૃત ભાષા'** *એ કાવ્યપુરુષનું* **'મુખ'** *છે તો* **'પ્રાકૃત ભાષાઓ'** *એના બાહુઓ છે,* **'અપભ્રંશ ભાષા'** *એ* **'જંઘા'** *છે,* **'પૈશાચી ભાષા'** *એ એના* **'બે પગ છે'**, **'વાણી'** *કાવ્યપુરુષના* **'ચરણ'** *છે,* **'રસ'** *એનો* **'આત્મા'** *છે,* **'શરીર પરના વાળ'** *એ* **'છંદ'** *છે. આ બધાના સુસંયોજનથી જ* **'કાવ્ય-પુરુષ'** *સુશોભિત બને છે, દીપી ઊઠે છે.*

*આચાર્ય ભામહને મતે શબ્દ અને અર્થ બંને કાવ્યમાં આવશ્યક છે –* ***शब्दार्थौ सहितौ काव्यम् ।*** *અર્થાત્ એકલા શબ્દ કે એકલા અર્થથી ચાલે નહિ. કાવ્યના કલેવરને શણગારવા માટે શબ્દ, અર્થ, રસો, અલંકાર, ઓજ-પ્રસાદ-માધુર્ય આદિ ગુણો આવશ્યક છે. માટે જ વિભિન્ન આચાર્યોએ કાવ્યનાં વિવિધ અંગોની વિશદ ચર્ચા કરી છે. જેમ હાથીને ઓળખવો હોય તો એના થાંભલા જેવા પગ એ માત્ર હાથી નથી, તેની લાંબી સૂંઢને પણ હાથી ન કહેવાય, સૂપડાં જેવા કાન પણ હાથી નથી. કિન્તુ, આ સર્વ અંગોનું સંયોજન જે પ્રાણીમાં થયેલું છે તે 'હાથી' કહેવાય. બસ, એવી જ રીતે મિત્રો! શબ્દ, અર્થ, અલંકાર, રસ, ધ્વનિ, ગુણો, રીતિ વગેરે ભેગા થઈને 'કાવ્ય'ને શોભાયમાન બનાવે છે. સંસ્કૃત અલંકારશાસ્ત્રીઓએ આ બધાં જ તત્ત્વોની સૂક્ષ્મ છણાવટ કરીને વિવિધ ગ્રંથો રચ્યા છે. આ કાવ્યતત્ત્વો સંબંધી વિવિધ મતો કે વાદ 'પરંપરા' કે 'સમ્પ્રદાય' નામથી પ્રચલિત છે. અલંકારશાસ્ત્રની આવી છ વિચારપરંપરાઓ 'સમ્પ્રદાય' તરીકે ઓળખાય છે, જે આ પ્રમાણે છે –*

1) *રસસમ્પ્રદાય*
2) *અલંકારસમ્પ્રદાય*
3) *રીતિસમ્પ્રદાય*
4) *વક્રોક્તિસમ્પ્રદાય*
5) *ધ્વનિસમ્પ્રદાય*
6) *ઔચિત્યસમ્પ્રદાય*

**(1) રસસમ્પ્રદાય :** *અલંકારશાસ્ત્રનો સૌથી પ્રાચીન આ રસ સમ્પ્રદાય છે. તેની સ્થાપના નાટ્યશાસ્ત્રના રચયિતા ભરતમુનિએ કરેલી છે. તેમના મતે 'રસ' જ 'કાવ્યનો આત્મા' છે. ભરત મુનિએ રંગસૂત્ર આપ્યું :* ***'विभाव-अनुभाव-व्यभिचारिभाव'****ના સંયોગથી રસ નિષ્પન્ન થાય છે :* ***विभावानुभावव्यभिचारिसंयोगाद्रसनिष्पत्तिः ।*** *તેઓ નાટ્યશાસ્ત્ર,*

*અધ્યાય-૬માં લખે છે કે – 'નાટકનો પ્રાણ રસ છે', **'रसप्राणो हि नाट्यनिधिः'** । નાટકનું શરીર એ 'કથાવસ્તુ છે, **'इतिवृत्तं तु नाट्यस्य शरीरं परिकीर्तितम् ।*** *ભરતમુનિ તો એટલે સુધી કહે છે કે, કાવ્યમાં જો રસ ન હોય તો એનો કોઈ અર્થ નથી (**न हि रसादृते कश्चिदर्थः प्रवर्तते ।**) ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'ના છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં અનુક્રમે રસ અને ભાવનું સવિસ્તર વર્ણન કર્યું છે.*

*મનુષ્યના હૃદયમાં જે કેટલાક ભાવો નિત્યરૂપે રહેલા હોય એને 'સ્થાયીભાવ' કહેવાય. આ ભાવો સાધારણતયા સુષુપ્ત અવસ્થામાં હોય છે. જ્યારે એ ભાવોને કોઈક ઉદ્દીપન મળે ત્યારે જાગૃત થાય છે, તથા રસાનુભૂતિમાં તે પરિણમે છે. આ સ્થાયી ભાવો આઠ પ્રકારના છે – રતિ, શોક, હાસ, ક્રોધ, રૌદ્ર, વીર, અદ્ભુત, ભયાનક અને જુગુપ્સા. આ આઠ સ્થાયી ભાવોમાંથી અનુક્રમે શૃંગાર, કરુણ, હાસ્ય, રૌદ્ર, વીર, અદ્ભુત, ભયાનક અને બીભત્સ રસોની નિષ્પત્તિ થાય છે. જો કે પછીથી નવમા રસ તરીકે 'શાન્ત રસ' પણ સ્વીકારાયો છે. વાત્સલ્ય, ભક્તિ, પ્રેયાન્, મધુર વગેરેને પાછળથી કેટલાક આલંકારિકો રસ તરીકે સ્વીકારે છે.*

*આચાર્ય ભામહ અને વામને પણ રસનો ઉલ્લેખ તેમના ગ્રંથોમાં કરીને તેને યોગ્ય સ્થાન આપ્યું છે. 'અગ્નિપુરાણ' તો રસને જ પ્રાણ કરહે છે. (336.33) 'કાવ્યમીમાંસા'માં રાજશેખર **'रस आत्मा'** એટલે કે કાવ્યના આત્મા તરીકે રસની પ્રતિષ્ઠા કરે છે. તો વળી ચૌદમી સદીમાં થઈ ગયેલા આચાર્ય વિશ્વનાથે તો **'वाक्यं रसात्मकं काव्यम्'** એમ કહીને જાહેર કર્યું કે, જે વાક્ય રસયુક્ત હોય તે જ 'કાવ્ય' કહેવાય.*

*ભરતમુનિના 'રસસિદ્ધાન્ત' (રસસૂત્ર)ના વિવેચકો તરીકે લોલ્લટ, શંકુક, ભટનાયક, અભિનવગુપ્ત વગેરેનાં નામ જાણીતાં છે. આચાર્ય મમ્મટે પણ 'કાવ્યપ્રકાશ'માં રસની ચર્ચા દરમિયાન આ વિવેચકોના મતોનું જ નિરૂપણ અભિનવ ગુપ્તની 'અભિનવભારતી'ને આધારે કરેલું છે. અન્ય સમ્પ્રદાયમાં માનનારા આલંકારિકોએ પણ એક યા બીજા સ્વરૂપે ભરતમુનિના રસસિદ્ધાન્તને પ્રાધાન્ય તો આપ્યું જ છે.*

**(૨) અલંકારસમ્પ્રદાય :** *'કાવ્યાલંકાર'ના કર્તા આચાર્ય ભામહ આ સમ્પ્રદાયના આદ્ય પ્રવર્તક છે. દંડી, રુદ્રટ વગેરે આચાર્યો અલંકારવાદી છે. તેઓ 'અલંકાર' ને જ કાવ્યમાં પ્રાધાન્ય આપે છે. આ આચાર્યોને મતે સ્ત્રીનું મુખ રમણીય હોવા છતાં અલંકાર વિના તે શોભતું નથી તેમ 'કાવ્ય' પણ 'અલંકાર' વિના શોભતું નથી. **न कान्तमपि निर्भूषं विभाति वनितामुखम् ।** (કાવ્યાદર્શ-1.13). આચાર્ય વામને અલંકારનો બહુ વ્યાપક અર્થ સ્વીકાર્યો છે. તેઓ મુજબ **'काव्यं ग्राह्यं अलंकारात् ।** એટલે કે 'કાવ્ય'માં અલંકાર હોય તો જ તે સ્વીકાર્ય બને છે. વામને 'અલંકાર' શબ્દને સમજાવતાં લખે છે કે **"वैचित्र्यं च अलङ्कारः ।** એટલે કે, 'વાણીનું વૈચિત્ર્ય એ જ અલંકાર'. આચાર્ય દંડી પણ 'અલંકાર'ને મહત્ત્વનું સ્થાન આપતાં કહે છે કે, **"काव्यशोभाकरान् धर्मान् अलङ्कारान् प्रचक्षते ।"** એટલે કે 'કાવ્ય'ને સુંદર બનાવનારા ધર્મોને 'અલંકારો' તરીકે ઓળખવામાં આવે છે.*

*'કાવ્યપ્રકાશ'માં આચાર્ય મમ્મટ તો કહે છે કે* ***'क्वचित्तु स्फुटालंकारविरहेऽपि न काव्यत्वहानिः ।*** *એટલે કે 'ક્યાંક કાવ્યમાં અલંકાર સ્ફુટ રીતે ન હોય તો પણ કાવ્યત્વને હાનિ પહોંચતી નથી.' આમ, મમ્મટ 'અલંકાર' તત્ત્વ વિશે સમાધાનકારી વલણ દર્શાવે છે. જો કે 'ચન્દ્રાલોક'ના રચયિતા જયદેવે આ વલણની ટીકા કરતાં લખ્યું છે કે –*

***"अङ्गीकरोति यः काव्यं शब्दार्थावनलंकृती ।***
***असौ न मन्यते कस्मादनुष्णमनलं कृती ॥"***

*એટલે કે, 'અલંકાર વિનાનું કાવ્ય તો ઉષ્ણતા વિનાના અગ્નિ જેવું છે.' સંસ્કૃતમાં કાવ્યશાસ્ત્ર કે સાહિત્યશાસ્ત્ર 'અલંકારશાસ્ત્ર' તરીકે જ ઓળખાય છે, એ હકીકત આ સંપ્રદાયની લોકપ્રિયતા દર્શાવે છે. આ સંપ્રદાયને ઉદ્ભટ, રુદ્રટ, પ્રતિહારેન્દુરાજ, રુય્યક, જયદેવ, અપ્પયદીક્ષિત જેવા અનુયાયીઓ સાંપડ્યા છે. અહીં 'રસ'નો સમાવેશ પણ આ આલંકારિકોએ 'અલંકાર'માં જ કરી લીધો છે. તેથી રસવત્ અલંકારોમાં જ ભામહ અને દંડીએ રસ, ભાવ વગેરેનો સમાવેશ કરેલો જણાય છે.*

**3. રીતિસમ્પ્રદાય :** *આચાર્ય વામનને 'રીતિસમ્પ્રદાય'ના પ્રવર્તક આલંકારિક માનવામાં આવે છે. તેઓ ઈ.સ.ની આઠમી સદીમાં થઈ ગયા. 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ' નામના ગ્રંથમાં તેઓએ 'કાવ્યના આત્મા' તરીકે વિશિષ્ટ પ્રકારની શૈલીનો સ્વીકાર કર્યો છે :* ***'रीतिरात्मा काव्यस्य । विशिष्टपदरचना रीतिः विशेषो गुणात्मा ।'*** *(કા.સૂ.વૃત્તિ* 2.6.8)

*રીતિ એટલે જ શૈલી'. પાશ્ચાત્ય કાવ્યવિવેચકો પણ શૈલીને જ મહત્ત્વ આપતાં હોય એવું લાગે છે, તેઓ પણ કહે છે* - 'Style is a man' *આ 'રીતિ' કે 'શૈલી' ત્રણ પ્રકારની ગણાવી છે : વૈદર્ભી, ગૌડી અને પાંચાલી.*

*વામનના મતે 'ગુણ' દસ પ્રકારના છે – ઓજસ્, પ્રસાદ, શ્લેષ, સમતા, સમાધિ, માધુર્ય, સુકુમારતા, ઉદારતા, અર્થવ્યક્તિ અને કાન્તિ. દંડી પણ આ જ દસ ગુણો સ્વીકારે છે. વૈદર્ભી રીતિમાં દસેય ગુણ હોય છે, ગૌડીમાં ઓજસ્ તથા કાન્તિ અને પાંચાલીમાં માધુર્ય અને સુકુમારતા ગુણો હોય છે.*

*આચાર્ય વામનને મતે આ ઓજસ્, પ્રસાદ અને માધુર્ય 'ગુણો' કાવ્યના આંતરિક સૌન્દર્યમાં વૃદ્ધિ કરે છે.* ***'काव्यशोभायाः कर्तारो गुणाः ।*** *જ્યારે અલંકારો કાવ્યના બાહ્ય સૌન્દર્ય સાથે સંબંધ ધરાવે છે. (**तदतिशयहेतवः तु अलङ्काराः ।** કાવ્યના રસતત્ત્વ સાથે ગુણોનો સવિશેષ સંબંધ છે* ***'रसस्य उत्कर्षहेतवः गुणाः'*** *એવું વામન માને છે. મહાકવિ કાલિદાસ પણ તેમની કવિતામાં વૈદર્ભી રીતિ (શૈલી)ને જ અનુસર્યા છે. એટલે જ કહેવાયું કે,* ***'वैदर्भी कविता स्वयं वृतवती श्रीकालिदासं वरम् ।'***

*અલંકારો કરતાં ગુણોનું સવિશેષ મહત્ત્વ છે એમ વામને પ્રતિપાદિત કર્યું. આમ, રીતિસમ્પ્રદાય અલંકાર સમ્પ્રદાયથી એક સોપાન આગળ વધે છે. એમ છતાં તે કાવ્યના*

*અંતસ્તત્ત્વને પામી નથી શક્યો. આચાર્ય મમ્મટ વગેરેએ રીતિનું મહત્ત્વ સ્વીકાર્યું છે, પણ 'કાવ્યાના આત્મા' તરીકે તેનો સ્વીકાર કર્યો નથી, એ પણ નોંધવું ઘટે. તેઓ મુજબ* ***"रीतयोऽवयवसंस्थानविशेषवत् ।"*** *અર્થાત્ રીતિઓ કાવ્યનાં અંગ સમાન છે, સરળ ભાષામાં સમજીએ તો, જેમ શરીરમાં આંખ, નાક, કાન વગેરે અવયવોનું મહત્ત્વ તો છે જ, પરંતુ એને 'આત્મા' ન કહેવાય. તેમ 'કાવ્ય'માં પણ 'રીતિઓ'નું મહત્ત્વ સાચું, પછી તેને 'કાવ્યરૂપી દેહનો આત્મા' ન માની શકાય.*

(4) **વક્રોક્તિસમ્પ્રદાય :** *આચાર્ય કુન્તક વક્રોક્તિ સમ્પ્રદાયના સ્થાપક છે. તેઓ ઈ.સ.ની દસમી સદીમાં થઈ ગયા. એમણે રચેલા ગ્રંથનું નામ 'વક્રોક્તિજીવિત' છે. આ ગ્રંથમાં કુન્તકનું માનવું છે કે, 'કાવ્યનું જીવિત વક્રોક્તિ છે.'* ***'वक्रोक्तिः काव्यजीवितम् ।'*** *મનુષ્ય એની રોજબરોજની વ્યવહારની ભાષામાં બોલે છે તેના કરતાં જુદો અર્થ નીકળે એ રીતે જે બોલાય તેને* **'વક્રોક્તિ'** *કહેવાય.*

- ***'वक्रोक्तिरेव वैदग्ध्यभङ्गीभणतिरुच्यते ।'*** *અર્થાત્ ચમત્કૃતિપૂર્ણ ચતુરાઈભરી ઉક્તિ એટલે* **'વક્રોક્તિ'**.
- *કાવ્યમાં જે અભિપ્રેત અર્થ હોય એને કટાક્ષમય અથવા પ્રકારાન્તરે કહેવાની શૈલીને* **'વક્રોક્તિ'** *કહે છે.*
- *વક્રોક્તિના છ પ્રકાર છે : વર્ણ, પદ, વાક્ય, અર્થ, પ્રકરણ અને પ્રબંધ.*

*આચાર્ય ભામહ, દંડી અને વામને પણ વક્રોક્તિનું મહત્ત્વ સ્વીકાર્યું છે અને પ્રદિપાદિત પણ કર્યું છે. જો કે, તેમણે આ વક્રોક્તિની ગણતરી અલંકારમાં કરી છે. આચાર્ય કુન્તક આ બધા અલંકારોથી જુદો મત બનાવીને 'કાવ્યના આત્મા' તરીકે 'વક્રોક્તિ'ને જ સ્વીકારે છે. તેઓ કહે છે કે, 'જ્યાં સુધી ચમત્કૃતિ અથવા કલ્પનાશક્તિ આવતી નથી ત્યાં સુધી 'કાવ્ય' બનતું નથી.' આચાર્ય કુન્તકે તેમના ગ્રન્થમાં પોતાના આ મતનું પ્રબળ પ્રતિપાદન કરેલું છે. પરન્તુ એમનો આ મત સર્વસ્વીકાર્ય બન્યો નથી. તેમને કોઈ અનુયાયી આચાર્યો સાંપડ્યા નથી. વાસ્તવમાં જોઈએ તો, વક્રોક્તિ સમ્પ્રદાય એ રીતિસમ્પ્રદાયનું નવીન સંસ્કરણ છે. ડૉ. પી.વી. કાણે મુજબ વક્રોક્તિ-સિદ્ધાન્ત અલંકાર સમ્પ્રદાયનો જ એક ફાંટો છે અને તેનો સ્વીકાર સ્વતંત્ર રીતે કરવાની જરૂર નથી.*

(5) **ધ્વનિસમ્પ્રદાય :** *આચાર્ય આનન્દવર્ધન ધ્વનિ સમ્પ્રદાયના પ્રવર્તક છે. તેઓ ઈ.સ.ની નવમી સદીમાં થઈ ગયા. એમણે રચેલા ગ્રન્થનું નામ 'ધ્વન્યાલોક' છે. તેમણે આ ગ્રંથમાં 'ધ્વનિ' જ 'કાવ્યનો આત્મા છે' એમ પ્રતિપાદિત કર્યું છે :* ***'काव्यस्यात्मा ध्वनिः ।'***

*આનન્દવર્ધન માને છે કે, મહાકવિઓની વાણીમાં શબ્દ, અર્થ, ગુણ, અલંકાર વગેરે તત્ત્વો ગૌણ છે. આ બધાં તત્ત્વો કાવ્યનું બાહ્ય સૌન્દર્ય વધારે છે. જેમ કોઈ સૌન્દર્યવતી યુવતીના વિવિધ અંગો સુંદર હોવા છતાં અંદર રહેલી સુંદરતા તો કંઈક જુદું જ*

તત્ત્વ છે. એમ કાવ્યમાં રહેલું નિરાળું તત્ત્વ એ 'ધ્વનિ' જ છે અને તે જ ચિત્તને પ્રસન્ન કરે છે.



*'प्रतीयमानं पुनरन्यदेव वस्त्वस्ति*
*वाणीषु महाकवीनाम् ।*
*यत्तत्प्रसिद्धावयवातिरिक्तं*
*विभाति लावण्यमिवाङ्गनासु ॥'*

(ધ્વન્યાલોક, 1-4)

ધ્વનિવાદ મુજબ શબ્દ, અર્થ, ગુણ, અલંકાર આદિ તત્ત્વો આભાસી છે, અંતિમ તત્ત્વ તો કંઈ જુદું જ છે અને કાવ્યનું આ અંતિમ અને સત્યસ્વરૂપ તત્ત્વ જો કોઈ હોય તો તે 'ધ્વનિ' જ છે અને માટે 'ધ્વનિ'ને જ 'કાવ્યનો આત્મા' કહેવામાં આવે છે.

અલંકારશાસ્ત્રના સર્વ સમ્પ્રદાયો કે વિચારપરંપરાઓમાં ધ્વનિસમ્પ્રદાય સૌથી વધુ પ્રબળ અને મહત્ત્વપૂર્ણ બની રહ્યો છે. આનન્દવર્ધને 'ધ્વન્યાલોક'માં ધ્વનિના ત્રણ પ્રકારો પાડ્યા છે : વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ અને રસધ્વનિ. આ ત્રણેયમાં 'રસધ્વનિ'ને શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. આ ધ્વનિને આધારે જ 'કાવ્ય'ના વિવિધ પ્રકાર પડે છે. ૧) ધ્વનિકાવ્ય, ૨) ગુણીભૂત વ્યંગ્યકાવ્ય, ૩) ચિત્રકાવ્ય. આને જ અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને અધમ કાવ્યો તરીકે ઓળખવામાં આવે છે.

નૈયાયિકો અને મીમાંસકોએ ધ્વનિસમ્પ્રદાયનો પ્રબળ વિરોધ કરેલો. કુન્તક, ભટ્ટનાયક, મહીમભટ્ટ વગેરે આચાર્યોએ 'ધ્વનિ'નું ખંડન કર્યું છે. તેમ છતાં આ સમ્પ્રદાયનું મૂલ્ય ઓછું થયું નથી. ઊલટું બલવત્તર બનતું ગયું છે. આચાર્ય મમ્મટે ધ્વનિસમ્પ્રદાયના વિરોધીઓનું તર્કયુક્ત દલીલો વડે ખંડન કરીને તેનું સબળ સ્થાપન કર્યું હોવાથી તેમને 'ધ્વનિપ્રસ્થાપક પરમાચાર્ય'ના બિરુદથી નવાજવામાં આવ્યા છે.
કેટલાક વિદ્વાનો ધ્વનિસમ્પ્રદાયને રસસમ્પ્રદાયના વિસ્તૃત સ્વરૂપ તરીકે જુએ છે.

**(6) ઔચિત્યસમ્પ્રદાય :** આચાર્ય ક્ષેમેન્દ્ર 'ઔચિત્યસમ્પ્રદાય'ના સ્થાપક છે. ઈ.સ.ની અગિયારમી સદીના મધ્યકાળમાં તેઓ થઈ ગયા. એમણે રચેલાં ગ્રન્થનું નામ 'ઔચિત્યવિચારચર્ચા' છે. આ ગ્રન્થમાં તેમણે 'કાવ્યના આત્મા' તરીકે 'ઔચિત્ય'નો સ્વીકાર કર્યો છે. તેઓ લખે છે –

*'औचित्यं रससिद्धस्य स्थिरकाव्यस्य जीवितम् ।'*

ક્ષેમેન્દ્રના મતે 'કાવ્ય'માં ઔચિત્યનું તત્ત્વ હોવું આવશ્યક છે. કાવ્યમાં ઔચિત્ય અલ્પ પ્રમાણમાં હોય અથવા તો અધિક પ્રમાણમાં પણ ન ચાલે. કાવ્યમાં ગુણ, અલંકાર, વસ્તુ, રસ, ધ્વનિ એ સર્વનું ઔચિત્ય પ્રમાણસર હોવું જોઈએ. ક્ષેમેન્દ્ર પોતાના વિચારને સ્પષ્ટ કરતાં લખે છે કે કંઠમાં મેખલા, નિતંબ પર મૂલ્યવાન હાર, હાથમાં ઝાંઝર અને ચરણોમાં કંકણ પહેરાવવામાં આવે તો કેવું વિચિત્ર લાગે ? બસ, એ જ રીતે 'કાવ્ય'માં

પણ અલંકાર, ગુણ વગેરે સુંદર તત્ત્વો હોવા છતાં ઔચિત્યપૂર્ણ રીતે ન પ્રયોજાયાં હોય તો હાસ્યાસ્પદ બની જાય. કેટલાક વિદ્વાનો 'ઔચિત્યના સિદ્ધાન્ત'ને કાવ્યશાસ્ત્રના સૌથી વ્યાપક સિદ્ધાન્ત તરીકે સ્વીકારે છે, કારણ કે તે રસ, અલંકાર, ધ્વનિ વગેરે સર્વને એકસમાન રીતે લાગુ પડે છે. ક્ષેમેન્દ્ર રસની પુષ્ટિ માટે 'ઔચિત્ય'ને સૌથી અધિક આવશ્યક માને છે. ધ્વન્યાલોકકાર આનંદવર્ધન પણ ઔચિત્યનું મહત્ત્વ સ્વીકારતાં કહે છે –

*'अनौचित्यादृते नान्यद्रसभङ्गस्य कारणम् ।*
*प्रसिद्धौचित्यबन्धस्तु रसस्योपनिषत्परा ॥*

(ધ્વન્યાલોક, 3-12)

અર્થાત્, અનૌચિત્ય સિવાય કાવ્યમાં રસભંગનું બીજું કોઈ કારણ નથી. ઔચિત્ય એ જ રસનું પરમ રહસ્ય છે.

જો કે, ક્ષેમેન્દ્રનો આ ઔચિત્ય સિદ્ધાન્ત મૌલિક હોવા છતાં એક સ્વતંત્ર વિચારધારા તરીકે વિકાસ પામ્યો નથી. તેને પણ કોઈ અનુયાયીઓ પ્રાપ્ત થયા નથી.

આમ, 'કાવ્યના આત્મતત્ત્વ'ને પામી અને તેને પ્રતિપાદિત કરવાનો ઉપક્રમ ચિરંતન છે. સમયે-સમયે વિવિધ વિવિધ આચાર્યોએ ભિન્ન-ભિન્ન વિચારપરંપરાનાં બીજ રોપ્યાં. કેટલાકને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો, કેટલાકને નહીં. પણ મહત્ત્વની વાત એ છે કે આપણે આ સૌમાં કોઈને ખોટા સાબિત કરી શકીએ એમ નથી. તે સૌએ યથામતિ-યથાશક્તિ પોતા-પોતાના મતનું પ્રતિપાદન કરેલું છે. ખરેખર તો, 'કાવ્ય'ના અંતસ્તત્ત્વને સમજવા અને પામવા માટેની તે સૌ આચાર્યોની મથામણ પ્રશંસનીય છે. વિશ્વકાવ્યવિવેચનના ક્ષેત્રમાં ભારતીય આલંકારિક સમ્પ્રદાયનું આ મહામૂલ્ય યોગદાન છે.

## 1.3 તમારી પ્રગતિ ચકાસો :

**1. ટૂંકનોંધ લખો**

1. 'અલંકાર' શબ્દનો અર્થ સમજાવી અલંકારશાસ્ત્રની પ્રાચીનતાના ઉલ્લેખો વર્ણવો. (સામાન્ય પ્રશ્ન)

2. અલંકારશાસ્ત્રનાં અન્ય નામો. (ટૂંકનોંધ)

3. અલંકારશાસ્ત્રની વિકાસ-પરંપરાના વિવિધ કાળ. (ટૂંકનોંધ)

4. અલંકારશાસ્ત્રની વિચારપરંપરાઓ (સંપ્રદાયો) વિશે સવિસ્તૃત ચર્ચા કરો. (સામાન્ય પ્રશ્ન)

**2. બહુવૈકલ્પિક પ્રશ્નો/ખાલી જગ્યાઓ**

1. 'કાવ્યપ્રકાશ' કયા શાસ્ત્રનો ગ્રંથ ગણાય ?
   (A) વેદાન્ત (B) અલંકાર (C) સાંખ્ય (D) ન્યાય
2. 'અલંકારશાસ્ત્ર'ના કેટલાં અન્ય નામો પણ પ્રચલિત છે ?
   (A) ચાર (B) પાંચ (C) છ (D) આઠ
3. 'અલંકાર' શબ્દ કયા ધાતુ પરથી બન્યો છે ?
   (A) અલં + કાર (B) અલં + કૃ
   (C) અલક્ + ઋ (D) અલં + ક્રી
4. કાવ્યશોભા કરનાર ધર્મોને 'અલંકાર' કહે છે, એવું કોનું માનવું છે ?

(A) મમ્મટ (B) ભરત (C) દંડી (D) ભામહ

5. 'દર્શન' અને 'વિજ્ઞાન' માટે સંસ્કૃતમાં બીજો કયો શબ્દ પ્રયોજાય છે ?

(A) શાસ્ત્ર (B) સાહિત્ય (C) કલા (D) વિધિ

6. ભામહની પૂર્વે 'અલંકારશાસ્ત્ર' માટે કયો શબ્દ વપરાતો ?

(A) કાવ્યાલંકાર (B) સાહિત્યશાસ્ત્ર (C) ક્રિયાકલ્પ (D) કાવ્યશાસ્ત્ર

7. અલંકારશાસ્ત્ર રચનાત્મક કાળમાં કયા આલંકારિકોનો સમાવેશ થાય છે ?

(A) ભરતથી ભામહ સુધીના (B) ભામહથી આનન્દવર્ધન સુધીના

(C) આનન્દવર્ધનથી મમ્મટ સુધીના (D) મમ્મટથી વિશ્વનાથ સુધીના

8. રસસમ્પ્રદાયના આદ્ય સ્થાપક કોણ મનાય છે ?

(A) આચાર્ય મમ્મટ (B) આચાર્ય વામન (C) આચાર્યભરત (D) આચાર્ય દંડી

9. 'કાવ્ય' કે 'નાટક'નો આત્મા 'રસ' છે એવું કોણ માને છે ?

(A) ભરતમુનિ (B) મમમટ (C) દંડી (D) વામન

10. 'અલંકારસમ્પ્રદાય'ના આદ્ય પ્રવર્તક _________ છે.

(A) દંડી (B) ભામહ (C) મમ્મટ (D) કુન્તક

11. આચાર્ય વામન _________ સમ્પ્રદાયના આદ્ય પ્રવર્તક છે.

(A) અલંકાર (B) રસ (C) રીતિ (D) વક્રોક્તિ

12. આચાર્ય કુન્તક _________ સમ્પ્રદાયના સ્થાપક છે.

(A) રસ (B) ધ્વનિ (C) રીતિ (D) વક્રોક્તિ

13. આચાર્ય આન્નદવર્ધન _________ સમ્પ્રદાયના સ્થાપક છે.

(A) ધ્વનિ (B) રસ (C) અલંકાર (D) રીતિ

14. 'કાવ્યનો આત્મા ધ્વનિ છે' એવું કોણ માને છે ?

(A) ભામહ (B) દંડી (C) વિશ્વનાથ (D) આનન્દવર્ધન

15. ધ્વનિસમ્પ્રદાયનો પ્રબળ વિરોધ કોણે કરેલો ?

(A) નૈયાયિકો અને મીમાંસકોએ (B) સાંખ્યવિચારકોએ

(C) પૌરાણિકોએ (D) વૈયાકરણોએ

16. 'કાવ્યના આત્મા' તરીકે 'ઔચિત્ય'ને કોણે સ્વીકાર કર્યો છે ?

(A) કુન્તક (B) ક્ષેમેન્દ્ર (C) વામન

(D) દંડી

**એકમ 2**

# આચાર્ય મમ્મટ અને કાવ્યપ્રકાશ : સામાન્ય પરિચય

## રૂપરેખા


**2.0 ઉદ્દેશ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 આચાર્ય મમ્મટ અને કાવ્યપ્રકાશ : સામાન્ય પરિચય**

**2.2.1 આચાર્ય મમ્મટનું જીવન**

**2.2.2 આચાર્ય મમ્મટનો સમય**

**2.2.3 આચાર્ય મમ્મટની વિદ્વત્તા/પાંડિત્ય**

**2.2.4 'કાવ્યપ્રકાશ'નું દ્વિકર્તૃત્વ**

**2.2.5 'કાવ્યપ્રકાશ' : વિષયવસ્તુ**

**2.3 તમારી પ્રગતિ ચકાસો**


## 2.0 ઉદ્દેશ :

*પ્રસ્તુત યુનિટમાં વિદ્યાર્થીમિત્રો ! તમારે જે ગ્રન્થ 'કાવ્યપ્રકાશ'ના ઉલ્લાસ-૧નો અભ્યાસ કરવાનો છે, તેના રચયિતાનો પરિચય પ્રાપ્ત કરવાનો છે. પ્રખ્યાતિ અને મહાનતાને પામેલી કૃતિ કરતાં તેનો કર્તા મહાન હોય છે. માટે આ યુનિટમાં આચાર્ય મમ્મટના જીવન, સમય અને કર્તૃત્વની પ્રમાણભૂત માહિતી મેળવીને સમૃદ્ધ થશો.*

*આ યુનિટનો અભ્યાસ કરવાથી ખ્યાલ આવશે કે, એક કાવ્યશાસ્ત્રી કે અલંકારશાસ્ત્રી બનવા માટે મનુષ્ય પાસે કેવી કેવી સજ્જતા હોવી જોઈએ. 'આચાર્ય મમ્મટની વિદ્વત્તા કે પાંડિત્ય' વિશે વાંચીને તમને અનુભવાશે કે કેટકેટલો શાસ્ત્રાભ્યાસ અને બાહ્ય જગતનો બહોળો અનુભવ હોય ત્યારે આચાર્ય મમ્મટ જેવા પ્રતિભાશાળી કાવ્યશાસ્ત્રીઓ ભારતમાં પ્રસિદ્ધિ પામ્યાં છે. 'કાવ્યપ્રકાશ' પર લખાયેલું વિપુલ ટીકાસાહિત્ય જ એનો ઉત્તમ પુરાવો છે.*

## 2.1 પ્રસ્તાવના :

*મોટાભાગના સંસ્કૃત સાહિત્યકારો અને અલંકારશાસ્ત્રીઓના જીવન, સમય અને કૃતિઓ વિશે સંશયો ઉત્પન્ન થતા હોય છે.મમ્મટના જીવન વિશે, સમય વિશે કૃતિઓ*

*વિશે આવા જ પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને તેમની પોતાની કૃતિ અને અન્ય કૃતિઓમાં પ્રાપ્ત થતાં ઉલ્લેખોના આધારે વિદ્વાનોએ આધારભૂત માહિતી મેળવવા પ્રયત્નો કર્યા છે અને તારણો આપ્યા છે.*

*કાવ્ય-પ્રકાશમાં દસ ઉલ્લાસ આવેલા છે, જેમાં કાવ્યહેતુ, કાવ્યલક્ષણ, કાવ્યનાં ગુણ, રીતિ, શબ્દશક્તિઓ અને અલંકાર જેવા વિવિધ વિષયો પર ઊંડાણપૂર્વકની છણાવટ પ્રાપ્ત થાય છે.*

### 2.2.1 આચાર્ય મમ્મટનું જીવન

*સામાન્યતઃ સંસ્કૃત સર્જકોએ પોતાના જીવનનું ગાન નથી કર્યું, પરિણામસ્વરૂપે એમનાં જીવન વિશેની ઐતિહાસિક માહિતી પ્રમાણભૂત રીતે મળતી નથી. વાગ્દેવતાના અવતાર જેવા મમ્મટ વિશે પણ પ્રમાણભૂત ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થતી નથી. પણ તેમની કૃતિમાં થયેલા ઉલ્લેખો અને અન્ય ટીકાકારો કે સર્જકોએ તેમના વિશે કરેલા ઉલ્લેખોને આધારે કેટલીક વિગતો પ્રાપ્ત થાય છે -*

*આચાર્ય ભીમસેન દીક્ષિતે 'કાવ્યપ્રકાશ' ઉપર 'સુધાસાગર' કે 'સુધોદધિ' નામની ટીકા ઈ.સ. ૧૭૨૩માં લખેલી છે. આ ટીકામાં તેમણે મમ્મટના જીવન વિશે થોડીક માહિતી આપી છે, તે મુજબ –*

(1) *આચાર્ય મમ્મટ કાશ્મીર પ્રદેશમાં જન્મ્યા હતા અને સાક્ષાત્ સરસ્વતીનો અવતાર હતા. કહેવાયું છે કે -*
***'तद्देवी हि सरस्वती स्वयमभूत् काश्मीरदेशे पुमान्'*** । *(તે દેવી સરસ્વતી જ કાશ્મીર દેશમાં પુરુષરૂપે થઈ). આ ઉપરાંત આ ભીમસેને તેની ટીકામાં **'वाग्देवता रूपिण:'** અને **'सा देवी मम्मटाख्या'** એમ પણ નોંધ્યું છે.*

(2) *આચાર્ય મમ્મટના પિતાનું નામ **'जैयट'** હતું. મમ્મટના બે નાના ભાઈઓ હતા :* 1) ***कैयट*** *અને* 2) ***उवट*** *આમાંથી કૈયટે પતંજલિના મહાભાષ્ય ઉપર 'પ્રદીપ' નામની ટીકા લખી છે અને ઉવટે શુક્લયજુર્વેદ પર 'મન્ત્રભાષ્ય' નામનો ગ્રંથ રચેલો છે. ઉવટે શૌનકના પ્રાતિશાખ્ય પર ભાષ્ય પણ રચ્યું છે.*

3) *આચાર્ય મમ્મટ સ્વયં વાગ્દેવતાના અવતાર હોવા છતાં વારાણસી (બનારસ) ગયા હતા અને શાસ્ત્રાભ્યાસ પછી 'સાહિત્યસૂત્ર' અર્થાત્ 'કાવ્યપ્રકાશ'ની રચના કરી.*

***मर्यादां किल पालयन् शिवपुरीं गत्वा प्रपठ्यादरात् ।***
***शास्त्रं सर्वजनोपकाररसिक: साहित्यसूत्रं व्यदधात् ॥***

*શ્રી ઝળકીકર અને શ્રી કાણેના મત મુજબ ભીમસેન દ્વારા અપાયેલી આ વિગતો ઉચિત લાગતી નથી. તેનું કારણ આપતાં તેઓ જણાવે છે કે, 'ઉવટ' તો અવન્તીનગરીનો નિવાસી હતો અને વળી રાજા ભોજનો તે સમકાલીન છે. ઉવટે પોતે જે માહિતી આપેલી છે તે મુજબ તો આનંદપુર એટલે હાલના ગુજરાતના વડનગરના નિવાસી **'वज्रट'**નો જ પુત્ર હતો. આમ, તે જૈયટનો પુત્ર સાબિત થતો નથી. છતાં શ્રી કાણે નિશ્ચિતપણે એટલું તો*

*સ્વીકારે છે કે, મમ્મટ, કૈયટ, ઉવટ, જૈયટ આ બધાં નામોની પાછળ 'ટ' કાર આવે છે. નામની પાછળ 'ટ' આવતો હોય તો એવી પરંપરા કાશ્મીરની છે. તેથી મમ્મટ ચોક્કસપણે કાશ્મીરી પંડિત છે.*

*કેટલાક વિદ્વાનોને મતે મમ્મટ, કૈયટ અને ઉવટ એ ત્રણેય જૈયટના પુત્રો હતા. કાશ્મીરના જ તેઓ વતની હતા. ત્યાં કોઈક આનંદપુર નામના ગામમાં વસવાટ કરતા. આ ત્રણેય ભાઈઓ વિશેષ અધ્યયન અર્થે વારાણસી આવ્યા હશે અને ત્યાં જ મમ્મટે 'કાવ્યપ્રકાશ' રચ્યું હશે. કારણ કે વારાણસી પ્રાચીન સમયથી સંસ્કૃતવિદ્યાનું અધ્યયનકેન્દ્ર હતું. ત્રણેય ભાઈઓ અનુક્રમે અલંકારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર અને વેદપંડિત તરીકે પ્રસિદ્ધ થયા હતા.*

4) *આચાર્ય મમ્મટે 'કાવ્યપ્રકાશ'ના પાંચમા ઉલ્લાસમાં* ***'चिङ्कुपद'*** *પ્રયોજ્યું છે. તેના પર વિશ્વનાથ ટીકા કરતાં લખે છે કે,* ***'चिङ्कुपद'****ને કાશ્મીરી ભાષામાં અશ્લીલ અર્થનો બોધક ગણવામાં આવે છે. આથી એમ લાગે છે કે, મમ્મટ કાશ્મીરી જ હશે.*

5) *આચાર્ય મમ્મટને* ***'राजानककुलतिलक'*** *એવું બિરૂદ અપાયું હતું. આવું બિરૂદ રાજાઓ દ્વારા કાશ્મીરી પંડિત-બ્રાહ્મણોને અપાતું. આના પરથી કહી શકાય કે* ***'राजानक'*** *ઉપાધિ મમ્મટના કુળમાં પૂર્વપરંપરાથી પ્રાપ્ત થતી આવી હશે.*

6) *કાશ્મીરી પંડિતોમાં એવી એક દંતકથા પ્રચલિત છે કે, મમમટ 'નૈષધ મહાકાવ્ય'ના રચયિતા શ્રીહર્ષના મામા હતા. શ્રીહર્ષે પોતાનું મહાકાવ્ય મમ્મટને બતાવ્યું. મમ્મટે એ જોઈને કહ્યું કે, 'ભાણા! આ કાવ્ય જો તેં મને વહેલું બતાવ્યું હોત તો મને ઘણું કામમાં આવત. મારા 'કાવ્યપ્રકાશ'માં કાવ્યના દોષો દર્શાવવા માટે મારે જે-જે દોષયુક્ત કાવ્યનાં ઉદાહરણો ભેગા કરવા શ્રમ કરવો પડ્યો તે બચી જાત ; તારા જ મહાકાવ્યમાંથી મને કાવ્યદોષોનાં સર્વ ઉદાહરણો મળી રહેત!' જો કે, આ એક દંતકથા છે, તે સર્વસ્વીકૃત નથી.*

### 2.2.2 આચાર્ય મમ્મટનો સમય

*સંસ્કૃત સર્જકો કે પંડિતોની જેમ મમ્મટના સમય અંગેનો નિર્ણય કરવામાં બહુ મુશ્કેલી આવતી નથી. કેટલાંક આંતરિક અને બાહ્ય પ્રમાણોને આધારે આચાર્ય મમ્મટનો સમય નિશ્ચિત થઈ શકે છે જેમ કે, -*

1) *આચાર્ય મમ્મટે કાવ્યપ્રકાશના ચોથા ઉલ્લાસમાં ભરતના નાટ્યશાસ્ત્ર અને આનન્દવર્ધનના ધ્વન્યાલોક પર ટીકા લખનાર આચાર્ય અભિનવગુપ્તનો ઉલ્લેખ કર્યો છે. હવે અભિનવગુપ્તનો સમય નિશ્ચિતપણે ઈ.સ. 990 થી ઈ.સ.1020 છે. માટે આચાર્ય મમ્મટનો સમય ઈ.સ.1020 પછીનો ચોક્કસપણે નિશ્ચિત થાય છે.*

2) *આચાર્ય મમમટે કાવ્યપ્રકાશના દસમા ઉલ્લાસમાં પદ્મગુપ્ત વિરચિત 'નવસાહસાંક્ચરિતમ્'ના શ્લોક ક્રમાંક 123, 146, 148, 157 ઉદ્ધરણ તરીકે ટાંક્યા છે. આ કૃતિની રચના ઈ.સ.1020માં થયેલી છે. માટે પણ કહી શકાય કે 'કાવ્યપ્રકાશ'ની રચના ઈ.સ.1020 પછી જ થયેલી હોવી જોઈએ.*

3) *'કાવ્યપ્રકાશ'નો ઉદ્ધરણ તરીકે 'અલંકારસર્વસ્વ'ના રચયિતા રુય્યકે વિવેચન કરતી વખતે ઘણીવાર ઉલ્લેખ કરેલો છે. આ કૃતિનો રચનાકાળ ઈ.સ.*1135 *થી ઈ.સ.૧૧૫૫નો મનાય છે, માટે 'કાવ્યપ્રકાશ'નો રચનાકાળ પણ ઈ.સ.*1150*ની પૂર્વે જ હોવો જોઈએ.*

4) *'કાવ્યપ્રકાશ'નો ઉલ્લેખ જૈનાચાર્ય માણિક્યચંદ્રની 'સંકેત' નામની ટીકામાં છે. જેમ કે, -*

***'काव्ये काव्यप्रकाशस्य सङ्केतोऽयं समर्पितः ॥***

*આ ટીકાનો રચનાકાળ ઈ.સ.*1159 *થી* 1160 *છે, માટે 'કાવ્યપ્રકાશ' ઈ.સ.*1159 *પૂર્વે જ લખાયું હોવું જોઈએ.*

5) *આચાર્ય મમ્મટે કાવ્યપ્રકાશમાં ઘણીવાર ભોજરાજની ઉદારતાનો ઉલ્લેખ કર્યો છે. –*

***"यद्विद्वद्भवनेषु भोजनृपतेस्तत्त्यागलीलायितम् ।***

*ઉદાત્ત અલંકારના ઉદાહરણ તરીકે આ પંક્તિ મમ્મટે લખી છે. એનો અર્થ એ થયો કે, આ શ્લોક રાજા ભોજના પછીના જીવનકાળ દરમિયાન રચાયો હોવો જોઈએ. કારણ કે તેમની કીર્તિ વિસ્તરતા થોડો ઘણો સમય તો ગયો હશે જ. હવે, ભોજનો સમય ઈ.સ.*1054*નો છે, અર્થાત્ 'કાવ્યપ્રકાશ'ની રચના સંભવ છે કે એના પછી જ થઈ હોવી જોઈએ.*

*આ સમગ્ર પ્રમાણોને ધ્યાનમાં રાખી એમ કહી શકાય એમ છે કે, આચાર્ય મમ્મટ અગિયારમી સદીના ઉત્તરકાળમાં થઈ ગયા હશે.*

### 2.2.3 આચાર્ય મમ્મટની વિદ્વત્તા/પાંડિત્ય :

*આચાર્ય મમ્મટ માટે ભીમસેને 'સરસ્વતીના અવતાર'ની જે ઉપાધિ આપી છે, તે જ એમની વિદ્વત્તા કે સાક્ષરતા સૂચવી જાય છે. ભીમસેને આપેલી ઉપાધિનો લક્ષ્યાર્થ એ છે કે, મમ્મટ અસાધારણ પ્રતિભાવાન વિદ્વાન આચાર્ય હતા. અલંકારશાસ્ત્રના ઈતિહાસમાં એમનું અનોખું સ્થાન છે, કારણ કે એમણે પોતાની આગવી શૈલીથી એમની પૂર્વેના આલંકારિકોના મતોની સમીક્ષા કરી છે, પણ તેની સંદિગ્ધતાને તેમણે ટાળી છે. મમ્મટના 'કાવ્યપ્રકાશ' ઉપર રચાયેલી ૭૫ જેટલી ટીકાઓ જ દર્શાવે છે કે તેમની પ્રસિદ્ધિ અને મહત્ત્વ કેટલું અનેરું છે. મમ્મટે તેમના પુરોગામી આલંકારિકોના લખાણોનો ક્યાંક સીધેસીધો તો ક્યાંક પરોક્ષ રીતે પણ ઉલ્લેખ કર્યો છે, જે તેમનું પૂર્વેના આલંકારિકોના ગ્રંથોનું સૂક્ષ્મ અધ્યયન સૂચવે છે, કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તનાં ઉદાહરણ આપવા માટે મમ્મટે* 600 *જેટલાં પદ્યો ટાંક્યાં છે. એ બાબત પણ એમ સૂચવે છે કે, પ્રશિષ્ટ સંસ્કૃત કૃતિઓનો તલસ્પર્શી અભ્યાસ મમ્મટે કરેલો હશે.*

*આ ઉપરાંત મમ્મટનું પાંડિત્ય 'કાવ્યપ્રકાશ'માં અત્ર-તત્ર-સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. તેઓ મુખ્યત્વે વ્યાકરણ, મીમાંસા, ન્યાય, વેદાન્ત, સાંખ્ય આદિ શાસ્ત્રોના પ્રકાંડ વિદ્વાન હતા. તેના પુરાવા 'કાવ્યપ્રકાશ'માંથી જ પ્રાપ્ત થાય છે. ક્રમશ તેની ચર્ચા કરીએ તો –*

## 1. વૈયાકરણ

*મમ્માટાચાર્ય મુખ્યત : વ્યાકરણના વિદ્વાન છે એવું કેટલાંક વિદ્વાનોનું માનવું છે. પ્રાચીન ભારતમાં શિક્ષણની શરૂઆત જ વ્યાકરણ વિષયથી થતી. કાવ્યપ્રકાશમાં વ્યાકરણશાસ્ત્રના અનેક નિર્દેશો મળે છે, જે દર્શાવે છે કે મમ્મટને વૈયાકરણો માટે વિશેષ માન છે.*

*પ્રથમ જ ઉલ્લાસમાં ચોથી કારિકાની વૃત્તિમાં વૈયાકરણો માટે **'बुधैः'** એટલે કે 'વિદ્વાનો' એવું વિશેષણ પ્રયોજ્યું છે. વૈયાકરણોના 'સ્ફોટવાદ'નો મમ્મટે ખૂબ આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે.*

*મમ્મટે શબ્દના 'સંકેત' (અર્થ સંકેત) વિષયક વિવિધ મતોનું નિરૂપણ કરતી વખતે વ્યાકરણ મહાભાષ્યકાર સંમત જાત્યાદિ (જાતિ વગેરે) મતોને પ્રાથમિકતા આપી છે. **'जातिरेव'** એવું લખીને મીમાંસકોના 'જાતિ' મતનો ઉલ્લેખ પછીથી કર્યો છે, અને **'जात्यादि'** મત કે જે પતંજલિ સંમત છે, તેનો ઉલ્લેખ પ્રથમ કર્યો છે. મમ્મટે વ્યાકરણસંમત **'शब्दानां चतुष्टयी प्रवृत्तिः'** ('શબ્દોની ચાર પ્રકારની પ્રવૃત્તિ' એટલે કે ચાર પ્રકારના શબ્દો)નો ઉલ્લેખ પણ કર્યો છે.*

*અલંકારનિરૂપણમાં 'ઉપમા' અને તેના ભેદોની સમજણ આપતી વખતે મમ્મટ વ્યાકરણશાસ્ત્રીય સિદ્ધાંતોને અનુસર્યા છે. 'વિરોધ' અલંકારના ભેદોનું દર્શન કરાવતી વખતે પણ મમ્મટ વ્યાકરણ-શાસ્ત્રીઓએ સ્વીકારેલા ચાર પ્રકારનો આધાર નજર સમક્ષ રાખે છે.*

*મમ્મટ સ્વયં વૈયાકરણ હોવાથી એમણે કાવ્યપ્રકાશમાં અનેક સ્થળે વ્યાકરણશાસ્ત્રની પરિભાષાઓ પ્રયોજી છે. 'અસંગતિ' અને 'વિભાવના' અલંકારના વિવેચનમાં અનુક્રમે 'ઉત્સર્ગની વ્યવસ્થિતિ' અને ક્રિયા એ જ કરણ છે. એવી વ્યાકરણની પરિભાષાઓનો પ્રયોગ પણ કર્યો છે.*

## 2. મીમાંસક

*આચાર્ય મમ્મટ દર્શનશાસ્ત્રની એક શાખા મીમાંસાશાસ્ત્રના પણ ઉત્તમ જ્ઞાતા હતા. આ બાબતનાં પણ ઉદાહરણો 'કાવ્યપ્રકાશ'માં પ્રાપ્ત થાય છે, જેમ કે -*
*'સંકેત' વિષયક મતોની ચર્ચા દરમિયાન તેમણે પૂર્વ મીમાંસકોના **'जातिरेव वा'** મતનો ઉલ્ખ કર્યો છે.*
*વળી, **'जातिरेव प्रवृत्तिनिमित्तमित्यन्ये'** વાક્યમાં પણ મીમાંસકોના મતનું સૂચન છે.*
*આચાર્ય મમ્મટે પ્રસિદ્ધ મીમાંસક મંડનમિશ્રના ઉપાદાન લક્ષણવાળા મતનું ખંડન **'गौरनुबन्ध्यः'**માં કર્યું છે, જે તેમનું મીમાંસા વિષયક જ્ઞાન સૂચવે છે.*

*લક્ષ્યાર્થને સમજાવવા માટે પોતાના મતના પ્રતિપાદન માટે પૂર્વમીમાંસકોને માન્ય મતનો નિર્દેશ **'गौर्वाहीक'**માં મમ્મટે કર્યો છે, તેમાં પણ તેમનું મીમાંસાનું તલસ્પર્શી જ્ઞાન સૂચિત થાય છે.*

***'तात्पर्यार्थ'**ની ચર્ચા દરમિયાન મમ્મટે મીમાંસકોના 'અભિહિતાન્વયવાદ' અને 'અન્વિતાભિધાનવાદ' જેવા મતોની પણ ચર્ચા કરી છે. એમણે પાંચમા ઉલ્લાસમાં મીમાંસાના મતોનું ખંડન અને નિરૂપણ કરીને તેઓના અંતરંગ મતમતાંતર સુધી પ્રવેશનાર મમ્મટ ખરેખર એક નિષ્ણાત મીમાંસક પણ હતા એમ જણાય છે.*

### 3. ન્યાય-વૈશેષિક શાસ્ત્રજ્ઞ

*આચાર્ય મમ્મટ ન્યાય-વૈશેષિક દર્શન-શાસ્ત્રના પણ ઊંડા અભ્યાસુ હતા. જેનાં પ્રમાણો પણ કાવ્યપ્રકાશમાંથી પ્રાપ્ત થાય છે. જેમ કે, -*
*કાવ્યપ્રકાશના મંગલ પદ્યની વૃત્તિમાં વૈશેષિકોના 'પરમાણુકારણવાદ'નો ઉલ્લેખ આચાર્ય મમ્મટ કરે છે, જેમ કે –*

***'परमाण्वाद्युपादानकर्मादिसहकारिकारणपरतन्त्रा ।'***

*અહીં ન્યાયશાસ્ત્રનાં 'અસમવાયિ' અને 'નિમિત્ત' બંને કારણો માન્ય રાખ્યાં છે.*
*'કાવ્યના હેતુ'ની ચર્ચા કરતી વખતે મમ્મટ વૃત્તિમાં **'हेतुः न तु हेतवः'** એવું કહીને ન્યાયશાસ્ત્રની પરિભાષા પ્રયોજે છે.*

*'વ્યંજના' શક્તિની ચર્ચા કરતી વખતે પણ તેઓ 'જ્ઞાનનો વિષય' અને 'જ્ઞાનનું ફળ' એ બંને ભિન્ન હોય છે, એવી નૈયાયિકોને માન્ય એવી વિચારધારા પ્રસ્તુત કરે છે.*
*પાંચમા ઉલ્લાસમાં પ્રખ્યાત ન્યાયાચાર્ય મહિમ ભટ્ટના મતનું નિરસન કરતાં વ્યાપ્તિ, હેત્વાભાસ, અનુમાન આદિનો વિશેષ પરિચય પણ મમ્મટને છે, એમ સૂચવાય છે.*
*આમ, મમ્મટ ન્યાય-વૈશેષિક શાસ્ત્રમાં પણ ગહન જ્ઞાન ધરાવતા હતા.*

### 4. વેદાન્ત-સાંખ્ય દર્શનના જ્ઞાતા :

*આચાર્ય મમ્મટ વેદાન્તશાસ્ત્ર અને સાંખ્યદર્શનના પણ જ્ઞાતા હતા, જેમ કે -*
*પ્રથમ ઉલ્લાસમાં 'કાવ્યના આનંદ'ને 'બ્રહ્માનંદ' સાથે મમ્મટે સરખાવ્યો છે.*
*કાવ્યપ્રકાશના મંગળ પદ્યની વૃત્તિમાં 'બ્રહ્માની સૃષ્ટિ'ને એમણે **'सुखदुःखमोहस्वभावा'** કહી છે. જેમાં સાંખ્યશાસ્ત્રીઓના ત્રણ ગુણોના ફળનું સૂચન જણાય છે.*

*પાંચમા ઉલ્લાસમાં 'વાક્યાર્થ કેવળ વાચ્ય જ હોય છે' એવા વેદાન્તીઓના મતનું ખંડન મમ્મટે કર્યું છે, આ ખંડન કરવા માટે પણ વેદાન્તદર્શનના સિદ્ધાન્તોનું જ્ઞાન હોવું જરૂરી છે.*

*'કાવ્યપ્રકાશ'માં મમ્મટે વેદાન્તવિષયક માયા, મોક્ષપ્રાપ્તિ, તત્કાર્યપ્રપંચ વગેરેનું જ્ઞાન દર્શાવતા ઘણા શ્લોકો ટાંક્યા છે.*

**મમ્મટે બૌદ્ધદર્શનની શૂન્યવાદી શાખાના 'અપોહવાદ'નો પણ ઉલ્લેખ કર્યો છે.**
*આમ, આચાર્ય મમ્મટ ભિન્ન ભિન્ન શાસ્ત્રોના જ્ઞાતા અને બહુમુખી પ્રતિભાના સ્વામી હતા. કાવ્યપ્રકાશમાં સ્થળે-સ્થળે એમની સાક્ષરતા, વિદ્વત્તાનાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે.*

### 2.2.4 'કાવ્યપ્રકાશ'નું દ્વિકર્તૃત્વ

*સંસ્કૃત સાહિત્ય-સર્જકોનું જીવન, સમય અને કૃતિઓનું કર્તૃત્વ એ પ્રાયઃ સમસ્યારૂપ જ રહ્યું છે. કાવ્યપ્રકાશની રચના અંગે પણ એક સમસ્યા છે. તે માત્ર આચાર્ય મમ્મટે લખેલી કૃતિ છે કે કેમ? એ કૂટપ્રશ્નનું સમાધાન વિદ્વાનોએ ભિન્ન ભિન્ન પ્રમાણો આપીને કરવાનો પ્રયાસ કર્યો છે.*
*દશઉલ્લાસોમાં વિભક્ત 'કાવ્યપ્રકાશ' ગ્રંથનાં મુખ્ય ત્રણ અંગો છે. 1) કારિકા 2) વૃત્તિ અને 3) ઉદાહરણો*

(1) **કારિકાઓ :** *કાવ્યપ્રકાશમાં પદ્યમાં રચાયેલી કુલ 142 કારિકાઓ છે. તે આર્યા કે અનુષ્ટુપ છંદમાં રચાયેલી છે. કારિકાઓમાં કાવ્ય વિષયક વિભિન્ન સિદ્ધાન્તો સંક્ષેપ્તમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.*
(2) **વૃત્તિ :** *કારિકા ઉપર ગદ્યમાં લખાયેલી ટીકાને 'વૃત્તિ' કહે છે. વૃત્તિમાં કારિકાઓનું સ્પષ્ટીકરણ કરાય છે. કોઈક સ્થળે વિસ્તાર પણ કરાય છે, તેના સિદ્ધાન્તો પરિપૂર્ણ બનાવાય છે, કારિકાઓની ખોટ પણ કોઈવાર વૃત્તિમાં સ્પષ્ટ કરવામાં આવે છે.*
(3) **ઉદાહરણ :** *કાવ્યશાસ્ત્ર-વિષયક સિદ્ધાન્તોની સ્પષ્ટતા કરવા માટે પોતાની પૂર્વે થઈ ગયેલા અલંકારશાસ્ત્રીઓ કે લેખક-કવિઓની રચનાઓમાંથી આવશ્યક ઉદાહરણો રજૂ કરવામાં આવે છે.*

*આ ત્રણ અંગોના સંદર્ભમાં વિચારીએ તો 'કાવ્યપ્રકાશ'ની જે કારિકા અને વૃત્તિ-ભાગ છે, તે આચાર્ય મમ્મટે પોતે રચ્યો છે અને તેમાં જે ઉદાહરણો મળે છે, તે અન્ય કવિઓનાં છે, એમ સ્પષ્ટ થાય છે.*
*હવે વિદ્વાનોમાં એવો મતભેદ પ્રવર્તે છે કે,* **કાવ્યપ્રકાશની કારિકાઓ અને વૃત્તિ એ બન્ને મમ્મટે જ રચ્યાં છે કે કેમ?** *આ બાબતે વિદ્વાનોમાં બે મત છે :*

**1) કારિકાઓના રચયિતા ભરત છે અને વૃત્તિની રચના મમ્મટે કરેલી છે.**
**2) કાવ્યપ્રકાશમાં ઉલ્લાસ એકથી દશમા ઉલ્લાસના 'પરિકર' અલંકાર સુધીના ભાગની કારિકાઓ અને વૃત્તિ-બંને મમ્મટે લખી છે, પણ શેષ ભાગના રચયિતા કાશ્મીરના બીજા વિદ્વાન અલ્લટ છે.**

**આચાર્ય મમ્મટ અને ભરત :** *ઉપર્યુક્ત બંને મતોમાંથી પ્રથમ મતના સમર્થનમાં, એટલે કે આ ગ્રન્થમાં કારિકાઓ મમ્મટની નથી પણ ભરતની લખેલી છે, વૃત્તિ મમ્મટે રચી છે, એવો મત ધરાવનાર બે વિદ્વાનો બંગાળના છે. મહેશ્વર ન્યાયાલંકાર અને બલદેવ વિદ્યાભૂષણ. આ બંને આ મતની પુષ્ટિ માટે ત્રણ દલીલો કરે છે, જે આ પ્રમાણે છે :*

1) *'કાવ્યપ્રકાશ'ની અમુક કારિકાઓ ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં પણ મળી આવે છે. દા.ત. કાવ્યપ્રકાશના ઉલ્લાસ ચોથાની 29 થી 34 કારિકાઓ આપણને નાટ્યશાસ્ત્રના અધ્યાય છઠ્ઠાની 15 અને 17 થી 21 સુધીની કારિકાઓ રૂપે મળે છે. આમ, આ સામ્યને આધારે એવું જણાય છે કે, કારિકાઓ ભરત રચેલી છે.*

2) *'કાવ્યપ્રકાશ'ની વૃત્તિમાં પ્રારંભે જ કારિકાના લેખકનો ઉલ્લેખ ત્રીજા પુરુષમાં થયેલો જોવા મળે છે. દા.ત. — **'ग्रन्थकृत् परामृशति ।'** અર્થાત્ ગ્રંથકાર વિઘ્નનિવારણ માટે ઈષ્ટદેવનું સ્મરણ કરે છે.*

*જો કારિકાકાર અને વૃત્તિકાર એક જ હોય તો તે આવી રીતે ત્રીજા પુરુષનો નહીં પણ પ્રથમ પુરુષનો ઉલ્લેખ કરે. એટલે ત્રીજા પુરુષનો પ્રયોગ જ એમ સૂચવે છે કે કારિકાકાર (ગ્રંથકાર) જુદા છે.*

3) *સમસ્ત-વસ્તુ-વિષય-સાંગ-રૂપકની વ્યાખ્યામાં કારિકાની અંદર **'आरोपिता'** શબ્દ બહુવચનમાં પ્રયોજાયો છે. પણ વૃત્તિમાં લખ્યું છે કે, **'आरोपिता इति बहुवचनमविवक्षितम्'** અર્થાત્ **'आरोपिता'** શબ્દનું બહુવચન મહત્ત્વપૂર્ણ નથી, બિનજરૂરી છે ત્યાં દ્વિવચન હોય તો પણ ચાલે, એવો સુધારો પણ સૂચવાયો છે.*

*આનો અર્થ એ થયો કે, કારિકાકાર અને વૃત્તિકાર એ બંનેનાં વિધાનોમાં મતભેદ જોવા મળે છે. એટલે કે, બંનેના કર્તા ભિન્ન-ભિન્ન હોય તો જ આવું શક્ય બને. માટે, કારિકાઓના રચયિતા ભરત મુનિ છે અને વૃત્તિકાર આચાર્ય મમ્મટ હોય.*

*પ્રસ્તુત બંને વિદ્વાનોની આ ત્રણેય દલીલોનું વિદ્વાનો તર્કબદ્ધ રીતે ખંડન કરે છે, તે જોઈએ તો —*

1) *કાવ્યપ્રકાશની કુલ 142 કારિકાઓ પૈકી માત્ર ૬ જ ભરતના નાટ્યશાસ્ત્રમાં 'રસ'ની ચર્ચા દરમિયાન આવે છે. ભરતમુનિ રસવિવેચનના ક્ષેત્રમાં આદ્ય પ્રણેતા તરીકે સ્થાન ધરાવે છે, જેથી રસસંબંધિત વાક્યો મમ્મટે સીધેસીધાં જ ઉદ્ધૃત કર્યાં છે. મમ્મટે આવી રીતે અન્ય આલંકારિકોનાં લક્ષણો પણ પરિવર્તન કર્યા વિના ઉદ્ધૃત કરેલાં છે. જેમ કે - વામનની કારિકા મમ્મટે શબ્દશઃ સ્વીકારી છે -*

***'कर्णावतंसादिपदे कर्णादिध्वनिनिर्मितः ।***

***संनिधानादिबोधार्थम् ।'** આવી જ રીતે આનંદવર્ધનના 'ધ્વન્યાલોક'માંથી પણ મમ્મટે કારિકાઓ શબ્દશઃ લીધી છે. તાત્પર્ય એ છે કે, મમ્મટની આ શૈલી રહી છે કે, તેઓ અન્ય આલંકારિકોનાં લખાણોનો યથોચિત ઉપયોગ આવશ્યકતા પ્રમાણે કરે છે.*

2) *કાવ્યપ્રકાશના મંગળ પદ્યની વૃત્તિમાં થયેલો ત્રીજા પુરુષનો પ્રયોગ ભિન્ન કર્તાનો ભ્રમ ઉત્પન્ન કરે છે. એ બાબતે એવું સમાધાન અપાય છે કે, આ તો સંસ્કૃતના સર્જકોની પરંપરા જ છે, પ્રાચીન આચાર્યોની શૈલી જ હતી કે તેઓ પોતાનો ઉલ્લેખ ક્યારેય પ્રથમ પુરુષમાં કરતા ન હતા, ઊલટું આ તો કર્તાની વિનમ્રતા સૂચવે છે. સાહિત્યદર્પણકારે પણ પોતાના માટે ત્રીજા પુરુષનો જ પ્રયોગ કર્યો છે.*

3) *સાંગરૂપકની વૃત્તિમાં આવેલ 'બહુવચન' એવું સૂચવવા માટે છે કે, સમસ્તવસ્તુવિષય એ બે અથવા તેથી અધિક અલંકારથી બને છે. મમ્મટ અહીં અપવાદ દર્શાવવા માગે છે. બીજું કે, કારિકાના છંદની પૂર્તિ યથોચિત થાય એ માટે પણ '**आरोपिता**' એમ લખ્યું હશે અને વૃત્તિમાં આ અંગે કોઈ ગેરસમજ ન થાય તે માટે સુધારો કરવામાં આવ્યો હોય એમ લાગે છે. બહુવચનનો ઉપયોગ કેવળ આકસ્મિક છે અને દ્વિવચન વપરાયાથી સ્થિતિ ન સુધરત એવું પણ કેટલાક વિદ્વાનો માને છે.*

*મમ્મટે વૃત્તિમાં ઘણીવાર કારિકાના મતનો વિસ્તાર કરેલો છે તથા કારિકાઓની ખોટ પણ પૂરી છે, તે ભૂલવું ન જોઈએ.*

**'કાવ્યપ્રકાશ'ની કારિકાઓ અને તેની 'વૃત્તિ'ના રચયિતા બંને એક જ છે અને એ મમ્મટ જ છે, એવું પ્રસ્થાપિત કરવા બીજાં પણ કેટલાંક પ્રમાણો આપવામાં આવ્યાં છે જેમ કે -**

1) *આચાર્ય મમ્મટે ક્યાંય ભરતમુનિના ઋણનો ઉલ્લેખ કર્યો નથી.*
2) *ઉપર્યુક્ત ટીકાકારો તો છેક ૧૮મી સદીના છે, એમની પૂર્વેના કોઈ ટીકાકારોએ આવા દ્વિકર્તૃત્વની કલ્પના પણ કરી નથી.*
3) *વૃત્તિકાર પોતે જો કોઈના ગ્રંથ ઉપર વૃત્તિ રચતો હોય તો તે વૃત્તિના આરંભે મંગલાચરણ મૂકે, પણ અહીં આવું જુદું મંગલપદ્ય વૃત્તિમાં થયેલું નથી.*
4) *ભરતમુનિએ આઠ રસો માન્ય કરેલા, પણ મમ્મટે તો નવ રસો માન્ય કર્યા છે.*
5) *મમ્મટે 'માલારૂપક'ની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે, '**माला तु पूर्ववत् ।**' હવે 'પૂર્વવત્' વડે તે 'માલોપમા'નું સૂચન કરે છે. કારણ કે આ શબ્દ પૂર્વે વૃત્તિમાં પણ એમણે ઉપયોગમાં લીધો છે. માટે કારિકાકાર અને વૃત્તિકાર એક જ હોવા જોઈએ.*
6) *મહેશ્વરને મતે ભરતે અગ્નિપુરાણમાંથી કારિકાઓ લીધી છે, પણ 'અગ્નિપુરાણ'ની રચના તો છેક ૧૧મી સદીની છે, જ્યારે ભરત તો પહેલી સદીમાં થઈ ગયા.*
7) *'કાવ્યપ્રકાશ'ના પ્રારંભિક ટીકાકારો માણિક્ય ચંદ્ર, સરસ્વતી તીર્થ, જયંત વગેરે પણ કારિકાના સર્જક અને વૃત્તિના સર્જક ભિન્ન ભિન્ન છે, એવી કોઈ ભેદરેખામાં માનતા નથી, એ જ રીતે હેમચંદ્રાચાર્ય, જયરથ, વિદ્યાધર વગેરે પરવર્તી લેખકો પણ કાવ્યપ્રકાશના સર્જક એક જ માને છે, જુદા જુદા નહીં.*

*આમ, ભરત સાથેનો આચાર્ય મમ્મટનો સંબંધ સ્થાપિત થઈ શકતો નથી.*

**આચાર્ય મમ્મટ અને અલ્લટ :** *ઈ.સ.1665માં થઈ ગયેલા રાજાનક આનંદ 'કાવ્યપ્રકાશ' પરની ટીકામાં મમ્મટને કારિકાકાર અને વૃત્તિકાર તરીકે ઓળખાવે છે, પણ તેમાં 'પરિકર' અલંકાર સુધીનો જ ભાગ મમ્મટ દ્વારા રચાયેલો છે, એવું નોંધ્યું છે. તે પછીનો ભાગ વિદ્વાન અલ્લટ કે અલકનો છે, એમ જણાવાયું છે.*

*એવી જ રીતે ઈ.સ.1565માં થઈ ગયેલા અર્જુનવર્મદેવ નામના ટીકાકારે પણ દશમા ઉલ્લાસના સર્જક તરીકે મમ્મટ અને અલ્લટને સંયુક્ત રીતે દર્શાવ્યા છે.*

*આ બે વિરોધાભાસી મતો પરથી એવું ચોક્કસ જણાય છે કે આ ટીકાકારો પાસે ખરેખર કોઈ નક્કર માહિતી આ અંગેની નથી. કારણ કે કર્તૃત્વ એકનું નથી એવું સાબિત કરવા માટે બંનેની શૈલીઓનો અભ્યાસ કરીને ઉદાહરણો આપવાં પડે. માટે એ સિદ્ધ થાય છે કે, કાવ્યપ્રકાશના દ્વિકર્તૃત્વ સહકર્તૃત્વનો પ્રશ્ન વ્યર્થ છે, તર્કની એરણ પર તે સાચો ઠરતો નથી. વસ્તુતઃ 'કાવ્યપ્રકાશ'ના કારિકાભાગઅને વૃત્તિભાગ બંનેના રચયિતા એક જ આચાર્ય મમ્મટ છે.*

*કાવ્યપ્રકાશને અંતે મમ્મટ લખે છે –*

***"इत्येष मार्गो विदुषां विभिन्नोऽप्यभिन्नरूपः प्रतिभासते यत् ।"***

*અર્થાત્ 'આ વિદ્વાનોનો માર્ગ જુદો છે, છતાં જે જુદાં રૂપવાળો નથી એવું પ્રતીત થાય છે, આ પંક્તિને કારણે જ પરવર્તી ટીકાકારોમાં કાવ્યપ્રકાશના દ્વિકર્તૃત્વનો પ્રશ્ન ઉત્પન્ન થયો છે.*

**2.2.5 'કાવ્યપ્રકાશ' : વિષયવસ્તુ**

*'કાવ્યપ્રકાશ' એ મધ્યમપદલોપી સમાસ છે. જેનો અર્થ થાય છે કાવ્યરૂપી ચંદ્રનો પ્રકાશ. આ અર્થની પુષ્ટિ કરવામાં આવતી હોય તેમ 'કાવ્યપ્રકાશ'ના પ્રત્યેક પ્રકરણને 'ઉલ્લાસ' એવું નામ આપવામાં આવ્યું છે. જેમ ચંદ્રના પ્રકાશથી ઉલ્લાસની ઉપલબ્ધિ થાય તેમ કાવ્યરૂપી ચંદ્રના પ્રકાશથી વાચકને પણ એક પછી એક ઉલ્લાસ અહીં ઉપલબ્ધ થાય છે. એમ ડૉ. ગૌતમ પટેલ શીર્ષકને સમજાવે છે.*

*દરેક ઉલ્લાસ વિવિધ વિષયોની છણાવટ કરે છે. પ્રત્યેક ઉલ્લાસમાં કારિકા, વૃત્તિ અને ઉદાહરણો આપીને કાવ્યવિષયક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે. દરેક ઉલ્લાસ પણ કદમાં સમાન નથી. પ્રથમ ઉલ્લાસમાં પાંચ કારિકા અને પાંચ ઉદાહરણ છે, તો છઠ્ઠા ઉલ્લાસમાં માત્ર એક જ કારિકા અને બે જ ઉદાહરણ છે, તો વળી, દસમા ઉલ્લાસમાં ૫૫ કારિકા અને 211 ઉદાહરણો છે. ઉલ્લાસ મુજબ કાવ્યપ્રકાશનાં વિષયવસ્તુનું પૃથક્કરણ :*

1) **પ્રથમ ઉલ્લાસ :** *કાવ્યસર્જનની વિશેષતાઓ, કાવ્યનાં પ્રયોજનો, કાવ્યના હેતુઓ, કાવ્યનું લક્ષણ, કાવ્યના પ્રકારો*
2) **દ્વિતીય ઉલ્લાસ :** *ત્રિવિધ શબ્દશક્તિઓ, તાત્પર્યાર્થ, સંકેત, શાબ્દીવ્યંજનાનું નિરૂપણ*
3) **તૃતીય ઉલ્લાસ :** *આર્થી વ્યંજનાનું નિરૂપણ*
4) **ચતુર્થ ઉલ્લાસ :** *ધ્વનિના દ્વિવિધ પ્રકાર, પેટા પ્રકાર, રસ સ્વરૂપ, રસવિષયક વિભિન્ન વાદો, આઠ સ્થાયી ભાવો, અન્ય ભાવોનું નિરૂપણ*
5) **પંચમ ઉલ્લાસ :** *મધ્યમ કાવ્ય અને તેના આઠ પ્રકારો*
6) **ષષ્ઠ ઉલ્લાસ :** *અધમ કાવ્ય અને તેના બે પ્રકારો*
7) **સપ્તમ ઉલ્લાસ :** *શબ્દ, વાક્ય, અર્થ, ગુણ તથા રસના દોષો*
8) **અષ્ટમ ઉલ્લાસ :** *ગુણ અને અલંકાર; ગુણના પ્રકારો*

**9) નવમ ઉલ્લાસ :** *ત્રિવિધ રીતિનિરૂપણ અને છ શબ્દાલંકારો*

**10) દશમ ઉલ્લાસ :** 62 *અર્થાલંકારોનું નિરૂપણ*

*આચાર્ય મમ્મટે નાટક સિવાયના અન્ય વિષયોની ચર્ચા સમગ્ર ગ્રંથમાં કરી છે. તેથી જણાય છે કે, મમ્મટે કાવ્યવ્યાખ્યાને જ કેન્દ્રમાં રાખીને વિભિન્ન અંગોનો વિસ્તાર કર્યો છે.*

## 2.3 તમારી પ્રગતિ ચકાસો :

**1. ટૂંકનોંધ લખો.**

1. *આચાર્ય મમ્મટનું જીવન અને સમય (ટૂંકનોંધ)*

2. *આચાર્ય મમ્મટની વિદ્વત્તા/મમ્મટનું પાંડિત્ય (ટૂંકનોંધ)*

3. *કાવ્યપ્રકાશના દ્વિકર્તૃત્વ અંગેનો પ્રશ્ન ચર્ચો.*

4. *'કાવ્યપ્રકાશ'નું વિષયવસ્તુ (ટૂંકનોંધ)*

**2. બહુવૈકલ્પિક પ્રશ્નો/ખાલી જગ્યા**

1. *આચાર્ય મમ્મટને 'વાગ્દેવતાના અવતાર'ની ઉપાધિ કોણે આપી છે ?*
   (A) *સૂર્યસેન* (B) *ચન્દ્રસેન* (C) *ભીમસેન* (D) *જૈયટ*
2. *'કાવ્યપ્રકાશ' ઉપર ભીમસેને કઈ ટીકા લખી છે ?*
   (A) *સુધાસાગર* (B) *સુધાસિન્ધુ* (C) *સુધાકર* (D) *સુધાર્ણવ*
3. *ભીમસેન મુજબ આચાર્ય મમ્મટના પિતાનું નામ* _________ *છે.*

(A) કૈયટ (B) જૈયટ (C) ઉવટ (D) અલ્લટ

4. ભીમસેને કરેલાં ઉલ્લેખ મુજબ 'કાવ્યપ્રકાશ'ની રચના મમ્મટે કયા નગરમાં કરેલી ?

(A) વારાણસી (B) અવન્તિ (C) મગધ (D) વડનગર

5. કાશ્મીરી દંતકથા મુજબ શ્રીહર્ષ અને મમ્મટ વચ્ચે કયો સંબંધ હતો ?

(A) પિતા-પુત્ર (B) મામા-ભાણેજ (C) કાકા-ભત્રીજા (D) ભાઈ-ભાઈ

6. ભીમસેનની ટીકા પ્રમાણે કૈયટ અને ઉવટ કોના ભાઈઓ છે ?

(A) અલ્લટ (B) અલ્લક (C) મમ્મટ (D) લોલ્લટ

7. આચાર્ય મમ્મટનો સમય કઈ સદીના ઉત્તરાર્ધનો મનાય છે ?

(A) દસમી (B) અગિયારમી (C) બારમી (D) નવમી

8. 'કાવ્યપ્રકાશ' ગ્રંથ કુલ કેટલા ઉલ્લાસોમાં વિભાજિત છે ?

(A) દસ (B) બાર (C) ચૌદ (D) નવ

9. 'કાવ્યપ્રકાશ' ગ્રંથ ઉપર આશરે કેટલી ટીકાઓ લખાઈ છે ?

(A) 65 (B) 75 (C) 85 (D) 55

10. 'કાવ્યપ્રકાશ'માં કુલ _______ કારિકાઓ છે.

(A) 132 (B) 152 (C) 142 (D) 172

11. 'કાવ્યપ્રકાશ'ના દ્વિકર્તૃત્વમાં મમ્મટ સાથે કોના કોના નામનું અનુમાન કરાય છે ?

(A) વ્યાસ-ભાસ (B) ભાસ-કાલિદાસ

(C) અલ્લટ-લોલ્લટ(D) ભરત-અલ્લટ

12. 'કાવ્યપ્રકાશ'ની કારિકાઓના રચયિતા કોને માનવા વિદ્વાનો પ્રેરાયા છે ?

(A) ભરત (B) મમ્મટ (C) અલ્લટ (D) ભીમસેન

13. 'કાવ્યપ્રકાશ'ની વૃત્તિના રચયિતા કોને માનવા વિદ્વાનો પ્રેરાયા છે ?

(A) અલ્લટ (B) જૈયટ (C) મમ્મટ (D) રુય્યક

**એકમ : 3** **આચાર્ય ધનંજય અને દશરૂપક**

**:: રૂપરેખા ::**

**1.0 ઉદ્દેશ**
**1.1 પ્રસ્તાવના**
**1.1.1એકમનું મુખ્ય વિષયવસ્તુ**
**1.1.1.1 સંસ્કૃત નાટ્યશાસ્ત્રીય પરંપરા**
**1.1.1.2 સંસ્કૃત કાવ્યશાસ્ત્રીય ગ્રન્થોમાં નાટ્યશાસ્ત્રનું નિરૂપણ**
**1.2 આચાર્ય ધનંજય અને દશરૂપક**
**1.2.1 આચાર્ય ધનંજયનું જીવન અને કવન**
**1.2.2 આચાર્ય ધનંજયનો સમય**
**1.2.3 દશરૂપકનું સંક્ષિપ્ત વિષયવસ્તુ**
**1.3 તમારી પ્રગતિ ચકાસો.**

## 1.0 ઉદ્દેશ :

- સંસ્કૃત નાટ્યશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસની પરંપરાથી પરિચિત થશો.
- સંસ્કૃત નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના સમ્બન્ધને સમજશો.
- આચાર્ય ધનંજયના જીવન, કવન અને સમય અંગેની માહિતીથી પરિચિત બનશો.
- સંસ્કૃતના કાવ્યશાસ્ત્રમાં આચાર્ય ધનંજયના સ્થાન અને તેના પ્રદાનને સમજી શકશો.
- દશરૂપકનો સંક્ષિપ્ત પરિચય મેળવી શકશો.

## 1.1 પ્રસ્તાવના :

પ્રસ્તુત એકમમાં કાવ્યશાસ્ત્રના મહત્ત્વપૂર્ણ ગ્રન્થ દશરૂપક અને તેના રચયિતા આચાર્ય ધનંજયનો પરિચય અપેક્ષિત છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્રીય પરંપરામાં ધનંજયાચાર્યના આ ગ્રન્થનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. દશરૂપકના પરિચય પૂર્વે નાટ્યશાસ્ત્રીય પરંપરાનો પરિચય આવશ્યક બની રહે છે. તેથી આ એકમમાં પ્રારંભે નાટ્યશાસ્ત્ર અને તેની પરંપરાનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો છે.

સંસ્કૃત નાટ્યશાસ્ત્રની પરંપરામાં ઉપલબ્ધ પ્રાચીનતમ ગ્રન્થ ભરતમુનિનું 'નાટ્યશાસ્ત્ર' છે. નાટ્યશાસ્ત્રને 'નાટ્યવિદ્યાનો વિશ્વકોશ' કહેવામાં આવે છે. ભરતમુનિના પૂર્વકાળમાં પણ નાટ્યવિદ્યાની સમૃદ્ધ પરમ્પરા હતી, જેનો પરિચય નાટ્યશાસ્ત્રમાં મળતા ઉલ્લેખોથી પ્રાપ્ત થાય છે. ભરતમુનિ દ્વારા પ્રસ્થાપિત આ પરંપરા સતત વિકાસ પામતી રહી છે. તેમાં ધનંજય, અભિનવગુપ્ત, સાગરનન્દી, રામચન્દ્ર-ગુણચન્દ્ર, રુય્યક, શારદાતનય, શિંગભૂપાલ, જીવગોસ્વામી વગેરે અનેક આચાર્યોએ પોતાના ગ્રન્થો દ્વારા સતત કંઈક નવું પ્રદાન કર્યું છે. સંસ્કૃત સાહિત્યમાં નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના ગ્રન્થોને ભિન્ન ભિન્ન રીતે આપવાની પરંપરા જોવા મળતી હોવા છતાં નાટ્ય એ કાવ્યનો જ એક પ્રકાર હોઈ કેટલાક

આચાર્યોએ નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રનું એકીસાથે નિરૂપણ કર્યું છે. ભોજના શૃંગારપ્રકાશ અને સરસ્વતીકંઠાભરણમાં કાવ્યશાસ્ત્રની સાથે જ નાટ્યશાસ્ત્રને સમાવવાનો પ્રયત્ન થયો છે. હેમચન્દ્રાચાર્યનું કાવ્યાનુશાસન અને વિશ્વનાથનું સાહિત્યદર્પણ કાવ્યશાસ્ત્રીય ગ્રન્થ હોવા છતાં તેમાં નાટ્યની વિચારણા પણ પ્રાપ્ત થાય છે. નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રની આ પરંપરાના પરિચય બાદ આચાર્ય ધનંજય અને તેમના ગ્રન્થ દશરૂપકનો પરિચય આપવામાં આવ્યો છે.

## 1.1.1 એકમનું મુખ્ય વિષયવસ્તુ

### 1.1.1.1 નાટ્યશાસ્ત્રીય પરંપરા

**(1) ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર**

ભારતવર્ષમાં પ્રાચીન કાળથી જ સંગીત, નૃત્ય, સાહિત્ય, ચિત્ર જેવી અનેક કલાઓનો વિકાસ થયો છે. વાત્સ્યાયનના કામસૂત્રમાં ચોસઠ કલાઓમાં નાટ્યને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મનોરંજનના એક મહત્ત્વના સાધન તરીકે નાટ્યની ખૂબ જ પ્રતિષ્ઠા હતી. નાટ્યવિદ્યાના પ્રાચીન ગ્રન્થ તરીકે આજે ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર ઉપલબ્ધ થાય છે, પરન્તુ નાટ્યશાસ્ત્રની પૂર્વે પણ આ વિદ્યાના અનેક ગ્રન્થો વિદ્યમાન હશે એવું અનુમાન કરવનામાં આવે છે, કારણ કે ભરતમુનિએ પોતાના પૂર્વવર્તી આચાર્યોના મતોને ઘણીવાર ઉદ્ધૃત કર્યા છે. નાટ્યશાસ્ત્રને એક કરતાં વધારે કર્તાની કૃતિ સ્વીકારવામાં આવે તો પણ એ નિર્વિવાદ હકીકત છે કે નાટ્યશાસ્ત્રમાં નાટ્યને લગતી વિચારણાની ચરમ અવસ્થા પ્રાપ્ત થાય છે.

ભરતમુનિનો સમય નિશ્ચિત કરવો ખૂબ જ કપરું કાર્ય છે. આમ છતાં વિવિધ વિદ્વાનોએ નાટ્યશાસ્ત્રનું આમૂલ અધ્યયન કરીને કેટલાક નિષ્કર્ષો તારવી આપ્યા છે. તે મુજબ તેમનો સમય લગભગ ઈ.સ. પૂર્વે બીજી સદીનો મનાય છે. જો કે ઘણા વિદ્વાનો ભરતમુનિને આનાથી પણ વધુ પ્રાચીનકાળમાં થયેલા સ્વીકારીને તેમને ઈ.સ. પૂર્વે આઠમી સદીમાં મૂકે છે. આ મતને સ્વીકારીએ તો નાટ્યશાસ્ત્રનો રચનાકાળ આજથી લગભગ ત્રણ હજાર વર્ષ પહેલાંનો માની શકાય એમ છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રને ‘નાટ્યવેદ’ કહી તેનો પંચમવેદ તરીકે સ્વીકાર કર્યો છે.

નાટ્યવેદના ભૂતલ ઉપરના અવતરણની કથા નાટ્યશાસ્ત્રમાં મળે છે. તે મુજબ વૈવસ્વત મન્વન્તરના ત્રેતાયુગમાં લોકોમાં રજોગુણની વૃદ્ધિ થવા લાગી હતી. લોકો કામ અને ક્રોધને વશ થઈને ગ્રામ્યધર્મમાં પ્રવૃત્ત થવા લાગ્યા અને પરિણામે દુઃખોથી અભિભૂત થયા હતા. ત્યારે દેવ, દાનવ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ વગેરેની સાથે ઈન્દ્રાદિ દેવતાઓ બ્રહ્મા પાસે ગયા અને એક ક્રીડનક (રમકડા)ની માગણી કરી, જે દૃશ્ય પણ હોય અને શ્રાવ્ય પણ હોય. એ પછી બ્રહ્માએ ઋગ્વેદમાંથી પાઠ્યાંશ, સામવેદમાંથી ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ લઈને નાટ્યવેદની રચના કરી. મહાકવિ કાલિદાસે આ નાટ્યને ભિન્ન ભિન્ન રુચિવાળા મનુષ્યોનું અનેક પ્રકારે સમારાધન કરાવનાર ગણાવીને તેની મહત્તા દર્શાવી છે.

સામ્પ્રતકાલે ભરતમુનિના નાટ્યશાસ્ત્રની મુદ્રિત આવૃત્તિઓમાં બે પ્રકારની વાચના પ્રાપ્ત થાય છે, જેમાંની એક વાચનામાં ૩૬ અધ્યાય છે અને બીજી વાચનામાં ૩૭ અધ્યાય છે. નાટ્યશાસ્ત્ર પર ઘણા વિદ્વાનોએ ટીકાઓ લખી હતી પણ હાલમાં એક માત્ર ટીકા ‘અભિનવભારતી’ જ પ્રાપ્ત થાય છે, જેની રચના આચાર્ય અભિનવગુપ્તે કરી છે. આચાર્ય અભિનવગુપ્તે પોતાની આ ટીકામાં પોતાના પૂર્વવર્તી ટીકાકારો ઉદ્ભટ, લોલ્લટ, શંકુક વગેરેનો ઉલ્લેખ કર્યો છે પણ તેમની ટીકાઓ આજે અપ્રાપ્ય છે. ભરત ઉપરાંત સદાશિવ ભરત, બ્રહ્મભરત, વૃદ્ધભરત, આદિભરત, આંજનેય ભરત વગેરે આચાર્યોનું પણ નાટ્યશાસ્ત્રના

ક્ષેત્રમાં પ્રદાન રહ્યું હશે એમ જણાય છે. ભરતના શિષ્યો દત્તિલ, કોહલ વગેરેના મતો પણ પરવર્તી નાટ્યવિદ્યાના આચાર્યોએ ટાંક્યા છે. સ્વાતિ નામના એક અન્ય આચાર્યને પણ ભરતના શિષ્ય માનવામાં આવે છે. નાટ્યશાસ્ત્ર ઉપર 'હર્ષવાર્તિક'ની રચનાનો નિર્દેશ પણ મળે છે.

### (2) સાગરનન્દીરચિત નાટકલક્ષણરત્નકોશ

નાટ્યશાસ્ત્રની આ પરંપરામાં આગળ વધતાં (આચાર્ય ધનંજયના દશરૂપકની રચના બાદ લગભગ 100 વર્ષ પછી) સાગરનન્દીનો નાટકલક્ષણરત્નકોશ નામનો ગ્રન્થ આવે છે. તેમનું મૂળ નામ સાગર હતું, પરંતુ નન્દિવંશના હોવાના કારણે તેઓ સાગરનન્દી તરીકે જાણીતા થયા છે. તેમણે પોતાના ગ્રન્થના અંતિમ શ્લોકમાં હર્ષવિક્રમ, માતૃગુપ્ત, ગર્ગ, અશ્મકુટ્ટ, નખકુટ્ટ, બાદરિ અને ભરતનો ઉલ્લેખ કર્યો છે. આ રીતે સાગરનન્દીએ ભરત સહિત કુલ સાત આચાર્યોના ગ્રન્થોમાંથી પ્રેરણા લઈને પોતાના ગ્રન્થની રચના કરી છે. આચાર્ય ધનંજયના દશરૂપક પછી આ ગ્રન્થ પણ કારિકાના રૂપમાં જ લખાયો છે.

### (3) રામચન્દ્ર અને ગુણચન્દ્રનું નાટ્યદર્પણ

હેમચન્દ્રાચાર્યના બે શિષ્યો રામચન્દ્ર અને ગુણચન્દ્રે સાથે મળીને નાટ્યદર્પણ નામનો ગ્રન્થ લખ્યો છે. આ ગ્રન્થનાં ચાર પ્રકરણોને 'વિવેક' એવું નામ આપવામાં આવ્યું છે. અનેક અનુપલબ્ધ નાટ્યકારો અને નાટ્યકૃતિઓના સંદર્ભો તેમાં ઉદાહરણરૂપે ટાંકવામાં આવ્યા છે. અહીં રૂપકના પ્રકારો, રસ, ભાવ, અભિનય અને રૂપક સમ્બન્ધી અન્ય તત્ત્વોનું વિવેચન છે. નાટ્યદર્પણ વ્યંજના વિરોધી નથી છતાં રસસ્વરૂપ અંગે અભિનવગુપ્તાચાર્યના મતનો અહીં સ્વીકાર કરવામાં આવ્યો નથી. રામચન્દ્ર અને ગુણચન્દ્ર રસને માત્ર સુખાત્મક નહિ પરંતુ દુઃખાત્મક પણ માને છે. રૂપકના બંધારણ અંગે પણ તેમણે મૌલિક વિચારો દર્શાવ્યા છે. નાટ્યદર્પણની રચના ઈ.સ.ની બારમી સદીમાં થઈ છે.

### (4) શિંગભૂપાલરચિત રસાર્ણવસુધાકર

શિંગભૂપાલ 14મી સદીમાં થઈ ગયા હતા. રસાર્ણવસુધાકરમાં રંજકોલ્લાસ, રસિકોલ્લાસ અને ભાવોલ્લાસ નામે ત્રણ ઉલ્લાસ છે. આ ગ્રન્થમાં નાટ્યશાસ્ત્ર અંગેની ચર્ચા કરવામાં આવી છે. તેની શૈલી સરળ છે. શિંગભૂપાલે 'નાટકપરિભાષા' નામના એક અન્ય ગ્રન્થની પણ રચના કરી છે.

### (5) રૂપગોસ્વામી રચિત નાટ્યચન્દ્રિકા

રૂપગોસ્વામી પ્રસિદ્ધ વૈષ્ણવાચાર્ય હતા. તેમનો સમય 15 સદીની આસપાસનો છે. ભરતમુનિ અને શિંગભૂપાલના ગ્રન્થોમાંથી પ્રેરણા લઈને તેમણે નાટકચન્દ્રિકાની રચના કરી છે. તેમાં મુખ્યત્વે નાટકવિચાર આવે છે. તેમણે આપેલાં ઉદાહરણો મુખ્યત્વે વૈષ્ણવ સંપ્રદાયના ગ્રન્થોમાંથી લીધાં છે.

## 1.1.2 કાવ્યશાસ્ત્રીય ગ્રન્થોમાં નાટ્યશાસ્ત્રનું નિરૂપણ

સંસ્કૃત સાહિત્યમાં નાટ્યશાસ્ત્રની જેમ કાવ્યશાસ્ત્રની પણ સુદીર્ઘ પરંપરા છે. કેટલાક આચાર્યોએ પોતાના કાવ્યશાસ્ત્રીય ગ્રન્થોમાં નાટ્યશાસ્ત્રીય વિષયોનો સમાવેશ કરી લીધો છે. આ પ્રકારના કેટલાક ગ્રન્થો નીચે પ્રમાણે છે.

**(1) ભોજનું શૃંગારપ્રકાશ**

મહારાજા ભોજરચિત શૃંગારપ્રકાશ ગ્રન્થમાં મુખ્યત્વે તો કાવ્યશાસ્ત્રના વિષયોનું નિરૂપણ થયેલું છે. આ ગ્રન્થમાં કુલ ૩૬ પ્રકાશ છે. તેમાં બારમા પ્રકાશમાં નાટ્યવિચાર પ્રાપ્ત થાય છે. મહારાજા ભોજ માળવાના વિદ્યાપ્રેમી રાજા હતા. તેમણે એક અન્ય ગ્રન્થ 'સરસ્વતીકંઠાભરણ'ની પણ રચના કરી છે. આ ગ્રન્થના પાંચમા પરિચ્છેદમાં નાટક સમ્બન્ધી વિષયોની ચર્ચા કરવામાં આવી છે.

**(2) હેમચન્દ્રાચાર્યરચિત કાવ્યાનુશાસન**

હેમચન્દ્રાચાર્ય ગુજરાતમાં થઈ ગયા છે. તેઓ મહારાજા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના સમકાલીન હતા. તેમનો જીવનકાળ ઈ.સ. 1088 થી 1172 સુધીનો છે. તેમણે કાવ્યાનુશાસન નામના મૂળ ગ્રન્થ અને તેના પરની વિવેક ટીકાની રચના કરી છે. આ ગ્રન્થ કાવ્યશાસ્ત્રના ગ્રન્થોમાં ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યો છે. આઠ અધ્યાયના આ ગ્રન્થના અંતિમ આઠમા અધ્યાયમાં રૂપક અને ઉપરૂપકની ચર્ચા કરવામાં આવી છે.

**(3) વિશ્વનાથરચિત સાહિત્યદર્પણ**

કવિરાજ પદથી પ્રખ્યાત આચાર્ય વિશ્વનાથના સાહિત્યદર્પણ નામના ગ્રન્થનું સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આચાર્ય વિશ્વનાથ ઈ.સ.ની ૧૪મી સદીમાં થઈ ગયેલા છે. તેમના આ કાવ્યશાસ્ત્રીય ગ્રન્થમાં રૂપકનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાહિત્યદર્પણના દશ પરિચ્છેદો પૈકી છઠ્ઠા પરિચ્છેદમાં રૂપકવિચારણા મળે છે.

આમ, છેક ઈ.સ. પૂર્વે ભરતમુનિના નાટ્યશાસ્ત્રથી શરૂ થયેલી નાટ્યશાસ્ત્રીય આ પરંપરા સતત વિકસતી રહી છે. પ્રારંભકાળે નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્ર એમ બન્ને શાસ્ત્રો એકબીજાથી અલગ રહ્યાં પણ પછી નાટ્યશાસ્ત્રને કાવ્યશાસ્ત્રમાં સમાવી લેવાનો પ્રયત્ન ભોજ, હેમચન્દ્રાચાર્ય અને વિશ્વનાથ જેવા આચાર્યોએ કર્યો છે.

રૂપકના વિવિધ પ્રકારોની વિચારણા અને રસનિષ્પત્તિની પ્રક્રિયાનું માનસશાસ્ત્રીય અધ્યયન એ નાટ્યવિદ્યાનું અનન્ય પ્રદાન છે. જુદા જુદા સમયે થયેલા આચાર્યોએ નવા નવા વિચારો પ્રદર્શિત કર્યા છે. તો પણ નાટ્યલક્ષણ વિચારણામાં તેઓ મહદંશે ભરતમુનિના ઋણી રહ્યા છે. નાટ્યશાસ્ત્રીય વિચારણાને વળગી રહીને કેટલાક નાટ્યસર્જકોએ સ્વરૂપગત વિશેષતાઓને જાળવવા વધુ પડતો ભાર મૂકવાથી તેમની નાટ્યકૃતિઓ ક્યાંક સાચું નાટ્યતત્ત્વ ગુમાવી બેઠી છે એવું પણ ક્યારેક જોઈ શકાય છે. નાટ્યશાસ્ત્રીય વિષયોમાં થયેલી ગંભીર વિચારણાએ આ એક મર્યાદા ઊભી કરે છે તે સ્વીકારવું રહ્યું. આમ છતાં ભરતમુનિથી પ્રારંભ થયેલી આ વિચારણાએ નાટ્યના ક્ષેત્રમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે અને અહીં દૃશ્યકાવ્યના સર્જન અને પ્રયોગની અક્ષુણ્ણ પરંપરા વિકસી છે જે અદ્યાવધિ જીવંત રહી છે.

## 1.2 આચાર્ય ધનંજય અને તેમનું દશરૂપક :

### 1.2.1 ધનંજયનું જીવન અને કવન

આચાર્ય ધનંજયના જીવન અંગે વિશેષ પ્રમાણભૂત કહી શકાય એવી બહુ માહિતી પ્રાપ્ત થતી નથી. આમ છતાં કવિએ પોતે જ દશરૂપકના અંતિમ ભાગે પોતાનો સ્વલ્પ પરિચય આપ્યો હોઈ તેમના અંગેની જે કંઈ જાણકારી મળે છે તે અત્યન્ત વિશ્વસનીય કહી શકાય તેવી છે.

ધનંજય નોંધે છે કે તેમના પિતાનું નામ વિષ્ણુ હતું. માળવાના રાજા મુંજના દરબારમાં તેમને આશ્રય પ્રાપ્ત થયો હતો. મુંજ રાજા વિદ્વાન કવિઓનો સંરક્ષક અને આશ્રયદાતા હતો. ધનંજયને સભામાં વિદગ્ધ પંડિત તરીકેની કીર્તિ પ્રાપ્ત થઈ હતી. વિદ્વાનોના મનને પ્રસન્ન કરવા તેમણે દશરૂપકની રચના કરી હતી. દશરૂપકની અંતિમ કારિકામાં ધનંજય પોતાના વિશે આ પ્રમાણે પરિચય આપે છે.

**विष्णोः सुतेनापि धनञ्जयेन विद्वन्मनोरागनिबन्धहेतुः ।**

**आविष्कृतं मुञ्जमहीशगोष्ठीवैदग्ध्यभाजा दशरूपमेतत् ।। ४.८६ ।।**

આચાર્ય ધનંજયે કારિકાઓના સ્વરૂપમાં દશરૂપકની રચના કરી છે અર્થાત્ દશરૂપક શ્લોકબદ્ધ ગ્રન્થરચના છે. આ દશરૂપકની કારિકાઓ ઉપર 'અવલોક' નામની ટીકા પ્રાપ્ત થાય છે. ધનંજયની કારિકાઓનો અર્થ સમજવામાં જ્યાં સંદેહ ઉત્પન્ન થાય છે ત્યાં આ અવલોક વૃત્તિ ખૂબ જ મદદરૂપ બની રહે છે. અવલોક ટીકાના રચયિતા ધનિક છે. ધનિકને ધનંજયના નાના ભાઈ માનવામાં આવે છે. દશરૂપકની અવલોક ટીકાની પુષ્પિકામાં તેઓ પોતાને વિષ્ણુના પુત્ર ગણાવે છે. **इति विष्णुसूनोर्धनिकस्य कृतौ दशरूपावलोके प्रथमः प्रकाशः समाप्तः ।** દશરૂપકના ચારેય પ્રકાશની પુષ્પિકામાં તેમણે આ રીતે પોતાને વિષ્ણુના પુત્ર કહ્યા છે. આથી ધનંજય અને ધનિક બન્ને ભાઈઓ હોય એમ સિદ્ધ થાય છે. તો કેટલાક વિદ્વાનો એવો મત પણ ધરાવે છે કે ધનંજય અને ધનિક બન્ને એક જ વ્યક્તિ છે. જર્મન વિદ્વાન યાકોબી આ બન્નેને એક જ માને છે. ધનિકે પોતાની અવલોક ટીકામાં અલગ મંગલાચરણ કર્યું નથી એટલે કારિકાકાર અને ટીકાકાર બન્ને એક જ છે વિદ્વાનોએ અનુમાન કર્યું છે. વળી, પરવર્તી ગ્રન્થોમાં ક્યારેક ધનિકનો કારિકાકાર તરીકે પણ ઉલ્લેખ જોવા મળે છે. આમ છતાં આ બન્નેને એક માનવા અંગે કોઈ વિશ્વસનીય પ્રમાણ નથી. દશરૂપકમાં બન્ને નામો સ્પષ્ટ રીતે ભિન્ન જ છે. વૃત્તિકારે પોતાનું અલગ મંગલાચરણ કરવું જ જોઈએ એવું અનિવાર્ય નથી. ક્યાંક કોઈ ભૂલથી ધનિકને કારિકાકાર તરીકે દર્શાવતો ઉલ્લેખ મળતો હોય તો તેને નિર્ણાયક ગણી શકાય નહિ. ધનંજયની કારિકાઓમાં જ્યાં સંદેહ જણાય છે ત્યાં વૃત્તિકાર ધનિકે તેનું સ્પષ્ટીકરણ કરી આપ્યું છે. બન્નેની શૈલીમાં પણ નોંધપાત્ર તફાવત જોવા મળે છે. ધનિક નાટ્યાચાર્ય ઉપરાંત કવિ પણ હતા. તેમણે સ્વરચિત કૃતિઓમાંથી  કેટલાંક ઉદાહરણો ઉદ્ધૃત કર્યાં છે. ધનિક દ્વારા લખાયેલ 'કાવ્યનિર્ણય' નામનો ગ્રન્થ આજે અપ્રાપ્ય છે. હોલ નામના વિદ્વાને એવો મત વ્યક્ત કર્યો છે કે ધનિક ઉત્પલ રાજાના દરબારમાં ઘણો મોટો અધિકારી હતો.

ધનંજયે ભરતમુનિના નાટ્યશાસ્ત્રને આધારે પોતાનો દશરૂપ કે દશરૂપક નામનો ગ્રન્થ લખ્યો છે. આ ગ્રન્થની કારિકા 1.2 અને 4.86 માં તેણે દશરૂપ શબ્દનો પ્રયોગ કર્યો છે. પરંતુ તેમનો આ ગ્રન્થ દશરૂપ કરતાં દશરૂપક નામે વિશેષ પ્રસિદ્ધ બન્યો છે. નાટ્ય માટે નાટ્યશાસ્ત્રમાં રૂપક શબ્દ પ્રચલિત હોઈ દશરૂપ કરતાં દશરૂપક નામ વિશેષ સ્વીકાર્ય બન્યું છે. ધનિકની ટીકામાં પણ તેણે 'દશરૂપાવલોક' શબ્દનો પ્રયોગ કર્યો છે તે નોંધવું રહ્યું.

ભરતમુનિના નાટ્યશાસ્ત્ર પથી નાટ્યવિદ્યા પરના સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રન્થ તરીકે ધનંજયના દશરૂપકની ગણના થાય છે. આ ગ્રન્થમાં લગભગ 300 કારિકાઓ છે અને તેનું વિભાજન ચાર પ્રકાશમાં કરવામાં આવ્યું છે. પ્રથમ પ્રકાશમાં ગ્રન્થ રચનાનું પ્રયોજન દર્શાવીને નાટ્ય, રૂપ, રૂપક, નૃત્ય, નૃત્ત જેવા પારિભાષિક શબ્દોની ચર્ચા કરવામાં આવી છે. ત્યારબાદ રૂપકોના દશ પ્રકારો દર્શાવીને નાટ્યની અર્થપ્રકૃતિ, અવસ્થા, સંધિ, સંધ્યંગો અને અર્થોપક્ષેપકોની ચર્ચા કરવામાં આવી છે. બીજા પ્રકાશમાં નાયક અને નાયિકાના ભેદો આપવામાં આવ્યા છે અને સાત્ત્વતી, આરભટી, કૈશિકી વગેરે વૃત્તિઓની વિગતે ચર્ચા કરવામાં

આવી છે. ત્રીજા પ્રકાશમાં રૂપકના દશેય પ્રકારોની સવિસ્તર ચર્ચા છે. ચોથા પ્રકાશમાં રસનિરૂપણ છે. તેમાં રસના સ્થાયી અને વ્યભિચારી ભાવો, રસનિષ્પત્તિ, રસાસ્વાદના પ્રકાર, નાટ્યમાં શાન્તરસની અનુપયોગિતા વગેરે રસવિષયક બધી જ બાબતોનું અહીં સૂક્ષ્મ નિરૂપણ થયું છે.

દશરૂપક ઉપર ધનિકની 'અવલોક' નામની ટીકાની વાત ઉપર નોંધી છે. આ ઉપરાંત નૃસિંહભટ્ટ, દેવપાણિ, કુરવિરામ અને બહૂરૂપ મિશ્ર નામના આચાર્યોએ પણ ટીકાઓની રચના કરી છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં નાટ્યવિદ્યાને લગતી તમામ વિગતોનું સર્વગ્રાહી નિરૂપણ થયું છે. નાટ્યશાસ્ત્રમાં પ્રાપ્ત વિગતો અત્યન્ત વ્યાપક પ્રકારે હોઈ સામાન્ય મતિના વાચકની તેમાં ગતિ થવી મુશ્કેલ બની જાય છે. આથી આચાર્ય ધનંજયે સામાન્ય મતિના વાચકો માટે નાટ્યશાસ્ત્રીય વિષયોને અત્યન્ત સંક્ષેપમાં રજૂ કરીને નાટ્યવિદ્યામાં તેમનો પ્રવેશ સુલભ બની રહે તે પ્રકારે આ ગ્રન્થની રચના કરી છે. દશરૂપકની રચનાથી ધનંજયને લઘુભરતનું ગૌરવ પ્રાપ્ત થયું છે. કાળક્રમે ધનંજયને એટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ કે એના પરવર્તી નાટ્યશાસ્ત્રીઓએ ધનંજયને પ્રમાણ તરીકે સ્વીકારવાનું શરૂ કર્યું. પ્રતાપરુદ્રયશોભૂષણ, વિદ્યાધની એકાવલી, વિશ્વનાથરચિત સાહિત્યદર્પણ, શિંગભૂપાલરચિત રસાર્ણવસુધાકર, રામચન્દ્ર-ગુણચન્દ્ર રચિત નાટ્યદર્પણ વગેરે ગ્રન્થો ઉપર ધનંજયાચાર્યના દશરૂપકની સ્પષ્ટ અસર જોઈ શકાય છે.

### 1.2.2 આચાર્ય ધનંજયનો સમય

આચાર્ય ધનંજય માળવાના પરમારવંશી રાજા મુંજના દરબારમાં આશ્રય પામ્યા હતા એ નિશ્ચિત છે. રાજા મુંજ 'વાક્પતિરાજ દ્વિતીય' તરીકે ઓળખાતા હતા. મુંજનો રાજ્યકાળ ઈ.સ 974 થી 995 નો માનવામાં આવે છે. આથી ધનંજયનો સમય પણ ઈ.સ.ની દશમી સદીનો ઉત્તરાર્ધ માની શકાય છે. ધનંજયના સમય અંગેની સ્થિતિ લગભગ સંપૂર્ણપણે નિર્ણાયક છે તેમ કહી શકાય છે. તૈલપ રાજાએ ઈ.સ.995ની આસપાસ મુંજનો વધ કરાવ્યો હતો તેવી ઐતિહાસિક વિગતો સાંપડે છે.

દશરૂપક ઉપર ધનંજયના ભાઈ ધનિકે લખેલી ટીકા ઈ.સ. 1035 પછી રચાઈ હશે એવું અનુમાન કરી શકાય છે, કારણ કે મુંજના પરવર્તી રાજાઓ વિશે લખાયેલા પદ્મગુપ્તના નવસાહસાંકચરિતમાંથી આ ટીકામાં ઘણાં ઉદાહરણો લેવામાં આવ્યાં છે.

### 1.2.3 દશરૂપકનું સંક્ષિપ્ત વિષયવસ્તુ

દશરૂપકની રચના કારિકાઓમાં થયેલી છે. તેમાં 300 જેટલી કારિકાઓને ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે. આ વિભાગોને 'પ્રકાશ' નામ આપવામાં આવ્યું છે. દરેક પ્રકાશમાં નિરૂપત વિષયવસ્તુ નીચે પ્રમાણે જોવા મળે છે.

**પ્રકાશ – 1**

ભારતીય પરમ્પરાને અનુસરીને ગ્રન્થકારે પ્રથમ પ્રકાશમાં પોતાના ઈષ્ટદેવ અને આચાર્ય ભરતને નમસ્કાર કરીને અનુબન્ધ ચતુષ્ટયની ચર્ચા કરી છે. નાટ્યના પ્રયોજનની ચર્ચામાં તેમણે ઈતિહાસાદિના જ્ઞાનને પ્રયોજન માનનારા અલ્પબુદ્ધિના માણસોની આકરી મશ્કરી કરીને જણાવ્યું છે કે આનંદના ઝરા સમાન નાટકોનું પ્રયોજન રસનિષ્પત્તિથી જન્મતી આનન્દની અનુભૂતિ જ છે. ત્યારબાદ નાટ્યનું લક્ષણ આપીને નૃત્ત અને નૃત્યથી નાટ્યના તફાવતને સ્પષ્ટ કર્યો છે. રૂપકના દશ ભેદ દર્શાવ્યા છે. રૂપકના આ દેશ ભેદના મુખ્ય ત્રણ કારણો તરીકે વસ્તુ, નેતા અને રસનો દર્શાવ્યાં છે.

રૂપકનું કથાવસ્તુ રૂપકનો પ્રકાર નિશ્ચિત કરવામાં મહત્ત્વનું તત્ત્વ છે. વળી, કથાવસ્તુ વિના કોઈ પણ રૂપકનું અસ્તિત્વ જ શક્ય બની શકે નહિ. તેથી આરંભમાં ધનંજયે વસ્તુના પ્રકારોની ચર્ચા શરૂ કરી છે. વસ્તુના ફળને આધારે તેના બે પ્રકારો દર્શાવ્યા છે. (1) આધિકારિક અને (2) પ્રાસંગિક. મુખ્ય કથાનકને આધિકારિક અને ગૌણ કથાનકને પ્રાસંગિક કહે છે. પ્રાસંગિક કથાનકના પણ પતાકા અને પ્રકરી એમ બે ભેદ આપવામાં આવ્યા છે. નાયકને ફળપ્રાપ્તિ થાય ત્યાં સુધીમુખ્ય કથાનકની સાથે ચાલનારું કથાનક પતાકા કહેવાય છે. જ્યારે માત્ર થોડીક વાર સુધી જ ચાલનારું કથાનક પ્રકરી કહેવાય છે. કથાનકના પ્રકાર તરીકે પતાકાની ચર્ચા સાથે જ ધનંજયે પતાકાસ્થાનક નામની એક અન્ય નાટ્યશાસ્ત્રીય પરિભાષાને પણ સ્પષ્ટ કરી છે. કથાનકમાં સંવાદ દ્વારા કે સંવાદોના આકસ્મિક મેળાપ સ્વરૂપે આગામી ઘટનાનો નિર્દેશ કરવાની પ્રયુક્તિને પતાકાસ્થાનક કહે છે.

કથાનકના ઉપાદાનને આધારે પ્રખ્યાત, ઉત્પાદ્ય અને મિશ્ર એમ ત્રણ ભેદો આપ્યા છે. પાત્રોના ભેદને આધારે તે દિવ્ય, મર્ત્ય અને મર્ત્યામર્ત્ય એમ ત્રમ પ્રકારનું બને છે. નાટકના કથાવસ્તુનાં ત્રણ ફળ તરીકે ધર્મ, અર્થ અને કામનો નિર્દેશ કરવામાં આવ્યો છે. નાયકને આ ત્રણમાંથી એક અથવા ક્યારેક એકથી વધારે પુરુષાર્થની ફળપ્રાપ્તિ થાય છે.

નાટ્યમાં નાયકને ફળપ્રાપ્તિમાં સહાયક થનારાં તત્ત્વોને અર્થપ્રકૃતિ કહે છે. અર્થપ્રકૃતિના પાંચ પ્રકારો આ પ્રમાણે છે. (1) બીજ, (2) બિન્દુ, (3) પતાકા, (4) પ્રકરી અને (5) કાર્ય. નાટ્યની પાંચ અવસ્થાઓનું પણ આ પ્રકાશમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. ફળની પ્રાપ્તિના અનુસંધાનમાં જુદા જુદા તબક્કે નાયકના મનની જુદી જુદી અવસ્થાઓને કાર્યાવસ્થા કહે છે. આ પાંચ કાર્યાવસ્થાઓનાં નામ આ પ્રમાણે છે. (1) આરંભ, (2) યત્ન, (3) પ્રાપ્ત્યાશા, (4) નિયતાપ્તિ અને (૫) ફ્લાગમ.

પાંચ અર્થપ્રકૃતિઓ સાથે પાંચ અવસ્થાઓ જોડાય ત્યારે પાંચ સંધિઓ બને છે. ધનંજયે સંધિની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે કોઈ એક મુખ્ય પ્રયોજન સાથે સંકળાયેલા નાટ્યકથાના ભાગોનો પોતાના અવાન્તર પ્રયોજન સાથેનો જે સમ્બન્ધ તે સંધિ છે. સંધિની સંખ્યા પાંચ છે. (1) મુખ, (2) પ્રતિમુખ્ય, (3) ગર્ભ, (4) અવમર્શ અને (5) નિર્વહણ. આ પાંચ સંધિઓનાં વિવિધ અંગો છે. તેમને સંધ્યંગો કહે છે. મુખસંધિનાં 12, પ્રતિમુખ સંધિનાં 13, ગર્ભસંધિનાં 12, અવમર્શ સંધિનાં 13 અને નિર્વહણ સંધિનાં 14 અંગો મળીને કુલ ચોસઠ અંગો થાય છે. આ સંધ્યંગોનાં છ પ્રયોજનો દર્શાવ્યાં છે. (1) ઈષ્ટ અર્થની રચના, (2) ગોપ્ય અર્થને છુપાવવો, (3) પ્રકાશ્ય અર્થને પ્રકાશિત કરવો, (4) અભિનય પ્રત્યે રાગની વૃદ્ધિ કરવી, (5) ચમત્કાર અને (6) કથાવસ્તુનો વિસ્તાર કરવો.

પ્રથમ પ્રકાશના અંતિમ ભાગમાં કથાવસ્તુના સૂચ્ય અને દૃશ્યશ્રાવ્ય એમ બે પ્રકારો પાડવામાં આવ્યા છે. તેમાં સૂચ્ય અર્થને દર્શાવવા માટે પાંચ અર્થોપક્ષેપકોની પ્રયુક્તિ પ્રયોજવામાં આવે છે. વિષ્કમ્ભક, પ્રવેશક, ચૂલિકા, અંકાસ્ય અને અંકાવતાર એ પાંચ અર્થોપક્ષેપકો છે. આ ઉપરાંત પાત્રોના સંવાદની દૃષ્ટિએ પ્રકાશ, સ્વગત, અપવારિત અને જનાન્તિકનો અર્થ દર્શાવ્યો છે. આ ઉપરાંત નાટ્યપ્રયોગમાં વપરાતી આકાશભાષિત નામની યુક્તિનો સમાવેશ પણ આ પ્રકાશમાં કરવામાં આવ્યો છે.

**પ્રકાશ - 2**

રૂપકોના પ્રકારનો નિર્ણય કરવામાં વસ્તુ, નેતા અને રસ એમ ત્રણ ભેદક તત્ત્વો છે. પ્રથમ પ્રકાશમાં કથાવસ્તુ અને તેના ગ્રથનની ચર્ચા કર્યા બાદ દ્વિતીય પ્રકાશમાં નેતાની ચર્ચા કરવામાં આવી છે. નાટ્યના ફળનો અધિકારી હોય તેને નાયક કે નેતા કહે છે. નાયકના વિવિધ

ગુણો દર્શાવ્યા બાદ તેના ચાર પ્રકારો આપવામાં આવ્યા છે. જેમ કે, ધીર લલિત, ધીર શાન્ત, ધીરોદાત્ત અને ધીરોદ્ધત. નાયકના નાયિકા તરફના વ્યવહારને આધારે દક્ષિણ, શઠ, ધૃષ્ટ અને અનુકૂલ એમ અન્ય ચાર ભેદ પડે છે. આ ઉપરાંત નાયકના સહાયકોમાં પતાકાનાયક, વિટ અને વિદૂષક તથા શત્રુપક્ષે ખલનાયક કે પ્રતિનાયક હોય છે. નાયકના આઠ સાત્ત્વિક ગુણોની ગણનામાં શોભા, વિલાસ, માધુર્ય, ગાંભીર્ય, સ્થિરતા, તેજ, લલિત અને સૌન્દર્યનું વિગતે નિરૂપણ કરવામાં આવ્યું છે.

રૂપકોમાં નાયકની માફક નાયિકાનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન હોય છે. આચાર્ય ધનંજયે સૌ પ્રથમ નાયિકાના ત્રણ ભેદો ગણાવ્યા છે, જેમાં સ્વકીયા, પરકીયા અને સાધારણોનો સમાવેશ કર્યો છે. નાયિકાના નાયક સાથેના સમ્બન્ધને આધારે આ ત્રણ ભેદો ઉત્પન્ન થાય છે. નાયિકાનું બીજું વર્ગીકરણ કરતી વખતે તેના મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા એમ ત્રણ ભેદો આપ્યા છે. નાયિકાની દશા કે સ્થિતિને આધારે કરવામાં આવેલ ત્રીજા પ્રકારના વર્ગીકરણમાં કુલ આઠ પ્રકારો પાડવામાં આવ્યા છે, જેમ કે, (1) સ્વાધીનપતિકા, (2) વાસકસજ્જા, (3) વિરહોત્કંઠિતા, (4) ખંડિતા, (5) કલહાન્તરિતા, (6) વિપ્રલબ્ધા, (7) પ્રોષિતપ્રિયા અને (8) અભિસારિકા.

આ બધી નાયિકાઓનાં લક્ષણ સ્પષ્ટ કર્યા બાદ તેમની સહાયિકાઓમાં દૂતીઓ, દાસીઓ, નિમ્ન જાતિની સ્ત્રીઓ, સંન્યાસિનીઓ વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યૌવનાસ્થાને પ્રાપ્ત થયેલી નાયિકાના આભૂષણરૂપ વીશ ગુણો દર્શાવ્યા છે. તેમાં ત્રણ ગુણો શરીરજ, સાત ગુણો સત્ત્વજ અને દશ ગુણો સ્વભાવજ છે.

દ્વિતીય પ્રકાશના ઉત્તરાર્ધમાં વૃત્તિઓની ચર્ચા કરવામાં આવી છે. વૃત્તિઓને નાટ્યની માતાઓ કહે છે. આર્ચાય ધનંજયે નાયકની ચેષ્ટા મુજબ વૃત્તિઓના કૈશિકી, સાત્ત્વતી, આરભટી અને ભારતી એમ કુલ ચાર ભેદો વર્ણવ્યા છે. આ દરેક વૃત્તિનાં અંગોની પણ ચર્ચા કરવામાં આવી છે. વૃત્તિઓની ચર્ચા બાદ નાટ્યપ્રવૃતિઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કથાવસ્તુમાં દેશ અને કાળને અનુરૂપ પાત્રોની ભિન્ન ભિન્ન ભાષાઓ, ભિન્ન ભિન્ન વેશભૂષાઓ અને ભિન્ન ભિન્ન ક્રિયાઓને પ્રવૃત્તિઓ કહે છે. તેમાં કયાં પાત્રોએ સંસ્કૃતનો પ્રયોગ કરવો જોઈએ અને કયાં પાત્રોની ભાષા પ્રાકૃત હોવી જોઈએ, વિવિધ પ્રકારનાં પાત્રોને કેવું સંબોધન કરવું જોઈએ વગેરેની વિશદ ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકાશ - 3**

ભરતમુનિને અનુસરીને આચાર્ય ધનંજયે દશ પ્રકારનાં રૂપકોનો સ્વીકાર્ય કર્યો છે અને તેનાં લક્ષણોનું વર્ણન તૃતીય પ્રકાશમાં કરવામાં આવ્યું છે. તેનાં નાટક, પ્રકરણ, ભાણ, પ્રહસન, ડિમ, વ્યાયોગ, સમવકાર, વીથી, ઉત્સૃષ્ટિકાંક અને સમવકાર એમ દશ રૂપકોની ચર્ચા કરવામાં આવી છે. નાટક અને પ્રકરણનાં લક્ષણોની ચર્ચા બાદ ધનંજયાચાર્યે નાટિકાનાં લક્ષણો આપ્યાં છે. તેઓ નાટક અને પ્રકરણના સંમિશ્રણરૂપે નાટિકાને ગણે છે. ભરતમુનિએ દર્શાવેલ નાટીનો ધનંજયાચાર્યે નાટિકા તરીકે વિકાસ કર્યો છે.

**(1) નાટક**

ધનંજયાચાર્ય નાટકને બધા પ્રકારનાં રૂપકોની પ્રકૃતિ માને છે. તેમાં રસોનું પ્રાચુર્ય હોય છે. સૂત્રધારના પ્રવેશથી શરૂ થતાં નાટકની પ્રસ્તાવનાના કથોદ્ઘાત, પ્રવૃત્તક અને પ્રયોગાતિશય એમ ત્રણ પ્રકારો દર્શાવ્યા છે. અહીં ધનંજયે ૧૩ પ્રકારનાં વીથ્યંગોની પણ છણાવટ કરી છે. નાટકની કથાવસ્તુ, નાયક વગેરેની ચર્ચા કર્યા બાદ જણાવ્યુંછે કે તેમાં વીર અથવા શૃંગારને મુખ્ય રસ તરીકે અપનાવવો જોઈએ અને બાકીના રસો ગૌણ હોવા જોઈએ. તેમાં ઓછામાં

ઓછા પાંચ અને વધુમાં વધુ દશ અંકો આવે છે. પાંચ નાટ્યસંધિઓ પણ નાટકમાં આવવી જોઈએ.

**(2) પ્રકરણ**

પ્રકરણનો નાયક અમાત્ય, બ્રાહ્મણ કે વણિક હોય છે અને નાયિકા કુલજા કે વેશ્યા હોઈ શકે છે. પ્રકરણનું કથાવસ્તુ કવિકલ્પિત હોય છે.

નાયક અને પ્રકરણનાં લક્ષણોના મિશ્રણથી નાટિકા બને છે. તેનો નાયક ધીરલલિત અને સુંદર લક્ષણોવાળો હોય છે. તેમાં શૃંગારરસ પ્રધાન હો છે. તેમાં સ્ત્રીપાત્રોની પ્રધાનતા હોય છે અને ચાર અંકો હોય ચે. નાટિકામાં કૈશિકીવૃત્તિનું પ્રાધાન્ય હોય છે.

**(3) ભાણ**

ભાણમાં એક અંક હોય છે. તેમાં કોઈ નિપુણ વિટ પોતે કે અન્યે અનુભવેલ ધૂર્તચરિતનું વર્ણન કરે છે. સંબોધન, આકાશભાષિત વગેરે જેવી યોજના દ્વારા કથોપકથન કરવામાં આવે છે. અહીં ભારતીવૃત્તિનું પ્રાધાન્ય હોય છે. પાંચ નાટ્યસંધિઓમાંની પહેલી મુખસંધિ અને છેલ્લી નિર્વહણ સંધિનો જ અહીં પ્રયોગ થાય છે. ભાણમાં લાસ્યનાં દશ અંગોનો પ્રયોગ થાય છે.

**(4) પ્રહસન**

પ્રહસનના શુદ્ધ, વિકૃત અને સંકર એમ ત્રણ પ્રકારો છે. તેનો મુખ્ય રસ હાસ્ય હોય છે. પ્રહસનમાં પાંખડી, બ્રાહ્મણ, નોકરડી, વિટ, નુપંસક, કંચુકી, તપસ્વી, કામુક જેવાં પાત્રો હોય છે. પ્રહસનનું કથાવસ્તુ ભાણની જેમ કલ્પિત હોય છે અને એક અંકમાં નિબદ્ધ હોય છે. તેમાં પણ મુખ અને નિર્વહણ સંધિ તેમજ લાસ્યનાં દશ અંગોનો સમાવેશ થાય છે.

**(5) ડિમ**

ડિમનું કથાવસ્તુ પ્રસિદ્ધ હોવું જોઈએ. તેમાં કૈશિકી સિવાયની બાકીની સાત્ત્વતી, આરભટી અને ભારતી એમ ત્રણેય વૃત્તિઓનો સમાવેશ થાય છે. તેનો નાયક દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, નાગ વગેરે હોય છે અને તેમાં ભૂત, પ્રેત, પિશાચ જેવાં પાત્રો હોય છે. પાત્રોની સંખ્યા 16 હોય છે. હાસ્ય અને શૃંગાર સિવાયના બાકીના છ રસોનું ઉદ્દીપન હોય છે. મુખ્ય રસ રૌદ્ર હોય છે. એમાં માયા, જાદુ, યુદ્ધ, ક્રોધ, ઉદ્ભવ, વગેરે ચેષ્ટાઓ હોય છે અને ચાર અંકો હોય છે. અવમર્શ સિવાયની બાકીની ચારય સંધિઓ ડિમમાં અપેક્ષિત છે.

**(6) વ્યાયોગ**

વ્યાયોગમાં કથાવસ્તુ પ્રસિદ્ધ હોય છે. તેમાં ઉદ્ધત વ્યક્તિનું ચરિત્ર વર્ણવાયેલું હોય છે. રસની બાબતમાં ડિમને અનુસરતા વ્યાયોગમાં ગર્ભ અને અવમર્શ સિવાયની ત્રણ સંધિઓ હોય છે. અહીં યુદ્ધનું મુખ્ય દૃશ્ય હોય છે પણ તેનું પ્રયોજન સ્ત્રીની પ્રાપ્તિનું હોતું નથી. વ્યાયોગની કથા એક દિવસ પૂરતી જ સીમિત હોય છે અને તેમાં માત્ર એક જ અંક હોય છે. અહીં પુરુષ પાત્રોનું બાહુલ્ય હોય છે.

**(7) સમવકાર**

સમવકારમાં આમુખની યોજના નાટક જેવી હોય છે. તેમાં દેવ અને દાનવ સંબંધી પ્રખ્યાત કથાવસ્તુ હોય છે અને વિમર્શ સિવાયની સંધિઓ આવે છે. કૈશિકી સિવાયની વૃત્તિઓનો તેમાં પ્રયોગ થાય છે. દેવ કે દાનવ નાયક હોય છે. નાયકોની સંખ્યા બાર અને અંકોની સંખ્યા ત્રણ હોય છે. પ્રથમ અંકમાં મુખ અને પ્રતિમુખ સંધિનો પ્રયોગ થાય છે અને તેની કથા ચોવીશ ઘડીની હોય છે. બાકીના બે અંકો અનુક્રમે આઠ અને ચાર ઘડીના હોય છે.

એમાં વસ્તુ, સ્વભાવ અને શત્રુ દ્વારા આચરવામાં આવતાં ત્રણ કપટની વાત હોય છે. સમવકારમાં બિન્દુ નામની અર્થપ્રકૃતિ અને પ્રવેશક નામના અર્થક્ષેપક આવતા નથી. પ્રહસનની જેમ અહીં પણ યથાયોગ્ય પ્રમાણમાં વીથ્યંગોની યોજના કરવામાં આવે છે.

**(8) વીથી**

સંસ્કૃતમાં વીથીનો અર્થ માર્ગ થાય છે. અહીં સંધ્યંગોની હારમાળા હોવાથી તે વીથી કહેવાય છે. વીથીમાં એક અંક હોય છે અને મુખ અને નિર્વહણ સંધિ હોય છે. તેમાં શૃંગારરસ સૂચિત થતો હોય છે અને બાકીના રસોને પણ સંસ્પર્શ કરવામાં આવે છે. પ્રસ્તાવના ઉદ્ઘાત્યક વગેરે અંગોથી યુક્ત હોય છે અને એક અથવા બે પાત્રોની યોજના કરવામાં આવે છે.

**(9) ઈતિહાસ**

પ્રસિદ્ધ કથાવસ્તુ ધરાવતા આ રૂપકમાં કરુણરસ મુખ્ય હોય છે. એના નાયકો સામાન્ય સ્તરના હોય છે. અહીં એક જ અંક હોય છે અને ભાણની માફક મુખ તથા નિર્વહણ સંધિ અને ભારતી વૃત્તિનો પ્રયોગ થાય છે.

**(10) ઈહામૃગ**

ઈહામૃગમાં કથાવસ્તુમાં પ્રખ્યાત અને કલ્પિતનું મિશ્રણ હોય છે. તેમાં ચાર અંકો હોય છે અને ત્રણ સંધિઓ હોય છે. ગર્ભ અને અવમર્શ સંધિ હોતી નથી. નાયક મર્ત્ય અથવા દિવ્ય પ્રકારનો અને ધીરોદ્ધત હોય છે. પ્રતિનાયક પોતાનાં અપકૃત્યોથી પોતાની ઈચ્છિત વાતમાં સફળતા પામતો નથી. નાયક અને પ્રતિનાયકના યુદ્ધપ્રસંગને પૂર્ણતા સુધી લઈ ગયા પછી કોઈક બહાના તળે યુદ્ધને નિવારવામાં આવતું હોય છે.

**પ્રકાશ - 4**

આચાર્ય ધનંજય ચોથા પ્રકાશમાં રસવિચારનું આલેખન કર્યું છે. રસની સમજૂતી આપતી પહેલી કારિકામાં ભરતમુનિના રસસૂત્રની પૂર્ણ અસર જોઈ શકાય છે. શરૂઆતમાં વિભાવ અને અનુભાવનું લક્ષણ આપ્યું છે. ત્યારબાદ સ્તમ્ભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, વેપથુ, વૈવર્ણ્ય, અશ્રુ અને પ્રલય એમ આઠ સાત્ત્વિક ભાવો ગણાવ્યા છે. ત્યારબાદ ૩૩ વ્યભિચારી ભાવોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. વિરોધી કે અવિરોધી ભાવોથી જેનો પ્રવાહ વિચ્છિન્ન થતો નથી તથા જે અન્ય ભાવોને આત્મસાત્ કરે છે તેવા સમુદ્ર જેવા સ્થિર આઠ સ્થાયી ભાવો કહ્યા છે, તેમાં રતિ, ઉત્સાહ, જુગુપ્સા, ક્રોધ, હાસ, સ્મય, ભય અને શોકને ગણાવ્યા છે.

ધનંજય તાત્પર્યશક્તિને માનનાર આચાર્ય છે. આથી અભિધા, લક્ષણા અને તાત્પર્યા એમ ત્રણ પ્રકારની શબ્દશક્તિને સ્વીકારે છે અને તાત્પર્યશક્તિ દ્વારા જ સંપૂર્ણ વાક્યનો વાક્યાર્થ મુખ્યત્વે રસનો વિષય બને છે એમ તેઓ માને છે. રસની પ્રાપ્તિ માટે વ્યંજના નામની શક્તિને તેઓ સ્વીકારતા નથી.

આચાર્ય ધનંજય માને છે કે સહૃદયોના હૃદયમાં રસ જોવા મળે છે. તેઓ તેનો આસ્વાદ કરે છે, અનુકાર્ય પાત્રો વગેરે નહિ. તેઓ કહે છે કે બાળક માટીના રમકડાનાં બનેલ હાથી, ઘોડા વગેરેથી રમે છે ત્યારે સાચા હાથી, ઘોડા માનીને ચાલે છે તથા તેમાંથી આનંદ પ્રાપ્ત કરે છે. બરાબર આ જ રીતે સહૃદય પ્રેક્ષક પણ નાટકનાં પાત્રોને જોઈને સ્વયં ઉત્સાહનો આસ્વાદ કરે છે. નાટ્યનાં પાત્રો હાથી અને ઘોડાની માફક અવાસ્તવિક હોવા છતાં તેમને વાસ્તવિક રામ, અર્જુન, સીતા વગેરે ગણીને આનન્દની પ્રાપ્તિ કરે છે. ત્યાર બાદ તેમણે આઠેય રસ અંગે વિસ્તૃત ચર્ચા કરી છે. ધનંજય નાટ્યમાં શાન્તરસનો સ્વીકાર કરતા નથી. ધનંજયની

રસવિચારણા પર ભટ્ટનાયકના ભોજ્યભોજકવાદ અને શંકુકના સાધારણીકરણના સિદ્ધાન્તની અસર જોઈ શકાય છે. ધનંજય શૃંગાર, વીર, બીભત્સ અને રૌદ્ર એમ ચાર રસને જ મૌલિક રસ માને છે અને બાકીના ચાર રસો કરુણ, હાસ્ય, અદ્ભુત અને ભયાનકને તેમના પર આશ્રિત સમજે છે. ચિત્તની ચાર પ્રકારની મનોદશાના આધારે તેમણે ચાર રસોને મૌલિક ગણ્યા છે. તેમની આ માન્યતાને 'રસચતુષ્યવાદ' કહે છે.

## 1.3 તમારી પ્રગતિ ચકાસો :

**1 નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) દેવોએ બ્રહ્મા પાસે દૃશ્ય અને શ્રાવ્ય ક્રીડનકની માગણી શા માટે કરી ?

(2) મહારાજા ભોજે કયા ગ્રન્થો લખીને નાટ્યશાસ્ત્રના ક્ષેત્રમાં પ્રદાન કર્યું છે ?

(3) દશરૂપકના અંતે પુષ્પિકામાં ધનંજયાચાર્ય પોતાના અંગે શી માહિતી આપે છે ?

(4) દશરૂપક પરની અવલોક ટીકા કોણે લખી છે ? દશરૂપક પરની અન્ય ટીકાઓનાં નામ જણાવો.

(5) દશરૂપકની અસર કયા પરવર્તી નાટ્યશાસ્ત્રીય ગ્રન્થો પર જણાય છે ?

(6) ધનંજય નાટિકા અંગે કયો મત આપે છે ?

(7) ભાણ અને પ્રહસનમાં કઈ સમાનતા હોય છે ?

(8) નાટકની પ્રસ્તાવનાના કેટલા પ્રકાર હોય છે ? કયા કયા ?

(9) આઠ સ્થાયી ભાવોનાં નામ આપો.

**2. નીચેના પર ટૂંક નોંધ લખો :**

(1) ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર

(2) દશરૂપકના પરવર્તી નાટ્યશાસ્ત્રીય ગ્રન્થો

(3) ધનંજય અને ધનિક

(4) દશરૂપક પ્રકાશ-૧નું કથાવસ્તુ

(5) નાયક અને નાયિકા અંગેની આચાર્ય ધનંજયની વિચારણા

**3. નીચે અ વિભાગમાં આપેલ રૂપક પ્રકારની સામે બ વિભાગમાંથી લાગુ પડતી વિગતને જોડો :**

| **અ** | **બ** |
|---|---|
| (1) નાટક | (1) કુલજા કે વેશ્યા પ્રકારની નાયિકા |
| (2) પ્રકરણ | (2) હાસ્ય મુખ્ય રસ |
| (3) પ્રહસન | (3) ત્રણ અંકથી યુક્ત |
| (4) સમવકાર | (4) વીર અથવા શૃંગાર મુખ્ય રસ |

**4. કૌંસમાં શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(1) નાટ્શાસ્ત્ર પર એકમાત્ર આચાર્ય ................ની ટીકા આજે ઉપલબ્ધ છે.

(શંકુક, અભિનવગુપ્ત)

(2) યજુર્વેદમાંથી .......... ગ્રહણ કરીને બ્રહ્માએ નાટ્યની રચના કરી હતી. (અભિનય, રસ)

(3) હેમચન્દ્રાચાર્ય રચિત કાવ્યાનુશાસનમાં ............ અધ્યાયો છે. (આઠ, દશ)

(4) ભાવપ્રકાશ નામના નાટ્યશાસ્ત્રીય ગ્રન્થના કર્તા ............ છે.

(સાગરનન્દી, શારદાતનય)

(5) રામચન્દ્ર અને ગુણચન્દ્ર નામના આચાર્યોએ ........ નામના ગ્રન્થની રચના કરી છે.

(નાટ્યદર્પણ, નાટ્યચન્દ્રિકા)

એકમ ૪

# સંસ્કૃત નાટ્ય સાહિત્ય : ઉદ્ભવ અને વિકાસ

## રૂપરેખા

**૧.૦ ઉદ્દેશ**

**૧.૧ પ્રસ્તાવના**

**૧.૨ સંસ્કૃત નાટ્યસાહિત્ય ઉદ્ભવ અને વિકાસ**

**૧.૩ સંસ્કૃત નાટકોનો વિકાસ**

**૧.૪ તમારી પ્રગતિ ચકાસો**

## ૧.૦ ઉદ્દેશ :

સંસ્કૃત વિષયના પ્રથમ વર્ષ બી.એ. પેપર નં.૦૧ ના આ પ્રથમ યુનિટમાં સંસ્કૃત નાટ્યસાહિત્યના ઉદ્ભવ અને વિકાસનો પરિચય મેળવવાનો છે આના દ્વારા વિદ્યાર્થીઓ:

- સંસ્કૃત સાહિત્યના મુખ્ય પ્રકારોથી પરિચિત થશે.
- સંસ્કૃત નાટ્યસાહિત્યના મૂળ સ્ત્રોત વિશે માહિતગાર થશે.
- સંસ્કૃત નાટ્યસાહિત્યના આરંભથી શરૂ કરી હાલના પૂર્ણ વિકસિત નાટ્યસાહિત્ય વિશે માહિતી મેળવી શકશે.
- આ યુનિટના અભ્યાસનો ઉદ્દેશ વિદ્યાર્થીને સંસ્કૃત દ્રશ્યરચના(નાટ્યસાહિત્ય)ના મૂળ અને વિકાસ વિશે માહિતી આપવાનો છે.

## ૧.૧ પ્રસ્તાવના :

સંસ્કૃત સાહિત્ય વિશ્વ સાહિત્યમાં સૌથી પ્રાચીન છે. તેના પ્રસ્તુતિ અને સ્વરૂપની દ્રષ્ટિએ અનેક ભેદો છે.

સંસ્કૃત નાટકોને લીધે સંસ્કૃત સાહિત્ય વિશ્વ સાહિત્યમાં બહુ મહત્વનું સ્થાન ધરાવે છે. આ વિશ્વપ્રસિદ્ધ અને લોકપ્રિય નાટકો ભજવવાની શરૂઆત ક્યારે થઈ હશે ? તે વિશે વિવિધ વિદ્વાનોએ રજૂ કરેલા અભિપ્રાયો અહીં રજૂ કરવામાં આવ્યા છે.

- સંસ્કૃત નાટ્યસાહિત્ય એ દ્રશ્યકલા છે, તેના મુખ્ય બે પ્રકારો છે. રૂપક અને ઉપરૂપક. આ બન્નેના કુલ અઠ્યાવીસ પેટા પ્રકારો છે. જે પૈકી નાટક સૌથી પ્રચલિત પ્રકાર છે. આ ઉપરાંત, એકાંકી જેવા પ્રારંભિક કાળના અને પ્રકરણ જેવા પૂર્ણવિકસિત રૂપકો પણ સંસ્કૃત સાહિત્યમાં મળે છે.

સંસ્કૃત રૂપકના તબક્કાવાર વિકાસનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.

## ૧.૨ સંસ્કૃત નાટ્યસાહિત્ય : ઉદ્ભવ અને વિકાસ :

### ૧.૨.૧ સંસ્કૃત નાટ્યસાહિત્યનો ઉદ્ભવ

સંસ્કૃત સાહિત્યમાં વેદથી શરૂ કરીને આજ સુધી અનેક કૃતિઓ લખાઈ ગઈ છે. આ કૃતિઓને રજૂ કરવાની રીતે તેના બે પ્રકારો પડે છે.

**૧. દ્રશ્ય :** જે સાહિત્યકૃતિ અભિનય, સંગીત અને સંવાદ (વાતચીત) દ્વારા રજૂ કરવામાં આવે છે, જેને આંખથી જોઈને અને કાનથી સાંભળીને માણવામાં આવે છે.

**૨. શ્રવ્ય :** જે સાહિત્યકૃતિને વાણી (પઠન કે ગીત) દ્વારા જ રજૂ કરવામાં આવે છે, જે કાનથી જ માણવામાં આવે છે.

આ બે પ્રકારો પૈકી દ્રશ્યપ્રકાર માટે મોટે ભાગે નાટ્ય, નાટક કે રૂપક એવો શબ્દ વપરાય છે. સાહિત્યના બધાં જ પ્રકારોમાં નાટ્ય કે નાટક સૌથી વધારે રમણીય પ્રકાર છે. માટે જ કહેવાય છે કે- **'काव्येषु नाटकं रम्यम् ।'**

નાટ્ય કે નાટક ભજવવાની કલા છે. બની ગયેલી ઘટનાઓ કે જેમાં સુખ અને દુઃખ બન્ને હોય છે તેને અભિનય દ્વારા રંગમંચ પર રજૂ કરવામાં આવે છે. નાટ્ય એ ત્રણેય (સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ) લોકના ભાવો અને સાતેય દ્વીપના (આખી પૃથ્વી) લોકોના જીવનનું અનુકરણ છે. નાટ્ય અનુકરણની કલા છે.

સંસ્કૃત સાહિત્યમાં જોવા મળતા અનેક નાટકોને જોઈને પ્રશ્ન થાય છે કે સૌથી પહેલવહેલું નાટક ક્યારે ભજવાયું હશે ? ક્યાં ભજવાયું હશે ? કોણે ભજવ્યું હશે ? તેનું સ્વરૂપ કેવું હશે ? નાટકના વિવિધ પ્રકારો એકાંકી, ભાણ, પ્રકરણ વગેરે કેવી રીતે વિકસ્યા હશે ? — આ અંગે ભરતના નાટ્યશાસ્ત્રમાં પણ સ્પષ્ટતા કરવામાં આવી છે તેમજ વિદ્વાનોએ પણ ઊંડું ચિંતન કરીને જુદા જુદા અભિપ્રાયો રજૂ કર્યા છે, જે આ મુજબ છે.

**૧. પરમ્પરાગત મત અથવા દ્યુલોકવાદ :**

ભરતે રચેલ નાટ્યશાસ્ત્ર નાટ્યસિદ્ધાન્તનો સૌથી પુરાણો ગ્રંથ છે જેમાં નાટકની ઉત્પત્તિ દૈવી છે એમ દર્શાવ્યું છે. નાટ્યશાસ્ત્રમાં એક ઉપાખ્યાનમાં નાટકની ઉત્પત્તિ વર્ણવી છે. જેમકે, 'સતયુગમાં બધા જીવો ખૂબ સુખી હોવાથી તેમને મનોવિનોદના સાધનની જરૂર ન હતી. પરન્તુ, ત્રેતાયુગમાં સંસારમાં દુઃખો શરૂ થઈ ગયા. આથી, દેવો અને દાનવોએ બ્રહ્મા પાસે જઈને વિનંતી કરી કે 'હે પિતામહ ! અમને કોઈ એવું રમકડું (**क्रीडनीयकम**) આપો કે જે અમારું મનોરંજન કરે અને તેને લીધે અમે થોડા સમય માટે અમારા સાંસારિક દુઃખોને પણ ભૂલી જઈએ. આ સાંભળી બ્રહ્માએ થોડો સમય ધ્યાન ધર્યું. તેમણે લોકોના મનોરંજન માટે નાટ્યવેદ પ્રકટ કર્યો. નાટ્યવેદ રચવા માટે તેમણે ઋગ્વેદમાંથી પાઠ્ય, યજુર્વેદમાંથી અભિનય, અથર્વવેદમાંથી રસ અને સામવેદમાંથી સંગીત લીધું. શંકર અને વિષ્ણુ પણ નાટ્યવેદની રચનામાં બ્રહ્માની મદદે આવ્યા. શંકરે તાંડવનૃત્ય અને પાર્વતીએ લાસ્યનૃત્ય ઉમેર્યું. વિષ્ણુએ નાટ્યના પ્રભાવ માટે અનિવાર્ય ચાર વૃત્તિઓ ઉમેરી તેને કલાથી પૂર્ણ કરી દીધી. આમ, હિન્દુ ત્રિમૂર્તિ દેવોએ મળીને આ નાટ્યકલા પ્રચલિત કરી, જે પાંચમો નાટ્યવેદ હતો.

બ્રહ્માએ ભરતમુનિને આ નાટ્યકલા મર્ત્યલોક (પૃથ્વી) માં લઈ જવાનું કામ સોંપ્યું. નાટ્યકલા ભજવતા શીખવા ભરતમુનિને અપ્સરાઓ સોંપી. ભરતમુનિએ પૃથ્વીલોક પર આ નાટ્યવેદને આધારે નાટ્યશાસ્ત્રની રચના કરી.

સર્વપ્રથમ ઈન્દ્રધ્વજપર્વ પ્રસંગે 'ત્રિપુરદાહ' અને 'સમુદ્રમંથન' આ બે નાટકો ભજવાયા હતા. જેમાં દાનવોએ તોફાન મચાવ્યું. એ પછી દેવોના સ્થપતિ વિશ્વકર્માએ આ નાટ્યકલાને ભજવવા માટે રંગભવન (Theatre) બાંધી આપ્યું.

આ પરમ્પરાગત મત પરથી જણાય છે કે નાટકમાં પહેલેથી જ સ્ત્રી-પુરૂષો બન્ને અભિનય કરતા હતા. કોઈ મહત્વના પ્રસંગે નાટકો ભજવતા હતા.

**૨. વૈદિક યજ્ઞ અને અનુષ્ઠાનમાંથી નાટ્યનો ઉદ્ભવ :**

નાટ્યસ્વરૂપ અને વૈદિક યજ્ઞ વચ્ચે ઘણું સામ્ય છે. મહાભારતના અનુશાસનપર્વમાં રાજા દિલીપના યજ્ઞનું વર્ણન છે. જેમાં વર્ણવ્યું છે કે યજ્ઞમાં બનાવેલ સ્તંભની ચારે બાજુ ઈન્દ્ર વગેરે દેવો અને ગન્ધર્વો નૃત્ય કરતા હતા. વિશ્વાવસુએ વીણા વગાડી હતી. યજ્ઞમાં માત્ર કર્મકાંડ જ નહોતો થતો પણ લોકોની કલા અને રચનાત્મક શક્તિનું પણ પ્રદર્શન કરવામાં આવતું હતું. યજુર્વેદના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે યજ્ઞમાં ગાવા માટે શૈલૂષ અને નાચવા માટે સૂતને બોલાવવામાં આવતા હતા. જુદા જુદા વાજીંત્રો અને તેને વગાડનારના ઉલ્લેખો પણ છે. શ્રૌતસૂત્રોમાં પણ વર્ણન છે કે પિતૃમેધયજ્ઞમાં નૃત્ય, ગીત, વાજીંત્રો વગાડાતા. મન્ત્રોના પાઠ વખતે હાથનું હલનચલન પણ શરીરનો અભિનય છે. વૈદિકયજ્ઞોમાં જે કંઈ રજૂ કરવામાં આવતું તેને નાટ્ય સાથે બહુ નજીકનો સંબંધ છે. આથી સંસ્કૃત નાટયસાહિત્યના બીજ આ વૈદિક યજ્ઞોમાં રહેલા હોય તેમ લાગે છે.

શ્રૌતસૂત્રોમાં મહાવ્રતયાગની વિધિઓ વર્ણવી છે જેમાં અધ્વર્યુ-સોમવિક્રયી, બ્રહ્મચારી-પુંશ્ચલી સંવાદ કઈ રીતે ભજવવો તે વિગતવાર વર્ણવ્યું છે. યાગ વખતે એક પુરોહિત અધ્વર્યુ બની જાય, બીજો પુરોહિત સોમવિક્રયી બન્ને, બન્ને જણા સોમલતાના ખરીદ-વેચાણ અંગે ભાવપૂર્વક વાતચીત કરતા. શ્રૌતસૂત્રોમાં તો કોણે કયા સંવાદ બોલવાના છે તેનું પણ વર્ણન છે. આ એક રીતે જગતની જ કોઈ ઘટનાનું અનુકરણ છે. જેને એક પ્રકારનું નાટક કહી શકાય. સંસ્કૃત નાટકના બીજ શ્રૌતસૂત્રો અને વૈદિક અનુષ્ઠાનોમાં રહેલા છે. એવું કેટલાક વિદ્વાનો માને છે.

**૩. વૈદિક સંવાદસૂક્તોમાં નાટ્યના મૂળ :**

ઋગ્વેદમાં અનેક સંવાદસૂક્તો છે જેવા કે, યમયમીસંવાદ, વિશ્વામિત્ર-નદીસંવાદ, ઈન્દ્ર-વૃષાકપિ સંવાદ, પુરૂરવા-ઉર્વશી સંવાદ, સરમા-પણિ સંવાદ આ બધા જ સંવાદસૂક્તો પાછળ કોઈ પ્રાચીન આખ્યાન જોડાયેલું છે. મેક્સમૂલરને મતે સંસ્કૃત નાટકોની ઉત્પતિના બીજ આ સંવાદસૂક્તોમાં છે. વૈદિક યુગમાં જુદા-જુદા પાત્રો ભાવમય રીતે આ સૂક્તો બોલતા હશે. સંવાદો સાથે નૃત્ય પણ થતા હશે. ઋગ્વેદના વિવાહસૂક્તમાં નવદમ્પતી સમક્ષ પુરન્ધ્રિઓના નૃત્યનો ઉલ્લેખ મળે છે. સંવાદસૂક્તોની જેમ નાટકમાં પણ સંવાદ હોય છે જે નાટકનો પ્રાણ મનાય છે. આથી, કેટલાક વિદેશી વિદ્વાનો સંસ્કૃત નાટયના મૂળ સંવાદસૂક્તોમાં હોવાનું માને છે.

**૪. પુત્તલિકા નૃત્યવાદ :**

પ્રસિધ્ધ જર્મન વિદ્વાન પિશેલ નાટકનો ઉદ્ભવ કઠપૂતળીના નૃત્યમાંથી થયો હોવાનું માને છે. કઠપૂતળીના નૃત્યમાં સૂત્રધાર આવે છે જે સૂત્ર-દોરા ધારણ કરીને (પકડીને) પૂતળીઓને નચાવે છે. પછી તેને એક પછી એક સ્થાપે (મૂકે) છે. આના આધારે સંસ્કૃત નાટકમાં સૂત્રધાર અને સ્થાપના શબ્દો આવ્યા હશે. પરન્તુ; નિર્જીવ કઠપૂતળીઓના સામાન્ય નૃત્યમાંથી સંસ્કૃત નાટયનો ઉદ્ભવ થયો છે એમ માનવું વધારે પડતું લાગે છે.

**૫. ઉત્સવોમાંથી નાટ્યોત્પત્તિનો સિદ્ધાન્ત :**

ઋતુપરિવર્તન સમયે થતા ઉત્સવો અને નૃત્યગાનમાંથી નાટકની ઉત્પતિ થઈ હોવાનું ડૉ. કીથ માને છે. સમગ્ર વિશ્વમાં વસંતઋતુ સૌથી વધારે સુખદ છે. આ સમયે બધી જ સંસ્કારી જાતિઓ ઉત્સવ મનાવતી હોય છે. યુરોપમાં મે મહિનામાં એક થાંભલો

(Pole) મૂકીને તેની આજુબાજુ નૃત્ય કરે છે.

આ ઉત્સવોની ઉજવણીમાંથી નાટકની ઉત્પત્તિ પણ અસંભવિત લાગે છે.

**૬. ધાર્મિક ભાવના કે વીરપૂજાવાદમાંથી નાટ્યની ઉત્પત્તિ :**

રિજવે નામના વિદ્વાન માને છે કે ભારત અને ગ્રીકમાં જૂની પેઢીના વીર પુરૂષોની પૂજા કરવામાં આવતી હતી. શ્રાદ્ધ પ્રસંગે તેમની વીરતાપૂર્ણ જીવનકથાને અભિનય સાથે રજૂ કરવાની પરંપરામાંથી સંસ્કૃત નાટ્યનો ઉદ્ભવ થયો છે. આપણે ત્યાં ભજવાતી રામલીલા અને કૃષ્ણલીલા પણ વીરપૂજાનો જ એક પ્રકાર છે. આ એક પ્રકારનું નાટક જ છે એ રીતે નાટક ભજવવાના શરૂ થયા.

**૭. ઈતિહાસકાવ્યોમાંથી નાટકની ઉત્પત્તિ :**

પ્રાચીનકાળથી રામાયણ અને મહાભારતનું આખ્યાન (કથા) કરવામાં આવે છે. રામકથાનું લોકગાયકો દ્વારા પઠન-ગાયન કરવામાં આવતું. આ લોકગાયકોને કુશીલવ કહેવામાં આવે છે. આ કથાપારાયણમાં અભિનય ઉમેરાતા નાટકના પ્રયોગો શરૂ થયા હશે.

**૮. છાયાનાટકવાદ :**

ભારત અને થાઈલેન્ડમાં પૂતળીઓના પડછાયા દ્વારા નાટક રજૂ કરવાની પરમ્પરા હતી. આવા નાટકને છાયાનાટક કહેવામાં આવે છે. છાયાનાટકનો પ્રાચીનતમ ઉલ્લેખ મહાભારતમાં થયેલો છે. ડૉ. રિજવે એક અભિપ્રાય એવો પણ રજૂ કરે છે કે છાયાનાટકમાંથી ક્રમશ : સંસ્કૃત નાટકો ભજવવાનું શરૂ થયું હશે.

સંસ્કૃત નાટકની ઉત્પત્તિ વિષયક વિવિધ વાદો અને સિદ્ધાન્તો જોતાં લાગે છે કે ભરતે આપેલ અભિપ્રાય વધારે સ્વીકાર્ય છે. સંસ્કૃત નાટકો ઘણા પ્રાચીન સમયથી ભજવાતા હતા અને તેના પુરાવા રામાયણ અને મહાભારતમાં મળે છે. રામાયણમાં એવો ઉલ્લેખ છે કે રામના રાજ્યાભિષેક સમયે નટ, નૃત્ય કરનારાઓ, ગાયકો હતા. જયારે મહાભારતના હરિવંશપર્વમાં પણ નાટકના ઉલ્લેખો છે. હરિવંશપર્વમાં વર્ણન છે કે કૃષ્ણએ વજનાભ નામના દૈત્યને મારી નાંખવા કપટનટનો વેશ ધારણ કર્યો હતો. પછી કૃષ્ણએ 'કૌબેરરમ્ભાભિસાર' નાટક ભજવ્યું હતું. નાટકના વશીકરણથી પ્રદ્યુમ્ને વજનાભને મારી નાંખ્યો. વજનાભની દીકરી પ્રભાવતી પ્રદ્યુમ્ન સાથે પરણી. આમ નાટ્યકલા મહાભારત સમયમાં પ્રચલિત થઈ ચૂકી હતી.

મહાભાષ્યકાર પતંજલિએ પણ કંસવધ અને બલિવધ સાથે સંકળાયેલ નાટકોનો ઉલ્લેખ કર્યો છે. વાત્સ્યાયનના 'કામસૂત્રમાં' પણ કહ્યું છે કે 'બહારથી આવેલ નટો નાટક દેખાડે બીજે દિવસે કોઈને ન જોવું હોય તો મહેનતાણું લઈ સન્માનપૂર્વક જતા રહે.' પાણિનિની 'અષ્ટાધ્યાયી' માં પણ નાટ્યકલા પ્રચલિત હોવાના પ્રમાણો મળે છે.

## ૧.૩ સંસ્કૃત નાટકોનો વિકાસ :

સંસ્કૃત નાટ્યકલા માટે વિશ્વનાથે રૂપક એવો શબ્દ પ્રયોજયો છે. જેના દસ પેટાપ્રકારો ગણાવ્યા છે. (૧) નાટક (૨) પ્રકરણ (૩) ભાણ (૪) વ્યાયોગ (૫) સમવકાર (૬) ડિમ (૭) ઈહામૃગ (૮) અંક (૯) વીથી (૧૦) પ્રહસન.ભરતમુનિ નાટ્યકલા (રૂપક) ના અગિયાર પ્રકારો દર્શાવે છે. તેઓ આ દસમાં એક **નાટી** (નાટક અને પ્રકરણનું મિશ્રણ) ઉમેરે છે.

નાટ્યકલાના વિવિધ પ્રકારો સ્વતંત્ર સાહિત્યપ્રકાર તરીકે કઈ રીતે અસ્તિત્વમાં આવ્યા હશે તે નક્કી કરવું અઘરૂં છે. ડૉ. રાઘવનના મત મુજબ પ્રાચીન સમયમાં

નાટયકલાના મુખ્ય બે પ્રકારો હતા (૧) વીરપ્રધાન (૨) સામાજીક. દસ પ્રકારોમાંથી નાટક, સમવકાર, ડિમ, ઈહામૃગ અને અંક વીરપ્રધાન નાટ્યપ્રકાર (રૂપકો) છે જયારે; પ્રકરણ, પ્રહસન, ભાણ, વીથી જેવા પ્રકારો સામાજીક નાટ્ય પ્રકાર છે. નાટ્યકલા માટે સામાન્ય રીતે નાટક એવો શબ્દ જ આપણે વાપરીએ છીએ. (પણ ખરેખર તો નાટક વિવિધ પ્રકારોમાંનો એક છે.) વીરપ્રધાન નાટકો અને સામાજીક નાટકો સાથે જ વિકસ્યા છે.

શ્રી ડોલરરાય માંકડ નાટયના વિકાસની પ્રક્રિયા આ મુજબ સમજાવે છે. તેમને મતે 'સૌ પ્રથમ એકાંકી નાટકો હતા. એકાંકી (એક અંકવાળું નાટક) માં પાંચ પ્રકારોમાં ભાણ સૌથી પ્રાચીન હતું. વીથીમાં બે પાત્રો હતા. વીથીમાંથી અંક અને ભાણમાંથી પ્રહસનનો નાટ્ય પ્રકાર વિકસ્યો. આ જ પ્રકારમાં યુદ્ધની કથાવાળો પ્રકાર વિકસીને વ્યાયોગ બન્યું. અંક, પ્રહસન અને વ્યાયોગમાં પાત્રોની સંખ્યા અંગે કોઈ નિયમો ન હોતા. એથી અંકોની સંખ્યા વધી, પાત્રો પણ ઉમેરાયા પરિણામે એકથી વધારે અંકવાળા ડિમ, સમવકાર અને ઈહામૃગ આ ત્રણ પ્રકારના નાટકો અસ્તિત્વમાં આવ્યા. પછી પાંચ થી દસ અંક સુધીની મર્યાદા કરવામાં આવી જેથી સૌથી વધારે લોકપ્રિય નાટક પ્રકાર રચાયો, પ્રકરણ રચાયો.

જો કે સુરેન્દ્રનાથ દીક્ષિત એવું માને છે કે સૌ પ્રથમ નાટકની રચના થઈ છે એ પછી બાકીના પ્રકારો તેમાંથી રચાયા છે. જો કે નાટક સર્વપ્રથમ રચાયું એ માન્યતાને ટેકો મળતો નથી. કેમકે જે સર્વપ્રથમ નાટક 'ત્રિપુરદાહ' ભજવાયું તે ડિમ હતું. જયારે; સમુદ્રમંથન એ સમવકાર હતું. આથી, સમવકાર અને ડિમને સૌથી પ્રાચીન માનવા યોગ્ય છે. તેમાંથી ક્રમે કરીને અન્ય પ્રકારના નાટકો રચાયા હશે.

જેમ નાટ્યકલાના દસ ભેદો રૂપકના પ્રકારો કહેવાય છે તેમ નૃત્યભેદો ઉપરૂપક નામે ઓળખાય છે. આ નૃત્યભેદોમાં સંવાદનું તત્ત્વ ઉમેરાઈને નાટ્યભેદો કહેવાય છે.

## ૧.૪ તમારી પ્રગતિ ચકાસો :

★ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો

૧. સંસ્કૃત નાટકની ઉત્પત્તિ વિષયક પરંપરાગત મત કે દ્યુલોકવાદ જણાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

૨. વૈદિક યજ્ઞ, અનુષ્ઠાન અને સંસ્કૃતનાટ્ય વચ્ચે શું સમ્બન્ધ છે ?

.............................................................

.............................................................

.............................................................

.............................................................

૩. સંસ્કૃત નાટ્યના ઉદ્ભવ વિશેના વિવિધ અભિપ્રાયોના નામ જણાવો.

.............................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**હેતુલક્ષી પ્રશ્નો :**

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

૧. **સૌ પ્રથમ નાટક ક્યારે ભજવાયું ?**

(અ) ઈન્દ્રધ્વજ પ્રસંગે

(બ) સીતાસ્વયંવર પ્રસંગે

(ક) રાવણવધ પ્રસંગે

(ડ) વસન્તોત્સવ નિમિત્તે

૨. **સૌ પ્રથમ કયું નાટક ભજવાયું ?**

(અ) સમુદ્રમંથન

(બ) ગુરુબ્રહ્મા

(ક) રત્નાવલી

(ડ) વિક્રમોર્વશીયમ્

૩. **નાટ્યવેદના રચયિતા કોણ છે ?**

(અ) બ્રહ્મા

(બ) વિષ્ણુ

(ક) ઈન્દ્ર

(ડ) રુદ્ર

૪. **નાટ્યશાસ્ત્રના રચયિતાનું નામ જણાવો.**

(અ) ભરતમુનિ

(બ) માર્કંડેય મુનિ

(ક) વિશ્વામિત્ર

(ડ) વસિષ્ઠ

૫. **સર્વપ્રથમ રંગભવનનું નિર્માણ કોણે કર્યું ?**

(અ) વિશ્વકર્મા

(બ) ત્વષ્ટા

(ક) મયદાનવ

(ડ) સહદેવ

૬. **નાટકની ઉત્પત્તિ કયા યુગમાં થઈ ?**

(અ) સતયુગ

(બ) ત્રેતાયુગ

(ક) દ્વાપરયુગ

(ડ) કલિયુગ

**૭. સંસ્કૃત નાટયકલા માટે રૂપક શબ્દ કોણે પ્રયોજ્યો છે ?**

(અ) ભામહ

(બ) દંડી

(ક) વિશ્વનાથ

(ડ) આનંદવર્ધન

**૮. ત્રિપુરદાહ કયા પ્રકારનું રૂપક હતું ?**

(અ) ડિમ

(બ) સમવકાર

(ક) વીથી

(ડ) એકાંકી

**૯. સમુદ્રમંથનનો રૂપક પ્રકાર જણાવો.**

(અ) સમવકાર

(બ) પ્રકરણ

(ક) ભાણ

(ડ) વીથી

**૧૦. વિશ્વનાથ મુજબ રૂપકના કેટલા પ્રકારો છે ?**

(અ) દસ

(બ) અઢાર

(ક) બે

(ડ) પાંચ

**૧૧. નાટક અને પ્રકરણનું મિશ્રણ એટલે .................... .**

(અ) વીથી

(બ) ભાણ

(ક) પ્રહસન

(ડ) નાટી

**★ ટૂંકમાં ઉત્તર આપો :**

૧. નાટયકલાના પ્રકારો અંગે ડૉ. રાઘવનનો મત જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૨. નાટયના વિકાસની પ્રક્રિયા વિશે ડોલરરાય માંકડનો અભિપ્રાય જણાવો.

..............................................................

.............................................................

.............................................................

.............................................................

૩. વિશ્વનાથે જણાવેલ રૂપકના પ્રકારોના નામ જણાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

એકમ ૫

# મહાકવિ કાલિદાસ જીવન અને માલવિકાગ્નિમિત્ર

## રૂપરેખા

૨.૦ ઉદ્દેશ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ કાલિદાસનું જીવન

૨.૩ માલવિકાગ્નિમિત્રમ્

૨.૪ તમારી પ્રગતિ ચકાસો.

## ૨.૦ ઉદ્દેશ :

સંસ્કૃત વિષયના પ્રથમ વર્ષ બી.એ. ૦૧ (સંસ્કૃત ફરજિયાત વિષય) ના બીજા યુનિટમાં મહાકવિ કાલિદાસના જીવન અને તેમની નાટ્યકૃતિ માલવિકાગ્નિમિત્રમ્ નો પરિચય મેળવવાનો છે. આ યુનિટના અભ્યાસથી-

- વિદ્યાર્થી મહાકવિ કાલિદાસથી પરિચિત થશે.
- તેમના જીવનવિષયક દંતકથાઓ વિશે જાણશે. જેનાથી તેમની મહાનતા અને લોકપ્રિયતા વિશે અંદાજ બાંધી શકશે.
- માલવિકાગ્નિમિત્રમ્ – નાટકથી પરિચિત થશે.

## ૨.૧ પ્રસ્તાવના :

સંસ્કૃત સાહિત્યમાં જેને મહાકવિનું બિરૂદ મળ્યું છે તેવા કાલિદાસના જીવન વિશે દંતકથાઓથી વિશેષ આપણે કશું જ જાણતા નથી. કાલિદાસે પોતે પણ પોતાના જીવન વિશે કોઈ સ્પષ્ટ માહિતી આપી નથી પણ તેમની માલવિકાગ્નિમિત્રમ્ – એકમાત્ર એવી કૃતિ છે કે જેનું કથાનક ઐતિહાસિક છે. આથી આ કૃતિમાંના ઉલ્લેખો પરથી કાલિદાસના સમય વિશે પ્રમાણમાં આધારભૂત માહિતી મેળવી શકય છે.

કાલિદાસની કૃતિઓમાં વર્ણવાયેલા વિષયો પરથી પણ તેમના વ્યક્તિત્વ અને વિદ્વત્તાનો પરિચય મળે છે.

આમ; આ વિભાગમાં કાલિદાસના જીવન, વ્યક્તિત્વ, સમય, કર્મભૂમિ વગેરે વિશેની માહિતી રજૂ કરવામાં આવી છે.

માલવિકાગ્નિમિત્રમ્ – રૂપકની કથાવસ્તુ અને વિશેષતાઓ વિશે વિદ્યાર્થીઓને સ્પષ્ટ માહિતી આપવામાં આવી છે.

## ૨.૨ કાલિદાસનું જીવન :

સંસ્કૃતસાહિત્યમાં કાલિદાસ માટે 'કવિકુલગુરુ', 'મહાકવિ' જેવા વિશેષણો પ્રયોજાય છે. તેમના જીવન વિશે અનેક રોચક દંતકથાઓ પ્રચલિત છે.

એક દંતકથા મુજબ કાલિદાસ જન્મે બ્રાહ્મણ હતા પણ બાલ્યાવસ્થામાં જ માતા-પિતાનું મૃત્યુ થઈ ગયું. આથી આ અનાથ બાળક એક ભરવાડને ઘેર ઉછર્યો

હતો. જૈન વિદ્વાન મેરુતુંગાચાર્યએ કાલિદાસ વિશે નોંધ્યું છે કે,

**૧.** કાલિદાસ અવન્તિના રાજા વિક્રમાદિત્યનો જમાઈ હતો. વિક્રમાદિત્યને એક કન્યા હતી તેનું નામ પ્રિયંગુમંજરી. તે ખૂબ ભણી ગણીને અભિમાની થઈ ગઈ. પછી તેના જ ગુરુ વરરુચિનું પણ અપમાન કરવા લાગી. વરરુચિએ એકવાર એક એવા મૂર્ખને જોયો કે તે જે ડાળી પર બેઠો હતો તેને જ કાપી રહ્યો હતો. વરરુચિએ રાજકુંવરીએ કરેલ અપમાનનો બદલો લેવા તેને છેતરીને આ મૂર્ખ સાથે પરણાવી દીધી. લગ્ન પછી રાજકુંવરીને સાચી વાતની જાણ થતાં જ તેણે આ મૂર્ખને કાઢી મૂક્યો. પછી તેણે દુઃખી થઈને કાલીદેવીની ઉપાસના કરી. કાલીદેવીએ પ્રસન્ન થઈ તેને જ્ઞાન આપ્યું. કાલીની ઉપાસનાથી જ્ઞાની બન્યો હોવાને લીધે મૂર્ખ ભરવાડ કાલિદાસ નામે ઓળખાયો.

જ્ઞાની થઈને પાછો આવ્યો ત્યારે રાજકુંવરીએ તેને પૂછ્યું કે તારી વાણીમાં કોઈ વિશેષતા આવી છે કે નહીં? (**अस्ति कश्चित् वाग्विशेषः**) ત્યારે જવાબરૂપે કાલિદાસે **अस्ति** પદથી શરૂ કરીને કુમારસંભવ; **कश्चित्** પદથી શરૂ કરીને મેઘદૂત અને **वाग** શબ્દથી શરૂ કરીને રઘુવંશની રચના કરી.

**૨.** એક દંતકથા મુજબ કાલિદાસ પોતાને વિદ્વાન બનાવવામાં કારણરૂપ રાજકુંવરીને ગુરુ બનાવી આદર આપવા લાગ્યો. ત્યારે પતિના આવા અપેક્ષા વિરૂધ્ધ વ્યવહારથી રાજકુંવરી દુઃખી થઈ અને તેણે કાલિદાસને શાપ આપ્યો કે કાલિદાસ જેને પ્રેમ કરશે તેના હાથે તેનું મૃત્યુ થશે. આ ઘટના બાદ કાલિદાસ વેશ્યાઓના સંગમાં જીવવા લાગ્યો. એકવાર તે સિંહલદ્વિપમાં તેના મિત્ર રાજા કુમારદાસના નગરમાં એક વેશ્યાને ત્યાં રોકાયો. રાજા ને આ વાતની ખબર પડી જતા તેને શોધી કાઢવા તેમણે એક શ્લોકની એક પંક્તિ મૂકીને જાહેર કર્યું કે આમાં પંક્તિ ઉમેરીને જે આખો શ્લોક પૂરો કરશે તેને પોતે મોટું ઈનામ આપશે. વેશ્યાએ આ શ્લોક કાલિદાસ પાસે પૂરો કરાવ્યો અને ઈનામની લાલચમાં કાલિદાસનું ખૂન કરી નાખ્યું. તે આખો શ્લોક લઈ રાજા પાસે ગઈ ત્યારે રાજાને ખબર પડી ગઈ કે આ કાલિદાસ સિવાય બીજું કોઈ ન કરી શકે. તેમણે આકરી પૂછપરછ કરી. ત્યારે એમને કાલિદાસના ખૂનની જાણ થઈ. તેમણે વેશ્યાને સજા કરી અને કાલિદાસની ધામધૂમથી સ્મશાનયાત્રા કાઢી અને માનપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો.

ડૉ. સતીશચન્દ્ર વિદ્યાભૂષણ નામના વિદ્વાન જણાવે છે કે ''સિંહલદ્વીપમાં માટર નામના સ્થળે દક્ષિણપ્રાન્તમાં કિરિન્દી નદીને કાંઠે કાલિદાસના અગ્નિસંસ્કારનું સ્થળ આજે પણ પ્રવાસીઓને બતાવવામાં આવે છે.''

આ ઉપરાંત કાલિદાસ દંડી, ભવભૂતિ જેવા કવિઓની સાથે જ થઈ ગયો હોવાની પણ અનેક વાતો ઘડી કાઢવામાં આવી છે. જેમાં કોઈ ઐતિહાસિક તથ્ય નથી.

કાલિદાસના જન્મસ્થળ વિશે પણ અનેક મતો સંભળાય છે. (૧) એક પ્રચલિત લોકકથા મુજબ કાલિદાસ કાશ્મીરના માતૃગુપ્તના મિત્ર હતા. કાલિદાસની કૃતિમાં ઉગતા કેસરનું સુંદર વર્ણન છે જે કેવળ કાશ્મીરમાં જ ઉગે છે. આ કારણે ડૉ. ભાઉ દાજી કાલિદાસને કાશ્મીરના વતની માને છે. (૨) મેઘદૂત ખંડકાવ્યમાં જણાય છે કે કાલિદાસને ઉજ્જયિની પ્રત્યે ખૂબ લગાવ હતો. આને આધારે વિદ્વાનો માને છે કે ઉજ્જૈન કાલિદાસની જન્મભૂમિ અથવા કર્મભૂમિ હોવી જોઈએ. (૩) એફ.જી પિટર્સન નામના વિદ્વાન માને છે કે કાલિદાસ વિદર્ભમાં જન્મ્યા હશે જયારે ડૉ. પરાંજપે માને છે કે કાલિદાસ વિદિશા (હાલનું મધ્યપ્રદેશ) માં જન્મ્યા હશે.

કાલિદાસની કૃતિઓમાં ભારતની ભૂગોળનું વર્ણન જોતાં લાગે છે કે તેમણે આખા ભારતનો પ્રવાસ કર્યો હશે. તેમણે ઋતુઓની પણ લોકજીવન પર અસર સુંદર રીતે વર્ણવી છે. કાલિદાસની કૃતિઓ પરથી લાગે છે કે તેમને વેદ, વ્યાકરણ, રામાયણ, મહાભારત,

પુરાણ અને અન્ય અનેક ગ્રંથોનું ઊંડું જ્ઞાન હતું. તેમણે તેમનું જીવન ખૂબ સુખ અને ભરપૂર પ્રેમ વચ્ચે વિતાવ્યું હશે એવું એમની કૃતિઓના વર્ણન પરથી લાગે છે.

કાલિદાસના સમય વિશે પણ વિદ્વાનોએ વિભિન્ન અભિપ્રાયો રજૂ કર્યા છે. ગદ્યકવિ બાણે રાજા હર્ષવર્ધન (૬૦૬ થી ૬૪૮) વિશે 'હર્ષચરિત' નામની આખ્યાયિકા લખી છે. જેમાં તેમણે કાલિદાસની પ્રશંસા કરી છે. સાતમી સદીના ઉત્તરાર્ધમાં બાણે કાલિદાસનો ઉલ્લેખ કર્યો છે તે પરથી જણાય છે કે કાલિદાસ બાણ પૂર્વે થઈ ગયા હશે. કાલિદાસે શુંગવંશના રાજવી અગ્નિમિત્રને વિષય બનાવી નાટક લખ્યું છે. શુંગવંશ ઈ.સ.પૂ. ની પહેલી સદીથી ઈ.સ. ની પહેલી સદી દરમ્યાન થઈ ગયો આથી; કાલિદાસ એ પૂર્વે થયા નથી. કાલિદાસ વહેલામાં વહેલા ઈ.સ.ની પહેલી સદીથી શરૂ કરીને મોડામાં મોડા પાંચમી છઠ્ઠી સદી સુધીમાં થઈ ગયા હશે. તેમને વિક્રમાદિત્યના રાજદરબારના રત્નકવિ માનવામાં આવે છે. આ ઉપનામ ચન્દ્રગુપ્ત બીજા માટે વપરાતું હતું. ચન્દ્રગુપ્ત બીજો ચોથી પાંચમી સદીમાં થઈ ગયો. વિક્રમાદિત્ય ઉપરથી જ કાલિદાસે વિક્રમોર્વશીયમ નાટકના શીર્ષકમાં વિક્રમ એવો શબ્દ લખ્યો છે. એવું પણ માનવામાં આવે છે. વિક્રમાદિત્ય શુંગવંશના રાજાનું નામ પણ હોઈ શકે કેમ કે; શુંગવંશના રાજાના નામમાં 'મિત્ર' શબ્દ આવે છે. પુલ્લિંગ 'મિત્ર' શબ્દનો અર્થ આદિત્ય (સૂર્ય) એવો થાય છે. આથી શુંગવંશના કોઈ રાજાના નામમાં મિત્રને બદલે આદિત્ય લખી વિક્રમાદિત્ય થઈ ગયું હોય તેમ પણ બને.

આજ સુધી કાલિદાસના સમયની પૂર્વમર્યાદા (વહેલામાં વહેલો) અને ઉત્તરમર્યાદા (મોડામાં મોડો) થી વધારે કંઈ જ નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી.

કાલિદાસે કુલ સાત કૃતિઓની રચના કરી છે. બે મહાકાવ્યો (૧) રઘુવંશ અને (૨) કુમાસંભવ, એક ખંડકાવ્ય (૩) મેઘદૂત (૪) એક ઋતુકાવ્ય-ઋતુસંહાર, ત્રણ નાટકો (૫) માલવિકાગ્નિમિત્ર (૬) વિક્રમોર્વશીયમ્ (૭) અભિજ્ઞાનશાકુન્તલ

## ૨.૩ માલવિકાગ્નિમિત્રમ્ :

આ નાટક પાંચ અંકનું છે. શુંગવંશના રાજા અગ્નિમિત્ર અને વિદર્ભની રાજકુમારી માલવિકા વચ્ચેની પ્રણયકથા આ નાટકનો મુખ્ય વિષય છે. રાજા અગ્નિમિત્રને બે રાણીઓ છે. ધારિણી અને ઈરાવતી. ધારિણીના ધર્મના ભાઈ વીરસેનને એક જંગલમાં માલવિકા મળે છે, જે તે ધારિણિને સોંપે છે. માલવિકા દેખાવે અત્યંત સુંદર હોવાથી રાજાના ચંચળ સ્વભાવને જાણતી ધારિણી તેને રાજાની નજરથી દૂર રાખે છે. તેની કલાનિપુણતા પારખીને તેને નૃત્ય શીખવાડવા એક શિક્ષક પાસે મોકલે છે. તે નૃત્ય ખૂબ સરસ રીતે અને ઝડપથી શીખી જાય છે જેથી તેના ગુરુ ગણદાસ પણ તેનાથી ખૂબ ખુશ છે. તેમને એવું લાગે છે કે માલવિકા કોઈ સામાન્ય વ્યક્તિ નથી. એક વખત રાજા ધારિણી અને તેના સેવકોનું એક ચિત્ર જુએ છે જેમાં માલવિકાનું ચિત્ર જોતાં રાજા ધારિણીને પૂછે છે કે આ કોણ છે ? ત્યારે ધારિણી જવાબ આપવાનું ટાળે છે પણ રાણીની નાની બહેન વસુલક્ષ્મી બોલી જાય છે કે આ માલવિકા છે. એ પછી રાજા તેને પ્રત્યક્ષ જોવા ઈચ્છે છે અને તે માટે વિદૂષક ગૌતમને કોઈ યુક્તિ કરવાનું કહે છે. વિદૂષક ઈરાવતીના નૃત્યશિક્ષક હરદત્ત અને માલવિકાના નૃત્યશિક્ષક ગણદાસ વચ્ચે ઝઘડો કરાવડાવે છે. બન્નેની શિષ્યાઓ નૃત્ય કરે. એ નૃત્ય જોઈને રાજા, પરિવ્રાજિકા નિર્ણય લે કે જેનું નૃત્ય વધારે સારું તેનો શિક્ષક ચઢિયાતો. આ બહાને રાજાને માલવિકાનું નૃત્ય જોવા મળે છે. માલવિકાને પ્રત્યક્ષ જોયા પછી રાજા તેને એકાંતમાં મળવાના ઉપાયો શોધે છે.

રાણી ધારિણીને પગમાં ઈજા થવાથી તે પોતાના ઝાંઝર માલવિકાને આપીને

કહે છે કે અશોકવૃક્ષનો દોહદ પૂરો કરજે. જો અશોકવૃક્ષ પાંચ દિવસમાં પુષ્પોથી ભરાઈ જશે તો હું તારી મનગમતી વસ્તુ તને આપીશ. બકુલાવલિકા અને માલવિકા પ્રમદવનમાં જાય છે, ત્યાં રાજા અને વિદૂષક પણ આવી ચડે છે. રાજાના માલવિકા તરફના પ્રેમને જોતાં જ ત્યાં આવી ચડેલી ઈરાવતી ગુસ્સે થઈ ચાલી જાય છે. રાજા એની પગે પડીને માફી માંગવા જાય છે તો પણ તે ગાંઠતી નથી. આ વાત ઈરાવતી ધારિણિને કહી દે છે એથી ધારિણિ ઈરાવતીનું માન રાખવા તેને કેદમાં પૂરી દે છે. જેલની રક્ષક માધવિકાને સ્પષ્ટ જણાવે છે કે મારા હાથની આંગળીમાં પહેરેલ સર્પમુદ્રાવાળી વીંટી જોયા વગર માલવિકાને જેલમાંથી છોડવી નહીં. વિદૂષક જ્યારે આ વાત જાણે છે ત્યારે તે ફરી માલવિકાને છોડાવવાની યુક્તિ કરે છે. વિદૂષક તેને સાપે ડંખ દીધો હોવાની ખોટી નિશાનીઓ કરીને સાપ કરડ્યો હોવાનું નાટક કરે છે. મરવાનું નાટક કરતાં કરતાં રાણી ધારિણીને કહે છે કે મારી માતાનું ધ્યાન રાખજો. આ જોઈ રાણી ગભરાઈ જાય છે અને તાત્કાલિક સર્પવૈદ્ય ધ્રુવસિદ્ધિને બોલાવડાવે છે. રાણીએ પહેરેલી સર્પમુદ્રાવાળી વીંટી ધ્રુવસિદ્ધિ ઝેર ઉતારવાના ઉપયોગમાં લેવા મંગાવે છે જે તે મોકલે છે. વિદૂષક આ વીંટી લઈને જેલની રખેવાળ માધવિકાને બતાવે છે. રાણીએ માલવિકા અને તેની સખી બકુલાવલિકાને છોડવાનું કહ્યું છે. તે પછી ચિત્રશાળામાં રાજા સાથે માલવિકાનું મિલન ગોઠવી દે છે. રાજા અને માલવિકાને એકાંત આપવા વિદૂષક અને બકુલાવલિકા ચાલ્યા જાય છે. તે જ સમયે ઈરાવતી ચિત્રશાળામાં રાજાના ચિત્રની માફી માગવા આવે છે. વિદૂષકને સમુદ્રગૃહના ઓટલે ઊંઘતો જૂએ છે વિદૂષક ઉંઘમાં એવું બોલે છે કે ‘માલવિકા તું ઈરાવતીથી ચઢિયાતી થજે’ — આ સાંભળી ઈરાવતી ગુસ્સે થાય છે. ઈરાવતીની દાસી નિપુણિકા તેને લાકડી અડાડી બીવડાવે છે. વિદૂષક એકદમ ગભરાઈ જાય છે. સાપનું નામ સાંભળી રાજા પણ બહાર દોડી આવે છે. રાણીની નાની બહેન વસુલક્ષ્મી પિંગલવાનરથી ખૂબ ગભરાઈ ગઈ છે ત્યારે રાજા એને બચાવવા દોડી જાય છે. અંતિમ પાંચમાં અંકમાં એવા સમાચાર આવે છે કે રાજા અગ્નિમિત્રએ માધવસેનને છોડાવી દીધો છે. માધવસેને અગ્નિમિત્રને ભેટમાં રત્નો, વાહનો અને નોકરચાકરો મોકલ્યા છે. એક બાજુ સોનેરી અશોકવૃક્ષ પર પુષ્પો ઉગવાથી ધારિણી ખુશ છે તેણે માલવિકાને સજાવી છે માધવસેનને ત્યાંથી આવેલ સેવિકા માલવિકાને જોતાં જ ઓળખી જાય છે કે આ તો વિદર્ભની રાજકુંવરી છે. રાણી પાસે પરિવ્રાજિકા તરીકે રહેતી સ્ત્રી પણ માધવસેનના મંત્રી સુમતિની બહેન આર્યા કોશિકી હોય છે માલવિકા રાજકુંવરી છે એવું જાણીને રાણી તેનો હાથ રાજાને સોંપે છે. અગ્નિમિત્રના પુત્ર વસુમિત્ર રાજસૂય યજ્ઞ નિમિત્તે અશ્વનું રક્ષણ કરતા બધા રાજાઓને નમાવે છે. અગ્નિમિત્રના પિતા પુષ્પમિત્ર બધાને રાજસૂય યજ્ઞમાં આવવાનું નિમંત્રણ મોકલે છે.

રાજાને અંતે માલવિકાની પ્રાપ્તિ થાય છે. તેમનો પુત્ર વિજયી બને છે. બધા જ સુખદ સમાચાર સાથે નાટક પૂરું થાય છે.

**સમીક્ષા :**

આ નાટકનો નાયક **ઉદયન ધીરલલિત** છે. આ નાટક શૃંગારરસ પ્રધાન છે. આ નાટકનું મુખ્ય કથાવસ્તુ પ્રણય છે. રાજાને બે રાણીઓ હોવા છતાં મુગ્ધા કન્યાના પ્રેમમાં પડે છે જેથી રાજાનું પાત્ર ઝાંખું પડે છે. આ નાટકની અસર હેઠળ હર્ષવર્ધને રત્નાવલી અને પ્રિયદર્શિકા નામની બે નાટિકાઓ રચી છે.

આ નાટકની પ્રસ્તાવનામાં કાલિદાસ ભાસને માટે **પ્રથિતયશસ્** - (જેનો યશ જાણીતો છે તે) એવું વિશેષણ વાપરે છે. એ પરથી જણાય છે કે ભાસ કાલિદાસના પુરોગામી છે. સાથે સાથે કાલિદાસ એમ પણ કહે છે કે જૂનું એટલું સારું અને નવું એટલે

ખરાબ એવું નહીં. પારખુ લોકો સારા-ખરાબનો નિર્ણય ચકાસણી કરીને જ લે છે. દરેક યુગમાં સારું-ખરાબ બન્ને પ્રકારનું સાહિત્ય હોય છે એવું સનાતન સત્ય પણ એમણે કહ્યું છે કે 'જે સ્વયં જ્ઞાની હોવા સાથે સારું શીખવાડી પણ શકે તે શ્રેષ્ઠ શિક્ષક કહેવાય'.

નાટકમાં ભાષા પણ પાત્રોને અનુરૂપ છે. માલવિકા મુગ્ધા નાયિકા છે. વિદૂષકનું પાત્ર રાજા કરતાં વધારે પ્રભાવવાળું લાગે છે. ઐતિહાસિક દ્રષ્ટિએ આ નાટક અગત્યનું છે કેમકે તેમાં આવતો રાજસૂય યજ્ઞનો ઉલ્લેખ કાલિદાસનો સમય નક્કી કરવામાં મદદરૂપ થાય છે. સાહિત્યિક દ્રષ્ટિએ આ નાટક કાલિદાસના બીજા બે નાટકો વિક્રમોર્વશીય અને અભિજ્ઞાન શાકુન્તલ કરતાં પ્રમાણમાં નબળું છે. આથી આ નાટક કાલિદાસે સૌથી પ હેલાં લખ્યું હશે તેમ વિવેચકો માને છે.

## ૨.૪ તમારી પ્રગતિ ચકાસો.

★ **નીચેના પ્રશ્નોના ઉત્તર આપો**

૧. કાલિદાસના જીવન વિશે પ્રચલિત દંતકથા જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

૨. કાલિદાસના નિવાસસ્થાન વિશેની માહિતી આપો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

૩. કાલિદાસના વ્યક્તિત્વનો ટૂંક પરિચય આપો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

૪. કાલિદાસના સમય વિશે નોંધ લખો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

૫. માલવિકાગ્નિમિત્રમ્ નાટકની કથાવસ્તુનો પરિચય આપો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

૬. માલવિકાગ્નિમિત્રમ્ ની સમીક્ષા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**હેતુલક્ષી પ્રશ્નો :**

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

**૧. કાલિદાસ જન્મે કઈ જાતિના હતા ?**

(અ) બ્રાહ્મણ

(બ) વૈશ્ય

(ક) શૂદ્ર

(ડ) ક્ષત્રિય

૨. **મેઘદૂત કયા પદથી શરૂ થાય છે ?**

(અ) वाग्

(બ) अस्ति

(ક) कश्चित्

(ડ) अथ

૩. **કાલિદાસની કઈ કૃતિનું કથાનક ઐતિહાસિક છે ? જે સમય નિર્ધારણમાં મદદરૂપ થઈ શકે છે ?**

(અ) અભિજ્ઞાન શાકુન્તલ

(બ) મેઘદૂત

(ક) રઘુવંશ

(ડ) માલવિકાગ્નિમિત્ર

૪. **બાણે કઈ કૃતિમાં કાલિદાસની પ્રશંસા કરી છે ?**

(અ) હર્ષચરિત

(બ) કાદમ્બરી

(ક) દશકુમારચરિત

(ડ) બૃહત્કથા

૫. **કાલિદાસને કોણે પ્રસન્ન થઈ જ્ઞાન આપ્યું ?**

(અ) સરસ્વતી

(બ) મહાલક્ષ્મી

(ક) કાલીદેવી

(ડ) ચામુંડા

૬. **માલવિકાગ્નિમિત્ર નાટકનો મુખ્ય રસ કયો છે ?**

(અ) વીરરસ

(બ) શૃંગારરસ

(ક) કરુણરસ

(ડ) અદ્ભુતરસ

૭. **માલવિકાગ્નિમિત્રમ્ માં કયા વંશના રાજાનું વર્ણન છે?**

(અ) સૂર્યવંશ

(બ) ચંદ્રવંશ

(ક) શુંગવંશ

(ડ) મૌર્યવંશ

૮. **ઈરાવતીના નૃત્યશિક્ષકનું નામ જણાવો.**

(અ) હરદત્ત

(બ) ગણદાસ

(ક) કલાદત્ત

(ડ) જ્ઞાનદેવ

**૯. માલવિકાના નૃત્યશિક્ષકનું નામ જણાવો.**

(અ) ગણદાસ

(બ) નારદ

(ક) ગંધર્વ

(ડ) હરદત્ત

**૧૦. વિદૂષકનું નામ જણાવો.**

(અ) મૈત્રેય

(બ) વસન્તક

(ક) ગૌતમ

(ડ) માઢવ્ય

એકમ ૬

# વિક્રમોર્વશીય અને અભિજ્ઞાનશાકુન્તલ

## રૂપરેખા


૩.૦ ઉદ્દેશ

૩.૧ પ્રસ્તાવના

૩.૨ વિક્રમોર્વશીય

૩.૩ અભિજ્ઞાનશાકુન્તલ

૩.૪ તમારી પ્રગતિ ચકાસો.


## ૩.૦ ઉદ્દેશ :

સંસ્કૃત વિષયના પ્રથમ વર્ષ બી.એ. ૦૧ (ફરજિયાત વિષય)ના આ ત્રીજા યુનિટમાં મહાકવિ કાલિદાસ રચિત બે નાટકો – (૧) વિક્રમોર્વશીયમ્ અને (૨) અભિજ્ઞાન શાકુન્તલનો પરિચય આપવામાં આવ્યો છે.

- જેના થકી વિદ્યાર્થી વિક્રમોર્વશીયમ્‌ના કથાવસ્તુ અને વિશેષતાથી માહિતગાર થશે.
- અભિજ્ઞાન શાકુન્તલના અભ્યાસથી વિદ્યાર્થી વિશ્વપ્રસિદ્ધ સંસ્કૃત નાટકથી માહિતગાર થશે તેમજ કાલિદાસની નાટ્યકાર તરીકેની વિશેષતાઓથી પણ પરિચિત થશે.

## ૩.૧ પ્રસ્તાવના :

કાલિદાસે કુલ સાત કૃતિઓ લખી છે. જેમાંથી ત્રણ રૂપકો છે કે નાટકો છે. આ ત્રણેય પ્રણયપ્રધાન કથાવસ્તુ ધરાવે છે. છતાંય ત્રણેયનું કથાવસ્તુ અને રજૂઆતમાં વિશેષતા રહેલી છે.

વિક્રમોર્વશીયમ્ એ સંસ્કૃત સાહિત્યનું એક એવું વિશિષ્ટ નાટક છે જેમાં નાયિકા દૈવી અપ્સરા અને નાયક પૃથ્વીલોકનો રાજા છે. અહીં કાલિદાસે દિવ્ય અને મર્ત્યનું મિલન દર્શાવ્યું છે.

- અભિજ્ઞાન શાકુન્તલ નાટકે કાલિદાસને વિશ્વસાહિત્યમાં પ્રથમ હરોળમાં મૂક્યા છે. અથવા તો એમ કહી શકાય કે કાલિદાસનું અભિજ્ઞાનશાકુન્તલ સમગ્ર વિશ્વના નાટ્યસાહિત્યમાં અત્યંત પ્રતિષ્ઠિત અને પ્રસિદ્ધ છે. આ નાટકની વિશેષતાઓનો પરિચય આ યુનિટમાં રજૂ કરવામાં આવ્યો છે.

## ૩.૨ વિક્રમોર્વશીય (विक्रमोर्वशीयम्)

આ કાલિદાસનું બીજું નાટક છે. નાટકનો વિષય સ્વર્ગની અપ્સરા ઉર્વશી અને રાજા પુરુરવા વચ્ચેની પ્રણયકથા છે. સ્વર્ગની અપ્સરા ઉર્વશી કુબેરભવનથી તેની સખી ચિત્રલેખા સાથે પાછી જતી હોય છે. ત્યાં રસ્તામાં કેશી નામનો દાનવ તેનું અપહરણ કરી જાય છે ત્યારે રાજા પુરુરવા કૈશી દૈત્યનો પીછો કરી ઉર્વશી અને ચિત્રલેખાને છોડાવે છે. ઉર્વશી પ્રથમ નજરે જ તેને બચાવનાર રાજાના પ્રેમમાં પડી જાય છે પણ ઉર્વશી સ્વર્ગલોકની રહેવાસી છે એટલે તેને સ્વર્ગમાં પાછા જવું પડે છે. રાજા ઉર્વશીના

દૈવી સૌન્દર્યથી આકર્ષાયો છે. રાજા મહેલમાં પાછો જાય છે પછી શૂન્યમનસ્ક રહેતો હોય છે. રાજાની આ દશા જોઈ રાણી ઔશીનરી સમજી જાય છે કે રાજા કોઈ સ્ત્રીના પ્રેમમાં છે. રાણીની દાસી નિપુણિકા હોંશિયારીપૂર્વક વિદૂષક પાસેથી જાણી લે છે કે રાજા પુરુરવા સ્વર્ગની અપ્સરા ઉર્વશીના પ્રેમમાં છે. સ્વર્ગમાં ગયેલી ઉર્વશી પણ રાજાને મળવા બેબાકળી બને છે અને અદ્રશ્ય રહેવાય તેવી તિરસ્કરિણી વિદ્યાનો આશ્રય લઈ પૃથ્વીલોક પર પુરુરવાના રાજ્ય પ્રતિષ્ઠાનપુરમાં આવે છે. તે અદ્રશ્ય રહીને જુએ છે કે રાજા પણ તેના વિરહમાં દુઃખી છે. આ જોઈને તે ભૂર્જપત્ર પર પ્રેમસંદેશ લખીને રાજા તરફ ફેંકે છે. રાજા ઉર્વશીનો પ્રેમપત્ર વાંચીને વિદૂષકને આપે છે. ઉર્વશી પણ પ્રત્યક્ષ રાજા સામે આવે છે. બન્ને પ્રેમીઓ પહેલીવાર હજુ મળ્યા જ હોય છે ત્યાં જ ઈન્દ્રનો દૂત સંદેશો લઈને આવે છે કે ઈન્દ્રની સભામાં નાટક ભજવવાનું છે જેમાં ઉર્વશીએ અભિનય કરવાનો હોવાથી તેને સ્વર્ગમાં હાજર થવાનું છે. આ સમાચાર મળતા ઉર્વશી સ્વર્ગમાં પાછી જાય છે. રાજએ વિદૂષકને ઉર્વશીનો જે પ્રેમપત્ર સાચવવા આપ્યો હોય છે તે વિદૂષકની બેદરકારીને લીધે ઊડી જાય છે. રાજા અને વિદૂષક એ પ્રેમપત્ર શોધતા હોય છે ત્યાં જ રાણી ઔશનરી આવે છે જે પ્રેમપત્ર ઔશીનરીના પગ સાથે અથડાય છે અને તેના હાથમાં તે લે છે. રાજાની હાલત મુદ્દામાલ સાથે પકડાયેલ ચોર જેવી થઈ જાય છે. રાજા રાણીને મનાવવાનો ખૂબ પ્રયત્ન કરે છે પણ રાણી નારાજ થઈને ચાલી જાય છે.

આ બાજુ સ્વર્ગમાં નાટક ભજવવા ગયેલી ઉર્વશીએ 'લક્ષ્મીસ્વયંવર' નાટકમાં લક્ષ્મીનું પાત્ર ભજવવાનું હતું. આ નાટકમાં તેણે જ્યાં 'પુરુષોત્તમ' એમ બોલવાનું હતું ત્યાં તે ભૂલથી 'પુરુરવા' એમ બોલી જાય છે. તેની ભૂલ થતા ભરતમુનિ તેને ગુસ્સે થઈ શાપ આપે છે કે 'તું પૃથ્વીલોકમાં જતી રહે.' બધા દેવોની હાજરીમાં ઉર્વશી બહુ ભોંઠી પડી જાય છે ત્યારે ઈન્દ્ર ભરતમુનિને શાપ માફ કરવાની વિનંતી કરે છે ત્યારે ભરતમુનિ કહે છે કે—'જ્યારે; ઉર્વશીથી ઉત્પન્ન થયેલ સંતાનનું મોં તેના પિતા જોશે ત્યારે ઉર્વશીનો શાપ પૂરો થશે તેણે સ્વર્ગમાં પાછા આવવાનું રહેશે.' ભરતમુનિના શાપને લીધે ઉર્વશી પૃથ્વી પર આવે છે. અહીં ફાયદો થાય છે કે ઉર્વશી સ્વર્ગમાં હતી ત્યારે પૃથ્વી પર રહેલા રાજાને જલદી મળી ન શકે હવે તો તે પૃથ્વી પર જ આવી ગઈ એટલે બન્ને પ્રેમીઓનું મિલન સરળતાથી થઈ શકે. ઉર્વશી અને પુરુરવાના મિલનમાં હજુ એક વિઘ્ન છે અને તે છે રાણી ઔશીનરી આ વિઘ્ન પણ કાલિદાસે પ્રિયાનુપ્રસાદનવ્રતના બહાને દૂર કર્યું છે.

રાજાનો પ્રેમપત્ર પકડાવાથી નારાજ થઈને ચાલી ગયેલી રાણી ઔશીનરીને થોડો સમય વીત્યા પછી પસ્તાવો થાય છે એટલે તે પ્રિયાનુપ્રસાદનવ્રત કરે છે જેમાં તે રાજાની પૂજા કરીને એવું જાહેર કરે છે કે ''રાજા જેને ચાહતા હોય અને જે કોઈ સ્ત્રી રાજાને ચાહતી હશે તો હું તેમની વચ્ચે વિઘ્નરૂપ બનીશ નહીં.'' — આમ રાણી પણ પ્રિયાનુપ્રસાદનવ્રતના બહાને રાજા પુરુરવા અને ઉર્વશીના પ્રણયમાર્ગમાંથી ખસી જાય છે.

રાજા અને ઉર્વશી ગંધમાદન પર્વત પર ફરવા જાય છે ત્યાં રાજા કોઈ વિદ્યાધરકન્યાને ધ્યાનથી નિહાળી રહ્યા હોય છે. તે જોઈ ઉર્વશી રિસાઈ જાય છે અને ભૂલથી જયાં સ્ત્રીઓને પ્રવેશવાની મનાઈ છે તેવા કુમારવનમાં ઘૂસી જાય છે કુમારવનમાં જતાં વેંત જ તે એક વેલી (લતા) બની જાય છે.આ બાજુ ઉર્વશીના અચાનક ગૂમ થઈ જવાથી રાજા દુઃખી દુઃખી થઈ જાય છે ઉર્વશીને શોધતો અને પ્રલાપ કરતો વનમાં ભટકે છે ત્યાં તેને એક લાલ ચળકતો મણિ મળે છે આ મણિ મળે છે કે તરત જ રાજા ઉર્વશી જેવા ઘાટવાળી વેલને જોઈ તેને ભેટે છે ત્યાં તો તે વેલી ઉર્વશી બની જાય છે. આ મણિને લીધે ઉર્વશી પાછી મળી હોવાથી તેને માટે સંગમનીય મણિ (પ્રિયવ્યક્તિનો મેળાપ કરાવી આપનાર મણિ) એવું નામ પ્રયોજ્યું છે. આ મણિને લઈ જવાતો હતો ત્યારે તેને માંસનો ટૂકડો સમજીને એક ગીધ ઉપાડી જાય છે. રાજાના

સૈનિકો ગીધની પાછળ દોડે છે એટલાંમાં કોઈ ગીધને બાણ મારે છે. ગીધ મરી જાય છે અને સંગમનીયમણિ પાછો મળે છે. ગીધને જે બાણ વાગ્યું હતું તેને રાજા ધ્યાનથી વાંચે છે એમાં આ બાણ જેનું હોય છે તેનું નામ લખ્યું હોય છે કે 'ઉર્વશીથી જન્મેલ પુરૂરવા (ઐલ) નો પુત્ર કુમાર આયુષ' આ વાંચતા જ રાજા ખુશ થઈ જાય છે કારણકે એ તેનો પોતાનો અને ઉર્વશીનો પુત્ર છે. પણ રાજાને આશ્ચર્ય થાય છે કે પોતે ઉર્વશીને કયારેય સગર્ભા જોઈ નથી તો આ સંતાન કેવી રીતે ? ઉર્વશી દૈવી સ્ત્રી-અપ્સરા હોવાથી સગર્ભાના લક્ષણો દેખાતા નથી. એટલામાં ચ્યવન ઋષિના આશ્રમમાંથી તાપસી એક કુમારને લઈને આવે છે અને જણાવે છે કે આણે આશ્રમમાં એક પક્ષીને મારી નાંખ્યું છે એટલે હવે તેને આશ્રમમાં રહેવાની છૂટ નથી. રાજાને સંગમનીય મણિ મળ્યા પછી પુત્ર પણ મળે છે. રાજા ઉર્વશીને આ પુત્ર છુપાવવાનું કારણ પૂછે છે ત્યારે ઉર્વશી ભરતમુનિના શાપની વાત કરે છે. કે "રાજા જો તેના પુત્રનું મોં જુએ તો પોતે સ્વર્ગમાં પાછા જવું પડે." પરંતુ; હવે રાજાએ કુમાર આયુષને જોઈ લીધો એટલે ઉર્વશીએ સ્વર્ગમાં પાછા જવું પડશે. આ વાત જાણી રાજા દુઃખી થઈ જાય છે. ત્યાં ભગવાન નારદ આવે છે, કુમાર આયુષનો રાજ્યાભિષેક કરે છે અને ઈન્દ્રનો સંદેશો જણાવે છે કે "પુરુરવા તો ઈન્દ્રને યુદ્ધમાં મદદ કરે છે ઉર્વશી સ્વર્ગમાં જતી રહેવાથી જો રાજા શસ્ત્રો મૂકી દે તો ઈન્દ્રને ભવિષ્યમાં યુદ્ધ વખતે મદદ કોણ કરે ? એટલે ઉર્વશીને આજીવન પુરુરવા પાસે જ રહેવા દો."

નાટકના અંતે કુમાર આયુષનો રાજ્યાભિષેક અને પુરુરવા-ઉર્વશીનું કાયમનું મિલન થાય છે સુખદ અંત સાથે નાટક પુરું થાય છે.

**સમીક્ષા :**

આ નાટકનો નાયક પુરુરવા ધીરલલિત પ્રકારનો નાયક છે. કથાવસ્તુ વેદ, પુરાણ, મહાભારત અને કથાસરિત્સાગરમાંથી લેવામાં આવ્યું છે. જેમાં કાલિદાસે ઘણા મૌલિક ફેરફારો કર્યા છે. ઔશીનરી ગુણિયલ, વ્યવહારુ, સુંદર, ગૌરવશાળી સ્ત્રી છે. ઉર્વશી દિવ્ય નાયિકા છે. આ ઉપરાંત વિદૂષક, ચિત્રલેખા, નિપુણિકા જેવા પાત્રો પણ કથાવસ્તુના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. રંગમંચ યોગ્યતાની રીતે પણ આ નાટક ઉત્તમ છે.

નાટકમાં ઉર્વશીના અપહરણનો પ્રસંગ, એકાવલી પ્રસંગ, ભૂર્જપત્ર પ્રસંગ, ભરતમુનિના શાપનો પ્રસંગ, પ્રિયાનુપ્રસાદનવ્રત પ્રસંગ, વિદ્યાધરદારિકાનો પ્રસંગ, સંગમનીય મણિનો પ્રસંગ વગેરેને લીધે કથાવસ્તુનો સહજ વિકાસ સાધ્યો છે. પુરુરવાના વિલાપોમાં તેની મનોવેદના ખૂબ સરસ રીતે વ્યક્ત થાય છે. આ પ્રસંગની એ વિશેષતા છે કે સમગ્ર અંકમાં રંગમંચ પર એકમાત્ર મનુષ્ય રાજા છે પણ પ્રકૃતિના વિવિધ અંગો વૃક્ષો, ભ્રમર, મોર, નદી, કોયલ, રાજહંસ, ઈન્દ્રગોપ, ચક્રવાકપક્ષી, હરણ વગેરે જીવંતપાત્રની ભૂમિકા ભજવે છે. જીવંતપાત્ર તરીકે પ્રકૃતિનો વિનિયોગ એ કાલિદાસની વિશેષતા છે. જે અહીં સુપેરે જોવા મળે છે.

સુંદર વર્ણનો જેમકે; ઉર્વશીના સૌંદર્યનું વર્ણન પણ અત્યંત આકર્ષક છે. ભાષા પ્રાસાદિક છે. સંવાદો પ્રયોગક્ષમ છે.

## ૩.૩ અભિજ્ઞાનશાકુન્તલ (अभिज्ञानशाकुन्तलम् )

અભિજ્ઞાનશાકુન્તલ મહાકવિ કાલિદાસનું સર્વશ્રેષ્ઠ નાટક છે. જે વિશ્વના શ્રેષ્ઠ નાટકોમાં સ્થાન ધરાવે છે. આ નાટક સાત અંકનું છે.

હસ્તિનાપુરનો રાજા દુષ્યન્ત અને કણ્વની પાલકપુત્રી શકુન્તલાનો પ્રેમ આ

નાટકનું મુખ્ય કથાવસ્તુ છે. રાજા દુષ્યન્ત શિકાર કરતા કરતા કણ્વમુનિના આશ્રમમાં પહોંચી જાય છે. ત્યાં તે કણ્વની પુત્રી શકુન્તલાને જુએ છે. જોતાવેંત જ તેને શકુન્તલા ગમી જાય છે પણ તે ઋષિકન્યા હોવાથી તેની સાથે પ્રેમમાં આગળ વધતા અચકાય છે પણ તેને શકુન્તલાની સખીઓ પાસેથી જાણવા મળે છે કે શકુન્તલા વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી છે. શકુન્તલા પણ રાજાને જોતાવેંત જ તેમના પ્રેમમાં પડી જાય છે. તે સમયે કણ્વમુનિ શકુન્તલાના જીવનમાં કોઈ વિપત્તિ આવવાની છે એવું ભવિષ્ય જાણીને તે વિપત્તિની શાન્તિ માટે (તે વિપત્તિ ન આવે તે માટે) સોમતીર્થ ગયા હોય છે. અતિથિઓના સત્કારની જવાબદારી શકુન્તલાને માથે હોય છે. શકુન્તલા વૃક્ષોને પાણી પાતી હોય છે ત્યાં એક ભમરો તેને હેરાન કરે છે ત્યારે રાજા આવીને બચાવે છે. રાજાની સાથે તેમનો મિત્ર વિદૂષક માધવ્ય પણ હોય છે. રાજા પ્રેમમાં પડયો છે તે જાણતાં જ વિદૂષક કંટાળી જાય છે પણ એટલામાં રાજ્યમાંથી સંદેશો આવે છે. પુત્રપિંડપાલન વ્રત માટે રાજમાતાના કહેણથી રાજા વિદૂષક માધવ્યને પોતાની જગ્યાએ મોકલી દે છે અને કણ્વમુનિની ગેરહાજરીમાં આશ્રમના રક્ષણને બહાને આશ્રમમાં જ રોકાઈ જાય છે. રાજાના આશ્રમમાં રોકાવાથી તપોવનમાં ઋષિમુનિઓને ખૂબ રાહત થઈ જાય છે. રાજાના પ્રેમમાં પડેલી શકુન્તલા અસ્વસ્થ થઈ જાય છે. તેની સખીઓ પ્રિયંવદા અને અનસૂયા તેની કામપીડા દૂર કરવાના વિવિધ ઉપચારો કરે છે એટલામાં રાજા દુષ્યન્ત ત્યાં આવી ચડે છે. બન્નેનું એકાંતમાં મિલન થાય છે. બન્ને ગાંધર્વવિવાહથી જોડાય છે. એ પછી રાજ્યમાંથી સંદેશો આવતા દુષ્યન્ત હસ્તિનાપુર પાછો જાય છે. જતી વખતે પોતાની રાજમુદ્રા (પોતાનું '**दुष्यन्त**' એવું નામ લખેલી) વાળી વીંટી શકુન્તલાને આપતો જાય છે અને કહે છે કે 'આ વીંટીમાં જેટલા અક્ષરો છે તે ગણશે એટલા દિવસોમાં તો રાજા તેને હસ્તિનાપુર બોલાવી લેશે. દુષ્યન્તના ગયા પછી શકુન્તલા સૂનમૂન થઈ બેઠી હોય છે. તે જ સમયે દુર્વાસામુનિ આશ્રમમાં આવે છે. પણ શકુન્તલાને તો આંગણે કોઈ આવ્યું હોવાની ખબર જ નથી. તે દુષ્યન્તના વિચારોમાં જ ખોવાયેલી છે. દુર્વાસામુનિ શકુન્તલાના આ વર્તનને પોતાનું અપમાન સમજે છે. શકુન્તલાએ તેને સોંપવામાં આવેલ અતિથિઓના સત્કારની જવાબદારી યોગ્ય રીતે બજાવી ન હોવાથી તેને શાપ આપે છે કે 'તું જેને યાદ કરે છે તે જ તને ભૂલી જશે.' દુર્વાસાનો શાપ સાંભળીને શકુન્તલાની બે સખીઓ પ્રિયંવદા અને અનસૂયા ત્યાં દોડી આવે છે. દુર્વાસાની માફી માંગી શાપ દૂર કરવાનું કહે છે. ત્યારે દુર્વાસા કહે છે કે ''મારા શબ્દો તો ખોટા નહીં પડે પણ યાદગીરીની કોઈ વસ્તુ બતાવવાથી (અભિજ્ઞાનથી) એને ભૂલી જનાર વ્યક્તિને બધું યાદ આવી જશે.'' શકુન્તલા તો આ શાપની વાતથી જ અજાણ છે. તેની સખીઓ પણ તેને આ વાત કહેતી નથી. કણ્વમુનિ સોમતીર્થથી પાછા આવે છે ત્યારે તે તપના પ્રભાવથી જાણી લે છે કે શકુન્તલા સગર્ભા છે. કણ્વમુનિ તે જ દિવસે શકુન્તલાને સાસરે વિદાય કરવાની તૈયારી કરે છે તેને શાઙ્‌ર્ગરવ અને શારદ્વત નામના બે વૈખાનસો અને તાપસી સાથે સાસરે મોકલે છે. તે જતી હોય છે ત્યારે એની સખીઓ માત્ર એટલું જ કહે છે કે 'રાજા તને ઓળખતા વાર કરે તો તારે રાજાએ ભેટમાં આપેલી આ વીંટી કે જે તેં આંગળીમાં પહેરી છે તે બતાવી દેવી.' શકુન્તલા બે વૈખાનસો અને તાપસી સાથે હસ્તિનાપુર રાજાના દરબારમાં પહોંચે છે. કણ્વમુનિને ત્યાંથી ઋષિકુમારો આવ્યા છે તે જાણી દુષ્યન્તને મનમાં પ્રશ્ન થાય છે કે તે લોકો શું કામ આવ્યા હશે ? — આ પરથી ખબર પડી જાય છે કે રાજા શાપને લીધે શકુન્તલાને સાવ ભૂલી ગયો છે. બે વૈખાનસો અને તાપસી જયારે રાજાને કહે છે કે 'ગર્ભવતી શકુન્તલાનો સહધર્મચારિણીરૂપે સ્વીકાર કરો' ત્યારે રાજાને આશ્ચર્ય થાય છે. પોતે શકુન્તલાને ઓળખતો જ નથી. શકુન્તલા રાજાને યાદ અપાવવા આંગળીએ પહેરેલી વીંટી કાઢવા જાય છે પણ એ તો રસ્તામાં શચીતીર્થમાં જળને વંદન કરતા આંગળીમાંથી સરી પડી હોય છે. રાજાને તો આ બધુ

જ બનાવટ જેવું લાગે છે. બન્ને વૈખાનસો શકુન્તલાને રાજા દુષ્યન્તના મહેલમાં એકલી જ મૂકીને પાછા ચાલ્યા જાય છે. પુરોહિત જણાવે છે કે 'રાજાને ચક્રવર્તી પુત્ર પ્રાપ્ત થવાના આશીર્વાદ મળ્યા છે. એટલે આ સ્ત્રીને પ્રસવ થાય ત્યાં સુધી તેને હું મારે ત્યાં રાખીશ. જો તેનું સંતાન ચક્રવર્તીના લક્ષણોવાળું હોય તો એ તમારી પત્ની છે તેમ નક્કી થશે' રાજા આ વાત માને છે. પુરોહિત શકુન્તલાને લઈને જતા હોય છે ત્યાં રસ્તામાં જ સ્ત્રીનું રૂપ ધારણ કરેલ તેજ આવીને શકુન્તલાને લઈને જતું રહે છે. આ સાંભળી રાજાને કંઈક અકળ દુઃખ અને વ્યથા થાય છે.

એ પછી એક મહત્ત્વનો પ્રસંગ બને છે. દુષ્યન્ત-શકુન્તલાને આશીર્વાદ આપે છે. દુષ્યન્ત પોતે અકારણ શકુન્તલાનો અસ્વીકાર કર્યો હોવાથી તેમની માફી માગે છે. ત્યારે મારીચ ઋષિ બન્નેને દુર્વાસાના શાપની વાત જણાવે છે. જેનાથી દુષ્યન્ત અને શકુન્તલા બન્નેને તેમના જીવનમાં બનેલી ઘટના વિશે કોઈ દુઃખ કે રંજ રહેતો નથી. કણ્વને પણ દુષ્યન્ત-શકુન્તલાના મિલનના સમાચાર પહોંચાડવામાં આવે છે.

શકુન્તલા અને ચક્રવર્તી પુત્રની પ્રાપ્તિ સાથે આ નાટક પૂરું થાય છે.

**સમીક્ષા :**

આ નાટકનું કથાવસ્તુ મહાભારતના શકુન્તલોપાખ્યાન અને પદ્મપુરાણમાંથી લેવામાં આવ્યું છે. મહાભારતની મૂળ કથામાં દુષ્યન્ત રાજા શકુન્તલાને ઓળખી જાય છે તો પણ તેને સ્વીકારવાની ના પાડે છે. જેને કાલિદાસે દુર્વાસાના શાપનો પ્રસંગ ઉમેરી બદલી નાખ્યું છે. જેને લીધે રાજાનું પાત્ર ઝાંખું પડતું નથી. આ નાટકમાં ભ્રમરબાધા પ્રસંગ, પુત્રપિંડપાલનવ્રત પ્રસંગ, દુર્વાસામુનિનો શાપ, ધીવર પ્રસંગ, શકુન્તલા વિદાય, શકુન્તલા પ્રત્યાખ્યાન પ્રસંગ મહત્વના છે. દુર્વાસાનો શાપ નાટકનો સૌથી મહત્ત્વનો પ્રસંગ છે જેનાથી નાટકમાં સંઘર્ષ ઉભો થાય છે અને સંઘર્ષ નાટકનો પ્રાણ છે. આ ઉપરાંત શકુન્તલા વિદાયનો પ્રસંગ સામાજીક ઘટનાને એટલી સરસ રીતે નિરૂપે છે કે કોઈપણ વાચકને રડાવી દે.

કાલિદાસની અન્ય કૃતિઓની જેમ જ આ નાટકમાં પણ પ્રકૃતિ જીવંતપાત્રની જેમ વર્ણવાઈ છે વૃક્ષો, વેલીઓ, સાસરે જતી શકુન્તલાને રેશમીવસ્ત્રો, અળતો અને આભૂષણો ભેટમાં આપે છે. હરણાં પણ શકુન્તલા સાસરે જાય છે ત્યારે આંસુ સારે છે. પુત્રીને સાસરે વિદાય કરતા પુત્ર અને પિતાની વેદના આબેહૂબ વર્ણવી છે.

સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં અભિજ્ઞાનશાકુન્તલ સર્વશ્રેષ્ઠ નાટક છે. તેનોય ચોથો અંક અને ચોથા અંકના ચાર શ્લોકો શ્રેષ્ઠ છે એવું આ શ્લોકમાં જણાવ્યું છે –

**"काव्येषु नाटकं रम्यं तत्र रम्या शकुन्तला ।**
**तत्रापि च चतुर्थोङ्कस्तत्र श्लोक चतुष्ट्यम् ।।"**

વળી, આ નાટકમાં એ આદર્શ પણ ચરિતાર્થ કર્યો છે કે શકુન્તલા પ્રેમમાં ફરજ ભૂલી જાય છે ત્યારે શાપ (દંડ) લાગે છે. માણસે સહુનો વિચાર કરવો જોઈએ માત્ર પોતાનો જ નહીં. એ આદર્શ અહીં ચરિતાર્થ કર્યો છે.

આ કૃતિએ કાલિદાસને અમરકીર્તિ પ્રદાન કરી છે.

## ૩.૪ તમારી પ્રગતિ ચકાસો.

★ **નીચેના પ્રશ્નોના ઉત્તર આપો**

૧. વિક્રમોર્વશીયમ્ નાટકનું કથાવસ્તુ જણાવો.

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

૨. વિક્રમોર્વશીયમ્ ની સમીક્ષા કરો.

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

૩. ઉર્વશી અને પુરુરવાના મિલનમાં વિઘ્નરૂપ બાબતો કઈ રીતે દૂર થાય છે ?

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

૪. સંગમનીય મણિની પ્રાપ્તિથી રાજા પુરુરવાને શું શું મળે છે ? સમજાવો.

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

૫. અભિજ્ઞાનશાકુન્તલ નાટકના કથાવસ્તુનો ટૂંક પરિચય આપો.

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

૬. શકુન્તલાના પાત્રનો પરિચય આપો.

.................................................................................
.................................................................................
.................................................................................

..............................................................

૭. દુષ્યન્તના પાત્રનો પરિચય આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૮. દુર્વાસાના શાપનો પ્રસંગ અને તેની નાટકમાં મહત્તા જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૯. સર્વદમને પહેરેલ માદળિયું તેની ઓળખાણમાં કઈ રીતે મદદરૂપ થાય છે? સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**હેતુલક્ષી પ્રશ્નો :**

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

**૧. વિક્રમોર્વશીયમ નાટકની મુખ્ય નાયિકાનું નામ જણાવો.**

(અ) ઉર્વશી

(બ) માલવિકા

(ક) રત્નાવલી

(ડ) રંભા

**૨. ઉર્વશીને કોણ શાપ આપે છે ?**

(અ) ભરતમુનિ

(બ) વસિષ્ઠ મુનિ

(ક) વિશ્વામિત્ર

(ડ) દુર્વાસા

**૩. વિક્રમોર્વશીયમ્ નાટકનો મુખ્યરસ ક્યો છે ?**

(અ) શૃંગાર

(બ) વીર

(ક) કરુણ

(ડ) હાસ્ય

**૪. ઉર્વશી અને પુરુરવાના પુત્રનું નામ જણાવો.**

(અ) લવ-કુશ

(બ) સર્વદમન

(ક) કુમાર આયુષ

(ડ) ભરત

**૫. રાજાને કયો મણિ મળે છે ?**

(અ) સંગમનીય

(બ) દ્રવમણિ

(ક) અજમણિ

(ડ) સદમ્યુષ્યમણિ

**૬. રાણી ઔશીનરી કયું વ્રત કરે છે ?**

(અ) પ્રિયાનુપ્રસાદન

(બ) પુરુષોત્તમ

(ક) એવરતજીવરત

(ડ) જયાપાર્વતી

**૭. ઉર્વશીને કોણ ઉપાડી જાય છે ?**

(અ) કૈશી દૈત્ય

(બ) લવણાસુર

(ક) બકાસુર

(ડ) ખરદૂષણ

**૮. ઉર્વશી શેને કારણે અદ્રશ્ય રહી શકે છે ?**

(અ) તિરસ્કરિણી વિદ્યા

(બ) અપરાજિતા વિદ્યા

(ક) અપરાવિદ્યા

(ડ) પરાવિદ્યા

**૯. ઉર્વશી અને પુરુરવા કયા પર્વત પર ફરવા જાય છે ?**

(અ) ગંધમાદન

(બ) હિમાલય

(ક) વિન્ધ્યાચળ

(ડ) નીલગિરી

**૧૦. રાજા આશ્રમમાં આવે છે ત્યારે કણ્વમુનિ ક્યાં ગયા હોય છે ?**

(અ) સોમતીર્થ

(બ) રાજતીર્થ

(ક) ગયા

(ડ) કૈલાસધામ

**૧૧. રાજા વિદૂષકને કયા પ્રસંગે રાજયમાં પાછો મોકલે છે ?**

(અ) પુત્રપિંડપાલનવ્રત પ્રસંગ

(બ) શ્રાધ્ધ પ્રસંગ

(ક) લગ્ન પ્રસંગ

(ડ) નામકરણ પ્રસંગ

**૧૨. દુષ્યન્ત શકુન્તલાને શું આપીને રાજ્યમાં પાછો જાય છે ?**

(અ) વીંટી

(બ) માળા

(ક) કંકણ

(ડ) ઝાંઝર

**૧૩. શકુન્તલાને કોણ શાપ આપે છે ?**

(અ) દુર્વાસા

(બ) વસિષ્ઠ

(ક) કણ્વ

(ડ) અત્રિ

**૧૪. દુષ્યન્ત અને શકુન્તલાનું પુનઃમિલન કોના આશ્રમમાં થાય છે ?**

(અ) મારીચઋષિના

(બ) કણ્વના

(ક) દુર્વાસાના

(ડ) વસિષ્ઠના

**૧૫. અભિજ્ઞાનશાકુન્તલમ્ નો ક્યો અંક શ્રેષ્ઠ મનાય છે ?**

(અ) પહેલો

(બ) ચોથો

(ક) પાંચમો

(ડ) સાતમો

**૧૬. ઈન્દ્રના સારથિનું નામ જણાવો.**

(અ) શલ્ય

(બ) કૃષ્ણ

(ક) માતલિ

(ડ) સૂત્રધાર

**૧૭. વીંટી કોને મળે છે ?**

(અ) માછીમારને

(બ) ધોબીને

(ક) સુથારને

(ડ) ઋષિપુત્રને

**૧૮. અભિજ્ઞાન શાકુન્તલનું કથાવસ્તુ શેમાંથી લેવાયું છે ?**

(અ) મહાભારત

(બ) રામાયણ

(ક) બૃહત્કથા

(ડ) કથાસરિત્સાગર

એકમ
૭

# ભવભૂતિ જીવન અને કૃતિઓનો પરિચય

## રૂપરેખા

૪.૦ ઉદ્દેશ
૪.૧ પ્રસ્તાવના
૪.૨ ભવભૂતિ જીવન
૪.૩ ભવભૂતિ કૃતિઓ
૪.૪ તમારી પ્રગતિ ચકાસો

### ૪.૦ ઉદ્દેશ :

સંસ્કૃત વિષયના પ્રથમ વર્ષ બી.એ. ૦૧ (ફરજિયાત વિષય) ના આ ચોથા યુનિટમાં સંસ્કૃત નાટ્યકારોમાં મહાન એવા ભવભૂતિનો પરિચય આપવામાં આવશે.

- ભવભૂતિએ પોતે પોતાની કૃતિના આરંભે પોતાનો પરિચય આપ્યો છે. તેનાથી વિદ્યાર્થી માહિતગાર થશે.

- ભવભૂતિએ મુખ્યત્વે ત્રણ નાટકો લખ્યાં છે. :

૧. મહાવીર ચરિત ૨. ઉત્તરરામ ચરિત ૩. માલતીમાધવ – વિદ્યાર્થીઓ આ ત્રણેય નાટકોની કથાવસ્તુ, નાયક, રસ જેવી બાબતોનો પરિચય મેળવશે.

- ભવભૂતિની નાટ્યકાર તરીકેની વિશેષતાઓનો પણ પરિચય મેળવશે.

### ૪.૧ પ્રસ્તાવના :

ભવભૂતિના જીવન વિશે પ્રમાણમાં પ્રમાણભૂત કહી શકાય તેવી માહિતી મળે છે. તેમના સમયમાં તેમને અપેક્ષા મુજબ સન્માન મળ્યું ન હતું જેનો રંજ એમણે એમના નાટકોમાં રજૂ કર્યો છે. ભવભૂતિના ગોત્ર, માતા-પિતા, કર્મભૂમિ વગેરે વિવિધ પાસાઓ, તેમનું વ્યક્તિત્વ, વિદ્વત્તા, કવિત્વ જેવી બાબતોથી વિદ્યાર્થીને માહિતગાર કરવામાં આવશે.

ત્રણેય નાટકો વિશે ઊંડાણપૂર્વક માહિતી જેવી કે કથાવસ્તુ, રસ, નાયક, અંક વગેરેની માહિતી રજૂ કરવામાં આવી છે. પ્રત્યેક કૃતિની સમીક્ષા પણ કરવામાં આવી છે.

આ યુનિટમાં ભવભૂતિ અને તેની કૃતિઓનો સમ્પૂર્ણ પરિચય આપવાનો પ્રયાસ છે.

### ૪.૨ ભવભૂતિ જીવન :

સંસ્કૃત સાહિત્યમાં કવિઓ વિશે આધારભૂત અને વિશેષ માહિતી જવલ્લે જ પ્રાપ્ત થાય છે. ભવભૂતિ એવા નાટ્યકાર છે કે એમના વિશે પ્રમાણમાં ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે. એનું કારણ એ છે કે એમણે એમના ત્રણેય નાટકોની પ્રસ્તાવનામાં પોતાનો પરિચય આપ્યો છે. તે મુજબ ભવભૂતિના પૂર્વજો કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય શાખાના બ્રાહ્મણો હતા. ભોજન સમયે તેમની હાજરીથી બ્રાહ્મણોની હારમાળા પવિત્ર ગણાતી હતી. તેમના પૂર્વજો પંચાગ્નિ વ્રત ધારણ કરતા હતા. સોમપાનનો અતિ મહત્ત્વનો અધિકાર તેઓ ભોગવતા હતા. તેઓએ વાજપેય યજ્ઞ કર્યો હતો. ઉદુમ્બર (કે ડમ્બર) નામના બ્રહ્મવાદી બ્રાહ્મણોના વંશમાં ભવભૂતિ જન્મ્યા હતા.

તેમનું ગોત્ર કાશ્યપ હતું. તેઓ દક્ષિણાપથના વિદર્ભ પ્રાન્તમાં પદ્મનગરના રહેવાસી હતા. જેને હાલનું નાગપુર નજીકનું ચંદ્રનગર માનવામાં આવે છે. તેમના પૂર્વજો ઈષ્ટ (નૈમિત્તિક) અને આપૂર્ત (લોકકલ્યાણના) કાર્યો કરતા હતા. તેમના દાદાનું નામ ભટ્ટગોપાલ હતું. તેમના પિતાનું નામ નીલકંઠ હતું જે એક પવિત્ર વ્યક્તિ તરીકે પ્રખ્યાત હતા. તેમનું ઉપનામ શ્રીકંઠ હતું. જોકે માલતીમાધવના ટીકાકાર જગદ્ધર એમ જણાવે છે કે શ્રીકંઠ એ મૂળ નામ હતું અને ભવભૂતિ તેમનું ઉપનામ હતું. ઉત્તરરામચરિતના ટીકાકાર ઘનશ્યામ પણ આ વાતને સમર્થન આપતા જણાવે છે કે 'સ્વયં ભવે (શિવે) કવિને પોતાની ભૂતિ (=સમૃદ્ધિ) પ્રદાન કરી હોવાથી તે ભવભૂતિ એવા બીજા નામે પણ ઓળખાતા હતા. જ્યારે; રાજશેખર, કલ્હણ અને ગોવર્ધનાચાર્ય એવું માને છે કે કવિના કંઠમાં સરસ્વતી (જ્ઞાનશ્રી) હોવાને લીધે તેમને શ્રીકંઠ એવું ઉપનામ પ્રાપ્ત થયું હતું. તેમનું મૂળ નામ ભવભૂતિ જ હતું.

ભવભૂતિની માતાનું નામ જાતુકર્ણી હતું. જાતુકર્ણી એક ગોત્રનું નામ છે. યજુર્વેદની એક શાખાનું નામ જાતુકર્ણ છે. આથી, ભવભૂતિની માતાના પિતા યજુર્વેદની જાતુકર્ણ શાખાના હોવાથી તેમની માતા જાતુકર્ણી નામે ઓળખાઈ. એક જગ્યાએ ભવભૂતિના પૂર્વજોને ઉદુમ્બરને બદલે ડમ્બર કહ્યા છે. ડમ્બર શબ્દ ઉત્કર્ષ અને પ્રસિદ્ધિનો સૂચક છે. ડમ્બર એટલે 'પ્રસિદ્ધ નામવાળા' જેને આધારે મહારાષ્ટ્રમાં આજે પણ ડમ્બર નામધારી બ્રાહ્મણ કુટુમ્બો છે. ભવભૂતિના પૂર્વજો ડમ્બર નામના બ્રહ્મવાદી બ્રાહ્મણો હશે.

ભવભૂતિએ પોતાને માટે '**पदवाक्यप्रमाणज्ञः भवभूतिः**' – એવું વિશેષણ પ્રયોજ્યું છે. ભવભૂતિ પદ એટલે વ્યાકરણશાસ્ત્ર, વાક્ય એટલે મીમાંસા દર્શન, અને પ્રમાણ એટલે ન્યાયદર્શનના વિદ્વાન હતા. વળી, એમના ત્રણેય નાટકોમાં **कालप्रियानाथ कालप्रियनाथ**) નો ઉલ્લેખ છે. કાલપ્રિયાનાથ એ કોઈ પ્રસિદ્ધ સ્થળ હતું. જ્યાં ભવભૂતિના ત્રણેય નાટકો ભજવાયા હશે. કાલપ્રિયાનાથ એટલે હાલનું કયું સ્થળ ? તે સમજવા વિદ્વાનોએ વિવિધ તર્કોના આશ્રય લીધા છે. કોઈ વિદ્વાન તેને શિવમંદિરનું પ્રાંગણ ગણાવે છે તો કોઈ કાલપ્રિયાનાથ એટલે સૂર્યમંદિરનું પ્રાંગણ એમ માને છે. આ સ્થળ ક્યાં હશે ? તે વિશે પણ વિદ્વાનોએ જુદા જુદા મતો રજૂ કર્યા છે.

આ ઉપરાંત નાટ્યકાર ભવભૂતિ અને મીમાંસક ઉમ્બેક એક જ વ્યક્તિ હોવા વિશે પણ અનેક મતો પ્રવર્તે છે. એનું કારણ એ છે કે માલતીમાધવની એક હસ્તપ્રતમાં એવો ઉલ્લેખ છે કે ''**इति श्रीकुमारिलस्वामिप्रसादप्राप्तवाग्वैभव श्रीमद उम्बेकाचार्यविरचिते मालतीमाधवे षष्ठोङ्कः।**'' – આનો સાર એ છે કે કુમારિલ સ્વામીના શિષ્ય ઉમ્બેકાચાર્યએ માલતીમાધવની રચના કરી છે. બીજું એ કે કુમારિલભટ્ટના શ્લોકવાર્તિક પર ઉમ્બેકની તાત્પર્યટીકામાં એક શ્લોક છે –

**ये नाम केचिदिह** ... આ જ શ્લોક માલતીમાધવમાં પણ છે. – પરન્તુ; માત્ર આટલા સામ્યને આધારે ભવભૂતિ એ જ મીમાંસક ઉમ્બેક છે તે માની લેવું યોગ્ય નથી. વળી, ભવભૂતિ વિદર્ભના પદ્મપુરના રહેવાસી હતા જ્યારે ઉમ્બેક તો નિશ્ચિતપણે દ્રાવિડી સંસ્કૃતિ સાથે સંકળાયેલો છે.

ભવભૂતિએ પોતાના ઉચ્ચકુળનો વંશપરંપરાગત યજ્ઞયાજ્ઞાદિનો વ્યવસાય છોડીને પાંચમા નાટ્યવેદમાં રસ લીધો છે. જેને કારણે તે સમયમાં સમાજમાં તેમણે વિરોધ સહન કરવો પડ્યો હશે. એમનું યોગ્ય સન્માન થયું નહીં હોય. એટલે જ એમણે દુઃખ અને ગર્વ સાથે માલતીમાધવમાં લખ્યું છે કે –

**कालो ह्ययं निरवधिर्विपुला च पृथिवी** – અર્થાત્ કાળ અનન્ત છે અને પૃથિવી પણ ઘણી વિશાળ છે. મારી કદર કરનાર કોઈ અન્ય સ્થળે કે ભવિષ્યમાં થશે. ભવભૂતિએ

તેમની કૃતિમાં અમુક સ્થળે પોતાની પ્રશંસા પણ કરી છે. ઉત્તરરામચરિતમાં લખ્યું છે કે – 'સરસ્વતીદેવી તેમને વશ હોય તેમ તેમનું અનુસરણ કરે છે.' અહીં ભવભૂતિને કવિતા બહુ સહજ હતી એમ જણાય છે. તેમણે તેમની ત્રણેય કૃતિઓમાં પ્રેમનું જે નિરૂપણ કર્યું છે તે પરથી અનુમાન બાંધી શકાય કે તેઓ અત્યંત પ્રેમાળ અને ઉદાર હશે. તે પ્રેમાળ પતિ હશે તેમનું દામ્પત્યજીવન પણ સુખમય હશે. ભવભૂતિ ઉચ્ચકુળના વિદ્વાન બ્રાહ્મણ અને નિજી સર્જકતાથી ભરપૂર હતા. જેમની તેમના સમયમાં નાટયકાર તરીકે જેટલી કદર થવી જોઈએ તેટલી નથી થઈ.

## ૪.૩ ભવભૂતિની કૃતિઓ :

ભવભૂતિએ કુલ ત્રણ નાટકોની રચના કરી છે. (૧) મહાવીરચરિત (૨) માલતીમાધવ અને (૩) ઉત્તરરામચરિત આ ત્રણ નાટકોમાં ભવભૂતિએ સૌથી પહેલા ક્યું નાટક લખ્યું હશે ? અને સૌથી છેલ્લે ક્યું નાટક લખ્યું હશે ? – તે વિશે વિદ્વાનોમાં વિવિધ મતભેદો પ્રવર્તે છે. ભાંડારકર અને ટોડરમલ જેવા વિદ્વાનો મહાવીરચરિતને પ્રથમ, માલતીમાધવને બીજી અને ઉત્તરરામચરિતને ત્રીજી રચના માને છે જયારે, એલ. વી દીક્ષિત એવું જણાવે છે કે ભવભૂતિએ મહાવીરરચિત પછી ઉત્તરરામચરિતની રચના કરી હશે પરંતુ માલતીમાધવને રંગમંચ પર રજૂ કર્યા પછી ઉત્તરરામચરિતને પ્રકાશિત કર્યું હશે.

### ૪.૩.૧ મહાવીરચરિત :

આ નાટક સાત અંકનું છે. જે રામાયણની કથાને આધારે રચાયું છે. રામ-લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે વનમાં જાય છે ત્યાંથી શરૂ કરીને પુષ્પક વિમાન દ્વારા અયોધ્યામાં પાછા ફરે છે અને રામનો રાજ્યાભિષેક થાય છે. ત્યાં સુધીની રામાયણની કથાનું ભવભૂતિએ મૌલિક ફેરફારો સાથે નાટ્ય રૂપાંતર કર્યું છે.

પહેલા અંકમાં કાલપ્રિયનાથની યાત્રાએ આવેલા લોકોના મનોરંજન માટે નાટક ભજવવાનો સૂત્રધાર આદેશ કરે છે. મુખ્ય દ્રશ્યમાં રાજા કુશધ્વજ સીતા અને ઉર્મિલા સાથે વિશ્વામિત્રના યજ્ઞમાં સામેલ થવા આશ્રમમાં જાય છે. વિશ્વામિત્ર યજ્ઞની નિર્વિઘ્ન સમાપ્તિ માટે રામ અને લક્ષ્મણને અયોધ્યાથી લઈને આવે છે. જ્યાં રામ અને લક્ષ્મણ અનુક્રમે સીતા અને ઉર્મિલાને ત્યાં જુએ છે. રામ અહલ્યા ઉદ્ધારનો પ્રસંગ જણાવતા હોય છે ત્યારે રાવણને ત્યાંથી સર્વમાય નામનો પુરોહિત રાવણ માટે સીતાનુ માગું લઈને આવે છે કુશધ્વજ અને વિશ્વામિત્ર સર્વમાયની વાતને કોઈ ધ્યાન આપતા નથી. બધાની હાજરીમાં રામ તાડકાનો વધ કરે છે જેનાથી પ્રસન્ન થઈ વિશ્વામિત્ર રામને જૃમ્ભકાસ્ત્રો આપે છે. એ પછી રામ શિવધનુષ્ય તોડે છે અને સીતાસ્વયંવર પૂરો થાય છે. રામ-લક્ષ્મણ યજ્ઞમાં વિઘ્ન નાખનારા સુબાહુ અને મારીચને મારવા જાય છે અને સર્વમાય આ બધી ઘટનાઓના સમાચાર રાવણના મન્ત્રી માલ્યવાનને આપવા નીકળે છે. બીજા અંકમાં રાવણના મન્ત્રી માલ્યવાન અને શૂર્પણખા રાજનીતિને લગતી સમસ્યાઓનો વિચાર કરે છે. જનકની પુત્રી સીતાના રામ સાથે ધામધૂમથી વિવાહ થવાના છે. તેમાં વિઘ્ન નાંખવા માલ્યવાન પરશુરામને ચડાવે છે. કે 'રામે શિવનું ધનુષ્ય તોડ્યું હોવાથી તમે એનું દમન કરો.' પરશુરામ ક્રોધે ભરાઈને જનકને ત્યાં આવે છે. રામ ખૂબ વિનયપૂર્વક તેમને મળે છે. શતાનન્દ અને જનક ત્યાં આવી પહોંચે છે. કંકણમોચનની વિધિને બહાને રામને પરશુરામથી દૂર લઈ જવાય છે. વિશ્વામિત્ર, જનક અને શતાનન્દ પરશુરામને દશરથ પાસે લઈ જાય છે અહીં રામ અને પરશુરામનો સંઘર્ષ યુક્તિપૂર્વક ટાળ્યો છે. ત્રીજા અંકમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર અને શતાનન્દ પરશુરામને શાન્ત થવાનું સમજાવે છે પણ

પરશુરામ તો રામે શિવધનુષ્ય તોડ્યું છે તેનો બદલો લેવા માંગે છે. રામનો વધ કરવા ઈચ્છે છે. આથી શતાનન્દ પરશુરામ પર ગુસ્સે થાય છે. દશરથ અને પરશુરામ વચ્ચે પણ ખૂબ વાદવિવાદ થાય છે ત્યાં રામ રંગમંચ પર આવીને પરશુરામને જીતી લેવાનો આત્મવિશ્વાસ પ્રકટ કરે છે. જે સાંભળી પરશુરામ રામના આત્મવિશ્વાસની મશ્કરી કરે છે. ચોથા અંકના મિશ્રવિષ્કંભકમાં પરશુરામ પર રામના વિજયના સમાચાર મળે છે. શૂર્પણખા અને માલ્યવાન ષડ્યંત્ર રચે છે. જે મુજબ શૂર્પણખા મંથરામાં પ્રવેશે છે અને કૈકેયીને ચડાવે છે. યુધાજીત અને ભરત રામનો રાજ્યાભિષેક કરી લેવા દશરથને સમજાવે છે પણ રામ ખુદ જ કૈકેયીના વરદાન દશરથને જણાવે છે અને પોતે વનમાં જવા તૈયાર થાય છે. સીતા અને લક્ષ્મણ તેમની સાથે રવાના થાય છે. પાંચમા અંકમાં લક્ષ્મણ શૂર્પણખાના નાક-કાન કાપી નાંખે છે. રામ ખર-દૂષણ જેવા હજારો રાક્ષસોનો વધ કરી નાંખે છે. રાવણ સીતાનું અપહરણ કરી જાય છે. જેને બચાવતા જટાયુ મૃત્યુ પામે છે. લક્ષ્મણ દનુકબન્ધનો વધ કરીને તાપસી શ્રમણાની રક્ષા કરે છે જે વિભીષણો સંદેશ લઈ આવે છે. દિવ્યપુરૂષના રૂપમાં દનુ રામને જણાવે છે કે ‘વાલીએ રાવણની મૈત્રી ખાતર રામવધની પ્રતિજ્ઞા લીધી છે. આ જાણી રામ વાલીનો વધ કરે છે. સુગ્રીવ સાથે રામની મૈત્રી બંધાય છે. સુગ્રીવ રામને યુદ્ધમાં વાનરોની સહાય પૂરી પાડવાનું વચન આપે છે. છઠ્ઠા અંકમાં હનુમાન લંકા બાળે છે. મંદોદરી રાવણને સીતાનો મોહ છોડી દેવા સમજાવે છે. અંગદ દૂતરૂપે આવીને સીતાને પાછી સોંપી દેવા જણાવે છે. રાવણ અભિમાનથી તેનો તિરસ્કાર કરે છે. યુદ્ધ માટે પ્રસ્થાન કરે છે. યુદ્ધમાં મેઘનાદ, કુમ્ભકર્ણ, રાવણ વગેરેનો વધ થાય છે. સાતમા અંકમાં રાવણના નાશથી દુઃખી લંકાજનોને દેવી અલકા આવીને આશ્વાસન આપે છે. સીતાની અગ્નિપરીક્ષા થાય છે. વિભીષણનો લંકામાં રાજ્યાભિષેક ગોઠવાય છે. રામ-સીતા, લક્ષ્મણ, વિભીષણ પુષ્પક વિમાન દ્વારા અયોધ્યા પાછા ફરે છે. ભવભૂતિએ લંકાથી અયોધ્યા સુધીના માર્ગનું સુંદર વર્ણન કર્યુંછે. જેમાં કાલિદાસના મેઘદૂતની અસર જણાય છે. રામ અને ભરતનું મિલન થાય છે. વસિષ્ઠ-વિશ્વામિત્ર જેવા મુખ્ય ઋષિઓ રાજાનો રાજ્યાભિષેક કરે છે.

**સમીક્ષા :**

રામાયણ પર આધારિત આ નાટકમાં ભવભૂતિએ કેટલાક નવા પાત્રો અને ઘટનાઓ ઉમેર્યા છે. જેમ કે; રામાયણમાં સીતાસ્વયંવર વિદેહમાં થાય છે જે આ નાટકમાં વિશ્વામિત્રના આશ્રમમાં જ થાય છે. સર્વમાયનું પાત્ર ભવભૂતિની કલ્પના છે જે રામ-લક્ષ્મણના પરાક્રમનો સાક્ષી બને છે. નજરે જોયેલી ઘટના રાવણને જણાવે છે. એ જ રીતે માલ્યવનનું પાત્ર પણ ભવભૂતિની કલ્પના છે. શૂર્પણખા મંથરાના શરીરમાં પ્રવેશે છે. જેને લીધે મંથરા કૈકેયીને વરદાન માંગવા દુષ્પ્રેરણા આપે છે. જ્યારે; દિવ્યપુરૂષ દનુના કહેવાથી રામ વાલીનો વધ કરે છે. આ બે ઘટના ભવભૂતિએ મૌલિક રીતે રજૂ કરી છે. આ કારણે કૈકેયી પર રામને વનમાં મોકલવાનો દોષ લાગતો નથી અને રામ પર પણ વાલીના વધનો જે દોષ રામાયણમાં છે તે અહીં લાગતો નથી.

વીરરસપ્રદાન આ નાટક ભવભૂતિની પ્રથમ રચના મનાય છે. રામાયણની ઘટનાઓ અને પાત્રોમાં પરિવર્તન કરવું એ બહું જ મોટી વાત કહેવાય. ભવભૂતિએ અહીં તે કરી બતાવ્યું છે.

### ૪.૩.૨ માલતીમાધવ :

આ દસ અંકનું પ્રકરણ પ્રકારનું રૂપક છે. જેમાં માલતી અને માધવની પ્રણયકથા છે. આ રચના શૃંગારરસ પ્રધાન છે.

બૌદ્ધભિક્ષુણી કામન્દકીની હાજરીમાં ભૂરિવસુ અને દેવરાતે પરસ્પર એવું નક્કી

કર્યું હતું કે ભવિષ્યમાં તેઓ તેમના સંતાનોનો વિવાહ કરશે. ભૂરિવસુ પદ્માવતી નગરીનો અમાત્ય થાય છે જ્યારે દેવરાત વિદર્ભનો અમાત્ય થાય છે. ભૂરિવસુને એક દીકરી છે જેનું નામ માલતી છે જ્યારે દેવરાતને એક પુત્ર છે તેનું નામ માધવ છે. દેવરાત માધવને ન્યાયદર્શનના અભ્યાસ માટે પદ્માવતી મોકલે છે અને ભૂરિવસુને ભૂતકાળમાં કરેલું વચન યાદ દેવડાવે છે. ભૂરિવસુની ઈચ્છા પણ પહેલાં કરેલા વચન મુજબ દીકરીને દેવરાતના પુત્ર સાથે પરણાવવાની છે પરન્તુ રાજાની ઈચ્છા મંત્રી ભૂરિવસુની દીકરીના વિવાહ પોતાના યુવાન નર્મ સચિવ નન્દન સાથે કરવાની છે. ભૂરિવસુ રાજાએ મૂકેલ પ્રસ્તાવનો વિરોધ કરી શકતો નથી. રાજાના પ્રસ્તાવને તે અસ્પષ્ટ રીતે સ્વીકારે છે માલતી માધવને જોતાવેંત જ તેના પ્રેમમાં પડી જાય છે એટલે કામન્દકી માલતી અને માધવના લગ્ન કરાવવાની યોજના કરે છે. માલતી માધવનું ચિત્ર દોરે છે. કામન્દકીની દાસી મન્દારિકા પણ માધવના દાસ કલહંસને પ્રેમ કરતી હોય છે. મન્દારિકા ચિત્ર કલહંસને આપે છે અને કલહંસ આ ચિત્ર મકરન્દ અને માધવને બતાવે છે તે જોતાં માધવને ખાતરી થાય છે કે માલતી પણ તેને પ્રેમ કરે છે. મકરન્દના કહેવાથી માધવ માલતીએ દોરેલા પોતાના ચિત્રની બાજુમાં માલતીનું ચિત્ર દોરીને તેને પાછું મોકલે છે. (આ પ્રસંગનો હર્ષવર્ધનકૃત રત્નાવલી પર પ્રભાવ છે.) આ બાજુ ભૂરિવસુએ રાજાને માલતીનો વિવાહ નન્દન સાથે કરવાની છૂટ આપી દીધી છે. કામન્દકી માલતીમાધવનું ચિત્ર અને પ્રેમલેખ જુએ છે. માલતીના રાજાના મંત્રી નન્દન સાથે લગ્નનો નિર્ણય જાણી નિરાશ થાય છે. માલતી પાસે નન્દનના દોષોની નિંદા કરે છે તથા તેને માધવ સાથે ગુપ્તવિવાહ કરી લેવાની સલાહ આપે છે. તે શિવમંદિર પાસે માલતી અને માધવનું મદનોદ્યાનમાં ગુપ્તમિલન ગોઠવી આપે છે. મદનોદ્યાનમાં તે જ સમયે વાઘ આવે છે. માધવનો મિત્ર મકરન્દ તેની પ્રેમિકા મદયન્તિકા (કે જે નન્દનની બહેન છે તે) ને બચાવવા વાઘને મારી નાંખે છે. ઝપાઝપીમાં પોતે પણ ઘવાઈને બેભાન થઈ જાય છે. માધવ મકરન્દને બેભાન જોઈને ગભરાઈ જાય છે. મદયન્તિકા મકરન્દને અને માલતી માધવને પોતાના વસ્ત્રથી પવન નાખી ભાનમાં લાવે છે. માલતી અને નન્દનના વિવાહની ચર્ચા સાંભળી તેની બહેન મદયન્તિકા ખુશ થઈ જાય છે પણ માધવ અને મકરન્દ દુઃખી થાય છે. માધવ માલતીને મેળવવા દેવોને પસંદ એવા નર-માંસ વિક્રયનો નિર્ણય કરે છે. તે નરમાંસ વિક્રય કરતો હોય છે તેને અઘોરઘંટની શિષ્યા કપાલકુંડલા જુએ છે. કપાલકુંડલા ચામુંડાને બલિ આપવા કોઈ શ્રેષ્ઠ નારી શોધતી હોય છે. માધવને સ્મશાન પાસે કોઈ સ્ત્રીનું આક્રંદ સંભળાય છે. ત્યાં માલતીનો વધ કરવાની તૈયારી થતી હોય છે તે જ સમયે માલતીની શોધમાં રક્ષકો ત્યાં આવી પહોંચે છે. માધવ અઘોરઘંટને મારી નાખે છે. એ પછી નન્દન અને માલતીના વિવાહ આવે છે. માલતી લવંગિકા અને કામન્દકી સાથે મંદિરમાં પ્રવેશે છે. કામન્દકીના આદેશ મુજબ માધવ અને મકરન્દ થાંભલા પાછળ સંતાઈ જાય છે. માલતીને રાજાએ મોકલેલ વધૂનો વેશ અને શણગાર પહેરવાનો હોય છે. માલતી આ વેશ પહેરવાની ના પાડે છે અને માધવને એકવાર મળવાની ઈચ્છા લવંગિકાને જણાવે છે. તે લવંગિકાને પગે પડે છે ત્યાં લવંગિકાને સ્થાને માધવ ગોઠવાઈ જાય છે. માલતી ઊભી થઈ લવંગિકાને ભેટે છે અને બકુલમાળા પહેરાવે છે ત્યાં એને ખબર પડે છે કે આ તો માધવ છે. એવી ખબર પડતા તેને આશ્ચર્ય થાય છે અને તે શરમાઈ જાય છે. કામન્દકી માધવ અને માલતીના ગુપ્તવિવાહ કરાવી દે છે. નન્દનના લગ્ન માલતીનો વેશ પહેરેલ મકરન્દ સાથે થાય છે. નન્દનને લગ્ન પછી સાચી વાતની જાણ થતા નગરરક્ષકો મકરન્દને પકડી લે છે. માધવ મકરન્દને છોડાવવા જાય છે તેટલામાં કપાલકુંડલા માલતીનું અપહરણ કરીને લઈ જાય છે. માધવ મકરન્દને છોડાવીને પાછો આવે છે. માલતીને શોધે છે. તેના વિરહમાં વિલાપ કરે છે. મિત્રના દુઃખથી દુઃખી મકરન્દ આત્મહત્યા કરવા ઈચ્છે છે. સૌદામિની

માધવને અને મકરન્દને આશ્વાસન આપે છે. સૌદામિની આક્ષેપિણી સિદ્ધિનો વિસ્તાર કરીને માધવને લઈને નીકળી જાય છે. માલતીના મૃત્યુના સમાચાર આવે છે જે સાંભળી કામન્દકી, મદયન્તિકા અને લવંગિકા આત્મહત્યા કરવાનું નક્કી કરે છે. ભૂરિવસુ પણ ચિતારોહણ કરી જીવનનો અંત લાવવા ઈચ્છે છે ત્યાં જ માધવ માલતીને લઈને આવે છે. ભૂરિવસુ માલતીમાધવના લગ્નની મંજૂરી આપે છે. સૌદામિનીએ માધવનું રક્ષણ કર્યું હોવાથી તેનો આભાર માને છે. અંતે માલતી-માધવ અને મકરન્દ-મદયન્તિકાના સુખદ મિલનથી નાટકનો અંત થાય છે.

**સમીક્ષા :**

માલતીમાધવ નાટકની પ્રસ્તાવનામાં જ ભવભૂતિએ આ પ્રકરણનું કથાનક સંપૂર્ણ નવું અને મૌલિક છે એમ જણાવ્યું છે. સંસ્કૃત નાટકોના મૂળ રામાયણ, મહાભારત, બૃહત્કથામાં હોય કે કથાસરિત્સાગરમાં હોય છે પરન્તુ; માલતીમાધવનું કથાવસ્તુ એટલું મૌલિક છે કે સીધું કોઈ ગ્રન્થમાંથી નથી લીધું પણ અનેક ગ્રન્થોમાંથી વિચારો લઈને એને પોતાની રીતે વિકસાવ્યું છે. આ નાટકના નવમા અંકમાં વિક્રમોર્વશીયમ અને મેઘદૂતનો પ્રભાવ છે. માધવના વિલાપમાં પુરુરવાના વિલાપ અને યક્ષની વેદના ઝલકે છે. કથાવસ્તુની મૌલિકતા ભવભૂતિની બહુ જ મોટી દેન છે પણ મૌલિક ઘટનાઓને સાંકળવામાં અને કથાવસ્તુને આગળ વધારવામાં આ નાટક મૃચ્છકટિક અને મુદ્રારાક્ષસ કરતાં નબળું પડે છે.

આ નાટક ભવભૂતિની બીજી રચના હશે કેમકે; નાટકને આરંભે તેમણે એવો ભાવ વ્યક્ત કર્યો છે કે ભવિષ્યમાં એમનું યોગ્ય સન્માન થશે. આ ઉલ્લેખને લીધે કેટલાક વિદ્વાનો એવું માને છે કે ભવભૂતિનું પહેલું નાટક કે જે રામાયણને આધારે લખાયું હતું અને વીરરસપ્રધાન હતું તે સફળ ન થતા તેમણે બીજું તદન મૌલિક કથાવસ્તુવાળુ અને શૃંગારરસપ્રધાન નાટક લખ્યું હશે.

કામન્દકીનું પાત્ર શરૂથી અંત સુધી ખૂબ પ્રભાવક છે. તેની ભૂરિવસુ પ્રત્યેની શુદ્ધ મૈત્રી અને નિષ્ઠા ખૂબ સરસ રીતે વર્ણવ્યા છે. ભવભૂતિના સમયમાં બૌદ્ધભિક્ષુણી સ્ત્રી અને રાજકીય વ્યક્તિ સાથેના સ્ત્રી-પુરૂષની શુદ્ધ મૈત્રી ભવભૂતિનું બહુ ઉદારતાભર્યું અને આધુનિક વિચારસરણી ધરાવતું પ્રદાન છે. કામન્દકીની ત્રણ શિષ્યાઓ સૌદામિની, બુદ્ધરક્ષિતા અને અવલોકિતા પણ કથાવસ્તુના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શૃંગારરસ સાથે બીભત્સ, કરુણ, અદ્ભુત જેવા રસો પણ નિરૂપ્યા છે.

### ૪.૩.૩ ઉત્તરરામચરિત :

રામનું ઉત્તરચરિત જેમાં વર્ણવાયું છે તે નાટક ઉત્તરરામચરિત કહેવાય. ઉત્તર એટલે પછીનું એવો અર્થ લઈએ તો રામ વનવાસથી અયોધ્યામાં પાછા આવી ગયા પછીના જીવનની ઘટનાઓ જેમાં વર્ણવાઈ છે તે નાટક એટલે ઉત્તરરામચરિત. ઉત્તર એટલે ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ એ મુજબ રામનું ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ) ચરિત જેમાં વર્ણવાયું છે તે નાટક ઉત્તરરામચરિત છે.

પ્રસિદ્ધ એવા રામાયણના ઉત્તરકાંડની કથાને ભવભૂતિએ આગવી રીતે રજૂ કરી છે. ઉત્તરરામચરિતમાં ભવભૂતિએ કથાવસ્તુને કેવી મૌલિક રૂપે રજૂ કરી છે તે જોઈએ. આ નાટકને આરંભે પણ ભવભૂતિ અન્ય બે નાટકોની જેમ પોતાનો પરિચય આપે છે અને કાલપ્રિયાનાથની યાત્રાએ આવેલા લોકોને ઉદ્દેશીને સૂત્રધાર માહિતી આપે છે. રામનો રાજ્યાભિષેક પૂરો થઈ ગયો છે. રામ લંકાયુદ્ધના મિત્રો એવા વાનરો, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓને વિદાય આપે છે. રામના કુલગુરુ એવા વસિષ્ઠ દશરથની રાણીઓ અને અરુન્ધતીને લઈ જમાઈ ઋષ્યશૃંગના આશ્રમે સળંગ બાર વર્ષ ચાલનારા

દીર્ઘયજ્ઞમાં ભાગ લેવા ગયા છે. દશરથને ચાર પુત્રો પહેલા એક દીકરી હતી જેનું નામ શાન્તા હતું. આ દીકરી તેમણે એમના મિત્ર રોમપાદને દત્તક આપી હતી. રોમપાદે તેને વિભાણ્ડકના દીકરા ઋષ્યશૃંગ સાથે પરણાવી હતી. આ યજ્ઞમાં ગયેલ વસિષ્ઠ, માતાઓ અને અરુન્ધતી રામને સીતાને સાચવવાનો અને યોગ્ય પ્રજાપાલન કરવાનો સંદેશ આપે છે. આ બાજુ સગાસમ્બન્ધીઓ ચાલ્યા જવાથી સીતા દુઃખી છે. વળી તે ગર્ભવતી છે તેને પૂરા દિવસો જાય છે. સીતાને ખુશ કરવા રામ તેને ચિત્રવીથિકામાં લઈ જાય છે. ચિત્રો જોઈ સીતા ક્યારેક ખુશ તો કયારેક દુઃખી થાય છે. પરન્તુ તેને ચિત્રો જોયા પછી ભાગીરથીના પાવનજળમાં સ્નાન કરવાની ઈચ્છા થાય છે. તે ગર્ભવતી હોવાથી તેનો દોહદ પૂરો કરવો જ જોઈએ એટલે રામ લક્ષ્મણને રથ તૈયાર કરવાની સૂચના આપે છે. એટલામાં થાકેલી સીતા રામના ખોળામાં જ સૂઈ જાય છે. રામનો ગુપ્તચર દુર્મુખ સીતાના ચારિત્ર્યની નિંદાના સમાચાર લઈને આવે છે. જે સાંભળી રામ સીતાના ત્યાગનો નિર્ણય લે છે. સીતાને દોહદ પૂરો કરવાને બહાને ભાગીરથીને કિનારે ત્યજી દેવાનું લક્ષ્મણને કહે છે. બાર વર્ષ પછી રામ દંડકારણ્યમાં શમ્બૂકનો વધ કરવા આવે છે. પૂર્વ પરિચિત સ્થળો જોતાં રામ સીતાની યાદમાં વિહ્વળ થાય છે. રામ પંચવટીમાં જવાનું વિચારે છે પણ અગત્સ્ય-લોપામુદ્રાના આગ્રહથી તેમના આશ્રમે જાય છે. રામ પાછા દંડકરણ્યમાં આવે છે ત્યારે ગંગા સીતાને અદશ્યરૂપે ત્યાં હાજર રાખે છે. વાસન્તી રામે સીતાનો ત્યાગ કર્યો હોવાથી તેને ઠપકો આપે છે. સીતાનો વિયોગ અસહ્ય બનતા રામ બેભાન થઈ જાય છે. અદશ્ય સીતાના સંજીવન સ્પર્શથી રામ ભાનમાં આવે છે. આ બધું જોતા સીતાના મનમાંથી અકારણ ત્યાગનું દુઃખ દૂર થાય છે. વળી રામે અશ્વમેઘ યજ્ઞ કર્યો છે પણ બીજા વિવાહ નથી કર્યા. યજ્ઞમાં ધર્મપત્નીના સ્થાને સીતાની સુવર્ણપ્રતિમા સ્થાપી છે એ વાતે સીતાના મનમાંથી બધુ દુઃખ જતું રહે છે. આ બાજુ ઋષ્યશૃંગના આશ્રમમાં યજ્ઞ પૂરો થતા માતાઓ અને વસિષ્ઠ-અરુન્ધતી અયોધ્યા જવાને બદલે વાલ્મીકિના આશ્રમમાં જાય છે. ત્યાં રાજા જનક પણ આવે છે. આશ્રમમાં લવ અને કુશને જોઈ કૌશલ્યાને રામનું બાળપણ યાદ આવી જાય છે. ત્યાં જ લવ અશ્વમેઘ યજ્ઞના અશ્વને જુએ છે. અશ્વના રક્ષકો સાથે તેને વાદ-વિવાદ થાય છે. લવ તે બધા સાથે યુદ્ધ કરતો હોય છે ત્યારે ચન્દ્રકેતુ આવીને લવને પોતાની સાથે યુદ્ધ કરવા લલકારે છે. ચન્દ્રકેતુ લવને બીજા રથ પર ચઢીને યુદ્ધ કરવાનું કહે છે પણ લવને રથમાં બેસી યુદ્ધ કરવાની ટેવ ન હોવાથી તે જમીન પર રહીને જ યુદ્ધ કરે છે. લવ અને ચન્દ્રકેતુ પરસ્પર એકબીજાને લલકારતા જે યુદ્ધ કરે છે તેનું વર્ણન અદ્ભુત છે. બન્ને બાળકોનું તેજ છૂપું રહેતું નથી. લવ-ચન્દ્રકેતુનું યુદ્ધ ચાલતું હોય છે ત્યાં રામ આવે છે. ચન્દ્રકેતુ તેમને પ્રણામ કરે છે. લવ પણ તેમને જોતા શાન્ત થઈ જાય છે. લવ પ્રત્યે રામને ખૂબ વહાલ ઉપજે છે. લવકુશના ચહેરામાં રામને પોતાનો અને સીતાનો અણસાર લાગે છે. લવ-કુશને શંકા થાય છે કે ‘આ મારા પુત્રો તો નથી ને ?’ લવ અને કુશ તેમને રામાયણના કેટલાક શ્લોકો સંભળાવે છે જે સાંભળી રામ દુઃખી થઈ જાય છે. ત્યારબાદ જનક, વસિષ્ઠ, અરુન્ધતી અને માતાઓ આવે છે. છેલ્લે વાલ્મીકિ દ્વારા લખાયેલ અને ભરતમુનિ દ્વારા જેનું દિગ્દર્શન કરાયું છે તેવું નાટક ભજવાય છે. જે નાટકમાં પ્રસવવેદના સહન ન થતા સીતા ગંગામાં કૂદી પડે છે એ દ્રશ્ય જોઈ રામ ગભરાઈ જાય છે ત્યાં ગંગા અને પૃથ્વી બે બાળકોને લઈ આવે છે. પૃથ્વીના મનમાં રામ પ્રત્યે રોષ છે પણ ગંગા રામની નિર્દોષતા સાબિત કરે છે. અંતે સીતાનું મૃત્યુ જોતા રામ બેભાન થઈ જાય છે પરન્તુ; સીતા ગંગાની લહેરોમાંથી ગંગા અને પૃથ્વી સાથે પ્રકટ થાય છે. જે સીતાની પવિત્રતા સાબિત કરે છે. અરુન્ધતી પણ લોકોની અનુમતિની પ્રાર્થના કરે છે. લોકોને પસ્તાવો થાય છે. તેઓ હાથ જોડી માફી માંગે છે. રામ-સીતા લવ અને કુશનું મિલન થાય છે. શત્રુઘ્ન પણ લવણાસુર પર વિજય મેળવે છે.

**સમીક્ષા :**

આ કથા રામાયણના ઉત્તરકાંડ અને પદ્મપુરાણના પાતાળખંડમાંથી લેવામાં આવી છે. જેમાં ભવભૂતિએ ઘણા મૌલિક ફેરફારો કર્યા છે.

ઉત્તરરામચરિતમાં રામ સીતાનો ત્યાગ કરે છે ત્યારે કોઈ જ વડીલને હાજર રાખ્યા નથી. જો કોઈ વડીલ હોય તો આવો અનર્થ થાય જ નહીં. શમ્બૂકની તપસ્યાનું સ્થળ પણ રામાયણ કરતાં જૂદું છે. મૂળ રામાયણની કથામાં સીતા અંતે પૃથ્વીમાં સમાઈ જાય છે જયારે; આ નાટકમાં બન્નેનું સુખદ મિલન થાય છે. આ નાટકનો સુખાન્ત એ રામાયણની કથામાં કરેલું સૌથી મોટું પરિવર્તન છે. તેમણે પુત્ર-પુત્રીને સરખું મહત્ત્વ આપ્યું હોય તેવા સન્દર્ભો પણ આ નાટકમાં છે.

છાયાસીતા પ્રસંગ, તમસા, મુરલા જેવી નદીઓને પાત્રરૂપે લેવી એ ભવભૂતિની આગવી દેન છે. નાટકના અંતે રામને પોતાના બે પુત્રોની ઓળખ ધીરે ધીરે થાય છે એ પ્રસંગમાં કાલિદાસના અભિજ્ઞાનશાકુન્તલની અસર છે. અભિજ્ઞાનશાકુન્તલમાં દુષ્યન્તને તેના પુત્ર સર્વદમનની ઓળખાણ થાય છે તે પ્રસંગની અસર હેઠળ સાતમો અંક-કુમારપ્રત્યભિજ્ઞાન-ભવભૂતિએ રચ્યો છે. બાકી ભવભૂતિની મૌલિકતા ખૂબ જ પ્રશંસા કરવા લાયક છે.

## ૪.૪ તમારી પ્રગતિ ચકાસો.

★ **નીચેના પ્રશ્નોના ઉત્તર આપો**

૧. ભવભૂતિના જીવન વિશે નોંધ લખો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૨. નાટ્યકાર ભવભૂતિ અને મીમાંસક ઉમ્બેક એક જ વ્યક્તિ છે કે ભિન્ન ? – તે વિશે ચર્ચા કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૩. ભવભૂતિની કૃતિઓનો રચનાક્રમ તર્ક સહિત જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

૪. મહાવીરચરિતના કથાનકનો ટૂંક પરિચય આપો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

૫. મહાવીરચરિતની સમીક્ષા કરો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

૬. માલતીમાધવનું કથાનક જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

.....................................................................
.....................................................................
.....................................................................

૭. માલતીમાધવના પાત્રોનો ટૂંકમાં પરિચય આપો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

૮. ઉત્તરરામચરિત નાટકનો કથાસાર જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

૯. ઉત્તરરામચરિત શીર્ષકનો અર્થ સમજાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

૧૦. ઉત્તરરામચરિત નાટકની વિશેષતાઓ ટૂંકમાં જણાવો.

.....................................................................

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**હેતુલક્ષી પ્રશ્નો :**

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

૧. **ભવભૂતિનું ગોત્ર જણાવો.**

(અ) વચ્છસ

(બ) કૌશિક

(ક) કાશ્યપ

(ડ) ભારદ્વાજ

૨. **ભવભૂતિ ક્યાંના રહેવાસી હતા ?**

(અ) પદ્મપુર

(બ) રામપુર

(ક) દેવપુર

(ડ) ઉજ્જૈન

૩. **ભવભૂતિના પિતાનું નામ જણાવો.**

(અ) ભટ્ટવલ્લભ

(બ) નીલકંઠ

(ક) શ્રીકંઠ

(ડ) જાતુકર્ણ

૪. **ભવભૂતિ ......................... છે.**

(અ) **पदवाक्यप्रमाणज्ञः**

(બ) **व्याकरणज्ञ**

(ક) **अल ङ्कारज्ञः**

(ડ) **शास्त्रज्ञः**

૫. **ભવભૂતિની માતાનું નામ ..................... હતું.**

(અ) જાતુકર્ણી

(બ) લક્ષ્મી

(ક) પાર્વતી

(ડ) વેદતા

**૬. ભવભૂતિના ત્રણેય નાટકો ક્યા સ્થળે ભજવાયાનો ઉલ્લેખ છે ?**

(અ) कालप्रियानाथ

(બ) तिरुपति

(ક) सोमनाथ

(ડ) श्रीनाथजी

**૭. ભવભૂતિના પૂર્વજોએ ક્યો યજ્ઞ કર્યો હતો ?**

(અ) વાજપેય

(બ) અશ્વમેઘ

(ક) રાજસૂય

(ડ) દીર્ઘસત્ર

**૮. મહાવીરચરિત કેટલા અંકનું નાટક છે ?**

(અ) સાત

(બ) નવ

(ક) પાંચ

(ડ) દસ

**૯. રાવણનો ક્યો પુરોહિત સીતાનું માગું લઈને આવે છે ?**

(અ) સમ્વાતિ

(બ) સુમન્ત્ર

(ક) માલ્યવાન

(ડ) સર્વમાય

**૧૦. પરશુરામને રામ-સીતાના વિવાહમાં વિઘ્ન નાખવા રાવણનો ક્યો મંત્રી ચડાવે છે ?**

(અ) માલ્યવાન

(બ) સર્વમાય

(ક) સુમન્ત્ર

(ડ) યૌગન્ધરાયણ

**૧૧. મંથરાના શરીરમાં કોણ પ્રવેશે છે ?**

(અ) તાડકા

(બ) ત્રિજટા

(ક) મંદોદરી

(ડ) શૂર્પણખા

**૧૨. મહાવીરચરિતમાં સીતાસ્વયંવર ક્યાં થાય છે ?**

(અ) વિદેહનગરીમાં

(બ) વિશ્વામિત્રના આશ્રમમાં

(ક) અયોધ્યામાં

(ડ) લંકામાં

**૧૩. વાલીનો વધ કરવાની આડકતરી પ્રેરણા રામને કોણ આપે છે ?**

(અ) વસિષ્ઠ

(બ) હનુમાન

(ક) લક્ષ્મણ

(ડ) દિવ્યપુરૂષના રૂપમાં દનુક

**૧૪. રાવણના નાશથી દુઃખી લંકાજનોને કોણ આશ્વાસન આપે છે ?**

(અ) દેવી પાર્વતી

(બ) દેવી દુર્ગા

(ક) દેવી લક્ષ્મી

(ડ) દેવી અલકા

**૧૫. મહાવીરચરિત નાટકનો મુખ્ય રસ જણાવો.**

(અ) વીરરસ

(બ) કરુણરસ

(ક) શાન્તરસ

(ડ) શૃંગારરસ

**૧૬. રામને કયા બહાને પરશુરામથી દૂર લઈ જવાય છે ?**

(અ) કંકણમોચનવિધિ

(બ) રાક્ષસવધ

(ક) વિહાર

(ડ) આરામ

**૧૭. સીતાનો મોહ છોડી દેવા રાવણને કોણ સમજાવે છે ?**

(અ) શૂર્પણખા

(બ) ત્રિજટા

(ક) મંદોદરી

(ડ) તાડકા

**૧૮. દેવરાત ક્યા રાજ્યનો અમાત્ય છે ?**

(અ) વિદર્ભ

(બ) પદ્માવતી

(ક) કૌશામ્બી

(ડ) ઉજ્જૈન

**૧૯. ભૂરિવસુ કયાંનો અમાત્ય છે ?**

(અ) કૌશામ્બી

(બ) અવન્તિ

(ક) પદ્માવતી

(ડ) વિદર્ભ

**૨૦. કામન્દકી કોણ છે ?**

(અ) તાપસી

(બ) રાજકુંવરી

(ક) બૌદ્ધભિક્ષુણી

(ડ) રાણી

**૨૧. મંદારિકા કોને પ્રેમ કરે છે ?**

(અ) મકરન્દ

(બ) માધવ

(ક) નન્દન

(ડ) કલહંસ

**૨૨. મદયન્તિકા કોને ચાહે છે ?**

(અ) ભૂરિવસુ

(બ) દેવરાત

(ક) કલહંસ

(ડ) મકરન્દ

**૨૩. મદયન્તિકા કોની બહેન છે ?**

(અ) માધવ

(બ) નન્દન

(ક) કલહંસ

(ડ) ભૂરિવસુ

**૨૪. અઘોરઘંટની શિષ્યાનું નામ જણાવો.**

(અ) કપાલકુંડલા

(બ) સૌદામિની

(ક) લવંગિકા

(ડ) બુદ્ધરક્ષિતા

**૨૫. કોણ માલતીનો વેશ પહેરીને નન્દન સાથે પરણી જાય છે ?**

(અ) મકરન્દ

(બ) દેવરાત

(ક) રાજા

(ડ) કલહંસ

**૨૬. સૌદામિની કઈ સિદ્ધિનો આશ્રય લે છે ?**

(અ) આક્ષેપિણી

(બ) અપરાજિતા

(ક) તિરસ્કારિણી

(ડ) ઈષ્ટપ્રાપ્તિ

**૨૭. માલતીના પિતાનું નામ જણાવો.**

(અ) ભૂરિવસુ

(બ) દેવરાત

(ક) નન્દન

(ડ) કલહંસ

**૨૮. માધવના પિતાનું નામ જણાવો.**

(અ) દેવરાત

(બ) મકરન્દ

(ક) કલહંસ

(ડ) નન્દન

**૨૯. માલતીમાધવનો મુખ્ય રસ કયો છે ?**

(અ) શૃંગાર

(બ) વીર

(ક) કરુણ

(ડ) શાન્ત

**૩૦. ઉત્તરરામચરિત નાટક કેટલા અંકનું છે ?**

(અ) દસ

(બ) સાત

(ક) ત્રણ

(ડ) છ

**૩૧. ઉત્તરરામચરિત નાટકનો મુખ્ય રસ જણાવો.**

(અ) શૃંગાર

(બ) વીર

(ક) કરુણ

(ડ) શાન્ત

**૩૨. રામના ગુપ્તચરનું નામ જણાવો.**

(અ) દુર્મુખ

(બ) દુઃશાસન

(ક) દુર્બુદ્ધિ

(ડ) દેવર્ષિ

**૩૩. ઉત્તરરામચરિતમાં શમ્બૂકનો વધ કરવા રામ ક્યાં જાય છે ?**

(અ) દંડકારણ્યમાં

(બ) વાલ્મીકિના આશ્રમમાં

(ક) અગત્સ્યના આશ્રમમાં

**૩૪. સીતાનો ત્યાગ કરવા બદલ રામને કોણ ઠપકો આપે છે ?**

(અ) ગંગા

(બ) પૃથ્વી

(ક) ગોદાવરી

(ડ) વાસન્તી

**૩૫. રામને માટે કોનો સ્પર્શ સંજીવની જેવો છે ?**

(અ) સીતાનો

(બ) તમસાનો

(ક) મુરલાનો

(ડ) વાસન્તીનો

**૩૬. દશરથના જમાઈનું નામ જણાવો.**

(અ) વિશ્વામિત્ર

(બ) અગત્સ્ય

(ક) વસિષ્ઠ

(ડ) ઋષ્યશૃંગ

**૩૭. લવ-કુશને જન્મથી કયા અસ્ત્રો સિદ્ધ છે.**

(અ) જૃમ્ભકાસ્ત્ર

(બ) વાયવ્યાસ્ત્ર

(ક) બ્રહ્માસ્ત્ર

(ડ) વારુણાસ્ત્ર

**૩૮. ઉત્તરરામચરિતની સૌથી મોટી વિશેષતા કઈ છે ?**

(અ) સુખાન્ત

(બ) દુઃખાન્ત

(ક) અનિશ્ચિત અંત

**૩૯. રામનું ..................................... ચરિત જેમાં વર્ણવાયું છે તે નાટક એટલે ઉત્તરરામચરિત.**

(અ) ઉત્કૃષ્ટ

(બ) નિકૃષ્ટ

(ક) મધ્યમ

(ડ) મિશ્ર

## એકમ ૮ હર્ષવર્ધન જીવન અને કૃતિઓનો પરિચય

### રૂપરેખા

૫.૦ ઉદ્દેશ
૫.૧ પ્રસ્તાવના
૫.૨ હર્ષવર્ધનના જીવનનો પરિચય
૫.૩ હર્ષવર્ધનની કૃતિઓ
૫.૪ તમારી પ્રગતિ ચકાસો

### ૫.૦ ઉદ્દેશઃ

સંસ્કૃત વિષયના પ્રથમ વર્ષ બી.એ. ૦૧ (ફરજિયાત વિષય) ના યુનિટ પાંચમાં વિદ્યાર્થીને ઐતિહાસિક રાજા હર્ષવર્ધનના જીવન અને કૃતિઓનો પરિચય મેળવવાનો છે. જેના થકી વિદ્યાર્થી

- સંસ્કૃત નાટ્યકાર અને રાજા હર્ષવર્ધનના જીવન વિશે આધારભૂત માહિતી મેળવી શકશે.

- સંસ્કૃત સાહિત્યકારોમાં આ એવા અપવાદરૂપ સર્જક છે કે જેના જીવન વિશે દંતકથાઓ ઉપરાંત ઐતિહાસિક માહિતી પણ ઉપલબ્ધ થાય છે. જે વિદ્યાર્થીઓ જાણી શકશે.

હર્ષવર્ધને કુલ ત્રણ નાટ્યકૃતિઓની રચના કરી છે. ૧. પ્રિયદર્શિકા ૨. રત્નાવલી અને ૩. નાગાનન્દ, જેનો પરિચય મેળવી શકશે.

### ૫.૧ પ્રસ્તાવના :

રાજ હર્ષવર્ધને સંસ્કૃત ગદ્યકવિ બાણભટ્ટને રાજ્યાશ્રય આપ્યો હતો. બાણભટ્ટ રચિત આખ્યાયિકા હર્ષચરિતમાં હર્ષવર્ધનના જીવન વિશે પ્રમાણભૂત માહિતી ઉપલબ્ધ થાય છે. આ યુનિટમાં ત્રણ રૂપકોના રચયિતા નાટ્યકાર હર્ષવર્ધનના જીવન વ્યક્તિત્વ, વિદ્વત્તા, સમય વિશે માહિતી આપવામાં આવી છે.

હર્ષવર્ધને લખેલ ત્રણ રૂપકો પ્રિયદર્શિકા, રત્નાવલી અને નાગાનન્દનો પરિચય આપવામાં આવ્યો છે. જેમાં ત્રણેય રૂપકોનું કથાવસ્તુ, નાયક-નાયિકા, રસની ચર્ચા કરવામાં આવી છે. ત્રણેય રૂપકોની સમીક્ષા પણ કરવામાં આવી છે.

### ૫.૨ હર્ષવર્ધનના જીવનનો પરિચય :

સંસ્કૃત સાહિત્યમાં હર્ષ કે શ્રીહર્ષના નામે ત્રણ સાહિત્યકાર પ્રસિદ્ધ છે. એક ભરતમુનિના નાટયશાસ્ત્ર પર વાર્તિકો રચનાર હર્ષ. બીજા નૈષધીયચરિત મહાકાવ્યના રચયિતા  શ્રીહર્ષ અને ત્રીજા કાન્યકુબ્જના સમ્રાટ રૂપકકાર હર્ષ. આ ત્રણેય હર્ષ એકબીજાથી ભિન્ન છે અને તેમનો સમય પણ જુદો જુદો છે. સમ્રાટ હર્ષ રાજા તરીકે હર્ષવર્ધન નામે પ્રસિદ્ધ હતા જ્યારે; સાહિત્ય જગતમાં રુપકોના રચનાકાર તરીકે હર્ષ

નામે પ્રસિદ્ધ હતા.

સમ્રાટ હર્ષવર્ધનના પિતાનું નામ પ્રભાકરવર્ધન અને માતાનું નામ યશોદેવી હતું. તેમના પિતા પ્રભાકરવર્ધને હૂણો અને ગુર્જરોને હરાવીને ઉત્તર ભારતમાં તેમના સામ્રાજ્યનો પાયો નાંખ્યો હતો. પ્રભાકરર્વધનને ઈ.સ.૫૮૨ માં હૂણો સામેના યુદ્ધમાં કાશ્મીરના રાજા અવંતિવર્માને મદદ કરી હતી. હર્ષવર્ધનને રાજયવર્ધન નામનો એક મોટો ભાઈ અને રાજયશ્રી નામની એક નાની બહેન હતી. પ્રભાકરવર્ધનના મૃત્યુ બાદ તેમનો મોટો ભાઈ રાજ્યવર્ધન ગાદીએ બેઠો પછી એક જ વર્ષમાં ગૌડરાજા શશાંકે તેને છળકપટપૂર્વક મારી નાંખ્યો. ઈ.સ.૬૦૬ માં હર્ષવર્ધનનો રાજ્યાભિષેક થયો ત્યારે તેમની ઉંમર માત્ર અગિયાર વર્ષની હતી. રાજ્યારોહણ પછીના છ વર્ષમાં તેમણે હિમાલયથી નર્મદા અને બંગાળના ઉપસાગરથી સિંધ સુધીનું આખા ઉત્તરભારતનું આધિપત્ય ભારે પરાક્રમ અને કૂટનીતિપૂર્વક મેળવી લીધું. ઈ.સ.૬૦૬ થી ૬૪૮ સુધી અર્થાત્ તેમણે સળંગ ૪૨ વર્ષ સુધી એકધારું રાજ્ય ભોગવ્યું. તે ઉત્તરભારતના હિન્દુ સમ્રાટ હતા. ચીની યાત્રી હ્યુએનત્સંગે હર્ષવર્ધનના સુંદર શાસનની ખૂબ પ્રશંસા કરી છે. હર્ષવર્ધનને ચક્રવર્તી શ્રીહર્ષ પણ કહેવાય છે. તેણે અનેક ધર્મશાળાઓ, મઠો અને ધાર્મિક સ્થળો ઊભા કર્યા હતા. પોતાને પરમમાહેશ્વર (શિવનો પરમભક્ત) ગણાવતા હર્ષવર્ધનનું મન જીવનના ઉત્તરકાળમાં બૌદ્ધધર્મ પ્રત્યે વળ્યું હતું. તેમણે શીલાદિત્ય ઉપનામ ધારણ કર્યું હતું. તેમને એક પુત્રી હતી જે વલભીનરેશ સાથે પરણાવી હતી. તેના મૃત્યુ પછી તેમનું રાજ્ય તેમના પ્રધાને પડાવી લીધું હતું.

સફળ શાસક એવા હર્ષવર્ધન સાહિત્યપ્રેમી પણ હતા. તેમણે તેમના રાજ્ય દરબારમાં અનેક પંડિતો અને બાણ, મયૂર જેવા કવિઓને રાજ્યાશ્રય આપ્યો હતો. તેમણે ચીની યાત્રી હ્યુએનત્સંગને પણ રાજ્યાશ્રય આપ્યો હતો. રાજા હર્ષવર્ધને ધાવક નામના કવિને પુષ્કળ ધન આપ્યું હતું તેવી કથા સંસ્કૃતસાહિત્યમાં પ્રચલિત છે. જેને લીધે કેટલાક એવું માને છે કે ધાવક જેવા કવિઓને દાન આપીને હર્ષવર્ધને ત્રણ રુપકો પોતાને નામે લખાવ્યા હશે. પરન્તુ; હર્ષવર્ધન કવિઓને વિપુલ ધન આપતા હોય તેને આધારે આવું માની લેવું અયોગ્ય છે. હર્ષવર્ધન પોતે વિદ્વાન હતા તેમ જ તેમનામાં કવિત્વશક્તિ પણ હતી. તેમનામાં કવિત્વ અને પાંડિત્યની પરખ કરવાની શક્તિ હોવાને લીધે તેઓ કવિઓને વિપુલ ધન આપી તેમનું સન્માન કરતા હશે. આથી, ચીની યાત્રી હ્યુએનત્સંગે તેમની પ્રશંસા કરી છે. તેમજ ગદ્યકવિ બાણે પણ આખ્યાયિકા હર્ષચરિત રચી તેમને સન્માન આપ્યું છે. હર્ષચરિતમાં બાણે હર્ષને શાસ્ત્ર અને કાવ્યમાં નિપુણ તથા મુખમાં સાક્ષાત સરસ્વતી ધારણ કરનારા વર્ણવ્યા છે. કવિ કલ્હણે પણ તેમના રાજતરંગિણી નામના ગ્રન્થમાં હર્ષને અનેક ભાષાઓના જાણકાર, અનેક કૃતિઓના રચનાકાર તથા વિદ્વાન ગણાવ્યા છે. આ રીતે સમ્રાટની સાહિત્ય રુચિ અને વિદ્વત્તાની પ્રશંસા કરી છે.

## ૫.૩ હર્ષવર્ધનની કૃતિઓ (/રુપકો) :

કવિ હર્ષે કુલ ત્રણ રુપકો રચ્યા છે. (૧) પ્રિયદર્શિકા (૨) રત્નાવલી (૩) નાગાનન્દ. આ ત્રણેય રુપકો એક જ વ્યક્તિની રચના છે તેવું કૃતિઓ જોતાં જણાય છે. ત્રણેય રુપકોની પ્રસ્તાવનામાં હર્ષ માટે ‘નિપુણ કવિ’ એવું વિશેષણ પ્રયોજવામાં આવ્યું છે. આ ત્રણેય રુપકોની શૈલી એકસરખી છે. પ્રિયદર્શિકા અને નાગાનન્દનો એક શ્લોક પરસ્પર મળતો આવે છે તથા પ્રિયદર્શિકા અને રત્નાવલીનો એક એક શ્લોક પણ પરસ્પર સમાન છે. પ્રિયદર્શિકા અને રત્નાવલી એ બન્ને નાટિકાઓ છે. આ બન્ને નાટિકાઓ ઉદયનકથા પર આધારિત છે જ્યારે; નાગાનન્દ પાંચ અંકનું નાટક છે જેની કથાવસ્તુ વિદ્યાધર જાતક પર આધારિત છે.

હર્ષના ત્રણેય રુપકોનો અભિનય તેમની રાજસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ ત્રણ રુપકો ઉપરાંત હર્ષે 'સુપ્રભાતસ્તોત્ર' અને 'અષ્ટમહાચૈત્યસ્તોત્ર' – એ બે કૃતિઓ રચી હોવાના ઉલ્લેખો પણ મળે છે. પરન્તુ; આ ઉલ્લેખ પ્રમાણભૂત નથી.

### ૫.૩.૧ રત્નાવલી

આ ચાર અંકની નાટિકા છે. જેમાં વત્સદેશના રાજા ઉદયન અને સિંહલદેશની રાજકુંવરી રત્નાવલીની પ્રણય અને વિવાહની કથાવસ્તુ છે. સિંહલદેશની રાજકુંવરી સાથે રાજા ઉદયનના બીજા લગ્નની યોજના યૌગન્ધરાયણ ઘડે છે પણ જયાં સુધી વાસવદત્તા જીવતી હોય ત્યાં સુધી સિંહલદેશનો રાજા વિક્રમબાહુ પોતાની પુત્રી ઉદયન સાથે પરણાવે નહીં કેમકે તે વાસવદત્તાના મામા છે. એટલે યૌગન્ધરાયણ નામનો મંત્રી કાંચુકીય બાભ્રવ્ય મારફત એવી અફવા ફેલાવે છે કે લાવાણકના અગ્નિકાંડમાં વાસવદત્તા બળી મરી છે. આ સમાચાર સાંભળી સિંહલદેશનો રાજા પોતાની પુત્રીના લગ્ન ઉદયન સાથે કરાવવા તૈયાર થાય છે. તે પોતાની પુત્રીને મંત્રી વસુભૂતિ અને વત્સદેશના કાંચુકીય બાભ્રવ્ય સાથે દરિયાઈ માર્ગે વત્સદેશ મોકલે છે. સાગરમાં જહાજ તૂટી જાય છે ત્યારે એક કૌશામ્બીનો વાણિયો ડૂબતી રાજકુંવરી રત્નાવલીને બચાવે છે. તેના ગળામાં રહેલી કિંમતી રત્નમાલા (રત્નાવલી) ને જોઈને તેને ઓળખી જાય છે અને યૌગન્ધરાયણને સોંપે છે. તે સાગરમાંથી મળી હોવાથી તેને સાગરિકા એવું નામ આપવામાં આવે છે. યૌગન્ધરાયણ તેને રાણીને સોંપે છે. રાણી વાસવદત્તા સાગરિકા ખૂબ રુપાળી હોવાથી તેને રાજાની નજરથી દૂર રાખે છે. એકવાર મદનમહોત્સવ પ્રસંગે તે મદનપૂજા જોવા જાય છે ત્યાં વાસવદત્તા ઉદયનની પૂજા કરતા હોય છે તે જોઈ તે ઉદયનને સાક્ષાત્ કામદેવ માની બેસે છે પછી તેને ખબર પડે છે કે આ તો એ ઉદયન છે કે જેની સાથે વિવાહ કરવા તેના પિતાએ દરિયાઈમાર્ગે મોકલી હતી. આથી તે મનોમન રાજાના પ્રેમમાં પડી જાય છે. એકાંતમાં બેસીને રાજાનું ચિત્ર દોરે છે જે તેની સખી સુસંગતા જોઈ જાય છે. સુસંગતા રાજાની બાજુમાં સાગરિકાનું ચિત્ર દોરે છે. એટલામાં અશ્વશાળામાંથી ભાગી છૂટેલો વાંદરો બધે કૂદાકૂદ કરતો ત્યાં આવી ચડે છે. સુસંગતા અને સાગરિકા ચિત્ર ત્યાં જ મૂકીને સંતાઈ જાય છે. સારિકાનું પાંજરુ પછડાતા તેમાંથી સારિકા ઉડી જાય છે. આથી, સાગરિકા અને સુસંગતા સારિકાને શોધવા જાય છે. આ બાજુ રાજા અને વિદૂષક આ ચિત્ર જોઈ જાય છે. ત્યાં સાગરિકા અને સુસંગતા પણ પાછા આવે છે. સુસંગતા રાજા સાથે તેનું મિલન કરાવે છે. તે જ સમયે વાસવદત્તા તેની દાસી કાંચનમાલા સાથે એ જોવા આવે છે કે રાજાની નવમાલિકા પલ્લવિત થઈ છે કે નહીં. ત્યારે રાજા અને સાગરિકાનું ચિત્ર જોઈ બધું સમજી જાય છે અને ત્યાંથી કશું કહ્યા વગર ચાલી જાય છે. ઉદયન અને સાગરિકાના પ્રથમ મિલનમાં જ વિઘ્ન આવે છે એટલે સુસંગતા અને વિદૂષક તે બન્નેના મિલનની યોજના ઘડે છે. જેમાં સાગરિકા વાસવદત્તાનો વેશ ધારણ કરીને ઉદયનને મળવાની હતી. પણ આ ગુપ્ત યોજનાની વાત વાસવદત્તા સુધી પહોંચી જાય છે. આથી, રાણી વાસવદત્તા ત્યાં મિલન સ્થળે પહોંચી જાય છે. રાજા અને સાગરિકાને પકડે છે. વિદૂષકને કેદ કરી લઈ જાય છે અને સાગરિકાને ઉજ્જયિની મોકલી દીધી છે એમ બધાને જણાવે છે. રાજા સાગરિકા વગર દુઃખી થાય છે ત્યાં તેમના સેનાપતિ રુમણ્વાનની બહેનનો પુત્ર વિજયવર્મા સારા સમાચાર આપે છે કે રુમણ્વાને કોસલદેશ જીતી લીધો છે. તે સમયે એક જાદુગર આવે છે અને તે જાદૂના ખેલો બતાવતો હોય છે ત્યાં જ સિંહલદેશના રાજાનો મંત્રી વસુભૂતિ આવે છે. રાજા અધૂરો ખેલ મૂકી તેમને મળવા જાય છે. ત્યાં રાજમહેલમાં આગ ફાટી નીકળે છે. ગભરાયેલી વાસવદત્તા બૂમ પાડે છે કે 'બેડીથી બાંધેલી સાગરિકાને કારાવાસમાંથી બચાવો.' રાજા તેને બચાવવા

આગમાં કૂદી પડે છે. સાગરિકાને બચાવે છે ત્યાં આગ અદૃશ્ય થઈ જાય છે. ઐન્દ્રજાલિક કહે છે કે આ તો જાદૂ હતો. સિંહલદેશનો મંત્રી સાગરિકાને ઓળખી જાય છે કે આ તો રાજકુંવરી રત્નાવલી છે. યૌગન્ધરાયણ પણ જણાવે છે કે ‘‘આ કુંવરી સાથે જે રાજા પરણશે તે ચક્રવર્તી બનશે એવી ભવિષ્યવાણી સાંભળીને આને અહીં લાવ્યા હતા રાજા તેને જોઈ પ્રેમમાં પડે એટલે ઓળખાણ છૂપાવી રાણીને સોંપી હતી. બધું જાણ્યા પછી વાસવદત્તા પણ રત્નાવલી અને ઉદયનના વિવાહની મંજૂરી આપે છે.

**સમીક્ષા :**

રત્નાવલી એ નાટિકા પ્રકારનું રુપક છે જેમાં નાટિકાના બધા જ શાસ્ત્રીય લક્ષણો ચરિતાર્થ થાય છે. નાટિકા હોવાને કારણે તેમાં સ્ત્રીપાત્રોની સંખ્યા અને મહત્વ વધારે છે. ચારેય અંકોને અનુક્રમે મદનમહોત્સવ, કદલીગૃહ, સંકેતક અને ઐન્દ્રજાલિક એવા નામ આપવામાં આવ્યા છે. નાયક ઉદયન વાસવાદત્તાથી ગભરાય છે. મુગ્ધા નાયિકા સાથેના પ્રણય પ્રસંગોને લીધે શૃંગારસનું પ્રાધાન્ય હોય છે. આરંભે હર્ષવર્ધને નાન્દી શ્લોકમાં શિવને પ્રણામ કર્યા છે. એ પરથી જણાય છે કે બૌદ્ધધર્મથી પ્રભાવિત થયા પહેલા હર્ષવર્ધન શૈવસમ્પ્રદાયના અનુયાયી હશે.

નાટિકામાં પ્રસંગોની ગૂંથણી સરસ રીતે કરી છે. નાટકમાં પ્રાણરૂપ સંઘર્ષનું આયોજન કરીને તેનો ઉકેલ પણ સરસ રીતે કર્યો છે. હર્ષવર્ધનની સંવિધાનકળા પ્રશંસાપાત્ર છે. રાજાના રત્નાવલી સાથેના લગ્ન રાજાને ચક્રવર્તીપણું પ્રાપ્ત થાય એ માટે ગોઠવ્યા છે. એ ઘટનામાં ભાસના સ્વપ્નવાસવદત્તમ નાટકની અસર જણાય છે. સ્વપ્નવાસવદત્તમ માં ઉદયયનના લગ્ન પદ્માવતી સાથે કરવાનું કારણ રાજાને રાજ્યની પુનઃપ્રાપ્તિ કરાવવાનું હતું. રત્નાવલીમાં વાનરપ્રસંગ આવે છે તે માલવિકાગ્નિમિત્રમાથી પિંગલવાનર પ્રસંગની અસર હેઠળ રચાયો છે. જયારે રત્નાવલીની રત્નમાળા શાકુન્તલમાં વીંટીની જેમ ઓળખ ચિન્હ બને છે. આમ રત્નાવલીના પ્રસંગો પૂર્વનાટ્યકારોના નાટકોના પ્રભાવ હેઠળ હર્ષવર્ધને ગૂંથ્યા છે.

રત્નાવલીને જોતા શ્રીહર્ષ (હર્ષવર્ધન) ને નાટિકાનું સ્વરૂપ ઘડનાર સમર્થ સર્જક કહી શકાય તેમ છે.

**૫.૩.૨ પ્રિયદર્શિકા :**

આ ચાર અંકની નાટિકા છે. જેનું કથાવસ્તુ બૃહત્કથામાં આવતી ઉદયનની વાર્તા પર આધારિત છે. આ નાટિકાનું કથાનક આ મુજબ છે. ‘અંગદેશના રાજ દ્રઢવર્માને એક કન્યા હતી જેનું નામ હતું પ્રિયદર્શિકા. કલિંગના રાજાને આ કન્યા સાથે લગ્ન કરવાની ઈચ્છા હતી પરન્તુ; દ્રઢવર્મા પોતાની દીકરીના વિવાહ વત્સરાજ ઉદયન સાથે કરવા ઈચ્છતા હોવાથી તેમણે કલિંગના રાજાની માગણીનો અસ્વીકાર કર્યો. આથી કલિંગના રાજાએ દ્રઢવર્મા પર હૂમલો કર્યો. તે સમયે દ્રઢવર્માનો કાંચુકીય વિનયવસુ પ્રિયદર્શિકાને ત્યાંથી બચાવીને વિન્ધ્યકેતુ પાસે લઈ જાય છે. વિન્ધ્યકેતુ દ્રઢવર્માનો મિત્ર હતો. વિન્ધ્યકેતુને ત્યાં પ્રિયદર્શિકાને મૂકીને વિનયવસુ અગત્સ્યતીર્થ સ્નાન કરવા ગયો. તે દરમ્યાન વિન્ધ્યકેતુ પર ઉદયનના સેનાપતિ વિજયસેને આક્રમણ કર્યું. જેમાં બહાદુરીપૂર્વક લડવા છતાં વિન્ધ્યકેતુ હણાયો. તેની રાણીઓ સતી થાય છે. ઉદયનનો સેનાપતિ વિજયસેન પ્રિયદર્શિકાને વિન્ધ્યકેતુની પુત્રી માનીને તેને વાસવદત્તાને સોંપે છે. ત્યાં તેનું નામ આરણ્યકા પાડવામાં આવે છે. આરણ્યકા એકવાર બગીચામાં ફૂલો તોડતી હોય છે ત્યારે રાજા ઉદયન તેને જોઈ જાય છે. જોતાં જ તેના પ્રત્યે આકર્ષાય છે. એટલામાં એક ભમરો આરણ્યકાને હેરાન કરતો હોય છે. ગભરાઈને આરણ્યકા મોઢું ઢાંકીને એની સખી ઈન્દિવરિકાને ભેટી પડે છે પણ

ખરેખર તે ઈન્દિવરિકાને બદલે રાજા હોય છે. રાજા તેને આશ્વાસન આપે છે ત્યારે તેને ખબર પડે છે કે આ તો રાજા છે ત્યારે તે દૂર ખસી જાય છે. તે રાજા સામે સ્પૃહાસહિત લજ્જાથી જુએ છે. તેને યાદ આવે છે કે આ રાજા વત્સરાજ ઉદયન છે કે જેની સાથે તેની સગાઈ થઈ હતી ત્યારે તેના મનમાં પણ રાજા પ્રત્યે અનુરાગ જન્મે છે. રાણી વાસવાદત્તાની ધાત્રી સાંકૃત્યાયનીએ ઉદયન અને વાસવદત્તાના લગ્ન પૂર્વેના પ્રેમ વિશે એક નાટક લખ્યું હતું, જે ભજવવાનું હતું. જેમાં વાસવદત્તાનું પાત્ર આરણ્યકાએ અને રાજા ઉદયનનું પાત્ર મનોરમાએ ભજવવાનું હતું. પરન્તુ; મનોરમા અને વિદૂષક આરણ્યકાને જાણ કર્યા વગર જ યોજના કરે છે. ઉદયનનું પાત્ર મનોરમાને બદલે ઉદયન પોતે જ ભજવે છે. નાટકમાં કેટલાક પ્રસંગો અવાસ્તવિક લાગવાથી વાસવદત્તા ગુસ્સે થઈ અડધું નાટક જોઈને જ ઊભી થઈ જાય છે. રંગશાળાની બહાર જાય છે ત્યાં વિદૂષક ઊંઘતો હોય છે. તેને ઊંઘમાંથી ઉઠાડતા ભૂલમાં ભાંડો ફોડી નાંખે છે કે રાજા જ નાટકમાં અભિનય કરે છે. ત્યારે રાણી ગુસ્સે થાય છે. આરણ્યકા નિર્દોષ હોવા છતાં તેને પકડીને કારાવાસમાં કેદ કરી દે છે. સેનાપતિ વિજયસેન સમાચાર લાવે છે કે વાસવદત્તાના માસા દ્રઢવર્માએ કલિંગરાજને હરાવી દીધો છે. દ્રઢવર્માનો કાંચુકીય એ બાબતે દુઃખી થાય છે કે એમની રાજકુંવરી ખોવાઈ ગઈ છે. ત્યાં મનોરમા સમાચાર લાવે છે કે 'આરણ્યકાએ ઝેર પી લીધું છે. આથી આરણ્યકાને ઉદયન પાસે લાવવામાં આવે છે. ઉદયન મંત્રથી તેનું ઝેર ઉતારે છે. ત્યાં દ્રઢવર્માનો કાંચુકીય વિનયવસુ હાજર હોય છે તે આરણ્યકાને ઓળખી જાય છે કે આ તો રાજકુંવરી પ્રિયદર્શિકા છે. વાસવદત્તાને પણ જાણ થાય છે કે આરણ્યકા તો ખરેખર તેની મસિયાઈ બહેન પ્રિયદર્શિકા છે અને તે રાજા ઉદયન સાથે પ્રિયદર્શિકાના વિવાહની મંજૂરી આપે છે.

**સમીક્ષા :**

સ્વરૂપની દ્રષ્ટિએ આ નાટિકા પ્રકારનું રુપક છે. તેનું શીર્ષક નાયિકા પ્રિયદર્શિકાના નામ પરથી પાડવામાં આવ્યું છે. નાયિકાની આસપાસ જ કથાવસ્તુ ગૂંથાયેલું છે. જેમકે; દ્રઢવર્માનો પોતાની પુત્રી પ્રિયદર્શિકાને ઉદયન સાથે પરણાવવાનો સંકલ્પ, તેને કારણે કલિંગરાજનું આક્રમણ, ઉદયને કરેલ કલિંગરાજ પર આક્રમણ, પ્રિયદર્શિકાનું આરણ્યકા રૂપે ઉદયનના રાજમહેલમાં આગમન, ભ્રમરપ્રસંગે નાયક-નાયિકાનું પ્રથમ મિલન, મિલનમાં વિઘ્ન અને સંઘર્ષ, ચોથા અંકનો વિષપ્રસંગ અને અંતે આરણ્યકાની પ્રિયદર્શિકા તરીકે ઓળખાણ — આ બધા મુખ્ય પ્રસંગો છે. આ બધા જ પ્રસંગો શ્રીહર્ષે ખૂબ કલાત્મક રીતે ગૂંથ્યા છે. ચારેય અંકોમાં ત્રીજો અંક શ્રેષ્ઠ છે જેમાં નાયક-નાયિકાનો પરસ્પર વિહવળતા, તલસાટ સરસ રીતે નિરૂપ્યો છે. ગર્ભનાટક (નાટકમાં નાટક) માં લેખકની નાટ્યકલાનો પરિચય મળે છે. મુખ્યપાત્રો — ઉદયન, વાસવદત્તા, પ્રિયદર્શિકાના પાત્રો પ્રભાવક છે. જયારે; ગૌણપાત્રો — વિજયસેન, વિનયવસુ, કાંચુકીય, સાંકૃત્યાયની, મનોરમા અને ઈન્દિવરીકા કથાવસ્તુના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. જયારે; દ્રઢવર્મા, વિન્ધ્યકેતુ વૈતાલિક સૂચિતપાત્રો છે જે રંગમંચ પર આવતા નથી.

પ્રિયદર્શિકા હળવી શૃંગારિક નાટિકા હોવાથી મુખ્ય રસ શૃંગાર છે. આ ઉપરાંત, અદ્ભુત રસ, હાસ્યરસ, વીરરસ પણ ગૌણ રૂપે છે. સંવાદો નાના, માર્મિક છે. શ્લોકોમાં સુંદર કાવ્યતત્ત્વ છે. વત્સરાજ અને રાજહંસનું વર્ણન કરતો દ્વિઅર્થી શ્લેષયુકત શ્લોક ધ્યાન ખેંચે છે. હર્ષની શૈલી હળવી, પ્રાસાદિક છે. આ ઉપરાંત શિવપાર્વતીનું વર્ણન, સંધ્યા, આશ્રમ, વન, પ્રાસાદ વગેરે વર્ણનો સરસ છે.

પ્રિયદર્શિકા રત્નાવલીની તુલનામાં ઊતરતી નાટિકા છે પણ શ્રીહર્ષની નાટ્યકાર તરીકેની વિશેષતાઓ પ્રકટ થઈ જાય છે.

### ૫.૩.૩ નાગાનન્દ :

આ નાટક પાંચ અંકનું છે જે બૌદ્ધ ઉપાખ્યાન – જીમૂતવાહનના આત્મબલિદાનની કથા – ને આધારે રચાયેલું છે. આ નાટકનો નાયક જીમૂતવાહન વિદ્યાધરોનો રાજકુમાર છે. તેનો એક મિત્ર છે મિત્રાવસુ જે સિદ્ધોનો રાજકુમાર છે. મિત્રાવસુની એક બહેન છે. જેનું નામ છે મલયવતી. તેને એકવાર ગૌરી સપનામાં આવીને તેના ભાવિ પતિ વિશે જણાવે છે. મલયવતી પોતાની સખીને પોતે જોયેલ સપનું કહે છે જે જીમૂતવાહન સાંભળી જાય છે. તે સમયે વિદૂષક જીમૂતવાહન અને મલયવતી આ બન્ને પ્રેમીઓનું મિલન કરાવી આપે છે. જીમૂતવાહન મલયવતીનું ચિત્ર દોરીને તેના પ્રેમની અભિવ્યક્તિ કરે છે. મિત્રાવસુ જીમૂતવાહન પાસે પોતાની બહેન મલયવતી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકે છે. પરન્તુ; જીમૂતવાહન જાણતો નહોતો કે તેની પ્રેમિકા અને મિત્રાવસુની બહેન બન્ને એક જ વ્યક્તિ છે. એટલે તે મિત્રાવસુની માગણી સ્વીકારતો નથી. ના સાંભળીને મિત્રાવસુની બહેન આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેની સખી તેને બચાવવા મદદ માટે બૂમો પાડે છે. જીમૂતવાહન ત્યાં આવે છે તેને બચાવે છે અને પોતે દોરેલું ચિત્ર મલયવતીને બતાવી ખાતરી કરાવે છે કે એ જ તેની પ્રિયતમા છે. બન્નેના વિવાહ થઈ જાય છે. બન્ને જણા આનન્દપૂર્વક ફરતા હોય છે ત્યાં જીમૂતવાહનને સમાચાર મળે છે કે તેના રાજ્ય પર હુમલો થયો છે.

નાટકના છેલ્લા બે અંકોમાં કથાવસ્તુ બદલાય છે. જીમૂતવાહન એકવાર પોતાના મિત્ર મિત્રાવસુ સાથે ફરતો હોય છે ત્યાં એક મોટો હાડકાનો ઢગલો જુએ છે. તપાસ કરતાં તેને જાણવા મળે છે કે ગરૂડને રોજ ભોજન માટે મોકલવામાં આવતા નાગોના હાડકાનો આ ઢગલો છે. આ સાંભળીને જીમૂતવાહન એવો સંકલ્પ કરે છે કે "પોતે પોતાના પ્રાણના ભોગે પણ નાગોની રક્ષા કરશે" જયાંથી નાગોને ગરૂડ લઈ જતો હતો ત્યાં સુધી તે પહોંચી જાય છે. તે દિવસે શંખચૂડ નામનો નાગનો વારો હતો આથી તેની માતા ત્યાં રડતી હોય છે. જીમૂતવાહન તેને આશ્વાસન આપે છે કે આજે શંખચૂડની જગ્યાએ એ પોતે જશે. શંખચૂડ મંદિરમાં અંતિમ દર્શન કરવા જાય છે ત્યારે જીમૂતવાહન તેની જગ્યાએ જતો રહે છે. ગરૂડ તેને ઉપાડી જાય છે. પછી શંખચૂડને ખબર પડે છે કે મારી જગ્યાએ બીજાનું બલિદાન અપાઈ ગયું છે ત્યારે તે લોહીના ટીપ ાની નિશાનીને આધારે ગરૂડની પાછળ જાય છે અને ગરૂડને કહે છે કે એ કોઈ બીજાને લઈ ગયો છે. આ જાણી ગરૂડનું હૃદયપરિવર્તન થાય છે. જીમૂતવાહનના મુકુટમાંથી પડેલ મણિ જીમૂતવાહનના માતા-પિતાને મળે છે આથી તેઓ પણ ચિંતાતુર બને છે. ત્યાં આવી પહોંચે છે. જીમૂતવાહન તેના અડધા ખાવાયેલા શરીરને ઢાંકી દે છે જેથી તેના માતા-પિતાને દુઃખ ન થાય. પણ જીમૂતવાહન એના માતા-પિતા પહોંચે છે ત્યાં જ મૃત્યુ પામે છે. ગરૂડને પણ પસ્તાવો થાય છે. મલયવતી પોતાના સૌભાગ્યની રક્ષા માટે ગૌરીને પ્રાર્થના કરે છે જેનથી પ્રસન્ન થઈ ગૌરી પોતે જ કહેલી વાતનું પાલન કરે છે અને જીમૂતવાહનના અડધા ખવાઈ ગયેલ શરીરને પહેલા જેવું આખું બનાવે છે અને તેને જીવતો કરે છે. ગરૂડ પણ સ્વર્ગમાંથી અમૃત લઈ આવે છે. સર્પોના હાડકાના ઢગલા પર છાંટે છે જેનાથી બધા જ નાગ પાછા જીવતા થઈ જાય છે.

**સમીક્ષા :**

બૌદ્ધ કથા પર આધારિત હોવા છતાં આ નાટકમાં વૈદિક દેવી ગૌરીને પણ મહત્વ આપવામાં આવ્યું છે. આ તેની મહત્વની વિશેષતા છે.

## ૫.૪ તમારી પ્રગતિ ચકાસો.

★ **નીચેના પ્રશ્નોના ઉત્તર આપો**

૧. હર્ષવર્ધનના જીવન વિશે નોંધ લખો.

............................................................
............................................................
............................................................
............................................................

૨. હર્ષવર્ધનની સાહિત્યરસિકતા વિશે ટૂંકમાં જણાવો.

............................................................
............................................................
............................................................
............................................................

૩. હર્ષવર્ધને તેના રાજયમાં કરેલ લોકકલ્યાણના કાર્યો જણાવો.

............................................................
............................................................
............................................................
............................................................

૪. રત્નાવલી નાટિકાનું કથાવસ્તુ જણાવો.

............................................................
............................................................
............................................................
............................................................

૫. રત્નાવલીની સમીક્ષા કરો.

............................................................
............................................................
............................................................
............................................................

૬. રત્નાવલીના મુખ્ય સ્ત્રીપાત્રોનો ટૂંક પરિચય આપો.

............................................................
............................................................
............................................................

..........................................................................

૭. પ્રિયદર્શિકા નાટિકાના કથાવસ્તુનો ટૂંક પરિચય આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

૮. પ્રિયદર્શિકા નાટિકાના પાત્રોનો ટૂંક પરિચય આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

૯. વિદૂષક પ્રિયદર્શિકા અને રાજાના મિલન માટે કઈ યોજના કરે છે ? જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

૧૦. નાગાનન્દ નાટકની કથાવસ્તુનો ટૂંક પરિચય આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

૧૧. નાગાનન્દની કોઈ એક વિશેષતા એક-બે વાક્યમાં જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**હેતુલક્ષી પ્રશ્નો :**

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

**૧. હર્ષવર્ધનના પિતાનું નામ જણાવો.**

(અ) પ્રભાકરવર્ધન
(બ) રાજ્યવર્ધન
(ક) આદિત્યવર્ધન
(ડ) સૂર્યવર્ધન

૨. **હર્ષવર્ધનની બહેનનું નામ જણાવો.**
(અ) રાજ્યશ્રી
(બ) રૂપશ્રી
(ક) ગુણસુંદરી
(ડ) મહાલક્ષ્મી

૩. **કલ્હણે ક્યા ગ્રંથમાં હર્ષવર્ધનની પ્રશંસા કરી છે ?**
(અ) રાજતરંગિણી
(બ) બૃહત્કથા
(ક) કથાસરિત્સાગર
(ડ) કથાશશિ

૪. **હર્ષવર્ધને સળંગ કેટલા વર્ષ એકધારું રાજ્ય ભોગવ્યું ?**
(અ) ૪૨
(બ) ૨૦
(ક) ૫
(ડ) ૨૫

૫. **કયા ચીની યાત્રીએ હર્ષવર્ધનના શાસનની પ્રશંસા કરી છે ?**
(અ) હ્યુએનત્સંગ
(બ) તાઓત્સે
(ક) લાઓત્સે
(ડ) યેનચુંગયૂ

૬. **રત્નાવલી કયા દેશની રાજકુંવરી છે ?**
(અ) ઉજ્જૈન
(બ) મગધ
(ક) વિદર્ભ
(ડ) સિંહલ

૭. **સિંહલદેશના રાજાનું નામ જણાવો.**
(અ) વિન્ધ્યકેતુ
(બ) વિજયસેન
(ક) ઉદયન
(ડ) વિક્રમબાહુ

૮. **રત્નાવલીને કયું નામ આપવામાં આવે છે ?**
(અ) પ્રિયદર્શિકા

(બ) આરણ્યકા

(ક) માલવિકા

(ડ) સાગરિકા

**૯. સાગરમાં ડૂબતી રત્નાવલીને કોણ બચાવે છે ?**

(અ) કૌશામ્બીનો વાણિયો

(બ) કૌશામ્બીનો મંત્રી

(ક) કૌશામ્બીનો કાંચુકીય

(ડ) કૌશામ્બીનો સેનાપતિ

**૧૦. રાજાની બાજુમાં સાગરિકાનું ચિત્ર કોણ દોરે છે ?**

(અ) કાંચનમાલા

(બ) સાગરિકા

(ક) સુસંગતા

(ડ) રાજા

**૧૧. સિંહલદેશના અમાત્ય (મંત્રી) નું નામ જણાવો.**

(અ) વસુભૂતિ

(બ) બાભ્રવ્ય

(ક) રુમણ્વાન

(ડ) વિજયવર્મા

**૧૨. રુમણ્વાન ક્યો દેશ જીતી લે છે ?**

(અ) કોસલ દેશ

(બ) વિદર્ભ દેશ

(ક) સિંહલ દેશ

(ડ) મગધ દેશ

**૧૩. ........................... ને લીધે મહેલમાં આગ લાગે છે.**

(અ) સેનાપતિ

(બ) અમાત્ય

(ક) દાસી

(ડ) ઐન્દ્રજાલિક

**૧૪. રત્નાવલીનો રુપક પ્રકાર જણાવો.**

(અ) પ્રકરણ

(બ) વીથી

(ક) પ્રહસન

(ડ) નાટિકા

**૧૫. રત્નાવલીના નાન્દી શ્લોકમાં ................................ ને પ્રણામ કર્યાં છે.**

(અ) શિવ

(બ) વિષ્ણુ

(ક) ઈન્દ્ર

(ડ) રુદ્ર

**૧૬. પ્રિયદર્શિકાનો રુપક પ્રકાર જણાવો.**

(અ) નાટિકા

(બ) ભાણ

(ક) નાટક

(ડ) પ્રહસન

**૧૭. વિનયવસુ કોણ છે ?**

(અ) દ્રઢવર્માનો કાંચુકીય

(બ) દ્રઢવર્માનો સેનાપતિ

(ક) દ્રઢવર્માનો મંત્રી

(ડ) દ્રઢવર્માનો સૈનિક

**૧૮. પ્રિયદર્શિકાને કયું નામ અપાય છે ?**

(અ) આરણ્યકા

(બ) સાગરિકા

(ક) આવન્તિકા

(ડ) માલવિકા

**૧૯. આરણ્યકાની સખીનું નામ જણાવો.**

(અ) ઈન્દિવરિકા

(બ) મનોરમા

(ક) સાંકૃત્યાયની

(ડ) પ્રિયદર્શિકા

**૨૦. વિદૂષક ક્યાં ઊંઘતો ઝડપાય છે ?**

(અ) રંગશાળાની બહાર

(બ) પ્રમદવનમાં

(ક) કદલીગૃહમાં

(ડ) સમુદ્રગૃહમાં

**૨૧. ઝેર ઉતારવાની વિદ્યાનો જાણકાર કોણ છે ?**

(અ) વિનયવસુ

(બ) દ્રઢવર્મા

(ક) ઉદયન

(ડ) વિન્ધ્યકેતુ

**૨૨. પ્રિયદર્શિકા વાસવદત્તાની ....................... બહેન છે.**

(અ) મસિયાઈ

(બ) પિતરાઈ

(ક) સગી

(ડ) ધર્મની

**૨૩. સાંકૃત્યાયનીના નાટકમાં વાસવદત્તાનું પાત્ર કોણ ભજવે છે ?**

(અ) આરણ્યકા

(બ) મનોરમા

(ક) ઈન્દિવરિકા

(ડ) સાંકૃત્યાયની

**૨૪. વિન્ધ્યકેતુ દ્રઢવર્માનો ............................ અને ઉદયનનો ...................... .......... હતો.**

(અ) મિત્ર, શત્રુ

(બ) શતુ, મિત્ર

(ક) મિત્ર, ભાઈ

(ડ) ભાઈ, શત્રુ

**૨૫. નાયક-નાયિકાનું પ્રથમ મિલન પ્રિયદર્શિકામાં .............................. પ્રસંગે થાય છે.**

(અ) મદનમહોત્સવ

(બ) ભ્રમર

(ક) વસન્તોત્સવ

(ડ) નૂતનવર્ષ

**૨૬. જીમૂતવાહન ................... નો રાજકુમાર છે.**

(અ) વિદ્યાધરો

(બ) યક્ષો

(ક) ગાન્ધર્વા

(ડ) કિન્નરો

**૨૭. જીમૂતવાહનના મિત્રનું નામ જણાવો.**

(અ) શંખચૂડ

(બ) મિત્રાવસુ

(ક) મિત્રવર્મા

(ડ) વિદ્યાધર

**૨૮. જીમૂતવાહન કોને પ્રેમ કરે છે ?**

(અ) ગૌરી

(બ) મલયવતી

(ક) મલયકાન્તા

(ડ) આરણ્યકા

**૨૯. જીમૂતવાહન પ્રાણના ભોગે પણ કોનું રક્ષણ કરવાનો સંકલ્પ કરે છે ?**

(અ) નાગોનું

(બ) હાથીઓનું

(ક) સિંહોનું

(ડ) અશ્વોનું

**૩૦. શંખચૂડ કોણ છે ?**

(અ) સિદ્ધોનો રાજકુમાર

(બ) વિદ્યાધરોનો રાજકુમાર

(ક) નાગ

(ડ) માણસ

**૩૧. જીમૂતવાહનની કઈ નિશાની તેના માતાપિતાને મળે છે ?**

(અ) મુકુટમણિ

(બ) મુદ્રિકા

(ક) કંકણ

(ડ) હાર

**૩૨. ગરૂડ સ્વર્ગમાંથી શું લઈ આવે છે ?**

(અ) સોમરસ

(બ) અમૃત

(ક) પુષ્પો

(ડ) જળ

**૩૩. નાગાનન્દ .............................. પર આધારિત નાટક છે.**

(અ) રામાયણ

(બ) મહાભારત

(ક) બૌદ્ધ ઉપાખ્યાન

(ડ) પુરાણ

**૩૪. નાગાનન્દ .............................. અંકનું નાટક છે.**

(અ) પાંચ

(બ) ચાર

(ક) ત્રણ

(ડ) દસ

**૩૫. નાગાનન્દ નાટકમાં કયા દેવીને મહત્વ અપાયું છે ?**

(અ) પદ્માવતી

(બ) હેરુકા

(ક) હેમન્ત

(ડ) ગૌરી

એકમ
૯

# શૂદ્રક જીવન અને કૃતિઓનો પરિચય

## રૂપરેખા


૯.૦ ઉદ્દેશ

૯.૧ પ્રસ્તાવના

૯.૨ શૂદ્રકનું જીવન

૯.૩ મૃચ્છકટિક

૯.૪ તમારી પ્રગતિ ચકાસો


## ૯.૦ ઉદ્દેશ :

સંસ્કૃત વિષયના બી.એ. પેપર નં.૦૧ (ફરજિયાત વિષય) માં આ છઠ્ઠા યુનિટમાં નાટ્યકાર શૂદ્રકના જીવન અને કૃતિઓનો પરિચય વિદ્યાર્થીઓએ મેળવવાનો છે. જેના થકી વિદ્યાર્થીઓ.

- શૂદ્રકના જીવન વિશે પુરાણો, વિવિધ કવિઓ, આલંકારિકોએ કરેલા ઉલ્લેખોને આધારે તેમના જીવન વિશે માહિતી મેળવશે.

- શૂદ્રકે પોતે મૃચ્છકટિક નામના પ્રકરણની રચના કરી છે. જેનો પરિચય પણ વિદ્યાર્થીઓ મેળવશે. આ પ્રકરણ પ્રકારના રૂપકને આધારે શૂદ્રકના જીવન, વ્યક્તિત્વ, વિદ્વત્તા, નાટ્યકાર તરીકેની વિશેષતાઓનો પરિચય મેળવશે.

## ૯.૧ પ્રસ્તાવના :

શૂદ્રકે રચેલ કેવળ એકમાત્ર મૃચ્છકટિક નામનું પ્રકરણ પ્રકારનું રૂપક મળે છે. આ નાટક સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમના પાત્રો તરીકે માત્ર રાજા-રાણી નથી પણ એક સામાન્ય દ્રરિદ્ર વ્યક્તિ ચારૂદત્ત નાયક છે. ગણિકા નાયિકા છે.

કથાવસ્તુ ક્રાંતિકારી છે. સામાન્ય જનજીવનના અનેક પાત્રો આ નાટકમાં આવે છે. અહીં મૃચ્છકટિકમની કથાવસ્તુનો વિગતવાર પરિચય આપવામાં આવ્યો છે. તેમજ તેની સમીક્ષા કરવામાં આવી છે. શૂદ્રકની નાટ્યકાર તરીકેની વિશેષતાઓથી વિદ્યાર્થી માહિતગાર થશે.

## ૯.૨ શૂદ્રકનું જીવન :

સંસ્કૃત સાહિત્યના મોટાભાગના કવિઓ અને નાટ્યકારોની જેમ મહાકવિ શૂદ્રક વિશે કોઈ આધારભૂત માહિતી મળતી નથી. મૃચ્છકટિક નાટકની પ્રસ્તાવનામાં આ નાટક શૂદ્રકે લખ્યું હોવાનો ઉલ્લેખ છે. — '**चकार सर्व किल शूद्रको नृपः ।**' આ ઉપરાંત ત્રણ શ્લોકોમાં શૂદ્રકની પ્રશંસા કરવામાં આવી છે. મૃચ્છકટિકમાં શૂદ્રકની જે માહિતી મળે છે તે આ મુજબ છે. શૂદ્રક બ્રાહ્મણ જાતિમાં મુખ્ય હતો. તેનામાં ખૂબ શક્તિ હતી. તે ખૂબ પ્રખ્યાત હતો. તે સો વર્ષ અને દસ દિવસનું આયુષ્ય ભોગવીને મૃત્યુ પામ્યો

હતો. તેણે અશ્વમેઘ યજ્ઞ કર્યો હતો. તેણે પોતાના પુત્રને રાજ્ય ભોગવતાં જોયો હતો. તે યુદ્ધનો શોખીન હતો. દુશ્મનો અને હાથીઓ સાથે હાથોહાથની લડાઈ કરી શકે તેવો બળવાન હતો. વેદ જાણનારાઓમાં અગ્રેસર હતો. અવન્તિ નગરીના ચારુદત્ત નામના દરિદ્ર બ્રાહ્મણ અને વસન્તસેનાની પ્રણયકથા સાથે તેમણે રાજનીતિ, દુષ્ટનીતિ, ખલસ્વભાવ ભાગ્યની પ્રબળતા જેવા વિષયો પણ આલેખ્યાં છે.

આ ઉપરાંત શૂદ્રક વિશે પ્રાચીનકાળથી જુદા જુદા સ્થળે અનેક પ્રકારના ઉલ્લેખો મળી આવે છે. આ પરથી લાગે છે કે શૂદ્રક કોઈ કાલ્પનિક વ્યક્તિ કે માત્ર વાર્તાનાયક નથી પણ ઐતિહાસિક વ્યક્તિ છે. શૂદ્રક વિષયક ઉલ્લેખો આ મુજબ છે.

**(૧) બૃહત્કથામાં શૂદ્રકનો ઉલ્લેખ :**

બૃહત્કથાને આધારે સોમદેવે કથાસરિત્સાગરની રચના કરી છે. જેમાં શૂદ્રકની કથા આવે છે. વીરવર નામનો બ્રાહ્મણ શૂદ્રકનો જીવ બચાવવા પોતાના પુત્રનું અને કુટુમ્બીજનોનું ચંડીને બલિદાન આપે છે. આ ચરિત્રમાં શૂદ્રકની ઉદારતા તથા દાક્ષિણ્ય દર્શાવવામાં આવ્યાં છે.

**(૨) બાણકૃત કાદમ્બરીમાં શૂદ્રકનો ઉલ્લેખ :**

શૂદ્રકના રાજદરબારમાં બાણે રચેલ ગદ્યકથા 'કાદમ્બરી' સંભળાવવામાં આવે છે. જન્મજન્માન્તરની આ ગદ્યકથામાં કથા સાંભળી રહેલ શૂદ્રકને ચંદ્રાપીડનો અવતાર ગણાવ્યો છે જે વિદિશાનો રાજા છે.

બાણની 'હર્ષચરિત' નામની આખ્યાયિકામાં પણ શૂદ્રક રાજાનો ઉલ્લેખ છે. ચકોર દેશનો ચંદ્રકેતુ રાજા શૂદ્રકનું અપમાન કરે છે જેથી શૂદ્રકનો દૂત ચંદ્રકેતુનું છળકપટથી ખૂન કરી નાંખે છે. સેનાપતિ ચંદ્રગુપ્ત હર્ષવર્ધન સમક્ષ જૂના રાજાઓની વિગત કહે છે તેમાં શૂદ્રકનો ઉલ્લેખ છે આથી, તે ઐતિહાસિક વ્યક્તિ હોય તેમ જણાય છે.

**(૩) અવન્તિસુંદરી કથામાં શૂદ્રક :**

દંડીએ અવન્તિસુંદરી કથા લખી છે. જેમાં પ્રાચીન રાજાઓના વૃતાન્ત સાથે શૂદ્રકનો વૃતાન્ત પણ લખ્યો છે શૂદ્રકનું મૂળ નામ ઈન્દ્રાણી ગુપ્ત હતું. તે બ્રાહ્મણ હતા. તેમણે બ્રાહ્મણ તરીકેની શોભા= બ્રહ્મશ્રી ને છોડીને રાજ્ય (રાજ્યશ્રી) સ્વીકારી હતી. બ્રહ્મતેજ (બ્રહ્મશ્રી) કરતાં રાજ્યશ્રી ઉતરતી છે. આમ, (ઊતરતી બાબત=) શૂદ્ર-તુચ્છ બાબત પસંદ કરવાને લીધે પંડિતો તેમને શૂદ્રક નામે ઓળખવા લાગ્યા.

'દશકુમારચરિત' નામની ગદ્યકથામાં પણ શૂદ્રકનો ઉલ્લેખ છે.

**(૪) કલ્હણની રાજતરંગિણીમાં શૂદ્રકનો ઉલ્લેખ :**

કાશ્મીરી કવિ કલ્હણે 'રાજતરંગિણી' નામની ઐતિહાસિક કૃતિ લખી છે. જેના ત્રીજા અને આઠમાં તરંગમાં શૂદ્રકનો પરમ શૂરવીર રાજા તરીકે, નીતિના જાણકાર તરીકે ઉલ્લેખ છે. આ પરથી પણ નક્કી થાય છે કે શૂદ્રક ઐતિહાસિક વ્યક્તિ હતો.

**(૫) સ્કન્દપુરાણમાં શૂદ્રક :**

સ્કન્દપુરાણના કુમારિકા ખંડમાં એવો ઉલ્લેખ છે કે શૂદ્રક નામનો મહાન રાજા ઈ.સ. સંવતના ૩૨૯૦ મા વર્ષમાં રાજ્ય કરશે. નવીન ગણનાપદ્ધતિથી આ વર્ષ ઈ.સ. ૧૯૦મું વર્ષ સિદ્ધ થાય. આ ઉલ્લેખને આધારે વિદેશી વિદ્વાન વિલ્સન અને વિલ્ફોર્ડ આંધ્રભૃત્ય રાજવંશના પ્રવર્તક સિમુક અને શુદ્રક બન્ને એક જ છે — એવો મત આપે છે. આ બાબત પણ સિદ્ધ કરે છે કે શૂદ્રક ઐતિહાસિક વ્યક્તિ હતો.

**(૬) રાજશેખરના કાવ્યમીમાંસામાં શૂદ્રકનો ઉલ્લેખ:**

રાજશેખરે કાવ્યશાસ્ત્રના ગ્રંથ કાવ્યમીમાંસામાં રાજચર્યા તથા કવિચર્યાનું વર્ણન

કરતી વખતે શૂદ્રકનો ઉલ્લેખ કર્યો છે. જેમકે; ''શૂદ્રક સભામંડપમાં આરામથી બેસીને કવિસંમેલન શરૂ કરાવે, કવિતાની ચર્ચા થાય અને ગુણવાન કવિઓને દાન અને માન આપતા.''

આ બધી જગ્યાએ શૂદ્રકનો ઉલ્લેખ જોતાં જણાય છે કે શૂદ્રક ઐતિહાસિક વ્યક્તિ હતો. આ ઉપરાંત શૂદ્રકને ઉદ્દેશીને લખાયેલ કૃતિઓ પણ ઘણી છે.

(૧) રામિલ અને સૌમિલ્લએ શૂદ્રકકથા લખી છે.

(૨) વિક્રાન્તશૂદ્રક નામના નાટકનો ઉલ્લેખ 'સરસ્વતી કંઠાભરણ' અને 'શૃંગારપ્રકાશ' માં કરવામાં આવ્યો છે.

(૩) હેમચંદ્રના કાવ્યાનુશાસન મુજબ પંચશીલે 'શૂદ્રકકથા' લખી છે.

(૪) અમરકોષના ટીકાકાર હરિસ્વામી શૂદ્રકના પર્યાયવાચી નામોમાં વિક્રમાદિત્ય, સાહસાંક, અગ્નિમિત્ર સાતવાહનને ગણાવે છે. આ પરથી જણાય છે કે 'શૂદ્રક ઐતિહાસિક વ્યક્તિ હતા. શૂદ્રકના પરાક્રમ, સાહસ, સાહિત્યરસિકતા અને લોકપ્રિયતાને લીધે અન્ય રાજાઓએ પણ 'શૂદ્રક' ઉપનામ ધારણ કર્યું હશે એટલે કોશગ્રન્થમાં શૂદ્રક એવું નામ અન્ય ઐતિહાસિક રાજાઓના પર્યાય તરીકે નોંધાયું છે. શૂદ્રક એ ઉપનામ પણ હોઈ શકે. શૂદ્રક વિષયક વિવિધ ઉલ્લેખોનો સાર એ છે કે – 'તે બ્રાહ્મણ હશે પણ ક્ષત્રિયની જેમ રાજ સંભાળ્યું હશે. વળી તે ઈતિહાસનો સફળ અને લોકપ્રિય રાજા હતો એટલે જ તેના જીવન પર કૃતિઓ લખાઈ છે.

ડૉ. સાલેટોર મૃચ્છકટિકમાં શૂદ્રકના વર્ણન અને તામ્રપત્રમાં ગંગવંશના રાજાઓ વચ્ચે સામ્ય હોવાનું જણાવે છે. તામ્રપત્રોના લખાણ મુજબ ગંગવંશના રાજાઓ બ્રાહ્મણ હતા પણ તેઓ પોતાને ક્ષત્રિય તરીકે ઓળખાવતા હતા મૃચ્છકટિકમાં વર્ણવાયેલ શૂદ્રક અને તામ્રપત્રોમાં વર્ણવાયેલ શિવમાર પુરૂષ વચ્ચે સામ્ય છે આથી, શિવમાર પ્રથમ એ જ શૂદ્રક છે. તેઓ એમ પણ જણાવે છે કે મૃચ્છકટિક નાટક શિવમાર પ્રથમ અને શિવમાર દ્વિતીયએ ભેગા મળી લખ્યું હશે જો કે ડૉ. સાલેટોરનો મત વિદ્વાનોમાં સંપૂર્ણ સ્વીકારાયો નથી.

ડૉ. જી. કે. ભટ્ટ પણ મૃચ્છકટિકના કર્તા શૂદ્રક વિશે ત્રણ અનુમાનો જણાવે છે.

૧. શૂદ્રક કોઈ કાલ્પનિક કે પૌરાણિક વ્યક્તિ નથી. પણ ઐતિહાસિક વ્યક્તિ છે.

૨. શૂદ્રક પોતે રાજ્યાશ્રિત રાજકવિ નથી.

૩. મૃચ્છકટિકના કર્તા શૂદ્રક દક્ષિણ ભારતનો છે.

શૂદ્રક વિશે પણ કોઈ અંતિમ મત નક્કી થયો નથી. આથી મૃચ્છકટિકનો રચનાકાળ પણ નક્કી નથી. પરન્તુ; બાણની કાદમ્બરી અને હર્ષચરિતના ઉલ્લેખ પરથી કહી શકાય કે ગુપ્ત સામ્રાજયના પતન અને હર્ષવર્ધનના ઉદયકાળ (ઈ.સ. છઠ્ઠી શતાબ્દી) દરમ્યાન મૃચ્છકટિક રચાયું હશે.

## ૬.૩ મૃચ્છકટિક :

મૃચ્છકટિક દસ અંકનું પ્રકરણ પ્રકારનું રુપક છે. ગણિકા વસન્તસેના અને ચારુદત્તનો પ્રેમ આ પ્રકરણનું મુખ્ય કથાનક છે.

આ નાટકની પ્રસ્તાવનામાં જાણવા મળે છે કે ચારુદત્તને તેનો મિત્ર જૂર્ણવૃદ્ધ સુગંધિત ઉપરણો (શાલ) ભેટ મોકલે છે. બીજો ઉલ્લેખ એ છે કે મિથ્યાભિમાન, ધીરજનો અભાવ અને ક્રોધી સ્વભાવને લીધે રાજા પાલક તેનું પતન નોતરશે. રાજકીય કથાનક અને પ્રણયકથાનક સમાંતર ચાલે છે, વિકસે છે. અંતે એકબીજા પર ઉપકાર પણ કરે

છે.

ચારુદત્ત પહેલા ધનવાન હતો અને બધાને દાન આપી આપીને નિર્ધન થઈ ગયો છે. આ બાબતે ચારુદત્તના મિત્ર વિદૂષક મૈત્રેયને ખૂબ દુઃખ આપે છે. ચારુદત્ત પોતે પણ પોતાની દરિદ્રતા બાબતે મનમાં સંતાપ અનુભવે છે. દરિદ્ર થયા પછી પણ ચારુદત્તે બધા જ દૈનિક કર્મો અને પૂજાવિધિ બંધ કર્યા નથી. ચારુદત્ત વિદૂષકને માતૃકાઓને બલિ અર્પણ કરી આવવાનું કામ સોંપે છે. વિદૂષક એવી શરત કરે છે કે જો દાસી રદનિકા તેની સાથે આવશે તો જ તે માતૃકાઓને બલિ આપવા જશે. આ સાંભળી ચારુદત્ત રદનિકાને વિદૂષક સાથે મોકલે છે.

આ બાજુ નગરના રસ્તા પર ગણિકા વસન્તસેના જતી હોય છે. રાજાનો અત્યંત દુષ્ટ સાળો શકાર તેનો પીછો કરતો હોય છે. ખૂબ હલકા શબ્દોથી તેને તિરસ્કૃત અને અપમાનિત કરતો હોય છે. તેની પાછળ દોડી તેને પકડવાનો પ્રયત્ન કરે છે. તેનાથી વસન્તસેના ખૂબ ત્રાસ પામે છે, ગભરાયેલી વસન્તસેના તેનાથી બચવા ચારુદત્તના ઘરમાં ઘૂસી જાય છે ત્યારે વિદૂષણ અને રદનિકા દીવો લઈને માતૃકાઓને બલિ આપવા બહાર જ નીકળતા હોય છે ત્યાં ઘરમાં ઘૂસેલી વાસવદત્તા દીવો હોલવી નાંખે છે. વિદૂષક ફરીથી દીવો પ્રકટાવવા ઘરમાં જાય છે. રદનિકા બહાર જાય છે ત્યાં રાજાનો સાળો શકાર તેને વસન્તસેના માનીને પકડે છે જેથી તે બૂમો પાડે છે એટલામાં વિદૂષક આવે છે. રદનિકાની આવી દશા જોઈ ગુસ્સે થાય છે. જ્યારે વિટને જાણ થાય છે કે આ રદનિકા છે ત્યારે તે માફી માંગે છે. શકાર ચારુદત્તને ધમકીઓ આપી જતો રહે છે. આ બાજુ ઘરમાં ઘૂસી અંધારામાં ઊભેલી વસન્તસેનાને ચારુદત્ત રદનિકા માની લે છે અને તેને કહે છે કે ‘રોહસેનને લઈ ઘરમાં જા.’ વસન્તસેના ગણિકા હોવાથી સંકોચ અનુભવતી હોય છે તેટલામાં વિદૂષક આવીને સ્પષ્ટતા કરે છે કે “આ તો ગણિકા વસન્તસેના છે. એ તમારા પ્રત્યે આકર્ષાઈ છે આ જાણી ચારુદત્ત ખૂબ ખુશ થાય છે પણ તરત જ પોતાની ગરીબાઈ યાદ આવતા દુઃખી થઈ જાય છે. વસન્તસેના ચારુદત્તના ઘરમાં અચાનક જ આવી ચડી હતી એટલે વધારે સમય રોકાવું તેને યોગ્ય લાગતું નથી. ચારુદત્તને ઘેર ફરી આવવાનું એક બહાનું તે શોધી લે છે એટલે પોતાના ઘરેણાં ચારુદત્તને ત્યાં સાચવવા (થાપણ તરીકે) સોંપે છે. પહેલા તો ચારુદત્ત ના પાડે છે કે મારું ઘર એકદમ જૂનું છે ત્યારે વસન્તસેના કહે છે કે “થાપણ વ્યક્તિના વિશ્વાસ ઉપર સોંપાય છે ઘરના આધારે નહીં.” આ સાંભળી ચારુદત્ત ઘરેણાં સાચવવાની જવાબદારી સ્વીકારે છે. રાત્રે ચાંદનીના આછા અજવાળામાં વસન્તસેનાને તેને ઘરે મૂકી આવે છે. આ ઘરેણાં નાટકમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ચારુદત્તથી છૂટી પડયા પછી પણ વસન્તસેના તેના પ્રત્યેના પવિત્ર પ્રેમના ખ્યાલોમાં ખોવાયેલી રહે છે. તેની દાસી મદનિકા જાણી જાય છે કે વસન્તસેના પ્રેમમાં પડી છે. એટલામાં તેના ઘર પાસે જુગારીઓ ઝઘડે છે, મારામારી કરે છે. માથુર દર્દુરક અને સંવાહક આ ત્રણ જુગારીઓમાંથી એક સંવાહકે માથુરને દસ સોનામહોરો આપવાની હતી એટલે માથુર તેને મારે છે. તેના નાકમાંથી લોહી નીકળવા માંડે છે તે બચાવ માટે વસન્તસેનાના ઘરમાં આશરો લે છે. સંવાહક પહેલા ચારુદત્તને ત્યાં પગચંપી કરતો હતો પરન્તુ; ચારુદત્ત દરિદ્ર થઈ જતા તેની પણ આવી દશા થઈ છે. વસન્તસેના ચારુદત્તની સેવા કરનાર સંવાહકને પણ આત્મીય ગણીને તેનું દસ સોનામહોરોનું દેવું પૂરું કરવા પોતાનું કંકણ (બંગડી) આપી દે છે. સંવાહક પણ પોતે બૌદ્ધ ભિક્ષુ બની જવાનો નિર્ણય કરે છે અને વાસવદત્તાના ઉપકારનો બદલો પોતે વાળશે એવી મનોમન પ્રતિજ્ઞા કરે છે.

વસન્તસેનાના ચાકર (સેવક) કર્ણપૂરક નગરની વચ્ચે એક ગાંડા હાથીને મ્હાત

(વશ) કરે છે ત્યારે ખુશ થઈને બધા તેને માત્ર શાબાશી આપે છે જ્યારે ચારુદત્ત તેની પાસે રહેલો સુગંધિત ઉપરણો તેને ભેટમાં આપી દે છે. વસન્તસેના કર્ણપૂરકને બીજી કિંમતી વસ્તુ આપીને તેના બદલામાં ઉપરણો પોતે લઈ લે છે. વસન્તસેનાની દાસી મદનિકાનો એક પ્રેમી છે શર્વિલક. શર્વિલકને મદનિકા સાથે લગ્ન કરવાની ઈચ્છા છે પણ તેને મદનિકાને વસન્તસેના પાસેથી છોડાવવા ધન આપવું પડે તેમ છે. એટલે તે ચોરી કરવા નીકળે છે. ચારુદત્તના ઘરમાં જ ખાતર પાડે છે. આ બાજુ વિદૂષક અને ચારુદત્ત રેભિલનો સંગીતનો જલસો માણી મોડી રાતે આવ્યા હોય છે. ઊંઘી જાય છે. ઊંઘમાં વિદૂષક વાસવદત્તાના ઘરેણાનો દાબડો ચારુદત્તને લઈ લેવાનું કહે છે. તે જ સમયે શર્વિલક બાકોરું પાડી ઘરમાં ઘૂસે છે. પણ ઘરની દયાજનક સ્થિતિ જોઈ તે પાછા ફરી જવાનું વિચારે છે ત્યાં તો ઊંઘમાં વિદૂષક બોલે છે કે ‘આ દાબડો લઈ લો નહીંતર ગાય અને બ્રાહ્મણના સમ – ત્યારે શર્વિલક ઘરેણાને દાબડો લઈ જતો રહે છે. આ ઘરેણાં લઈને તેની પ્રેમિકા મદનિકા પાસે આવે છે. મદનિકા ઘરેણાં જોઈને ઓળખી જાય છે. મદનિકા ઘરેણાં તો વસન્તસેનાના છે જે તેણે ચારુદત્તને ત્યાં થાપણ રૂપે મૂક્યા હતા. હવે આ ઘરેણાં વસન્તસેનાને કઈ રીતે આપવા ? – એ વિમાસણ ઊભી થાય છે. ચતુર મદનિકાની સલાહ મુજબ શર્વિલક આ ઘરેણાનો દાબડો વસન્તસેનાને આપતા કહે છે કે – ‘આ ચારુદત્તે પાછા મોકલ્યાં વસન્તસેના તો શર્વિલક અને મદનિકાની બધી વાત સાંભળી ગઈ હોય છે એટલે તેને સાચી વાત ખબર હતી. વસન્તસેના આ ઘરેણાં લઈ લે છે અને મદનિકાને મુક્ત કરે છે અને તેના શર્વિલક સાથે વિવાહ થાય છે ત્યાં જ તે રાજકીય ક્રાંતિના સમાચાર સાંભળે છે કે’ રાજા પાલકે ગોપાલપુત્ર આર્યકને કેદ કર્યો છે. આ સાંભળીને પ્રેમ કરતાં મિત્રધર્મને વધારે મહત્ત્વ આપે છે. મદનિકાને મૂકીને ભૂગર્ભક્રાંતિ માટે ચાલ્યો જાય છે. આ બાજુ ચારુદત્ત અને વિદૂષક સવારે ઉઠે છે ત્યારે ખબર પડે છે કે તેમના ઘરમાંથી વસંતસેનાના ઘરેણાં ચોરાઈ ગયા છે. અપયશ મળે તેવી ઘટના બનતા ચારુદત્ત ખૂબ દુઃખી થાય છે. ચારુદત્તના કહેવાથી વિદૂષક વસંતસેના પાસે જઈને કહે છે કે ‘તમારા ઘરેણાં ચારુદત્ત જુગારમાં હરી ગયા છે તેને બદલે આ રત્નાવલી મોકલી છે, તેનો સ્વીકાર કરો.’ વસંતસેના રત્નમાળા લઈ લે છે. રાત્રે તે ચારુદત્તને મળવા તેના ઘરે જાય છે તેના અંતઃપુરમાં જાય છે. એટલામાં ચારુદત્તનો પુત્ર રોહસેન રડતો હોય છે. તેની પાસે માટીની ગાડી છે. તેને સોનાની ગાડી જોઈએ છે. આ જોઈ વસંતસેના પોતાના બધા ઘરેણાં કાઢીને તેની ગાડીમાં મૂકીને કહે છે કે ‘આની સોનાની ગાડી બનાવજે.’ ચારુદત્તની પત્ની અને રોહસેનની માતા ધૂતાની જેમ વસંતસેના અલંકારો કાઢી નાંખે છે.

ચારુદત્તના કહ્યા મુજબ તેને જૂના પુષ્પરંડક ઉદ્યાનમાં ચારુદત્તને મળવા જવાનું હોય છે. ગાડીવાળો વસંતસેનાને લેવા આવે છે પણ વર્ધમાંક ચેટ બેસવાની ગાદી ભૂલી ગયો હોવાથી ગાડી લઈને જ જાય છે. એટલામાં શકારની ગાડી લઈને સ્થાવરક ચેટ જતો હોય છે ત્યાં આગલે દિવસે વરસાદને લીધે એક ગાડાનું પૈડું કાદવમાં ફસાઈ ગયું હોય છે. તે કાઢવામાં મદદ કરવા સ્થાવરક ચેટ ચારુદત્તના ઘર પાસે શકારની ગાડી મૂકીને જાય છે. તૈયાર થયેલી વસંતસેના આ ગાડીને ચારુદત્તની ગાડી માનીને તેમાં બેસી જાય છે. સ્થાવરક ચેટ પાછો આવી ગાડી લઈ શકારને પુષ્પરંડક ઉદ્યાનમાં લેવા જાય છે. જ્યારે ગાદી લઈને વર્ધમાનક ચેટ ચારુદત્તની ગાડી લઈને પાછો આવે છે ત્યારે જેલમાંથી છટકેલો તૂટેલી બેડીવાળો આર્યક તે ગાડીમાં ચઢી જાય છે. બેડીના અવાજને વર્ધમાનક ચેટ ઝાંઝરનો અવાજ માને છે. વસંતસેના બેસી ગઈ એવું માની ગાડી લઈને પુષ્પરંડક ઉદ્યાન તરફ જાય છે. ગાડા બદલાઈ જવાની ઘટના પ્રવહણવિપર્યયપ્રસંગ નામે ઓળખાય છે.

આર્યક જેલમાંથી ભાગ્યો હોવાથી રસ્તામાં ચુસ્ત જાપ્તો હોય છે. બધી જ

ગાડીઓની તલાશી લેવાતી હોય છે ત્યારે વીરક અને ચંદનક નામના બે સૈનિક ચારુદત્તની ગાડી ઊભી રાખે છે ચંદનક તેમાં આર્યકને જુએ છે પણ તેને પકડતો નથી. વીરકને આ ગાડી તપાસવા ન દેવા તેની સાથે ખોટો ઝઘડો કરે છે. તેને જવા દેતી વખતે તેને તલવાર આપે છે. આર્યક જયારે પુષ્પરંડક ઉદ્યાનમાં પહોંચે છે અને ચારુદત્ત જયારે તેને પોતાની ગાડીમાં જુએ છે ત્યારે તેને અભયવચન આપે છે, તેને ત્યાંથી આગળ નાસી છૂટવાની અનુકૂળતા કરી આપે છે. તે પછી ચારુદત્ત હવે વસંતસેના નહીં આવે તેવું માનીને ત્યાંથી પાછો જતો રહે છે. રસ્તામાં તે બૌદ્ધભિક્ષુને ટાળીને જુદા રસ્તે જાય છે.

પુષ્પરંડક ઉદ્યાનમાં જઈ બૌદ્ધભિક્ષુ પોતાનું વસ્ત્ર ધોતો હોય છે તેને શકાર હેરાન કરે છે. ત્યાં શકારની ગાડીમાં વસંતસેના આવી પહોંચે છે. વસંતસેનાને જયારે જાણ થાય છે કે પોતે ભૂલથી શકારની ગાડીમાં આવી ગઈ છે ત્યારે શકારનું અપમાન કરે છે. જેને લીધે ગુસ્સે થઈ વસંતસેનાનું ગળું દબાવી મારી નાંખે છે તેની પર સૂકા પાંદડાં પાથરીને તેનું શબ છૂપાવી દે છે અને ખૂનનો આરોપ ચારુદત્ત પર મૂકે છે કે ચારુદત્તે ઘરેણાંની લાલચમાં વસંતસેનાનું ખૂન કર્યું છે. પુષ્પરંડક ઉદ્યાનમાં બૌદ્ધભિક્ષુ તેનું ધોયેલું કપડું પાંદડા પર સૂકવવા જતો હોય છે ત્યાં જ તે પાંદડાની વચ્ચે એક સ્ત્રીનો હાથ જૂએ છે. પાંદડા ખસેડતા વસંતસેનાને જૂએ છે તેની પર વસ્ત્ર નિચોવી પાણી છાંટે છે. વસંતસેના જીવતી જ હોય છે. આ બૌદ્ધભિક્ષુએ સંવાહક જુગારી છે કે જેને એકવાર વસંતસેનાએ મદદ કરી હતી.

આ બાજુ નગરમાં શકાર ન્યાયાધીશ સમક્ષ જે પુરાવાઓ રજૂ કરે છે તે પરથી એવું સાબિત થાય છે કે ચારુદત્તે જ વસંતસેનાને મારી નાંખી છે. ચારુદત્તને શિક્ષા માટે વધસ્તંભ પર લઈ જવાતો હોય છે ત્યારે આખી ઉજ્જયિની ભેગી થાય છે. ચારુદત્ત તેના પુત્રને જોઈ રડે છે. ચાંડાળો જેવા ચારુદત્તને મારવા જાય છે ત્યાં જ તેમના હાથમાંથી ખડ્ગ પડી જાય છે. બૌદ્ધભિક્ષુ વસંતસેનાને લઈ ત્યાં આવી પહોંચે છે. વસંતસેના સાચી હકીકત જણાવે છે કે તેને મારી નાંખવાનો પ્રયત્ન શકારે કર્યો હતો. ચાંડાળો હવે ચારુદત્તને બદલે શકારનો વધ કરવા તેને શોધે છે. શકારને કેદ કરવામાં આવે છે. ચારુદત્ત તેને માફ કરી છોડાવે છે.

આ બાજુ ચારુદત્તના વધ અને અપયશથી દુઃખી ધૂતા અગ્નિમાં પ્રવેશી આત્મહત્યા કરવા જતી હોય છે ત્યાં જ ચારુદત્ત આવીને તેને બચાવે છે. વસન્તસેના તેને બહેન જેવા પ્રેમથી ભેટે છે. રાજ્યક્રાંતિ સફળ થતા આર્યક રાજા થાય છે. ચારુદત્તને કુશાવતીનું રાજ્ય મળે છે. શર્વિલક આર્યકના પ્રતિનિધિ તરીકે વસન્તસેનાને કૂલવધૂનું ગૌરવ આપે છે.

**સમીક્ષા :**

આ પ્રકરણ અન્ય પ્રણયકથાઓ કરતાં સાવ જુદા પ્રકારનું છે તેમાં અનેક પ્રકારના પાત્રો છે. સમાજનો વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલ અનેક પાત્રો આવે છે જેમકે; જુગારી, ગાડાવાળો ચેટ, વિટ, બૌદ્ધભિક્ષુ, ગણિકાઓ, અનેક પ્રકારના ચાકરો, રક્ષકો વગેરે... આ નાટકની વિશેષતા છે. વળી મુખ્ય કથાનક સાથે બીજું રાજ્યક્રાંતિનું કથાનક પણ સમાનપણે ચાલે છે. જે અંતે સાથે પૂરા થાય છે.

ચારુદત્ત, વસન્તસેના, ધૂત, વિદૂષક જેવા પાત્રો હૃદય ઉપર એક અમીટ છાપ પાડે છે. વસન્તસેનાની ગૃહિણી બનવાની ઝંખના દ્વારા દર્શાવ્યું છે કે સમાજમાં ગૃહિણીનું ખૂબ ગૌરવ હતું. ગુણોની જ કદર હતી. એટલે ચારુદત્ત ગરીબ હોવા છતાં સહુને તેની પ્રત્યે પ્રેમ અને આદર હતો. સદ્ગુણોની અને સંસ્કારની મહત્તા અહીં દર્શાવવામાં આવી છે.

નાટકમાં અલંકારન્યાસ (ઘરેણાં થાપણ રૂપે સાચવવા મૂકવાનો) પ્રસંગ અને પ્રવહણવિપર્યય (ગાડાની અદલાબદલીના) પ્રસંગ ખૂબ મહત્વના છે. જેનાથી કથાવસ્તુનો વિકાસ થાય છે. જ્યારે; રડતા રોહસેનની માટીની ગાડીને વસન્તસેના સોનાથી ઢાંકી દે છે એ પ્રસંગ નાટકના કેન્દ્રમાં છે. માટીની ગાલ્લી (**मृद् शकट**) ના પ્રસંગને આધારે જ નાટકનું શીર્ષક **मृच्छकटिकम्** પડ્યું છે. વસન્તસેનાની ગણિકાપદ ત્યજી ગૃહિણી થવાની ઝંખના અને એ માટેનું કાર્ય તે આ પ્રસંગે કરે છે. સંસ્કૃત સાહિત્યના ચીલાચાલુ પ્રણયપ્રધાન નાટકોમાં આ નાટક જુદી જ ભાત પાડે છે.

## ૬.૪ તમારી પ્રગતિ ચકાસો.

★ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો

૧. શૂદ્રકને ઐતિહાસિક વ્યક્તિ સાબિત કરતા અભિપ્રાયો જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૨. શૂદ્રકના જીવન વિશે નોંધ લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૩. શૂદ્રકને ઉદ્દેશીને લખાયેલ કૃતિઓનો ટૂંક પરિચય આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૪. શૂદ્રકનો ઉલ્લેખ કરનાર વિવિધ કૃતિઓનો પરિચય આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૫. શૂદ્રક નામ પડવાનું કારણ જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૬. મૃચ્છકટિકના કથાવસ્તુનો પરિચય આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૭. પ્રવહણવિપર્યય (ગાડાની અદલાબદલી ના) પ્રસંગ વિશે નોંધ લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૮. અલંકારન્યાસ (ચારુદત્તને ઘેર ઘરેણા સાચવવા મૂકવાનો) પ્રસંગ લખી અને તેનું નાટકમાં મહત્ત્વ જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૯. વસન્તસેનાના પાત્ર વિશે નોંધ લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૧૦. મૃચ્છકટિકમ્ નાટકના પાત્રોનો ટૂંક પરિચય આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**હેતુલક્ષી પ્રશ્નો :**

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

**૧. શૂદ્રક જન્મે .................... હતો.**

(અ) બ્રાહ્મણ

(બ) વૈશ્ય

(ક) શૂદ્ર

(ડ) ક્ષત્રિય

**૨. શૂદ્રકે ............................. યજ્ઞ કર્યો હતો.**

(અ) રાજસૂય

(બ) વાજપેય

(ક) અશ્વમેઘ

(ડ) નરમેધ

**૩. શૂદ્રક ............................ વ્યક્તિ હોવાની સંભાવના વિશેષ છે.**

(અ) કાલ્પનિક

(બ) ઐતિહાસિક

(ક) પૌરાણિક

(ડ) વેદકાલીન

**૪. શૂદ્રક કેટલા વર્ષ જીવ્યો હતો ?**

(અ) સો વર્ષ દસ દિવસ

(બ) નેવું વર્ષ

(ક) એંસી વર્ષ

(ડ) પંચોત્તેર વર્ષ

**૫. કાદમ્બરી મુજબ શૂદ્રક ........................ નો અવતાર છે.**

(અ) ચંદ્રાપીડ

(બ) કપિંજલ

(ક) દધીચિ

(ડ) બાણ

**૬. મૃચ્છકટિક નાટક કેટલા અંકનું છે ?**

(અ) દસ

(બ) પાંચ

(ક) ચાર

(ડ) સાત

**૭. મૃચ્છટિકનો રૂપકપ્રકાર ક્યો છે ?**

(અ) પ્રકરણ

(બ) નાટિકા

(ક) ત્રોટક

(ડ) નાટી

**૮. ચારુદત્તના મિત્ર વિદૂષકનું નામ જણાવો.**

(અ) મૈત્રેય

(બ) માઢવ્ય

(ક) વસન્તક

(ડ) ગૌતમ

**૯. ચારુદત્તની દાસીનું નામ જણાવો.**

(અ) રદનિકા

(બ) નિપુણિકા

(ક) મદનિકા

(ડ) યવનિકા

**૧૦. વસંતસેના કયા જુગારીને મદદ કરે છે.**

(અ) સંવાહક

(બ) માઠર

(ક) દર્દુરક

(ડ) કર્ણપૂરક

**૧૧. શકારના ચેટનું નામ જણાવો.**

(અ) સ્થાવરક

(બ) વર્ધમાનક

(ક) માઠર ચેટ

(ડ) દર્દુરક ચેટ

**૧૨. ચારુદત્ત્ના ગાડીવાળા ચેટનું નામ જણાવો.**

(અ) વર્ધમાનક ચેટ

(બ) સ્થાવરક ચેટ

(ક) સંવાહક ચેટ

(ડ) દર્દુરક ચેટ

**૧૩. વસન્તસેનાની દાસીનું નામ જણાવો.**

(અ) મદનિકા

(બ) રદનિકા

(ક) માલવિકા

(ડ) પરિવ્રાજિકા

**૧૪. ચારુદત્તના પુત્રનું નામ જણાવો.**

(અ) રોહસેન

(બ) રાયસેન

(ક) મહાસેન

(ડ) નાગસેન

**૧૫. ચારુદત્તને ઘરેથી કોણ ઘરેણાં ચોરે છે ?**

(અ) શર્વિલક

(બ) આર્યક

(ક) પાલક

(ડ) વીરક

એકમ ૧૦

# મહાકવિ ભાસ જીવન અને સમય

## રૂપરેખા


૧.૦ ઉદ્દેશ

૧.૧ પ્રસ્તાવના

૧.૨ મહાકવિ ભાસનું જીવન

૧.૨.૧ ભાસના જીવન વિશે પ્રવર્તતી કેટલીક દંતકથાઓ

૧.૨.૨ કવિઓના સંદર્ભે ભાસનું વ્યક્તિત્વ

૧.૩ મહાકવિ ભાસનો સમય

૧.૪ તમારી પ્રગતિ ચકાસો


### ૧.૦ ઉદ્દેશ :

સંસ્કૃત વિષયમાં પ્રથમ વર્ષ બી.એ. માં ફરજિયાત વિષય તરીકે ''સંસ્કૃત નાટ્ય : પરિચય અને કૃતિ'' નામનું પેપર વિદ્યાર્થીઓએ ભણવાનું છે. આ પેપરના બીજા વિભાગમાં મહાકવિ ભાસ-રચિત કર્ણભાર અને મધ્યમવ્યાયોગ એમ બે રૂપકોનો અભ્યાસ પણ વિદ્યાર્થીઓએ કરવાનો છે. કુલ આઠ એકમમાં આ વિભાગ વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રત્યેક એકમના આરંભે કઈ બાબત કયા દ્રષ્ટિબિન્દુથી ભણવાની છે, તે તમને જણાવવામાં આવી છે. અહીં વિભાગ-૨ નું પ્રથમ યુનિટ 'મહાકવિ ભાસના જીવન અને સમય' વિષેનું છે.

ભાસ સંસ્કૃત સાહિત્યના ખૂબ પ્રસિદ્ધ નાટ્યકાર ગણાય છે. કાલિદાસ જેવા વિશ્વપ્રસિદ્ધ કવિ અને નાટ્યકારે પણ ભાસના ગુણગાન ગાયા છે. ભાસે જે એકાંકી રૂપકોનું સર્જન કર્યું છે, તેમાંથી બે એકાંકીઓનો તમારે અભ્યાસ કરવાનો છે. એકાંકી સાહિત્ય સ્વરૂપનો આના દ્વારા તમને પરિચય થશે, એનો સમીક્ષાત્મક આસ્વાદ મેળવશો તથા એ બંને એકાંકીઓમાંથી પ્રાપ્ત થતો મૂલ્યબોધ તમારા ચેતોવિસ્તારને વ્યાપક બનાવશે.

### ૧.૧ પ્રસ્તાવના :

સંસ્કૃત નાટ્યકારોમાં મહાકવિ ભાસનું નામ પ્રમુખ સ્થાને છે. તેમણે રામાયણ, મહાભારત, ઉદયનકથાને આધારે સંસ્કૃત રૂપકોની રચના કરેલી છે. કોઈપણ સાહિત્યકૃતિનો અભ્યાસ કરતી વખતે તેના રચયિતાના જીવન વિષયક માહિતી પણ આપણી પાસે હોવી જોઈએ તે હેતુથી એકમ-૧ 'મહાકવિ ભાસ જીવન અને સમય' વિષયક ચર્ચા હવે કરવામાં આવે છે.

## ૧.૨ મહાકવિ ભાસનું જીવન :

**પ્રાસ્તાવિક :** સંસ્કૃત સાહિત્યમાં પ્રાયઃ મહાકવિના જીવનો વિશે કોઈ ઐતિહાસિક પુરાવાઓ સાથેની વિગતો આજે મળતી નથી. તેઓએ પોતાના સર્જનની અમરતાની પૂરેપૂરી દરકાર કરી છે પરંતુ પોતાનાં નિજી વ્યક્તિત્વની કોઈ નિશાની ભાવિ પેઢી માટે મૂકતા જવાની સંભાળ રાખી નથી. એ રીતે સંસ્કૃતના સાહિત્યાકાશમાં પ્રકાશિત નક્ષત્રો જેવા આ મહાકવિઓએ પોતાનું અનુપમ અને અમર સર્જન વિશ્વને મૂંગેમૂંગા સમર્પી દીધું. પ્રાચીન ભારતના જીવનના મૂલ્યોનાં દર્શનની આ મહાન પરંપરા સાથે તાર મિલાવતા હોય તેમ આપણા મહાન સાહિત્ય સર્જકોએ પણ પોતાની કૃતિઓમાં પોતાને વિશે ઘણું ઓછું કહ્યું છે. ન યશની આકાંક્ષા, ન ઘમંડ, ન કીર્તિનો મોહ કે ના અભિમાન. મહાકવિ ભાસ પણ સંસ્કૃતના ઉપવનમાં પારિજાતના વૃક્ષની જેમ પોતાની સૌરભ ચારે દિશામાં ફેલાવે છે. આ સૌરભ ક્યાં પ્રગટી, ક્યારે પ્રગટી તે વિશે ઈતિહાસ મૌન છે, સમય લાચાર છે. એમાં ભાસે તો કૃતિમાં પોતાનું નામ લખવા જેટલી પણ યશની કામના રાખી નથી. આપણે તો ભાસની આસપાસ ગૂંથાયેલ દંતકથાઓને આધીન રહી એમના જીવનને પામવાના પ્રયત્નો કરવા પડે છે.

### ૧.૨.૧ ભાસના જીવન વિશે પ્રવર્તતી કેટલીક દંતકથાઓ

(૧) **વ્યાસની તોલે ભાસ શ્રેષ્ઠ હતા :** એક દંતકથા અનુસાર મહર્ષિ વ્યાસ અને મહાકવિ ભાસ વચ્ચે બન્નેમાંથી શ્રેષ્ઠ કોણ એ અંગે વિવાદ થયો. પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા માટે બંનેએ પોતાની એક-એક કૃતિ અગ્નિમાં નાખી. એમાં મહર્ષિ વ્યાસની કૃતિ ભસ્મીભૂત થઈ ગઈ. પરંતુ ભાસનો 'વિષ્ણુધર્મ' નામે ગ્રંથ અગ્નિમાં બળ્યા વિના રહી ગયો. આ રીતે ભાસ શ્રેષ્ઠ સાબિત થયા. રાજશેખરની ઉક્તિ **दाहकोऽभून्नपावकः** અને વાક્પતિરાજની ઉક્તિ **भासम्मि जलणमित्त** આ સંદર્ભમાં તપાસવા જેવી છે. જો કે ભાસનો 'વિષ્ણુધર્મ' નામનો કોઈ ગ્રંથ મળતો નથી. આથી દંતકથામાં કોઈ તથ્ય લાગતું નથી.

ભાસને ઉપરોકત દંતકથા કાલિદાસની અપેક્ષાએ વધું પ્રાચીન ઠરાવે છે, કારણ કે ભાસે કાલિદાસની સાથે નહિ, પરંતુ વ્યાસ સાથે સ્પર્ધા કરી.

(૨) **ભાસ વિશે ધોબી જાતિનો સંદર્ભ :** મહાકવિ ભાસ ધાવક એટલે કે ધોબી હતા. 'પવનદૂત' નામની કૃતિના ધાવક નામના કવિ રાજા હર્ષવર્ધનના દરબારમાં હતા. 'રત્નાવલી' અને 'પ્રિયદર્શિકા' લખીને ધાવકે હર્ષવર્ધનને ધન મેળવી આપ્યું હતુ. એવી પણ દંતકથા છે. પરંતુ ધાવક અને ભાસ બન્ને એક જ હતા એવું કંઈ સાબિત થઈ શકતું નથી. અને મહાકવિ ભાસ ધોબી જ્ઞાતિના હતા એવું પણ આંતરિક કે બાહ્ય પ્રમાણ મળતું નથી. મમ્મટાચાર્ય અનુસાર ધાવક રાજા હર્ષવર્ધનના સમકાલીન હતા. આ કથામાં સત્ય દેખાતું નથી કારણ કે હર્ષવર્ધન કાલિદાસથી બહુ જ અર્વાચીન છે, અને ભાસ કાલિદાસથી પણ પ્રાચીન છે. તે વાત તેમના સમયનિર્ધારણમાં પ્રાપ્ત થાય છે.

(૩) **મહાકવિ ભાસની ઘટકર્પર કવિ સાથેની અભિન્નતા :** એક અન્ય દંતકથા ભાસ અને ઘટકર્પર નામના કવિની એકતા જણાવે છેઃ ઘટકર્પર પણ એક ધોબી કવિ હતો. તથા યમક રચનાની બાબતમાં જે પોતાને હરાવે તેને માટે પોતે ઘટ (ઘડાના) કર્પર (ઠીકરા) માં પાણી ભરશે તેવી એણે પ્રતિજ્ઞા કરી હોવાથી તે ઘટકર્પર તરીકે ઓળખાયો. એક

નાનકડું યમક અલંકારવાળુ કાવ્ય ઘટકર્પરે લખ્યું છે. પરંતુ ભાસને ઘટકર્પર માનવામાં તથ્ય જણાતું નથી. ઘટકર્પર રાજા વિક્રમાદિત્યના સમકાલીન હતા. અને તે કાલિદાસના પણ સમકાલીન હતા. વળી વિક્રમાદિત્યના નવ રત્નોમાં કાલિદાસ સાથે ઘટકર્પરનો પણ નામોલ્લેખ મળે છે.

(૪) **ભાસ બ્રાહ્મણ હતા :** મહાકવિ ભાસ એ અગસ્ત્ય ગોત્રની ‘ભાસ’ કે ‘ભાષ’ શાખાના હતા. આમ ભાસ એ ગોત્રનામ હતું.

(૫) **ભાસ એ લોકપ્રિય કવિ હતા :** ભાસને ‘પ્રથિત યશસ્’ એવું મહાકવિ કાલિદાસ કહે છે. ‘સ્વપ્નવાસવદત્તમ્’ ને અગ્નિ પણ ભસ્મીભૂત નહોતો કરી શક્યો એમ રાજશેખર કહે છે. ‘**भासम्मिजलणमित्त**’ એમ વાક્પતિરાજ કહે છે. ભાસના નાટકોને બાણભટ્ટ દેવમંદિરો સાથે સરખાવે છે. આ રીતે ભાસ એક ઉત્તમ કવિ હતા.

### ૧.૨.૨ કવિઓના સંદર્ભે ભાસનું વ્યક્તિત્વ :

(૧) **ભાસ ઉત્તર ભારતનાં નિવાસી હશે :** ભાસે પોતાની કૃતિઓમાં દક્ષિણ ભારત કરતા ઉત્તર ભારતના મહેલો, નદીઓ, નગરો, પર્વતો વગેરેનું ઉત્તમ વર્ણન કર્યું છે. તેથી લાગે છે કે મહાકવિ ભાસ ઉત્તર ભારતનાં વતની હશે.

(૨) **ભાસ વૈષ્ણવ હશે :** પોતાના નાટકોનાં મંગળ શ્લોકોમાં મહાકવિ ભાસે વિષ્ણુના અવતારો તેમજ બલરામ વગેરેની સ્તુતિ કરી છે. ભાસનું એક નાટક ‘બાલચરિત’ તો કૃષ્ણલીલાઓ પર જ આધારિત છે. વળી તેમનું ‘પંચરાત્ર’ નામનું બીજુ નાટક પણ વૈષ્ણવોનાં ‘પંચરાત્ર’ નામના સંપ્રદાયને સૂચવે છે. જો કે તેઓ ધર્માંધ પણ નહોતા, એમણે અન્ય દેવોની પણ સ્તુતિ કરી છે. અન્ય દેવોમાં કાર્તિકેય, શિવ, ગણેશ વગેરે દેવો પ્રત્યે તેમનો આદર છૂપો રહેતો નથી.

(૩) **રાજકુટુંબો સાથે ગાઢ સંબંધ :** મહાકવિ ભાસ બ્રાહ્મણ હોવા છતાં રાજકુળો સાથે તેમનો ગાઢ સંબંધ હોય એવું પ્રતીત થાય છે. ભાસે તેમની કૃતિઓમાં રાજાઓ, રાજમહેલો, રાજકુમારીઓ, પ્રમદવન, સમુદ્રગૃહ વગેરેના આબેહૂબ વર્ણનો કર્યા છે.

(૪) **આનંદી અને વિનમ્ર સ્વભાવ :** મહાકવિ ભાસ સુંદર અને પ્રસન્ન મધુર વ્યક્તિત્વવાળા સજ્જન પુરુષ હતા. તેમણે ધાર્યુ કરવાની વૃત્તિ તથા સુખી જીવનનો આગ્રહ રાખ્યો છે. તેમનાં રૂપકોમાં આવતું હાસ્યનું તત્ત્વ અદ્વિતીય છે. તેથી તેમનું વ્યક્તિત્વ આનંદી અને મનોરંજક હશે એવું માની શકાય.

(૫) **ભાસે જીવનમાં ‘તડકો-છાંયડો’ જોયા હશે ? :** ભાસના ચારુદત્ત નામનાં નાટકમાં જે રીતે ગરીબાઈનું વર્ણન આવે છે એ રીતે જોતા એવું લાગે છે કે ભાસે પણ જીવનમાં ‘તડકો-છાંયડો’ એટલે કે નિર્ધનતા, સાલસાઈ જોયા હશે.

(૬) **સમગ્ર ભારતનો રાષ્ટ્રપ્રેમી કવિ :** મહાકવિ ભાસ એક છત્ર નીચે રહેલી, હિમાલય

અને વિન્ધ્યાચળરૂપી કુંડળવાળી, સમુદ્ર સુધી વિસ્તાર પામેલી ધરાનું રક્ષણ તથા તેનું આધિપત્ય રાજસિંહ (એટલે કે પોતાની ગાદી સંભાળનારા રાજકારણીઓ જેવો કાયર નહીં પરંતુ સિંહ જેવો પ્રતાપી રાજા) કરે તેવી કલ્પના કરે છે. આમ મહાકવિ ભાસ એ સમગ્ર પૃથ્વીને ચાહનારા રાષ્ટ્રપ્રેમી હતા.

(૭) **જ્ઞાની અને વિદ્વાન નાટ્યકાર :** ભાસની કૃતિઓમાં વેદ, પુરાણો, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને કથાસાહિત્યના તથા ઈતર સાહિત્યના ઉલ્લેખોને આધારે તેઓ વૈદિક સાહિત્ય, રામાયણ, મહાભારત, નીતિશાસ્ત્ર, રાજનીતિ, છંદ, અલંકાર વગેરેમાં પારંગત હતા. તેઓ લોકકથાના પણ અભ્યાસી હતા તેવું લાગે છે. આમ ભાસે વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હશે.

(૮) **ઝેરને અમૃત કરનાર કવિ :** મહાકવિ ભાસે અધમ પાત્રોનું ઉર્ધ્વીકરણ કરીને જાણે જીવનના ઝેરને શુભકામનાઓનાં અમૃતથી ભરી દીધું છે. ભાસ એ જીવનની સઘળી સંકટ બાજુઓને શુભેચ્છા ભરી નજરથી જુએ છે. એ પોતે શુભચિંતક છે.

**ઉપસંહાર**

આમ, ભાસ વિદ્વાન, ધર્મપ્રિય, રાષ્ટ્રપ્રેમી, પ્રજાવત્સલ અને સ્વામીભક્ત તથા જીવનથી ભર્યા-ભર્યા સંસ્કારયુક્ત, આનંદી, નિર્મળ તથા મધુર સ્વભાવવાળા વ્યક્તિ હતા. તેમની કૃતિઓની સરળતા અને સુગમતાને અનુરૂપ તેમનું જીવન પણ સરળ, સુગમ અને પ્રતિકૂળતાઓ વિનાનું હશે.

## ૧.૩ મહાકવિ ભાસનો સમય :

**પ્રાસ્તાવિક :** અન્ય સંસ્કૃત કવિઓની જેમ ભાસનો સમય પણ અંદાજે નક્કી કરવો પડે તેમ છે.

મહાકવિ કાલિદાસે ''માલવિકાગ્નિમિત્રમ્'' માં આદરપૂર્વક ભાસને યાદ કર્યા છે. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે ભાસ એ કાલિદાસથી પ્રાચીન છે. જો કે કાલિદાસનો સમય પણ અનિશ્ચિત છે છતાંય મોટાભાગના વિદ્વાનો કાલિદાસને ઈ.સ.૪૦૦ પછીના સમયના તો માનતા નથી. વળી હર્ષવર્ધન (ઈ.સ.૬૦૬ થી ૬૪૬) ના સમયમાં થયેલા મહાકવિ બાણ ભાસને અંજલિ આપે છે. ભાસના ઉદયન નાટકોમાં ઉદયન, પ્રદ્યોત અને દર્શકના નામો આવે છે, જેઓ ઐતિહાસિક વ્યક્તિઓ છે. શ્રી એમ.આર.કાલે આ ત્રણેયને બુધ્ધ અને મહાવીરના સમકાલીન ગણે છે.

**''આમિ કવે આછિ ધરણીર અતિ કાછકાછિ''**

**''હું કવિ છું, પૃથ્વીની હું સૌથી નજીક છું''** – રવીન્દ્રનાથ ટાગોર

અહીં આપણે ભાસના સમય આધારિત વિવિધ મતો-ભાસની ઉત્તર સીમા તથા અંતરંગ પ્રમાણોથી ભાસના સમયની ચર્ચા કરીશું.

### (૧) વિવિધ મતો (બહિરંગ પુરાવા) :

ભાસના સમય વિશે વિવિધ મતો પ્રવર્તે છે. :-

(૧) હરિપ્રસાદ શાસ્ત્રી, ટી.ગણપતિ શાસ્ત્રી વગેરેના મતે મહાકવિ ભાસ ઈ.સ.

પૂર્વે છઠ્ઠી સદીથી ઈ.સ.પૂ. ચોથી સદી દરમિયાન થયા છે.

(૨) ભાસને કેટલાક વિદ્વાનો બુદ્ધની પૂર્વે થયેલા માને છે. પરંતુ બૌધ્ધ સાધુઓનો ઉલ્લેખ ભાસના નાટકોમાં આવે છે. તેથી આ મત સ્વીકાર્ય નથી.

(૩) જાગીરદાર, ડૉ. એ.ડી.કીથ, કુલકર્ણી વગેરેના મતે ભાસ ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં થયા હતા.

(૪) ભાસ ઈ.સ. પૂર્વે બીજીથી ઈ.સ. પૂર્વે પહેલી સદીમાં થયા હશે. એવો શ્રી ધ્રુવ, ચૌધરી, જયસ્વાલ વગેરે વિદ્વાનોનો મત છે.

(૫) ઈ.સ. ૨૦૦ માં રાજા રુદ્રસિંહના સમયમાં ભાસ હશે એવો સ્ટેનકોનોનો મત છે.

(૬) વિન્ટરનિત્ઝના મત અનુસાર ચોથી સદીનો પૂર્વાર્ધ અથવા ત્રીજી સદીનો ઉત્તરાર્ધ ભાસનો સમય છે.

(૭) ભાસ એ ઈ.સ. ની સાતમી સદીમાં થયા હતા એવો શ્રી દેવધરનો મત છે.

**(૨) ઉત્તર સીમા :**

ભાસ વિશે અન્ય લેખકોએ જે ઉલ્લેખો કર્યા છે તેના પરથી ભાસનો સમય વિચારી શકાય તેમ છે. :-

(૧) રાજશેખર જે ઈ.સ. ની નવમી સદીમાં થઈ ગયા તેમણે ભાસના નાટક ''સ્વપ્નવાસવદત્તમ્'' ની પ્રશંસા કરી છે.

(૨) વામન કે જે ઈ.સ. ની આઠમી સદીમાં થઈ ગયા તેમણે ભાસના શ્લોકો ઉદ્ધૃત કર્યા છે.

(૩) ભાસના નાટકોને મહાકવિ બાણભટ્ટે દેવમંદિર સાથે સરખાવ્યા છે. ભાસ ઈ.સ. ની સાતમી સદીમાં થઈ ગયા છે.

(૪) 'માલવિકાગ્નિમિત્ર' નામના નાટકમાં મહાકવિ કાલિદાસે નાટકની પ્રસ્તાવનામાં ભાસનો નામોલ્લેખ કરતા કહ્યું છે કે –

**"प्रथितयशसां भाससौमिल्ल-कविपुत्रादीनां प्रबन्धान अतिक्रम्य**

**वर्तमानकवेः कालिदासस्य क्रियायां कथं बहुमानः ।"**

અર્થાત્ ''જેમનો યશ ચોતરફ ફેલાયો છે તેવા ભાસ, સૌમિલ્લ અને કવિપુત્ર વગેરે કવિઓના પ્રબંધો-નાટકોને છોડીને આ વર્તમાન કવિ કાલિદાસની રચનામાં કેવી રીતે તેને બહુમાન જાગ્યું છે. ?''

(૫) અશ્વઘોષનાં બુધ્ધચરિતનો એક શ્લોક પ્રતિજ્ઞાયૌગન્ધરાયણનાં એક શ્લોક સાથે સામ્ય ધરાવે છે –

**'काष्ठ हि मध्यन् लभते हुताशम्...** (બુધ્ધચરિત ૧૩:૬૦)

**काष्ठदग्निर्जायते मथ्यमानाद्..'** (પ્રતિજ્ઞાયૌગન્ધરાચણ ૧:૧૮)

(૬) ભાસે 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' ના ચોથા અંકમાં એક શ્લોક લખ્યો છે કે –

**नवं शरावं सलिलैः सुपूर्ण सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् ।**

**तत्तस्य मा भून्नरकं स गच्छेद् यो भर्तृपिण्डस्य कृतं न युध्येत् ।**

(પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ ૪:૨)

અર્થાત્ ''જે પોતાના માલિકનું લૂણ અદા કરવા યુદ્ધ કરતો નથી તેને પાણીથી

છલોછલ સુસંસ્કૃત દર્ભ વડે ઢંકાયેલું નવીન પાત્ર ન મળજો.

અર્થાત્ તે નરકમાં જજો.''

ઉપર્યુકત શ્લોક કૌટિલ્યના અર્થશાસ્ત્રના ૧:૩ માં જેમ છે તેમ (યથાતથ) જોવા મળે છે. યુદ્ધ વખતે પોતાના યોધ્ધાઓને પ્રોત્સાહિત કરવા આ શ્લોક પ્રયોજાયો હશે. આ દ્રષ્ટિએ ભાસ કૌટિલ્યના પુરોગામી થયા. ચાણક્યનો સમય ઈ.સ. પૂર્વે ચોથી સદીનો છે.

**(૩) અંતરંગ પુરાવા :** આપણે ભાસનો સમય તેના નાટકોના પરીક્ષણ પરથી નક્કી કરી શકીએ તેમ છીએ.

(૧) ભાસે કરેલ રાજસિંહ નામના રાજાનો ઉલ્લેખ અને તેણે કરેલ ચક્રવર્તી શાસનની વાત મૌર્ય સામ્રાજયનો ગ્રંથ સૂચવે છે.

(૨) શ્રી ઐયર એવું માને છે કે, 'ભાસે **पराचक्रम प्रशाम्यतु** શબ્દમાં સિકંદરના આક્રમણ અને સેલ્યુકસ નિકેતરના આક્રમણની વાત કરી છે.'

(૩) ભાસે કાશી રાજ્યનો ઉલ્લેખ 'અવિમારકમાં કર્યો છે. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં આ રાજ્ય અસ્ત પામ્યું હતું. તે મુજબ ભાસ આ સમય પૂર્વે થઈ ગયા હશે.

(૪) ભાસની બ્રાહ્મણો તરફની તરફદારી તથા તેમણે નગ્ન ક્ષમણક શાક્ય, નાગવાન, વેણુવન, રાજગૃહ વગેરેનો નિર્દેશ કર્યો છે. એના પરથી જણાય છે કે ભાસ બુધ્ધ પછી થઈ ગયા હશે.

(૫) ભાસની પ્રાચીનતા તેમના નાટકોમાં આવતા સામાજિક રિવાજો સિધ્ધ કરે છે.

(૬) ભાસના એકાંકી રૂપક 'મધ્યમવ્યાયોગ' માં કેશવદાસ બ્રાહ્મણનો મધ્યમપુત્ર પોતાની શ્રાધ્ધક્રિયા પોતે જ કરે છે. આ શ્રાધ્ધ ક્રિયાની ભાળવણી બોધાયને કરી છે. અને તેમનો સમયગાળો ઈ.સ. પૂર્વે ૭૦૦ નો છે.

(૭) ભાસે તેમના 'પ્રતિમાનાટક' માં સમસ્ત વેદ, યોગશાસ્ત્ર, બૃહસ્પતિનું અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર ઈત્યાદિનો ઉલ્લેખ કર્યો છે. આ સમગ્ર ગ્રંથોની રચના ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદી પહેલા થઈ હશે, એવું લાગે છે. માટે આ કાળમાં ભાસ થયા હશે એવું અનુમાન કરી શકાય.

(૮) ભાસના નાટકોમાં ભરતના નાટ્યશાસ્ત્રના નિયમોનું અતિક્રમણ તેમજ પાણિનીય વ્યાકરણની રીતનો ભંગ એ તેમનું પ્રાચીનપણું નિશ્ચિત કરે છે.

આમ સમગ્ર બાબતોને ધ્યાનમાં લેતા જણાય છે કે મહાકવિ ભાસ ઈ.સ. પૂર્વે ચારસોથી ઈ.સ. પૂર્વે ત્રણસો પચાસની આજુબાજુ થઈ ગયા હોય એવું સ્વીકારવાના મજબૂત પુરાવાઓ છે.

## ૧.૪ તમારી પ્રગતિ ચકાસો

૧. મહાકવિ ભાસના જીવન વિશે પ્રવર્તતી દંતકથાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..............................................................
..............................................................
..............................................................

૨. મહાકવિ ભાસનું વ્યક્તિત્વ આલેખો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૩. મહાકવિ ભાસનો સમય બહિરંગ અને અંતરંગ પુરાવાઓને આધારે જણાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

એકમ ૧૧

# ભાસની કૃતિઓ

## રૂપરેખા


૨.૦ ઉદ્દેશ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ મહાકવિ ભાસની કૃતિઓ

૨.૨.૧ ભાસવિરચિત નાટકોનું વર્ગીકરણ

૨.૨.૨ મહાકવિ ભાસની કૃતિઓનો ટૂંકમાં પરિચય

૨.૩ તમારી પ્રગતિ ચકાસો


### ૨.૦ ઉદ્દેશ :

પ્રથમ વર્ષ બી.એ. સંસ્કૃત ફરજિયાત વિષયમાં વિભાગ-૨ માં મહાકવિ ભાસનાં બે એકાંકી રૂપકો કર્ણભાર અને મધ્યમવ્યાયોગનો સાહિત્યક રસાસ્વાદ તો તેમની કૃતિના માધ્યમથી માણશો જ, પણ ભાસે આ બે કૃતિઓ સિવાય પણ બીજા ૧૧ જેટલા રૂપકો રચેલાં છે. આ એકમમાં તમારે આ ૧૩ કૃતિઓનો સામાન્ય પરિચય કેળવવાનો છે.

### ૨.૧ પ્રસ્તાવના :

પ્રસ્તુત વિભાગના પ્રથમ એકમમાં આપણે મહાકવી ભાસના જીવન અને સમયવિષયક માહિતી મેળવી. ભાસના જીવનવિષયક પ્રચલિત કેટલીક દંતકથાઓનો પણ પરિચય પ્રાપ્ત કર્યો. હવે આ બીજા એકમમાં આપણે ભાસના કુલ ૧૩ રૂપકોનો અભ્યાસ કરીશું.

### ૨.૨ મહાકવિ ભાસની કૃતિઓ :

**પ્રાસ્તાવિક :** સંસ્કૃત સાહિત્યમાં મહાકવિ ભાસનું સ્થાન અદ્વિતીય છે. ઈ.સ. ૧૯૧૨ માં ટી. ગણપતિ શાસ્ત્રીએ ભાસવિરચિત તેર નાટકો ક્રમશઃ જાહેર કર્યા. ભાસે નાટ્યકૃતિઓની રચના રામાયણ અને મહાભારત જેવા વિખ્યાત અને પ્રાચીન મહાકાવ્યો, ઉદયનકથા અને હરિવંશ પુરાણ ને આધારે કરી છે.

મહાકવિ બાણભટ્ટ ભાસનાં રૂપકોને દેવમંદિરો સાથે સરખાવતાં કહે છે કે —

सूत्रधारकृतारम्भैर्नाटकैर्बहुभूमिकैः ।
सपताकैर्यशो लेभे भासेर्देवकुलैरिव ।

- મહાકવિ બાણભટ્ટ

અર્થાત્ ‘સૂત્રધારથી શરૂ થતા વિવિધ પાત્રોવાળાં, પતાકા સ્થાનવાળાં,

ભાસના નાટકો, શિલ્પો દ્વારા બનાવાતાં, વિવિધ મજલાવાળાં, ધજાપતાકાઓથી યુક્ત દેવ-મંદિરો જેવાં છે.'

## ૨.૨.૧ ભાસવિરચિત નાટકોનું વર્ગીકરણ

મહાકવિ ભાસનાં કુલ તેર નાટકો મળી આવે છે. તે નાટકોનું વર્ગીકરણ નીચે મુજબ છે –

- ભાસના મહાભારત ઉપર આધારિત રૂપકોમાં – (૧) દૂતવાક્ય (૨) દૂત ઘટોત્કચ (૩) કર્ણભાર (૪) ઊરુભંગ (૫) મધ્યમ વ્યાયોગ (૬) પંચરાત્ર
- ભાસના રામયણ ઉપર આધારિત રૂપકોમાં – (૧) પ્રતિમા નાટક તથા (૨) અભિષેક નાટક
- ભાસના ઉદયનકથા ઉપર આધારિત નાટકો – (૧) પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ (૨) સ્વપ્નવાસવદત્તમ્
- ભાસના હરિવંશ પુરાણ ઉપર આધારિત નાટકોમાં – બાલચરિત
- ભાસના કવિકલ્પિત કથાનકવાળા (મૌલિક) નાટકોમાં – (૧) અવિમારક (૨) ચારુદત્ત

## ૨.૨.૨ મહાકવિ ભાસની કૃતિઓનો ટૂંકમાં પરિચય

(૧) **દૂતવાક્ય :** મહાકવિ ભાસનું આ રૂપક મહાભારતના કથાનક પર આધારિત એક ઓજસ્વી એકાંકી છે. આ એક અંકનું રૂપક છે, જેની કથાવસ્તુને ઉદ્યોગપર્વની કથાનો આધાર છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણ કૌરવો પાસે દૂત બનીને આવે છે. જેમાં દુર્યોધન – કૃષ્ણ વચ્ચે વાગ્યુદ્ધ થાય છે. ભગવાન કૃષ્ણનો સંધિનો પ્રસ્તાવ દુર્યોધન સ્વીકારતો નથી. અને તે શ્રીકૃષ્ણને પકડવા જાય છે. ત્યાં ભગવાન વિરાટ સ્વરૂપ ધારણ કરે છે. તેઓ દુર્યોધનને હણવાનો વિચાર કરે છે પરંતુ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણનાં આયુધો તેમનો રોષ શાંત કરે છે. છેવટે ભગવાન કૃષ્ણ ધૃતરાષ્ટ્રનો અર્ધ્યસત્કાર સ્વીકારે છે અને કૃષ્ણ પાંડવોની છાવણીમાં પરત ફરે છે.

(૨) **દૂતઘટોત્કચ :** ભાસના આ એકાંકી રૂપકમાં મહાભારતના યુધ્ધમાં અભિમન્યુનાં અવસાનથી શોકગ્રસ્ત થયેલા અર્જુનની સ્થિતિ પછી ઘટોત્કચ ભગવાન શ્રીકૃષ્ણનો સંદેશો લઈને દૂત બની કૌરવોની સભામાં જાય છે. અને ભગવાન કૃષ્ણનો સંદેશો આપતા ધૃતરાષ્ટ્રને કહે છે કે – એક પુત્રના વધથી જો અર્જુનની દશા આવી થઈ તો સો પુત્રોના મૃત્યુથી તમારી દશા કેવી થશે ? માટે હજી પણ યુદ્ધ રોકવું તમારા માટે લાભદાયક છે. એટલામાં મામા શકુનિ અને દુઃશાસનની સાથે દુર્યોધન અને ઘટોત્કચ વચ્ચે વાગ્યુદ્ધ થાય છે. છેવટે એકલો હોવા છતાં ઘટોત્કચ યુદ્ધનો પડકાર ફેંકીને સૌને આશ્ચર્ય પમાડે છે. ત્યાં ધૃતરાષ્ટ્ર શોકસંતપ્ત થાય છે. અને સંદેશો આપીને ઘટોત્કચ પાછો ફરે છે. ભાસનું આ રૂપક તેમનું મૌલિક સર્જન છે.

(૩) **કર્ણભાર :** મહાકવિ ભાસનું આ રૂપક ઉત્સૃષ્ટિકાંક પ્રકારનું છે. જેમાં કર્ણની નાજુક મનોવૈજ્ઞાનિક સ્થિતિનું નિરૂપણ છે. મહાભારતના યુદ્ધમાં દ્રોણના અવસાન પછી કૌરવોના સેનાપતિ પદે કર્ણને નિયુકત કરવામાં આવે છે. મહારથિ કર્ણ યુદ્ધભૂમિ પર લડવા નીકળે છે. એટલામાં બ્રાહ્મણનો વેશ ધારણ કરીને આવેલ ઈન્દ્ર કર્ણને જન્મજાત

મળેલ કવચ અને કુંડળ દાન સ્વરૂપે માંગીને લઈ જાય છે. ગુરુ પરશુરામના શાપને લીધે મૃત્યુના મુખ તરફ ધકેલાતા કર્ણના શસ્ત્રો નિષ્ફળ ગયા છે. આ સમગ્ર એકાંકીમાં કર્ણની દાનવીરતા, વીરતા, મનોમંથન તથા ઉદારતા અને કસોટીકાળના અસમંજસનો સુંદર સમન્વય જોવા મળે છે.

(૪) **ઊરુભંગ :** મહાકવિ ભાસનું આ એકાંકી રૂપક સંસ્કૃત સાહિત્યના એકમાત્ર કરુણાન્ત એકાંકી તરીકે જગવિખ્યાત છે. અહીં ભીમ અને દુર્યોધન વચ્ચે થયેલા આખરી ગદાયુધ્ધનું વર્ણન કરવામાં આવ્યું છે. ગદાયુદ્ધમાં ભીમ બળવાન છે પરંતુ દુર્યોધન ગદાયુદ્ધનો જાણકાર છે. તેથી ભીમ દુર્યોધન સામે ટકી શકતો નથી. છેવટે ભગવાન કૃષ્ણના ઈશારાથી પ્રેરિત થઈ ભીમ ગદાયુદ્ધના નિયમોનો ભંગ કરીને દુર્યોધનની સાથળ (જાંઘ) પ્રહાર કરે છે. ત્યાં જ કરમાયેલા વૃક્ષની જેમ દુર્યોધન પડી ભાંગે છે. આ કપટ જોઈ બલરામ ભીમને હણવા તૈયાર થાય છે, પણ દુર્યોધન બલરામને અટકાવે છે. ત્યાં તેની બે રાણીઓ માલવી-પૌરવી, પુત્ર દુર્જય તથા માતા-પિતા વચ્ચે દુર્યોધનનો સંવાદ અત્યંત કરુણાજનક અને હૃદયસ્પર્શી છે. દુર્યોધનનો મૃત્યુ સમયનો પશ્ચાતાપ આપણી સંવેદનાને હચમચાવી મૂકે છે. અહીં ભાસે દુર્યોધનના પાત્રનું ઉદાત્તીકરણ કરતાં ખરેખર એટલે જ તેનું નામ સુયોધન રાખ્યું છે. અંતે દુર્યોધનનું અવસાન થાય છે. અહીં કરુણ રસ મૃત્યુ રસ છે.

(૫) **મધ્યમવ્યાયોગ :** મહાકવિ ભાસનું આ એકાંકી રૂપક ''વ્યાયોગ'' પ્રકારનું છે. આ એકાંકીમાં કેશવદાસ નામનો બ્રાહ્મણ તેની પત્ની તથા ત્રણ પુત્રો સાથે વનમાંથી પસાર થાય છે. ત્યાં અચાનક ભીમ અને હિડિંબાનો પુત્ર ઘટોત્કચ તેમને મળે છે. ઘટોત્કચ તેમની પાસે માતા હિડિંબાના ઉપવાસના પારણા હેતુ એક વ્યક્તિની માંગણી કરે છે. કેશવદાસ અને તેની પત્ની પુત્રોને મોકલવા તૈયાર નથી. મોટો પુત્ર પિતાને પ્રિય છે. કનિષ્ઠ પુત્ર માતાને પ્રિય છે. તેથી મધ્યમ પુત્ર કુટુંબની રક્ષા માટે ઘટોત્કચની સાથે જવા તૈયાર થાય છે. અચાનક ત્યાં ઘટોત્કચનો અવાજ સાંભળી વનમાં વ્યાયામ કરતો ભીમ આવી ચડે છે. અને પિતા-પુત્રનું અનાયાસ મિલન થાય છે. બ્રાહ્મણ કુટુંબની રક્ષા હેતુ ભીમ ઘટોત્કચની સાથે જાય છે. અને ભીમને જાણ થાય છે કે આ તો ભીમસેનને મળવા માટે હિડિમ્બાએ યુક્તિ કરી હતી. છેવટે ભીમનું હિડિમ્બા અને પુત્ર ઘટોત્કચ સાથે મિલન થાય છે. અને કેશવદાસનું કુટુંબ પણ આનંદથી વિદાય લે છે.

(૬) **પંચરાત્ર :** મહાકવિ ભાસનું આ રૂપક ત્રણ અંકનું છે. તે સમવકાર પ્રકારનું છે. આ રૂપકનો પ્રારંભ દુર્યોધનના સમૃદ્ધ યજ્ઞના વર્ણનથી થાય છે. યજ્ઞને અંતે દુર્યોધન ગુરુ દ્રોણને દક્ષિણા માંગવાનું કહે છે. ત્યારે દક્ષિણાના રૂપમાં દ્રોણાચાર્ય પાંડવો અને કૌરવો વચ્ચે સંધિ થાય તે માટે પાંડવોને અર્ધુ રાજ્ય પરત સોંપી દેવાનું વચન માંગે છે. ત્યારે દુર્યોધન શકુનિની સલાહથી શરત મૂકે છે કે જો દ્રોણાચાર્ય પાંચ રાત્રિમાં પાંડવોને હાજર કરે તો તે અર્ધુ રાજ્ય તેમને આપી દેશે ત્યારબાદ દુર્યોધન ભીષ્મ અને દ્રોણના પ્રયાસથી વિરાટ રાજા પર આક્રમણ કરે છે. અને બૃહન્નલાનો વેશ ધારણ કરેલ અર્જુન કૌરવોને યુધ્ધમાં પરાજિત કરે છે. તૃતીય અંકમાં પાંડવો હાજર થતા દુર્યોધન વચન પ્રમાણે તેમને તેમનું રાજ્ય સોંપવા તૈયાર થાય છે.

(૭) **પ્રતિમાનાટક :** મહાકવિ ભાસનું આ નાટક સાત અંકનું છે. તેમાં રામના રાજ્યાભિષેકથી માંડીને રાવણના વધ સુધીની કથાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અહીં

પ્રથમ એક બે અંકોમાં રામનું વનગમન અને દશરથનું અવસાન આલેખાયું છે. તૃતીય અંકમાં પ્રતિમાગૃહનો પ્રસંગ નિરૂપાયો છે. મોસાળેથી પરત આવતા ભરતને દશરથના અવસાનની ખબર પડે છે. ચતુર્થ અંકમાં ભરત રામની પાદુકા લઈ આવે છે. અને પાંચમાં અંકમાં રાવણ સીતાનું અપહરણ કરે છે. તથા ત્યાર બાદ રામ-રાવણ યુદ્ધમાં રાવણનો પરાજ્ય થાય છે. અહીં પ્રથમ અંકમાં વલ્કલ (વનગમન) નો પ્રસંગ, ત્રીજા અંકમાં પ્રતિમાગૃહનો પ્રસંગ, દશરથના શ્રાધ્ધનો પ્રસંગ વગેરે કવિકલ્પિત પ્રસંગો છે. અહીં ભાસની મૌલિક સર્જનશક્તિના દર્શન થાય છે.

(૮) **અભિષેક નાટક :** કવિ ભાસના વાલી વધ અને સુગ્રીવની મિત્રતાથી આરંભ થતા આ છ અંકના નાટકમાં સીતાહરણથી રામના રાજ્યાભિષેક સુધીની બાબતો નિરૂપાઈ છે. હનુમાન સીતાજીને મળવા લંકામાં જાય છે. ત્યાંના ઉપવનને અસ્તવ્યસ્ત કરે છે. છેવટે તે ઈન્દ્રજીતના પાશથી બંધાઈને તે રાવણની પ્રત્યક્ષ પહોંચી રામનો સંદેશો કહે છે. રાવણનો ભાઈ વિભીષણ રામનો આશ્રય લે છે. રાવણ કૃત્રિમ રામ-લક્ષ્મણના માથા સીતા પાસે મોકલે છે. રામનું રાવણ સાથે યુદ્ધ થાય છે. આ યુધ્ધમાં રાવણનો વધ થાય છે. ત્યારબાદ સીતાની અગ્નિપરીક્ષા અને રામનો રાજ્યાભિષેક યોજાય છે. પ્રસ્તુત નાટકમાં અભિષેકના ત્રણ પ્રસંગો વર્ણવાયા છે. પ્રથમ તો સુગ્રીવનો રાજ્યાભિષેક, પછી રામનો રાજ્યાભિષેક અને વિભીષણનો રાજ્યાભિષેક. અત્રે ભાસની નાટયકલા ઝાંખી પડતી હોય તેવું લાગે છે.

(૯) **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ :** ભાસના આ ચાર અંકના આ વીરરસયુક્ત નાટકમાં વત્સરાજ ઉદયન મારફતે ઉજ્જયિનીના રાજા પ્રદ્યોત મહાસેનની રાજકન્યા વાસવદત્તાના અપહરણની કથાનું વર્ણન છે. બનાવટી હાથીના કાવતરા દ્વારા વત્સદેશના રાજા ઉદયનને ઉજ્જૈનનો રાજા મહાસેન કેદ કરે છે. ઉદયનને રાજા પ્રદ્યોત કેદખાનામાં રાખે છે. પરંતુ તેની સાથે સારી રીતે વર્તે છે. ઉદયનનો ચાલાક અને સ્વામીભક્ત મંત્રી યૌગન્ધરાયણ પોતાના સ્વામી ઉદયનને છોડાવવાની પ્રતિજ્ઞા કરે છે. માટે જ આ કૃતિનું શીર્ષક પણ 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' છે. કેદખાનામાંથી એકવાર રસ્તા પરથી પસાર થતાં ઉદયન પ્રદ્યોતપુત્રી વાસવદત્તાને જોઈને તેના પ્રત્યે આકર્ષાય છે. અને જેલમાં વાસવદત્તાને વીણા શીખવાડતા શીખવાડતા રાજા ઉદયનનો વાસવદત્તા પ્રત્યેનો પ્રેમ ગાઢ થઈ જાય છે. ઉદયનનો સ્વામીભક્ત મહામંત્રી યૌગન્ધરાયણ, અન્ય એક મંત્રી રુમણ્વાન તથા રાજાના મિત્ર વિદૂષક સાથે વેશપલટો કરી ઉજ્જયિનીમાં દાખલ થઈ રાજા ઉદયનને મુક્ત કરવાની યોજના ઘડે છે. આ યોજનાથી ઉદયનને તથા વાસવદત્તાને ભગાડી જવામાં યૌગન્ધરાયણ સફળ થાય છે. છેવટે રાજા પ્રદ્યોત ઉદયન-વાસવદત્તાના સંબંધને મંજૂર રાખે છે.

(૧૦) **સ્વપ્નવાસવદત્તમ્ :** ભાસનું છ અંકનું આ પ્રણયપ્રધાન નાટક તેમની શ્રેષ્ઠ કૃતિ છે. પ્રસ્તુત નાટકમાં ઉજ્જયિનીના રાજા પ્રદ્યોત મહાસેનની પુત્રી વાસવદત્તા સાથે લગ્ન કર્યા બાદ રાજા ઉદયન વાસવદત્તા પ્રત્યે ખૂબ જ કામસક્ત રહે છે. છેવટે વાસવદત્તાના પ્રેમમાં ગળાડુબ ઉદયન રાજયની પ્રત્યે બેદરકાર બને છે. પરિણામે આરુણિ નામનો પાડોશી રાજા તેનું રાજ્ય પડાવી લે છે. પરંતુ હંમેશા સાવધાન અને કાર્યકુશળ મંત્રી યૌગન્ધરાયણ તેમાંથી રસ્તો કાઢે છે. તે વાસવદત્તા સાથે મળીને બનાવટી મહેલ સળગી ગયાની અફવા ફેલાવે છે. સન્યાસીના વેશમાં રહેલો યૌગન્ધરાયણ મગધ દેશના રાજા દર્શકની બહેન પદ્માવતી પાસે વાસવદત્તાને થાપણ તરીકે મૂકે છે. ત્યારબાદ ઉદયનના

લગ્ન પદ્માવતી સાથે થાય છે. મગધનરેશ દર્શકની સહાયતાથી રાજા ઉદયન પોતાનું રાજ્ય પાછું મેળવે છે. પરંતુ વાસવદત્તા સાથે દ્રઢતાથી બંધાયેલા મનવાળા ઉદયનને વાસવદત્તા સ્વપ્નમાં દેખાય છે. ઉદયન મૃત્યુ પામેલ વાસવદત્તાને ભૂલી શકતો નથી. વેશપલટો કરીને છૂપી રીતે રહેલી વાસવદત્તાને રાજા ઉદયનના અથાગ-અમર પ્રેમની ખાતરી થાય છે. અને નાટકના અંતમાં વાસવદત્તા અને યૌગન્ધરાયણ પુનઃ જાહેર થાય છે.

(૧૧) **બાલચરિત :** મહાકવિ ભાસનું હરિવંશ પર આધારિત આ રૂપક પાંચ અંકનું છે. પ્રસ્તુત નાટકમાં કૃષ્ણની બાળલીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ભગવાન કૃષ્ણનો કંસની જેલમાં જન્મ, વાસુદેવ દ્વારા કૃષ્ણનું વૃંદાવનમાં પહોંચવું, ભગવાન બાળકૃષ્ણની અનેક પ્રકારની લીલાઓ, રાક્ષસી પૂતનાનો વધ, કાલીય નાગનું દમન, યમુના નદીને વિષમુક્ત કરવી, કુવલયાપીડ હાથીનો સંહાર, કંસના ચાણુર અને મુષ્ટિ નામના મલ્લોનો વધ તથા અંતે કંસનો વધ વગેરે પ્રસંગો અત્રે વર્ણવાયા છે. પ્રસ્તુત નાટકમાં ભાસે અદ્ભૂત રસનું સારી રીતે ચિત્રણ કર્યું છે. આ નાટકને એ.બી.કીથ સફળ નાટક માને છે.

(૧૨) **અવિમારક :** મહાકવિ ભાસનું આ છ અંકનું રૂપક તેમનું મૌલિક સર્જન છે. પ્રસ્તુત નાટકમાં રાજા કુન્તીભોજની પુત્રી કુરંગી અને સૌરવીર રાજાના પુત્ર વિષ્ણુસેનની પ્રણય કથાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અહીં વિષ્ણુસેનનું બીજુ નામ અવિમારક છે. નાયક વિષ્ણુસેને 'અવિ' એટલે 'ઘેટુ' અને ઘેટાના રૂપમાં રહેલા રાક્ષસનો વધ કર્યો માટે પણ તે 'અવિમારક' નામે પ્રસિધ્ધ થયો હતો. નાયિકા કુરંગીને વિષ્ણુસેન પાગલ હાથીના પંજામાંથી બચાવે છે. આ પ્રસંગથી કુરંગી તેની તરફ આકર્ષાય છે. અને તેના પ્રેમમાં પડે છે. તે વેશપલટો કરી વિષ્ણુસેનને કન્યાપુરમાં આવવા સૂચવે છે. ત્યાં રાજા કુન્તીભોજને કન્યાપુરમાં કોઈ યુવાન હોવાની જાણ થાય છે. ત્યાં અવિમારક ભાગે છે. અને આત્મહત્યા કરવાનો વિચાર કરે છે. એટલામાં વિદ્યાધર વિષ્ણુસેનને અદશ્ય થવાની વીંટી આપે છે. આ વીંટી આપવાનો પ્રસંગ નાટકમાં અદ્ભૂત રસનો ઉમેરો કરે છે. આમ જોતા નાટકનું કાવ્ય તત્ત્વ પ્રશંસાને યોગ્ય છે.

(૧૩) **ચારુદત્ત :** ભાસનું આ નાટક ચાર અંકનું છે અને તેમાં ઉજ્જૈનના ગરીબ બ્રાહ્મણ ચારુદત્ત અને ગણિકા પુત્રી વસન્તસેનાની પ્રણયકથાનું નિરૂપણ છે. પ્રસ્તુત નાટક અપૂર્ણ છે પરંતુ ભાસની મૌલિકતા તો દર્શાવે જ છે. આ નાટક પરથી તો મહાકવિ શૂદ્રકને તેનું પ્રખ્યાત નાટક 'મૃચ્છકટિક' લખવાની પ્રેરણા મળી છે. તેના નામ પ્રમાણે ચારુદત્ત અત્યંત ઉદાર સ્વભાવનો છે. તેથી જ આ રૂપકનું શીર્ષક પણ તેના નામે જ રાખવામાં આવ્યું છે. અહીં રાજાનો સાળો સંસ્થાનક – શકાર વસન્તસેનાને બળપૂર્વક પોતાની કરવા ઈચ્છે છે. પરંતુ વસન્તસેના ચારુદત્તને પ્રેમ કરે છે. આ રીતે શકાર વસન્તસેના અને ચારુદત્તના પ્રણયમાર્ગમાં બાધા બને છે. દ્વિતીય અંકમાં જુગારી સંવાહકનું દ્રશ્ય છે. જેમાં વસન્તસેના અને ચારુદત્તની ઉદારતા નિહાળી શકાય છે. તૃતીય અંકમાં પોતાની પ્રેમિકા મદનિકાને છોડાવવા સજ્જલક ચોરી કરે છે. અને વસન્તસેનાના થાપણ તરીકે મૂકેલા ઘરેણા ચોરીને મદનિકાને છોડાવે છે. ચતુર્થ અંકમાં વસન્તસેના અભિસારિકા બની ચારુદત્ત પાસે જાય છે. ત્યાં આ નાટક પુરુ થાય છે. આ રીતે જોતા લાગે છે કે આ કૃતિ અપૂર્ણ છે જે ભાસની વૃધ્ધાવસ્થા કે અકાળ મૃત્યુને લીધે અધૂરી રહી ગઈ હશે.

**ઉપસંહાર :**

આ રીતે મહાકવિ ભાસ પ્રયોગવાદી વૃત્તિ ધરાવનાર નાટ્યકાર છે. તેમણે ખરેખર સંખ્યા તથા ગુણવત્તાની દ્રષ્ટિએ મૂલ્યવાન ગણી શકાય તેવા ૧૩ રૂપકો આપ્યા છે. મહાકવિ ભાસના આ સર્જનને વિદ્વાનો 'ભાસ-નાટકચક્ર' એવું નામ આપે છે.

---

## ૨.૩ તમારી પ્રગતિ ચકાસો.

૧. ભાસરચિત નાટકોનું વર્ગીકરણ સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૨. ભાસની મહાભારત પર આધારિત કૃતિઓનો પરિચય કરવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૩. ભાસની રામાયણ આધારિત કૃતિઓ કેટલી છે? કઈ કઈ? તેનો ટૂંકમાં પરિચય આપો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૪. ઉદયનકથા પર આધારિત ભાસનાં બે નાટકોનો ટૂંકમાં પરિચય આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૫. ભાસના હરિવંશ આધારિત અને મૌલિક કથાનકવાળાં નાટકોને ટૂંકમાં સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

| એકમ 12 | # મહાકાવ્ય, સ્વરૂપ, વિકાસ અને લક્ષણો |
|---|---|

**રૂપરેખા**

**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 મહાકાવ્યનું સ્વરૂપ અને તેના વિકાસક્રમની રૂપરેખા**

**1.3 'મહાકાવ્ય'નું સ્વરૂપ નિશ્ચિત કરનાર આચાર્યો અને અન્ય ગ્રંથો**

**1.4 મહાકાવ્યનાં લક્ષણો**

**1.5 અલંકૃત મહાકાવ્યનાં લક્ષણો**

**1.6 તમારો પ્રગતિ ચકાસો**

## 1.0 ઉદ્દેશ

- એકમ-1નો ઉદ્દેશ મહાકાવ્યનાં લક્ષણો જાણવાનો છે. આ એકમના અધ્યયનથી તમે નીચેની બાબતો જાણી અને સમજી શકશો.
- સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય' શબ્દનો અર્થ ખૂબ વ્યાપક છે. જેને વિભિન્ન ભેદો અને પ્રભેદોને આધારે સમજી શકાશે.
- રામાયણ, મહાભારત જેવાં બે આર્ષ મહાકાવ્યોથી પ્રશિષ્ટ યુગના મહાકાવ્યોનું જુદાપણું અને વિશેષતાઓનો ખ્યાલ આવશે.
- 'મહાકાવ્ય' સંસ્કૃત સાહિત્યનું લોકપ્રિય અને અત્યંત ખેડાયેલ સાહિત્યસ્વરૂપ હોવાથી અહીં તમને મહાકાવ્યનાં લક્ષણોની ચર્ચા પણ તેનાં વિકસતા સ્વરૂપની સાથે સમજવા મળશે.

## 1.1 પ્રસ્તાવના

સંસ્કૃત સાહિત્ય એક અગાધ મહાસાગર સમાન છે. વિભિન્ન કાવ્યસ્વરૂપોમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય-સર્જન થયેલું છે. સંસ્કૃત સાહિત્યમાં વિભિન્ન કાવ્યના સાત દૃષ્ટિએ પ્રકારો દૃષ્ટિગોચર થાય છે.

1. શૈલીની દૃષ્ટિએ
2. ભાષાની દૃષ્ટિએ
3. ઈન્દ્રિય-માધ્યમની દૃષ્ટિએ
4. અર્થની દૃષ્ટિએ
5. બન્ધની દૃષ્ટિએ
6. ઉદ્‌ભવની દૃષ્ટિએ અને
7. વિષયની દૃષ્ટિએ

હવે, શૈલીની દૃષ્ટિએ જોઈએ તો, આચાર્ય દંડીએ કાવ્યના ગદ્ય, પદ્ય અને મિશ્ર એમ ત્રણ પ્રકાર પાડ્યા છે. ભાષાની દૃષ્ટિએ દંડીએ જ કાવ્યના પુનઃ ચાર ભેદ દર્શાવ્યા છે. (1) સંસ્કૃત (2) પ્રાકૃત (3) અપભ્રંશ અને (4) મિશ્ર. ઈન્દ્રિય-માધ્યમથી દૃષ્ટિએ ભારતીય આચાર્યોએ કાવ્યનાં દશ્ય કાવ્ય અને શ્રવ્ય એવા બે વિભાગ કર્યા છે. અર્થની દૃષ્ટિએ કરવામાં આવેલું કાવ્યવિભાજન, અર્થમાં રહેલા ચમત્કારના તારતમ્ય ઉપર આધારિત છે. ધ્વનિકાવ્ય વગેરે આના જ પ્રભેદ છે. બન્ધની દૃષ્ટિએ વામનાચાર્યે કાવ્યાલંકાર સૂત્રવૃત્તિમાં કાવ્યના નિબદ્ધ અને અનિબદ્ધ એવાં બે પ્રભેદ સ્વીકાર્યા છે.આચાર્ય ભામહે પણ આ નિબદ્ધ અર્થાત્ કાવ્ય અંતર્ગત સર્ગબદ્ધ, અભિનેયાર્થ આખ્યાયિકા અને કથા - એમ ચાર ભેદ તથા અનિબદ્ધ અર્થાત્ મુક્તક એમ વર્ગીકરણ કર્યું છે. ઉદ્ભવની દૃષ્ટિએ મહાકાવ્યનું બે રીતે વિભાજન કરવામાં આવે છે. 1. આર્ષ મહાકાવ્ય અને 2. વિદગ્ધ મહાકાવ્ય.

ઉપર્યુક્ત વર્ગીકરણમાં શૈલીની દૃષ્ટિએ કરેલાં વિભાજન અંતર્ગત વિચાર કરીએ તો, કાવ્યના મુખ્ય બે સ્વરૂપો છે : 1. દશ્યકાવ્ય અને 2. શ્રાવ્યકાવ્ય.

- દશ્યકાવ્યમાં રૂપક, નાટકનો સમાવેશ થાય છે.
- શ્રવ્યકાવ્યમાં મહાકાવ્ય, ખંડકાવ્ય, કથા, આખ્યાયિકા ચમ્પૂ વગેરે કાવ્યભેદોનો સમાવેશ થાય છે.

દશ્યકાવ્યની રચના રંગમંચને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી છે, શ્રવ્યકાવ્યમાં પદ્ય, ગદ્ય, ગદ્ય-પદ્ય મિશ્ર એમ ત્રણેય પ્રકારના કાવ્યો સમાવિષ્ટ છે.

પદ્યકાવ્ય અંતર્ગત 'મહાકાવ્ય'નું સ્થાન વિશિષ્ટ છે. સંસ્કૃત સાહિત્યની એ વિશેષતા રહી છે કે તેમાં સાહિત્યનું સર્જન પહેલાં થાય છે અને એ સર્જન અંગેના લક્ષણોની વિચારણા થાય એ પૂર્વે તો તે સર્જન પ્રૌઢત્વને પામી લે છે. હવે, આ દૃષ્ટિથી વિચાર કરીએ તો જણાય છે કે પૂર્વે સર્જન પામેલાં સંસ્કૃત મહાકાવ્યોને જ ધ્યાનમાં રાખીને પરવર્તી આલંકારિકોએ મહાકાવ્યના લક્ષણ નિર્ધારિત કર્યા છે, જેમાં ભામહ, દંડી, વામન, વિશ્વનાથ, રુદ્રટ આદિ કાવ્યશાસ્ત્રીઓએ મહાકાવ્યના સ્વરૂપની જે વ્યાખ્યાઓ કરી છે તે એમની પૂર્વે થઈ ગયેલા અશ્વઘોષ, કાલિદાસ આદિના મહાકાવ્યોને ધ્યાનમાં રાખીને કરેલી છે. આ ઉપરાંત અગ્નિપુરાણ, ઈશાનસંહિતા, હેમચંદ્રાચાર્ય, વાગ્ભટ્ટ, વિદ્યાનાથ આદિએ પણ મહાકાવ્યનાં સ્વરૂપ અંગે વિચારણા કરેલી છે.

## 1.2 મહાકાવ્યનું સ્વરૂપ અને તેનાં વિકાસક્રમની રૂપરેખા :

મેકડોનલ મુજબ મહાભારત એ લોકમહાકાવ્ય અથવા તો પ્રખ્યાત મહાકાવ્ય છે, રામાયણ એ અનુકૃત મહાકાવ્ય કે આલંકારિક મહાકાવ્ય છે અને એ પછીના મહાકાવ્યો 'અલંકૃત મહાકાવ્યો' છે. જ્યારે ડૉ. દાસગુપ્તા જેવાં ભારતીય વિદ્વાનોએ આ મતનું ખંડન કરીને એવું જાહેર કર્યું છે કે રામાયણ, મહાભારત એ 'વિરાટ' મહાકાવ્ય છે અને ત્યારબાદના મહાકાવ્યો 'લઘુ' મહાકાવ્યો છે. આ લઘુમહાકાવ્યો કલાત્મક છે અને ખરેખર તો વિરાટ શૃંગારિક મહાકાવ્યો એ અલંકૃત મહાકાવ્યો છે.

'મહાકાવ્ય'ને મુખ્યત્વે બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. (1) આર્ષ મહાકાવ્ય (2) વિદગ્ધ મહાકાવ્ય કે અલંકૃત મહાકાવ્ય. તેને કલાત્મક કે અનુકૃત મહાકાવ્ય

પણ કહેવામાં આવે છે.

આર્ષ મહાકાવ્ય પણ બે પ્રકારના ગણાવાયાં છે,

(1) પૂર્ણ વિકસિત અને (2) અર્ધવિકસિત

અલંકૃત મહાકાવ્યને છ ભાગમાં વિભાજીત કરવામાં આવે છે.

1. શાસ્ત્રીય – પ્રારંભિક અને ઉત્તરકાલીન બે પ્રભેદો
2. પૌરાણિક
3. ઐતિહાસિક – ચરિત કાવ્ય અને પ્રશસ્તિ કાવ્ય બે પ્રભેદો
4. રોમાંચક
5. રૂપક કથાત્મક
6. સ્વચ્છંદતાવાદી – નાટકીય, ગીતાત્મક અને મનોવૈજ્ઞાનિક એમ ત્રણ પ્રભેદો.

રામાયણ અને મહાભારતને 'આર્ષ મહાકાવ્યો' 'Epic of Growth' કહેવામાં આવે છે. અધ્યાયમાં આવતાં સર્ગનું નામ, વર્ણનો, વસ્તુની પસંદગી, પાત્રસૃષ્ટિ, નાયકની પસંદગી, રસવૈવિધ્ય, પ્રધાનરસ વગેરે દૃષ્ટિએ આ બંને આર્ષ મહાકાવ્યમાંથી પ્રશિષ્ટ મહાકાવ્યોએ પ્રેરણા લીધી છે.

મહાકાવ્યો પોતપોતાના યુગની ચેતનાને ઝીલી વિકાસ પામતા રહ્યાં છે. આથી તેની રચના પ્રક્રિયા અને સ્વરૂપની અંદર પણ તે તે યુગને અનુરૂપ ફેરફારો થતાં રહ્યાં છે. મહાકવિઓ પ્રતિભાશાળી હોવાને કારણે રૂઢિગત પરંપરામાં પરિવર્તનો કરી નવો માર્ગ કંડારતા રહ્યા છે. માટે જ 'મહાકાવ્ય'ના કોઈ સુનિશ્ચિત, સર્વકાલીન, માન્ય એવાં લક્ષણો નિર્ધારિત કરી શકાતા નથી. આ જ કારણે ભામહ જેવાં કાવ્યશાસ્ત્રીથી પ્રારંભી રુદ્રટ જેવાં અલંકારિકો સુધી મહાકાવ્યના લક્ષણોમાં વિવિધતા અને પરિવર્તનો જોવા મળે છે.

## 1.3 'મહાકાવ્ય'નું સ્વરૂપ નિશ્ચિત કરનાર આચાર્યો અને અન્ય ગ્રંથો

મહાકાવ્યની વ્યાખ્યા કરનાર સૌ પ્રથમ ભરતમુનિ છે. ત્યારબાદ વિષ્ણુધર્મોત્તરપુરાણ, ભામહ, દંડી, રુદ્રટ, ભોજ, અગ્નિપુરાણ, ઈશાનસંહિતા, હેમચંદ્ર, વાગ્ભટ્ટ, વિદ્યાનાથ અને અંતે આવે છે વિશ્વનાથ. આ બધામાં પણ સૌથી વધુ યુક્તિપૂર્વક મહાકાવ્યની વ્યાખ્યા કોઈએ કરી હોય તો તે છે પાંચમી સદીમાં થઈ ગયેલા આચાર્ય ભામહ. એમના પછી છઠ્ઠી સદીમાં મહાકાવ્યની સંપૂર્ણ કહી શકાય એવી વ્યાખ્યા આચાર્ય દંડીએ આપી.

જો કે, આ અનેક વ્યાખ્યાઓમાંથી સૌથી વધુ પ્રચલિત થયેલી વ્યાખ્યાઓ વિશે વિચારીએ તો આચાર્ય ભામહે 'કાવ્યાલંકાર'માં આપેલી વ્યાખ્યા, આચાર્ય દંડીએ 'કાવ્યાદર્શ'માં નિર્દેશેલી વ્યાખ્યા અને વિશ્વનાથે 'સાહિત્યદર્પણ'માં સૂચવેલી વ્યાખ્યાઓ વધુ પ્રચલિત અને સ્વીકાર્ય બની છે. આ ત્રણેય ગ્રંથોમા નિર્દિષ્ટ મહાકાવ્યની વ્યાખ્યાઓ ક્રમાનુસાર જોઈએ તો,

### 1.3.1 'કાવ્યાલંકાર'માં આચાર્ય ભામહે નિર્દેશેલાં મહાકાવ્યનાં લક્ષણો :

सर्गबन्धो महाकाव्यं महताच महच्च यत् ।

अग्राम्यशब्दमर्थ्यञ्च सालङ्कारं सदाश्रयम् ॥

मंत्रदूतप्रयाणाजिनायकाभ्युदयैश्च यत् ।
पञ्चभिः संधिभिर्युक्तं नातिव्याख्येयमृद्धिमत् ।।
चतुर्वर्गाभिधानेऽपि भूयसार्थोपदेशकृत् ।
युक्तं लोकस्वभावेन रसैश्च सकलैः पृथक् ।।
नायकं प्रागुपन्यस्य वंशत्रीर्यश्रुतादिभिः ।
न तस्यैव वधं बूयादन्योत्कर्षाभधित्सया ।।
यदि काव्यशरीरस्य न स व्यापतियेष्यते ।
न चाभ्युदयभाक्तस्य मुधदौ ग्रहणस्तवो ।।

- (કાવ્યાલંકાર, 1/19 થી 23)

આચાર્ય ભામહે મુખ્યત્વે મહાકાવ્યમાં આવશ્યક લક્ષણો તરીકે સર્ગબદ્ધતા, મહાન અને ગંભીર વિષય, ઉદાત્ત નાયક, ચતુવર્ગનું પ્રતિપાદન, નાયકનો અભ્યુદય, સદાશ્રયત્વ, પંચસન્ધિ, લોકસ્વભાવ અને વિવિધ રસોની પ્રતીતિ, સમૃદ્ધિ (ચન્દ્રોદય, ઋતુવર્ણન) વગેરેને ગણાવ્યાં છે. આનો અર્થ એ થયો કે ભામહે ઉપર્યુક્ત લક્ષણોમાં સર્ગોની સંખ્યા વિશે, વર્ણ્ય વિષયોની સૂચિ, પાત્રોના ગુણોની યાદી, છંદ અને કાવ્યના આરંભ અંગેની કોઈ વિગતો આશીર્વાદ, નમસ્કાર અને વસ્તુનો નિર્દેશ વગેરેનો કોઈ ઉલ્લખ કરેલો નથી.

**1.3.2** આચાર્ય ભામહ બાદ આચાર્ય દંડીએ કાવ્યાદર્શ નામના ગ્રંથમાં મહાકાવ્યનાં સ્વરૂપ અંગે લક્ષણો દર્શાવ્યાં છે. તેમણે પૂર્વેના શાસ્ત્રો અને પૂર્વે થઈ ગયેલા પ્રયોગોને ધ્યાનમાં લઈ મહાકાવ્યના સમન્વયાત્મક અને વિશ્લેષણાત્મક લક્ષણો આપ્યાં છે. દંડીએ આ રીતે મહાકાવ્યની રચના સંદર્ભે નૂતન પથ પ્રદર્શિત કર્યો છે, જેમ કે-

**'કાવ્યાદર્શ'માં આચાર્ય દંડી દ્વારા નિર્દિષ્ટ મહાકાવ્યનાં લક્ષણો :**

सर्गबन्धो महाकाव्यमुच्यते तस्य लक्षणम् ।
आशीर्नमस्क्रियावस्तुनिर्देशो वापि तन्मुखम् ।।
इतिहासकथोद्भूतमितरद्वा सदाश्रयम् ।
चतुर्वर्गफलोपेतं चतुरोदात्तनायकम् ।।
नगरार्णवशैलर्तुचन्द्रार्कोदयवर्णनैः ।
उद्यानसलिलक्रीडामधुपानरतोत्सवैः ।।
विप्रलम्भौर्विवाहैश्च कुमारोदयवर्णनैः ।
मन्त्रदूतप्रयाणाजिनायकाभ्युदयैरपि ।।

अलङ्कृतमसङ्क्षिप्तं रसभावनिरन्तरम् ।

सर्गैत्ररनतिविस्तीर्णैः श्रव्यवृत्तैः सुसन्धिभिः ।।

सर्वत्र भिन्नवृत्तान्तैरुपेतं लोकरञ्जकम् ।

काव्यं कल्पान्तरस्थायि जायते सदलङ्कृति ।।

न्यूनमप्यत्र यैः कैश्चिदङ्गैः काव्यं न दुष्यति ।

यद्युपात्तेषु सम्पत्तिराराधयति तद्विदः ।।

गुणतः प्रागुपन्यस्य नायकं तेन विद्विषाम् ।

निराकरणमित्येष मार्गः प्रकृतिसुन्दरः ।।

वंशवीर्यश्रुतादीनि वर्णयित्वा रिपोरपि ।

तज्जयान्नायकोत्कर्षकथनं च घिनोति नः ।।

- (કાવ્યાદર્શ, 1/14-22)

દંડીએ રજૂ કરેલાં લક્ષણો મુજબ મહાકાવ્ય સર્ગબદ્ધ હોવું જોઈએ. એનો આરંભ આશીર્વાદ, નમસ્કાર અને સ્તુતિ તથા કથાવસ્તુના નિર્દેશથી થયેલો હોવો જોઈએ. વસ્તુ ઐતિહાસિક કે સજ્જન વ્યક્તિના જીવન પર આધારિત હોવું જોઈએ. સદાશ્રયત્વ અને ચતુવર્ગ એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિના વર્ણનની વાત ભામહની જેમ દંડી પણ કરે છે. દંડીએ મહાકાવ્યમાં વર્ણવવા યોગ્ય વિષયની સૂચિ પણ આપી છે, જેનો ભામહે માત્ર સંકેત કર્યો હતો.

આચાર્ય દંડી પોતે રજૂ કરેલાં લક્ષણોને અંતિમ ગણતા નથી. કંઈક અંશે ઓછું-વત્તું પણ ચાલે પણ તેઓની એક શરત છે કે મહાકવિ જે કંઈ રજૂ કરે તે વિદ્વાનોના ચિત્તને આકર્ષનારું હોય એવું તથા જકડી રાખે એવું હોવું જરૂરી છે.

આચાર્ય દંડીએ રજૂ કરેલાં લક્ષણોમાં જ થોડો-ઘણો સુધારો-વધારો કરીને એમનાં પછી અગ્નિપુરાણ, હેમચંદ્રાચાર્ય, વિશ્વનાથ દ્વારા મહાકાવ્યના લક્ષણો નિર્ધારિત કરવામાં આવ્યા છે. દંડીએ નિર્દેશેલાં લક્ષણોથી ઉત્તરવર્તી મહાકાવ્યો ખૂબ પ્રભાવિત થયેલાં જણાય છે. રાજદરબારના કવિઓએ મોટેભાગે અર્થ અને કામને નજર સામે રાખીને મહાકાવ્યનું સર્જન કરવા માંડ્યું. પરિણામે મહાકાવ્યમાં રામાયણ, મહાભારત જેવાં આર્ષ મહાકાવ્યો અને કાલિદાસનાં રઘુવંશ અને કુમારસંભવ જેવાં મહાકાવ્યોમાં જોવા મળતી રસાળતા, સરળતા અને મહત્તા વગેરે ગુણોનું વિસ્મરણ થવા લાગ્યું. કાવ્યશાસ્ત્રીય લક્ષણગ્રંથોને ધ્યાનમાં રાખીને જ મહાકાવ્યનું સર્જન શરૂ થઈ ગયું, જેને લીધે મહાકાવ્યમાં સહજતાને બદલે કૃત્રિમતા વધી ગઈ.

**1.3.3.** આચાર્ય દંડી પછી રુદ્રટ, અગ્નિપુરાણકાર, પ્રતાપરુદ્રયશોભૂષણ, હેમચન્દ્રાચાર્ય દ્વારા પણ મહાકાવ્યનાં લક્ષણો વધ-ઘટ કરીને નિર્ધારિત કરવામાં આવ્યાં. ત્યારબાદ આચાર્ય કુન્તક અને આચાર્ય વિશ્વનાથે પણ તેમની પૂર્વેના આચાર્યોના મતોનો

સમાહાર કરીને કેટલાક નવા લક્ષણો ઉમેરીને મહાકાવ્યની સમન્વયાત્મક વ્યાખ્યા પ્રસ્તુત કરી છે.

**'સાહિત્યદર્પણ'માં આચાર્ય વિશ્વનાથે સૂચવેલાં મહાકાવ્યનાં લક્ષણો :**

सर्गबन्धो महाकाव्यं तत्रैको नायकः सुर ।
सद्वंशः क्षत्रियोवाऽपि धीरोदात्तगुणान्वितः ॥

एकवंशभवा भूपाः कुलजा बहवोऽपति वा ।
शृङ्गारवीरशान्तानामेकोङ्गी रस इष्यते ॥

अङ्गानि सर्वेऽपि रसाः सर्वे नाटकसन्धयः ।
इतिहासोद्भवं वृत्तमन्यद् वा सज्जनाश्रयम् ॥
चत्वारस्तस्य वर्गाः स्युस्तेष्वकं च फलं भवेत् ॥

आदौ नमस्क्रियाशीर्वा वस्तुनिर्देशो एव वा ।
क्वचिन्निन्दा खलादीनां सतां च गुणकीर्तनम् ॥

एकवृत्तमयैः पद्यैरवसानेऽन्यवृत्तकैः ।
नातिस्वल्पा नातिदीर्घाः सर्गा अष्टाधिका इह ॥

नानावृत्तमयः क्वापि सर्गः कश्चन दृश्यते ।
सर्गान्ते भाविसर्गस्य कथायाः सूचनं भवेत् ॥

सन्ध्यासूर्येन्दुरजनीप्रदोषध्वान्तवासराः ।
प्रातर्मध्याह्नमृगयाशैलर्तुवनसागराः ॥

सम्भोगविप्रलम्भौ च मुनिस्वर्गसुराध्वराः ।
रणप्रयाणोपममन्त्रपुत्रोदयादयाः ॥
वर्णनीया यथायोग्यं साङ्गोपाङ्गे अमी इह ।
कवेर्वृत्तस्य वा नाम्ना ंनायकस्येतरस्य वा ॥

नामास्य सर्गोपादेयकथया सर्गनाम तु ।
अस्मिन्नार्षे पुनः सर्गा भवन्त्याख्यानसंज्ञकाः ॥

- (સાહિત્યદર્પણ, 6/315 થી 325)

આચાર્ય વિશ્વનાથ મુજબ મહાકાવ્ય સર્ગબદ્ધ હોવું જોઈએ. તેમાં નાયક દેવતા અથવા તો સદ્‌વંશનો ક્ષત્રિય ધીરોદાત્ત રાજા હોવો જોઈએ. શૃંગાર, વીર કે શાંત મુખ્ય રસ હોય અને બાકીના રસો ગૌણ હોવા જોઈએ. કથાનક ઐતિહાસિક કે પછી લોક

પ્રસિદ્ધ સજ્જન વિષયક હોય, વગેરે લક્ષણો મુખ્યત્વે પૂર્વેના આચાર્યોએ પ્રસ્તુત કરેલાં લક્ષણોને જ પરિવર્ધિત કરેલા જણાય છે. જોકે, વિશ્વનાથે રજૂ કરેલાં લક્ષણોનું જ નિર્વહણ આધુનિક મહાકાવ્યના સર્જકો સાંપ્રત સમયમાં કરી રહ્યાં છે.

## 1.4 મહાકાવ્યનાં લક્ષણો :

હવે ભામહ, દંડી અને વિશ્વનાથે આપેલાં મહાકાવ્યનાં લક્ષણો તથા અન્ય કાવ્યશાસ્ત્રીય ગ્રંથોમાં નિર્દિષ્ટ લક્ષણોને ધ્યાનમાં રાખીને મહાકાવ્યમાં કયા કયા તત્ત્વો હોવા જોઈએ તથા તેનું બાહ્ય અને આંતરિક માળખું કેવું હોવું જોઈએ તે અંગેની વિચારણા નીચે મુજબ છે, જેમ કે -

1. **સર્ગ :** 'સર્ગ' એટલે અહીં 'વિભાગ' એવો અર્થ સમજવો જરૂરી છે. દંડી મુજબ મહાકાવ્યમાં અનેક સર્ગો હોવા જરૂરી છે. વિશ્વનાથ મુજબ આઠથી ઓછા સર્ગો ન હોવા જોઈએ. ઈશાનસંહિતા મુજબ ત્રીસથી વધુ ન હોવા જોઈએ. સર્ગનું નામાભિધાન તે સર્ગમાં આવતા કથાવસ્તુ મુજબ હોવું જોઈએ. પ્રત્યેક સર્ગમાં એક જ છંદનો ઉપયોગ થવો જોઈએ. સર્ગાન્તે વૃત્તમાં પરિવર્તન થવું જોઈએ. પ્રત્યેક સર્ગમાં ત્રીસથી ઓછા નહીં અને બસોથી વધુ નહીં એ પ્રમાણે શ્લોકની સંખ્યા હોવી જોઈએ.

2. **આરંભ :** પ્રાયઃ કાવ્યશાસ્ત્રીઓ માને છે કે મહાકાવ્યની શરૂઆત આશીર્વાદથી, નમસ્કાર કરીને અથવા તો કથાવસ્તુનો નિર્દેશ કરતાં શ્લોકથી થવી જોઈએ.

3. **શીર્ષક :** મહાકાવ્યનું શીર્ષક કવિ કે નાયકના આધારે અથવા મુખ્ય ઘટના આધારિત આપવું જોઈએ.

4. **વસ્તુ (કથાવસ્તુ) :** મહાકાવ્યનું કથાવસ્તુ ઐતિહાસિક અથવા કોઈ મહાપુરુષના જીવનને લગતું હોવું જોઈએ. વસ્તુનો વિકાસ નાટકમાં આવતી સંધિઓની સહાયથી પણ થઈ શકે છે.

5. **નાયક :** 'સાહિત્યદર્પણ' મુજબ મહાકાવ્યનો નાયક એક જ હોય તો દેવ અથવા ધીરોદાત્ત શ્રેષ્ઠકુળનો ક્ષત્રિય હોવો જોઈએ. જો એક કરતાં વધુ નાયકો હોય તો તે બધાં એક જ શ્રેષ્ઠ કુળમાં જન્મેલાં હોવાં જોઈએ.

   નાયકના વધનું ચિત્ર મહાકાવ્યમાં ન થવું જોઈએ, પણ તેના અભ્યુદયનું વર્ણન થયેલું હોવું જોઈએ. ભામહ મુજબ નાયકને વંશ, વીર્ય આદિથી બળવાન શત્રુ પર વિજય પ્રાપ્ત કરતો ચિત્રિત કરવો જોઈએ.

6. **વર્ણનો :** મહાકાવ્યમાં વર્ણનવૈવિધ્ય અત્યંત અપેક્ષિત છે. તેમાં મુખ્યતઃ સમુદ્ર, ઋતુ, સૂર્યોદય, ચંદ્રોદય, સંધ્યા, રાત્રિ, પ્રદોષ, અંધકાર, વન, પર્વત આદિ નૈસર્ગિક તત્ત્વો, નગર, ઉદ્યાન, સલિલક્રીડા, મધુપાન, રતિક્રીડા, વિરહ, વિવાહ, કુમારજન્મ, મંત્ર, દૂત, સૈન્ય, યુદ્ધ, યજ્ઞ, નાયકનો અભ્યુદય, વગેરેનાં વર્ણનો તથા સજ્જનપ્રશંસા, દુર્જનનિંદા, તપસ્વી આદિ વર્ણનો પણ હોવા જોઈએ.

7. **રસ :** વિશ્વનાથ મુજબ મહાકાવ્યમાં મુખ્ય રસ શૃંગાર, વીર કે શાંત હોવો જોઈએ અને ગૌણ રસ તરીકે કરુણ, હાસ્ય, ભયાનક અને બીભત્સ હોય ભામહ તો કહે છે, મહાકાવ્યમાં રસભાવ નિરંતર જળવાવો જોઈએ.

8. **અલંકાર :** દંડી અને ભામહ મુજબ મહાકાવ્ય અલંકારોથી અલંકૃત હોવું જોઈએ.

9. **વૃત્ત :** મહાકાવ્યમાં વિશ્વનાથ મુજબ સર્ગને અંતે છંદમાં પરિવર્તન કરવું જોઈએ તે જુદાં જુદાં સર્ગ જુદા જુદા છંદના હોવા જોઈએ. દંડી કહે છે કે વૃત્તો 'શ્રવ્ય' એટલે કે કર્ણમધુર હોવા જોઈએ.

10. **સંધિ :** ભામહ મુજબ મહાકાવ્ય પાંચ સંધિથી યુક્ત હોવું જોઈએ. દંડીએ પણ મહાકાવ્ય 'સુસંધિ'થી યુક્ત હોય એમ અપેક્ષા રાખી છે.

11. **ચતુવર્ગફલપ્રાપ્તિ :** ચતુવર્ગફલપ્રાપ્તિ એટલે ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાંથી એકની પ્રાપ્તિ મહાકાવ્યનાં ફળરૂપે દર્શાવવી જોઈએ. ભામહ, દંડી અને વિશ્વનાથ ત્રણેય આચાર્યોએ આ લક્ષણ દર્શાવ્યું છે.

12. **'મહાકાવ્ય'** 'કલ્પ' એટલે યુગો પછી એવું ને એવું સત્ત્વશીલ, જીવંત રહેવું જોઈએ.

13. **રુદ્રટે કાવ્યાલંકાર ગ્રંથ**માં મહાકાવ્યની વિસ્તૃત વ્યાખ્યા આપી છે. તેની વ્યાખ્યામાં રામાયણ, મહાભારત વગેરે ગ્રંથો આવી જાય છે. તથા પ્રાકૃત અને અપભ્રંશના કાવ્યોનો પણ સમાવેશ થઈ જાય છે. રુદ્રટે મહાકાવ્યમાં સર્ગબદ્ધ અને નાટકીય તત્ત્વોથી યુક્ત કથાનો સ્વીકાર કર્યો છે. વર્ણનોમાં લૌકિક અને અલૌકિક વર્ણનોનો સ્વીકાર કર્યો છે. રુદ્રટ રસાત્મકતાને જ મુખ્ય માને છે. રુદ્રટ ઉત્પાદ્ય મહાકાવ્યોનો પણ સ્વીકાર કરે છે. એટલે કે કથાવસ્તુ કવિ દ્વારા કલ્પિત પણ હોઈ શકે છે.

(રુદ્રટ, કાવ્યાલંકાર અધ્યાય સોળ)

આ ઉપરાંત હેમચંદ્રાચાર્યે પણ મહાકાવ્યની વ્યાખ્યા આપી છે. તેમણે મુખ્ય કથા સાથે અવાંતર કથાઓનો સ્વીકાર કર્યો છે.

## 1.5 અલંકૃત મહાકાવ્યનાં લક્ષણો

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં મહાકવિ કાલિદાસ રચિત 'રઘુવંશ' અને 'કુમારસંભવ', ભારવિરચિત 'કિરાતાર્જુનીય', માઘરચિત 'શિશુપાલવધ' અને શ્રીહર્ષચરિત 'નૈષધીયચરિત'ના એમ પાંચ મહાકાવ્ય તરીકે વિશેષ પ્રસિદ્ધ પામ્યાં છે.

સંસ્કૃતમાં કાલિદાસથી હર્ષ સુધીની કાવ્ય પરંપરા ધીમે ધીમે અલંકૃત કાવ્ય તરફ આગળ વધે છે. આ મહાકાવ્યોનો વિદગ્ધ કે અલંકૃત મહાકાવ્ય તરીકે વિકાસ નીચે પ્રમાણે સમજાવી શકાય.

1. કાવ્યના બે પ્રકારો છે. વસ્તુનિષ્ઠ અને આત્મનિષ્ઠ, આર્ષ મહાકાવ્યો વસ્તુનિષ્ઠ છે. વિદગ્ધ કે અલંકૃત મહાકાવ્યો વ્યક્તિનિષ્ઠ છે.

2. મહાકાવ્યમાં શૈલીની નૈસર્ગિકતાને બદલે ધીમેધીમે પાંડિત્ય પ્રદર્શન વધતું જાય છે.

3. અલંકૃત મહાકાવ્યમાં વ્યાકરણના નવા નવા પ્રયોગો, અઘરા શબ્દોના પ્રયોગો, દીર્ઘ સમાસો, ભાષાનું પ્રાવીણ્ય વધતું જાય છે. ભારવિ, માઘ અને શ્રીહર્ષમાં આ વિશેષતાઓ વિશેષ જોવા મળે છે.

4. કાવ્યત્વ ધીમે ધીમે કૃત્રિમ બનતું જાય છે. શૃંગારરસ અધિક માત્રામાં હોવાને લીધે તેમાં સામંતશાહીની વિલાસિતા પણ જણાય છે.

5. કવિના પોતાના વ્યક્તિત્ત્વની છાપ પણ અલંકૃત મહાકાવ્યોમાં જોવા મળે છે.

6. આર્ષ મહાકાવ્યોમાં નીતિબોધ અને તત્ત્વબોધ મુખ્ય છે. અલંકૃત મહાકાવ્યોમાં સૌંદર્ય-બોધ વધારે છે. આથી મહાભારત અને રામાયણમાં પ્રકૃતિ-સૌંદર્ય અને નારી સૌંદર્ય ગૌણ છે. અલંકૃત મહાકાવ્યોમાં નારી વર્ણનો વિશેષ પ્રાપ્ત થાય છે.

7. અલંકૃત મહાકાવ્યોમાં ભાષા, અલંકારો, છંદ વગેરેના વિશેષ પ્રયોગો છે.

8. વિદગ્ધ કવિ પાત્રોના વ્યક્તિત્વને સુંદર બનાવવા માટે તેના ઉપકરણો, સ્વભાવ, પહેરવેશ, ઘરેણા વગેરે તરફ વધુ ધ્યાન આપે છે.

9. આર્ષ મહાકાવ્યોમાં પ્રસંગોને રોચક કે રસાત્મક બનાવવાનું લક્ષ્ય નથી. વિદગ્ધ મહાકાવ્યોમાં ઘટનાઓ ગૌણ બની જાય છે. કથાવસ્તુ એકદમ પાતળું હોય છે. કાવ્યોનું કથાનક એકદમ ઓછું હોવાથી વર્ણનો, રસ, શબ્દની ચમત્કૃતિઓ ભાષાના વિવિધ અલંકારો વગેરેમાં કવિની શક્તિનો વિશેષ વ્યય થાય છે.

10. અલંકૃત મહાકાવ્યોમાં ચિત્રાત્મક શૈલી હોવાને લીધે વર્ણ્ય વિષયને વધારે સુંદર બનાવવા માટે અલંકારોનો વધારે વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

11. અલંકૃત મહાકાવ્યોમાં યુગચેતના, રાજનૈતિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિનું ચિત્રણ પ્રાપ્ત થાય છે.

12. અલંકૃત મહાકાવ્યોમાં ઈશ્વરની સ્તુતિ પણ કલાત્મક રીતે થાય છે. વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન વધતું જાય છે.

આ રીતે રામાયણ અને મહાભારત કરતાં પ્રશિષ્ટ મહાકાવ્યો અલગ પડે છે. કાલિદાસમાં નૈસર્ગિકતા તથા ઉત્તમ કવિત્વ બંને જળવાય છે. ભારવિ, માઘ અને હર્ષમાં અલંકૃત મહાકાવ્યોના લક્ષણો ઉત્તરોત્તર વધતા જાય છે. સંક્ષિપ્ત કથાનક, પાંડિત્ય પ્રદર્શન, કૃત્રિમતા, શબ્દચમત્કૃતિ, શૃંગાર રસની સ્વાભાવિકતાને બદલે કામશાસ્ત્રના જ્ઞાન અને અભ્યાસ વગેરે કામકલાનો અભ્યાસ વગેરે અલંકૃત મહાકાવ્યોનાં લક્ષણો ગણી શકાય.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો

1. સંસ્કૃત સાહિત્યમાં ‘કાવ્ય’ના વિભિન્ન પ્રકારો વિશે ચર્ચા કરો.

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

2. મહાકાવ્યનું સ્વરૂપ અને તેના વિકાસક્રમની રૂપરેખા વર્ણવો.

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

3. મહાકાવ્યનાં લક્ષણો વર્ણવો.

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

## બહુવૈકલ્પિક પ્રશ્નો

1. શૈલીની દૃષ્ટિએ આચાર્ય દંડીએ કાવ્યના કેટલા પ્રકાર પાડ્યા છે ?

   (A) 3 (B) 5

   (C) 7 (D) 2

2. ઉદ્‌ભવની દૃષ્ટિએ મહાકાવ્યનું વિભાજન કઈ રીતે કરાયું છે ?

   (A) બે (B) ત્રણ

   (C) ચાર (D) સાત

3. રૂપક, નાટકનો સમાવેશ શેમાં થાય છે ?

   (A) દૃશ્યકાવ્ય (B) શ્રવ્યકાવ્ય

   (C) મિશ્રકાવ્ય (D) એકેય નહીં

4. રામાયણ, મહાભારત કયા પ્રકારના મહાકાવ્યો કહેવાય છે ?

   (A) અલંકૃત (B) આર્ષ

   (C) લઘુ (D) વિદગ્ધ

5. આચાર્ય ભામહે મહાકાવ્યના લક્ષણો કયા ગ્રંથમાં દર્શાવ્યા છે ?

(A) કાવ્યાદર્શ (B) કાવ્યપ્રકાશ

(C) કાવ્યાલંકાર (D) સાહિત્યદર્પણ

6. આચાર્ય દંડીએ મહાકાવ્યનાં લક્ષણો કયા ગ્રંથમાં દર્શાવ્યા છે ?

(A) કાવ્યપ્રકાશ (B) કાવ્યાલંકાર

(C) સાહિત્યદર્પણ (D) કાવ્યાદર્શ

7. આચાર્ય વિશ્વનાથે મહાકાવ્યનાં લક્ષણો કયા ગ્રન્થમાં દર્શાવ્યા છે ?

(A) કાવ્યાલંકાર (B) સાહિત્યદર્પણ

(C) કાવ્ય પ્રકાશ (D) કાવ્યાદર્શ

8. મહાકાવ્યમાં ............. થી ઓછા સર્ગો ન હોવા જોઈએ.

(A) આઠ (B) છ

(C) સાત (D) નવ

9. મહાકાવ્યનો નાયક .............. પ્રકારનો હોવો જોઈએ.

(A) ધીર (B) ધીરોદાત્ત

(C) ધીર અધીર (D) ધીરોદ્ધત

10. ચતુર્વર્ગફલપ્રાપ્તિ એટલે શું ?

(A) ચાર ધર્મોની પ્રાપ્તિ (B) ચાર વર્ણોની પ્રાપ્તિ

(C) ચાર આશ્રમોની પ્રાપ્તિ (D) ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ

★

એકમ 13

# કુમાર સંભવ

**રૂપરેખા**

**2.0 રૂપરેખા**

**2.1 પ્રસ્તાવના**

**2.2 'કુમારસંભવ' મહાકાવ્યનો સર્ગવાર સાર (કથાનક)**

**2.3 મહાકાવ્યનું કલ્પાન્તર સ્થાયિત્વ અને કવિનું જીવનદર્શન**

**2.4 તમારી પ્રગતિ ચકાસો**

## 2.0 ઉદ્દેશ

- આ એકમમાં તમે મહાકવિ કાલિદાસરચિત 'કુમારસંભવ' મહાકાવ્યનો પરિચય પ્રાપ્ત કરશો. પાંચ મહાકાવ્યો પૈકી 'કુમારસંભવ' એક 'આદર્શ મહાકાવ્ય' છે.
- મહાકવિ કાલિદાસે શિવ-પાર્વતીના પૌરાણિક કથાનકને આ મહાકાવ્યમાં ખૂબ કલાત્મક રીતે પ્રસ્તુત કર્યું છે, જેનો તમને પરિચય થશે.
- 'કુમારસંભવ' મહાકાવ્યનો અભ્યાસ કેળવીને કાલિદાસનું ભવ્ય જીવનદર્શન પણ જાણવા-સમજવા મળશે.
- કાલિદાસે આ મહાકાવ્યમાં શિવ જેવા પરમ યોગી અને પાર્વતી જેવી કઠોર તપશ્ચર્યા કરનારી તપસ્વિનીના ચરિત્રનું નિરૂપણ કરીને તથા તેમનાં દ્વારા તેજસ્વી કુમાર કાર્તિકેયના જન્મની કથાનો સુંદર વિનિયોગ સાધ્યો છે, જે સમગ્ર માનવજાત માટે ઉપકારક છે.

## 2.1 પ્રસ્તાવના

રામાયણ (બાલકાંડ), મહાભારત (વનપર્વ) તથા શિવપુરાણમાં આવતાં શિવ વિષયક કથાનકનો આધાર લઈને મહાકવિ કાલિદાસે 'કુમારસંભવ' મહાકાવ્યનું સર્જન કર્યું છે. જોકે, આ ગ્રંથોમાંથી પ્રેરણા લઈ યથાતથ વર્ણન કરવાને બદલે કાલિદાસે વસ્તુગ્રથનમાં ઘણી મૌલિકતા દર્શાવી છે.

કાલિદાસે શિવ-પાર્વતી વિષયક આ મહાકાવ્યમાં પ્રકૃતિનો અનેક રીતે ઉપયોગ કર્યો છે. પંચમહાકાવ્યોમાં કુમારસંભવનું વિશિષ્ટ સ્થાન છે. ઉમાશંકર જોશીએ આને 'વિવાહ યજ્ઞનું કાવ્ય' કહી નવાજ્યું છે.

## 2.1 'કુમારસંભવ' મહાકાવ્યનો સર્ગવાર સાર (કથાનક) :

કુમારસંભવ મહાકવિ કાલિદાસ દ્વારા રચાયેલું મહાકાવ્ય છે. જેમાં ભગવાન શિવ અને પાર્વતીના વિવાહ અને ત્યારબાદ કુમાર કાર્તિકેયનો જન્મ અને તારકાસુરના વધની

કથા આલેખાયેલી છે. કુમારસંભવની સર્ગસંખ્યાની બાબતમાં વિવિધ મત પ્રવર્તે છે. કેટલાક તેને આઠ સર્ગનું તો કેટલાંક તેને નવ સર્ગનું મહાકાવ્ય માને છે. કેટલાંક વિદ્વાનો સત્તર સર્ગનું કે બાવીસ સર્ગનું પણ ગણે છે પણ સર્વમતમતાંતરો છતાં આઠ સર્ગ સુધીનું મહાકાવ્ય મહાકવિ કાલિદાસનું જ છે. એમાં કોઈ શંકા નથી. જો કે અહીં 17 સર્ગનો સારાંશ આપવામાં આવ્યો છે.

### પ્રથમ સર્ગ : ઉમોત્પત્તિ અથવા પાર્વતી પ્રાદુર્ભાવ

કુમાર સંભવનો પ્રથમ સર્ગ ઉમોત્પત્તિ અથવા પાર્વતી પ્રાદુર્ભાવ તરીકે ઓળખાય છે. આ સર્ગની મુખ્ય કથાવસ્તુમાં હિમાલયવર્ણન, પાર્વતીનો જન્મ તથા શિવનું હિમાલય આગમન છે.

પ્રથમ સર્ગમાં સૌપ્રથમ હિમાલય પર્વતનું વર્ણન આવે છે. હિમાલયને પૃથ્વીના માનદંડ સમો દર્શાવી કવિએ તેની ભવ્યતાનું આલેખન કર્યું છે. હિમાલય સદાય બરફથી આચ્છાદિત રહેતો હોવા છતાં બરફ તેનાં સૌંદર્યને નષ્ટ નથી કરી શકતો. વાદળોથી પણ ઉંચા શિખરો, ગુફામાં ભરાયેલો અંધકાર, પવન દ્વારા વાંસમાંથી નીકળતો કર્ણપ્રિય ધ્વનિ, હાથીઓ, દેવદાસના વૃક્ષો તથા હાથીના ગંડસ્થળ ચીરનારા સિંહોનું વર્ણન હિમાલયની ભવ્યતામાં વધારો કરે છે. હિમાલય મેરુ પર્વતનો મિત્ર છે. તથા મેના તેમની ધર્મપત્ની છે. સમય પસાર થતા મેના મૈનાક નામના પુત્રને જન્મ આપે છે. પૂર્વજન્મમાં દક્ષ પ્રજાપતિની પુત્રી તથા શિવની પત્ની સતી પતિના અપમાનને સહન ન કરી શકતા પોતાનો દેહ ત્યજી દઈને મેનાના ઉદરમાં પુનર્જન્મ માટે આવે છે. આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ તથા શંખનાદભર્યા વાતાવરણમાં દિવ્ય કાંતિયુક્ત મુખવાળી પુત્રીનો હિમાલયને ત્યાં જન્મ થાય છે. પર્વતની પુત્રી હોવાથી તેનું નામ પાર્વતી રાખવામાં આવ્યું. ચંદ્રની જેમ પાર્વતી પણ દિન-પ્રતિદિન મોટી થવા માંડી. સતીના મૃત્યુ પછી હિમાલયના શિખર પર તપ કરવાના હેતુથી શિવ પધારે છે. શિવજીની સેવામાં હિમાલય પાર્વતી તથા બે સખીને નિયુક્ત કરે છે. ત્યારબાદ પાર્વતી નિયમિત રીતે શિવની પૂજા કરવા જાય છે.

### દ્વિતીય સર્ગ : આ સર્ગનું નામ 'બ્રહ્મસાક્ષાત્કાર' અથવા 'બ્રહ્માભિગમન' છે.

આ સર્ગનું મુખ્ય કથાનક બ્રહ્મા પાસે ગમન, બ્રહ્માની સ્તુતિ, દેવોની દુર્દશા તથા બ્રહ્માનો ઉપદેશ છે.

તારકાસુર નામનો દૈત્ય તપ કરીને બ્રહ્મા પાસે વરદાન મેળવે છે. વરદાન મળતા નિરંકુશ બનેલો દૈત્ય દેવોને પરેશાન કરે છે. કારણ કે, વરદાનથી શક્તિશાળી બનેલા તારકાસુરને દેવો મારી શકે તેમ નથી. તારકાસુરના ત્રાસથી ત્રાસેલા દેવો ઈન્દ્રને આગળ કરીને બ્રહ્માના ધામમાં જાય છે. દેવો બ્રહ્માની સ્તુતિ કરે છે. બ્રહ્મા પોતાના ધામમાં આવેલા દેવોની સ્તુતિ શાંતિથી સાંભળી આવવા માટેનું પ્રયોજન પૂછે છે. દેવતાઓ તારકાસુરના ત્રાસ વિશે બ્રહ્માને જણાવે છે. બ્રહ્મા તેમનાં પરાભવનું કારણ પૂછે છે ત્યારે દેવોના ગુરુ બૃહસ્પતિ તારકાસુર દ્વારા ત્રણે લોક પર કરતાં ત્રાસને વર્ણવે છે. તથા દેવો માટે સેનાપતિની રચના કરવા જણાવે છે. તેના ઉત્તરમાં બ્રહ્મા સેનાપતિનું સર્જન કરવાની ના પાડે છે અને કહે છે કે, તારકાસુરે મારી પાસેથી જ વરદાન મેળવ્યું છે. તેથી હું તેનો વધ કરું એ યોગ્ય નથી, પરંતુ મહાદેવ શિવના વીર્યથી સર્જાયેલ પુત્ર જ તમારો સેનાપતિ બની શકે. આ માટે તમે શિવને પાર્વતી તરફ આકર્ષિત કરો. કારણ કે, પાર્વતી જ શિવના પુત્રની માતા બનવા યોગ્ય છે, અન્ય કોઈ નહિ. જેમ ચુંબક વડે લોખંડ આકર્ષાય

તેમ કરો. આથી, ઈન્દ્રે આ કાર્ય માટે કામદેવને યાદ કર્યા અને કામદેવ હાથ જોડીને ઈન્દ્ર સમક્ષ ઉપસ્થિત થયો.

**તૃતીય સર્ગ : આ સર્ગ મદનદહન અથવા મદનનિગ્રહના નામે ઓળખાય છે.**

કામદેવની ઈન્દ્ર તરફ ગર્વોક્તિ, કામદેવનું તપોભૂમિમાં આગમન, વસંતની પ્રવૃત્તિ અને અંતે શિવ દ્વારા કામદેવનું દહન એ મુખ્ય કથાનક છે. શિવ પાર્વતી તરફ આકર્ષિત થાય એ હેતુથી જ દેવરાજ ઈન્દ્રએ કામદેવને યાદ કર્યો એટલે કામદેવ ઈન્દ્રના દરબારમાં ઉપસ્થિત થયો. ઈન્દ્રએ કામદેવને પોતાની નજીક સ્થાન આપ્યું. આથી, અનુગ્રહિત થયેલા કામદેવે ઈન્દ્રને પોતાને લાયક કામ સોંપવા કહ્યું. ગર્વના મદમાં કામદેવે એવું પણ કહી નાખ્યું કે આ જગતમાં જે અન્ય કોઈથી પરાજિત ન થાય તેને હું જીતી બતાવું. પછી એ પિનાક ધનુષ્ય ધારણ કરનારા ભગવાન શિવ જ કેમ ન હોય. ઈન્દ્રએ આ તક ઝડપી લઈ કામદેવને ઉમા તરફ શિવને આકર્ષિત કરવાનું કામ સોંપ્યું. ઈન્દ્રની આજ્ઞા મળતા કામદેવ હિમાલયના શિખર પર પહોંચ્યા, જ્યાં ભગવાન શિવ તપ કરતા હતા. મિત્રતાના કારણે ઋતુઓનો રાજા વસંત પણ તેનો સહાયક બન્યો. વસંતનું તપોભૂમિ પર આગમન થતાની સાથે જ જડતા તથા શુષ્કતાથી ભરેલી તપોભૂમિ પ્રેમના ભાવોથી વ્યાપ્ત થઈ ગઈ. અકાળે આવેલી વસંત ઋતુએ કામદેવનું કામ સરળ કરી દીધું. ત્યારબાદ કામદેવ પોતાની પત્ની રતિને લઈ તપોભૂમિમાં પ્રવેશ્યો તેથી સમગ્ર તપોભૂમિ પ્રેમની ક્રીડામાં મસ્ત બની ગઈ.

નંદીએ ગણોને વશ કર્યા અને શાંતિ જાળવી રાખવા જણાવ્યું. આ સમયે નંદીનું ધ્યાન ચૂકાવી કામદેવ રતિને લઈને સમાધિસ્થલમાં દાખલ થયો. આવા મનમોહક વાતાવરણમાં પણ ધ્યાનમાં મગ્ન એવા યોગીઓનો પણ ઈશ્વર શિવને કામદેવે જોયા. શિવનું એ દિવ્ય યોગીરૂપ જોઈને તેને પોતાનું કાર્ય નિષ્ફળ જવાનો ડર લાગ્યો પરંતુ એટલામાં જ અત્યંત રૂપવતી પાર્વતી કે જે રતિને પણ સુંદરતામાં શરમાવે એવી હતી. તેણે નંદીની અનુમતિ મેળવી શિવના સમાધિસ્થાનમાં પ્રવેશ કર્યો. પાર્વતીએ પૂજા માટે શિવને પ્રણામ કરી કમળ કાકડીની માળા અર્પણ કરી. ભક્તો તરફના વાત્સલ્યને લીધે પણ શિવે તે લેવા હાથ લંબાવ્યો. તકનો લાભ લઈ કામદેવે પોતાના પુષ્પથી બનેલા ધનુષ્ય પર સંમોહન નામનું બાણ ચડાવ્યું કામદેવની આવી ચેષ્ટાથી યોગીઓના સ્વામી મહાદેવ શિવજી પણ જેમ ચંદ્રના ઉદયથી સમુદ્ર ક્ષોભ પાસે એમ ક્ષોભ પામ્યા અને બિંબફળ જેવા અધરવાળા ઉમાના મુખ પર સાભિલાષ પોતાના ત્રણ નેત્રો ફેરવ્યા. પાર્વતીએ પણ પરિસ્થિતિને સમજી લઈ સહજ લજ્જાને પ્રદર્શિત કરી. પરંતુ શિવજી ક્ષણવારમાં જ પોતાના મનમાં થયેલા વિકારને પામી ગયા અને મનને વશમાં લઈ તેમણે ચારેબાજુ નજર ફેરવી ત્યારે બાણ મારવા તત્પર થયેલા કામદેવને જોયો. તપમાં વિઘ્ન આવતા શિવના ત્રીજા નેત્રમાંથી ભયાનક અગ્નિ નીકળ્યો અને ક્ષણવારમાં જ કામદેવને આ અગ્નિએ ભસ્મ કરી નાંખ્યો. સ્ત્રીસંગનો ત્યાગ કરવા મહાદેવ પોતાના ભૂત આદિ ગણોની સાથે ક્ષણનો વિલંબ કર્યા વગર અંતર્ધાન થયા. અત્યંત તીવ્ર આઘાતથી રતિ બેભાન બની ગઈ. પાર્વતીએ પોતાના દેહના સૌંદર્યને નિરર્થક ગણ્યું. તેના પિતા હિમાલય આવીને પાર્વતીને બે વિશાળ બાહુઓમાં ઉપાડી ઘરે ચાલ્યા ગયા.

### ચતુર્થ સર્ગ : આ સર્ગનું નામ 'રતિવિલાપ' છે.

રતિનું આક્રંદ, વસંતની ઉપસ્થિતિ, રતિનો દેહત્યાગ માટે પ્રયત્ન અને અંતે દેવવાણી દ્વારા રતિને આશ્વાસન વગેરે વિષયો ચોથા સર્ગમાં આવે છે. કામના દહનસમયે રતિ બેભાન થઈ ગઈ હતી. જે એક રીતે એના ઉપરનો ઉપકાર જ હતો. કારણ કે તે પ્રિય પતિનું દુઃખ નજરોનજર જોઈ ન શકત. પરંતુ જ્યારે તે ભાનમાં આવી ત્યારે તેણે હૃદયદ્રાવક વિલાપ કર્યો. જ્યારે કામદેવનો મિત્ર વસંત વસંત ત્યાં પ્રગટ થાય છે ત્યારે તેનો વિલાપ વધુ તીવ્ર બને છે. દુઃખની પરાકાષ્ઠાએ પહોંચેલી રતિ પતિના માર્ગે મૃત્યુને પામવા માંગે છે અને સતી થવા તૈયાર થાય છે. પરંતુ આકાશવાણી તેને આશ્વાસન આપે છે કે શિવ અને પાર્વતીના વિવાહ બાદ તેનું તેના તેના પતિ સાથે પુનર્મિલન થશે. આથી આકાશવાણીના આધારે રતિ સતી થવાનું માંડી વાળે છે.

### પાંચમો સર્ગ : આ સર્ગનું નામ તપઃ ફલોદય છે.

આ સર્ગના મુખ્ય પ્રસંગો માતા મેના દ્વારા ઉમાને તપ કરવા જતા અટકાવી ઉમાનું ઉગ્ર તપ કરવું. બ્રહ્મચારીનું તપોવનમાં આગમન તથા ઉમાનું સ્વાગત, બ્રહ્મચારી દ્વારા શિવની નિંદા ઉમાનો પ્રત્યુત્તર તથા બ્રહ્મચારીરૂપે શિવજીનું પ્રગટ થવું છે.

કામદેવને પોતાની નજર સમક્ષ ભસ્મીભૂત થઈ ગયેલો જોઈ પાર્વતીને પોતાનું રૂપ નિરર્થક લાગ્યું અને આથી પાર્વતીએ શિવને તપ દ્વારા પ્રાપ્ત કરવાનો નિર્ણય કર્યો. પાર્વતીની માતા મેનાએ તેને રોકવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો, પરંતુ દૃઢ નિશ્ચયવાળી પાર્વતી પિતાની અનુમતિ લઈ પાછળથી તેના જ નામથી પ્રસિદ્ધ થનારા શિખર પર ગઈ. ઉનાળામાં તેણે ચારે તરફ અગ્નિ પ્રગટાવી મસ્તક પર રહેલા સૂર્યને અનિમેષ નિહાળી ઉગ્ર પંચાગ્નિ તપ કર્યું. શિયાળામાં હિમ જેવા ઠંડા પાણીમાં કંઠપર્યંત ઊભા રહી તથા ચોમાસામાં વાદળના ઝાપટા સહન કરી પાર્વતીએ ઉગ્ર તપ કર્યું. કેવળ તૂટેલા પાંદડા ખાઈને તપ કરવું એ અત્યંત ઉગ્ર ગણાય પરંતુ પાર્વતીએ તો પાંદડા પણ ખાવાના છોડી દીધા. આથી પુરાણવિદોએ તેને 'અપર્ણા' કહ્યાં. ઉગ્ર તપથી પ્રસન્ન થયેલા શિવ પાર્વતીની પરીક્ષા કરવા બ્રહ્મચારીનું રૂપ ધારણ કરી તપોવનમાં આવ્યા. પાર્વતીએ તેમનું શ્રદ્ધાપૂર્વક સ્વાગત કર્યું. બ્રહ્મચારી પાર્વતીને આવું ઉગ્ર તપ કરવાનું પ્રયોજન પૂછે છે. પાર્વતીની સખીઓ બ્રહ્મચારીને પાર્વતીનો શિવને પતિ તરીકે મેળવાનો આશય કહે છે. બ્રહ્મચારી શિવની નિંદા કરે છે અને પાર્વતીને આવી હઠ છોડી દેવા સમજાવે છે. બ્રહ્મચારી શિવને ત્રણ નેત્રોવાળા વિરુપ, દિગંબર, જેનો જન્મ ખબર નથી તેવા ઘરડા બળદ પર આરૂઢ થનારા સ્મશાનમાં રહેનારા તથા પતિ તરીકે અયોગ્ય કહે છે. પાર્વતી પોતાના પ્રિયતમના અપમાનનો સચોટ દલીલોથી રદિયો આપે છે અને કહે છે કે શિવનું જે પણ સ્વરૂપ હો એ પ્રેમના રસથી મારા માટે પ્રિય જ છે. આટલું કહી પાર્વતી ત્યાંથી ચાલી જવા તૈયાર થાય છે. ત્યાં શિવ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે અને પાર્વતીનો હાથ પકડી કહે છે કે, "હું તારા તપથી ખરીદાયેલો દાસ છું."

### છઠ્ઠો સર્ગ : આ સર્ગનું નામ "ઉમાપ્રદાન" છે.

શિવને પોતાના તપથી પ્રસન્ન થયેલા જોઈ પાર્વતીનો શોક દૂર થાય છે, તથા તે પોતાની સખીઓ દ્વારા કહેવડાવે છે કે મારા પિતા પાસે તમે મને કન્યાદાન રૂપે

મેળવો. શિવ તથાસ્તુ કહી ત્યાંથી ચાલ્યા જાય છે અને સપ્તર્ષિઓ તથા અરૂંધતીને બોલાવે છે અને પોતાનું માંગુ નાખવા હિમાલયની પાસે મોકલે છે. સપ્તર્ષિઓ તથા અરૂંધતી હિમાલયના નગર ''ઔષધિપ્રસ્થ'' પહોંચે છે. ત્યાં હિમાલય તેમનું આદરપૂર્વક સ્વાગત કરે છે. ઋષિઓ તથા અરૂંધતી હિમાલય પાસે શિવ માટે તેની પુત્રીનો હાથ માંગે છે. હિમાલય તથા મેના તેમાં સહમતિ દર્શાવે છે. પાર્વતી પણ માત્ર કમળની પાંખડીઓ ગણી મૌન દ્વારા જ સ્ત્રી સહજ લજ્જા પામી પોતાની અનુમતિ આપે છે. સપ્તર્ષિઓ શુભમુહર્ત નક્કી કરી હિમાલયને લગ્નની તૈયારીઓ કરાવે છે. શિવજી આતુરતાપૂર્વક લગ્નની રાહ જોવા માંડે છે.

**સાતમો સર્ગ : આ સર્ગ ''ઉમાપરિણય'' નામે પ્રસિદ્ધ છે.**

હિમાલય દ્વારા પુત્રીના લગ્નની જોરજોરથી તૈયારીઓ, ઉમાનો શૃંગાર, શિવનો શણગાર જાનપક્ષ તથા ઔષધિપ્રસ્થમાં શિવપાર્વતીનું લગ્નગ્રંથિથી જોડાવું એ મુખ્ય કથાનક છે.

હિમાલયે પોતાની પુત્રીના વિવાહ માટે આખા 'ઔષધિપ્રસ્થ' નગરને સ્વર્ગની જેમ શણગાર્યું. પાર્વતી મંગળસ્થાનથી વિશુદ્ધ અંગોવાળી બની તથા પાર્વતીએ વધુને શોભે એવો ઉત્તમ શણગાર રચ્યો. જાનમાં બ્રહ્મા, વિષ્ણુ, દેવો, સપ્તર્ષિઓ, શિવગણો તથા ભૂતપ્રેતો જોડાયા. શિવે નંદી પર બેસીને જાન પ્રસ્થાન કર્યું. ઔષધિપ્રસ્થ નગરમાં જાનનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. નગરની સ્ત્રીઓ દ્વારા વરરાજાની પ્રશંસા થવા લાગી. શિવના સસરા હિમાલયે જાનનું સામે જઈ સ્વાગત કર્યું. વર અને વધૂના હસ્તમેળાપની તથા વિવાહની વિધિ કરવામાં આવી અને શિવ-પાર્વતી લગ્નગ્રંથિથી એક થયા.

**આઠમો સર્ગ : આ સર્ગ ''ઉમાસુરત વર્ણન''ના નામે પ્રસિદ્ધ છે.**

શ્વસુર ગૃહે શિવનો નિવાસ, ઉમાની સાથે અનેક સ્થળો પર ભ્રમણ અને પ્રણયક્રીડાનું વર્ણન આ સર્ગની મુખ્ય ઘટનાઓ છે.

**નવમો સર્ગ : આ સર્ગ ''કૈલાસગમન''ના નામે પ્રસિદ્ધ છે.**

આ સર્ગમાં દેવો અગ્નિને કબૂતરનું રૂપ ધારણ કરીને શિવના મહાલયમાં મોકલે છે. શિવ કબૂતર રૂપે આવેલા અગ્નિ પર પ્રથમ ક્રોધિત થાય છે, પરંતુ અગ્નિ દેવતાઓના કાર્ય માટે આવેલો છે. એવું જાણી પોતાનું વીર્ય તેમાં સ્થાપિત કરે છે. તથા અગ્નિને શાપ આપે છે. અગ્નિ શિવના તેજને સહન કરી શકતો નથી.

**દસમો સર્ગ : આ સર્ગ ''કાર્તિકેય ઉત્પત્તિ''ના નામે પ્રસિદ્ધ છે.**

શિવના તેજને સહજ ના કરી શકવાના કારણે અગ્નિ દેવસભામાં ઈન્દ્રવાસે પહોંચે છે. ઈન્દ્ર શાંત થવા અગ્નિને ગંગા પાસે જવા કહે છે. અગ્નિ શિવનું તેજ ગંગાને આપે છે. ગંગા પણ આ તેજ સહન કરી શકતી નથી. આથે તે સ્નાન માટે આવેલી છ કૃતિકાઓને આ તેજ આપે છે. તેનાથી ગર્ભવતી બનેલી કૃતિકાઓ તે સહન ન કરી શકતા બાળકને ત્યાં મૂકીને ચાલી જાય છે.

**અગિયારમો સર્ગ : આ સર્ગ ''બાલક્રીડા'' નામે પ્રસિદ્ધ છે.**

શિવ અને પાર્વતી વિમાન માર્ગે વિહરતી વખતે પોતાના વીર્યથી ઉત્પન્ન થયેલા બાળકને જુએ છે. છ દિવસના તે પુત્રને છ મુખ છે. શિવ અને પાર્વતી તેમના પુત્રની બાલક્રીડાઓથી આનંદિત થાય છે.

**બારમો સર્ગ : આ સર્ગનું નામ 'કુમારાભ્યર્થન' છે.**

આ સર્ગમાં દેવો શિવ-પાર્વતી પાસે તેમના પુત્ર કાર્તિકેયને દેવસેનાના સેનાપતિ તરીકે લઈ જવા માટે પ્રાર્થના કરે છે.

**તેરમો સર્ગ : આ સર્ગ 'કુમારાભિષેક'ના નામે પ્રસિદ્ધ છે.**

દેવો કાર્તિકેયનો સેનાપતિ તરીકે અભિષેક કરે છે.

**ચૌદમો સર્ગ : આ સર્ગ 'દેવસેના પ્રયાણ' તરીકે પ્રસિદ્ધ છે.**

કાર્તિકેયની આગેવાનીમાં દેવો તારકાસુરને મારવા પ્રયાણ કરે છે.

**પંદરમો સર્ગ : આ સર્ગ દેવાસુરસૈન્યસંઘટ્ટ નામે પ્રસિદ્ધ છે.**

આ સર્ગમાં દેવસેના તથા અસુરોની સેના સામસામે યુદ્ધ માટે ગોઠવાય છે.

**સોળમો સર્ગ : આ સર્ગનું નામ 'સુરાસુરસૈન્ય સંગ્રામ' છે.**

આ સર્ગમાં દેવો અને દાનવોના યુદ્ધનું વર્ણન છે.

**સત્તરમો સર્ગ : આ સર્ગ 'તારકદૈત્યેશ્વરવધ'ના નામે પ્રસિદ્ધ છે.**

આ સર્ગમાં અન્તે કાર્તિકેય પોતાના પરાક્રમો વડે તારકાસુરનો વધ કરે છે.

## 2.3 મહાકાવ્યનું કલ્પાન્તરસ્થાયિત્વ અને કવિનું જીવનદર્શન :

આમ તો કુમારસંભવ ભગવાન શિવ અને જગન્માતા પાર્વતીના દિવ્યપ્રેમની ગાથા ગાતું 'મહાકાવ્ય' છે. આ મહાકાવ્યમાં પ્રેમનું પવિત્ર માંગલ્યકારી સ્વરૂપ વર્ણવાયું છે. માનવીય પ્રેમ તો ભૌતિક આકર્ષણવાળો તથા વાસનામય હોય છે. જ્યારે દૈવી પ્રેમ કાર્તિકેયને જન્મ આપીને તેના દ્વારા તારકાસુરનો વધ થાય એવા હેતુસર થવાનાં હતાં. આમ, શિવ પાર્વતીનો વિવાહ સંસારના અનિષ્ટ કે અમંગળના નાશ માટે થવાનો હતો. દક્ષયજ્ઞમાં પોતાનું શરીર ત્યજીને સતીએ પાર્વતીના રૂપે પુનર્જન્મ ધારણ કર્યો હતો. આમ પાર્વતી શિવની અર્ધાંગિની બનવા જ સર્જાઈ હતી.

### 2.3.1 ધર્મથી અવિરુદ્ધ કામનું નિરૂપણ :

જ્યાં સુધી પાર્વતી પોતાના રૂપથી શિવજી મેળવવા માંગતી હતી ત્યાં સુધી તેને સફળતા મળી નહીં. 'निनिन्द रुपं हृदयेन पार्वती' એ રૂપની મનમાં ને મનમાં નિંદા કરી. તેને હવે પોતાના રૂપની નિષ્ફળતા સમજાઈ.

**इयेष सा कर्तुमवन्ध्यरुपतां**

**समाधिमास्थाय तपोभिरात्मनः ।**

તેણે તપ દ્વારા પોતાના રૂપને સફળ બનાવવાનું વિચાર્યું. કવિ ટાગોર કહે છે તેમ આ વખતે ગૌરીએ બાળ સૂર્ય જેવાં લાલ વસ્ત્રથી પોતાની કાયા શણગારી નહીં. કાનમાં આમ્રમંજરી કે વેણીમાં નવકર્ણિકાર પુષ્પો ખોસ્યા નહીં. તેણે તો કઠોર મૌજી મેખલાથી શરીરે વલ્કલ બાંધ્યું અને ધ્યાનસ્થ થઈને પોતાના અણિયાળાં નેત્રના ખૂણા કાળા પાડી નાંખ્યા. વસન્તસખા પંચશર મદનનો પરિત્યાગ કરી, કઠોર કલેશને જ તેણે પ્રેમનો સહાય બનાવ્યો. જે ઉમાને ત્યજીને શિવ જતાં રહ્યા, તે ઉમાનાં દર્શને સમગ્ર તપોવનમાં તપસ્વીઓ આવવા માંડ્યાં. ‘न धर्मवृद्धेषु वयः समीक्ष्यते ।’ એમ કાલિદાસને કહેવું પડ્યું.

### 2.3.2 પ્રેમ એટલે આત્માનું સૌંદર્ય :

જે શિવ પાર્વતીને ત્યજીને ત્યાંથી જતા રહ્યા હતા. એ જ શિવ પાર્વતી જ્યારે તપઃવૃત્ત થઈ ત્યારે સ્વયં આવ્યા. ટાગોર લખે છે. “જે ત્રિલોચને વસન્તપુષ્પોથી શણગારેલી ગૌરીને એક મુહૂર્તમાં તરછોડી નાંખી હતી. તે દિવસની શશિલેખા માફક ઉદય પામી. પાર્થિત (શિવ)ને તે સૌંદર્યે વિચલિત કર્યો નહિ, કૃતાર્થ કરી દીધો. તેની અંદર લજ્જા, આશંકા કે આઘાત-સંક્ષોભ રહ્યો નહિ, તે સૌંદર્યના બંધનને આત્માને સાદર પસંદ કરી લીધું. તેમાં તેને પોતાનો પરાજય લાગ્યો નહીં. ધર્મે જ્યારે મહાદેવના મનને પાર્વતી તરફ ખેંચ્યું તે પહેલાનાં અપરાધથી ભય પામેલા કામના દિલમાં પણ ઉત્સાહ પ્રગટ્યાં. ‘ધર્મ જ્યાં બે હૃદયને એકત્ર કરે છે ત્યાં મદનનો કોઈ વિરોધ કરતું નથી.’

બ્રહ્મચારી શિવની નિંદા કરે છે. શિવ કદરૂપા છે, બેડોળ છે, તે નિર્ધન છે, સ્મશાનમાં રહેનાર છે વૃદ્ધ પ્રેમને ધન-દોલત એશ-આરામ કે સુખ સમૃદ્ધિ સાથે શી લેવા દેવા છે ? ટાગોરનાં શબ્દોમાં પ્રેમના મંત્રબળથી જે સૌંદર્ય સૃષ્ટિ કલ્પે છે. તેનો બાહ્ય સૌંદર્યના નિયમ પ્રમાણે ઠીકમેળ બેસી શકતો નથી. ઉમા ઉત્તર દે છે. ममात्र भावैकरसं मनः स्थितम् । મારું મન તો તેમનામાં જ ભાવૈકરસ થઈ રહેલું છે. “એ રસ અંતરનો રસ છે. તેથી જ તેમાં બીજી ત્રીજી વાત ચાલી શકતી નથી. અંતર આ સ્થળે બાહ્ય ઉપર વિજય મેળવે છે. પ્રેમ જ્યારે ધર્મથી સ્વીકૃત થાય છે. धर्माविरुद्धः कामोऽस्मि - એવું ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે તે મુજબ ધર્મથી અવિરુદ્ધ અને પ્રેમમાં અનન્યતા આત્માનું સૌંદર્ય પ્રગટાવે છે.

### 2.3.3 આમ, કુમારસંભવને કેન્દ્રમાં રાખીને કાલિદાસની પ્રણય વિભાવના સ્પષ્ટ કરીએ તો, જણાય કે -

1. પ્રેમ ધર્મથી અવિરુદ્ધ હોવો જોઈએ.
2. પ્રેમ આત્માનું સૌંદર્ય પ્રગટાવે છે.
3. દૈહિક વાસના એ જ પ્રેમ નથી.
4. સ્થૂળ ઉપભોગમાં રચાતો પ્રેમ સ્થાયી નથી.
5. પ્રેમથી વ્યક્તિનું જ નહિ, સમષ્ટિનું પણ કલ્યાણ થાય છે.
6. પ્રેમ ભૌતિક-સુખ, સમૃદ્ધિ, દેહનું સૌંદર્ય સુખસગવડ કે લોકો શું કહેશે એવું વિચારતો નથી.

### 2.3.4 પ્રકૃતિ અને માનવસંબંધ

'કુમારસંભવ'માં ઉપમાના સ્વામી કાલિદાસે પ્રકૃતિનો ઉપયોગ પ્રચુર માત્રામાં કર્યો છે. અલંકારોના ઉપમાન તરીકે, પ્રસંગની પશ્ચાદ્‌ભૂમિ (બેક ગ્રાઉન્ડ) તરીકે, માનવમનના ભાવોમાં સમ-સંવેદના અનુભવતા જીવંત તત્ત્વ તરીકે પણ કાલિદાસે પ્રકૃતિનો વિનિયોગ સાધ્યો છે. કાલિદાસની કવિતામાં હિદુસ્તાનની પ્રકૃતિ સજીવ થઈ ઊઠી છે, માટે વિદ્વાનો કાલિદાસને પ્રકૃતિના સૌંદર્યના ઉદ્‌ગાતા તરીકે ઓળખાવે છે.

કાલિદાસે ભારતીય સંસ્કૃતિના આદર્શોને શબ્દદેહ આપ્યો છે. કુમારસંભવમાં શાશ્વતપ્રેમ, કામપુરુષાર્થ અને સમષ્ટિના કલ્યાણની ભાવનાનું સાર્થક નિરૂપણ થયેલું છે, માટે તેને વિશ્વકવિતામાં શ્રેષ્ઠ મહાકાવ્યોમાંનું એક ગણવામાં આવે છે.

### 2.4 તમારી પ્રગતિ ચકાસો.

1. 'કુમારસંભવ' મહાકાવ્યનાં પહેલા, બીજા અને ત્રીજા સર્ગનો સાર લખો.

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

2. 'કુમારસંભવ'ના પંચમ સર્ગ તપઃ ફલોદયનો સારાંશ

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

3. 'કુમારસંભવ'માં અભિવ્યક્ત કાલિદાસનું જીવન દર્શન

.......................................................

.......................................................

.....................................................

.....................................................

.....................................................

4. કાલિદાસની પ્રણયવિભાવના

.....................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

## બહુવૈકલ્પિક પ્રશ્નો

1. 'કુમારસંભવ'માં કોના જન્મની કથા આલેખાઈ છે ?
   (A) કાર્તિકેય (B) ગણેશ (C) લવ (D) કુશ
2. 'કુમારસંભવ'માં નાયક-નાયિકા કોણ છે ?
   (A) રામ-સીતા (B) લક્ષ્મી-નારાયણ
   (C) શિવ-પાર્વતી (D) ઈન્દ્ર-શચિ
3. 'કુમારસંભવ'માં મુખ્ય રસ કયો છે ?
   (A) વીર (B) કરુણ (C) શૃંગાર (D) હાસ્ય
4. 'કુમારસંભવ'માં કાર્તિકેય કયા રાક્ષસનો વધ કરે છે ?
   (A) તારકાસુર (B) ચંડ-મુંડ (C) ભસ્માસુર (D) બકાસુર
5. 'કુમારસંભવ'માં પ્રારંભે કયા પર્વતને પૃથ્વીનો માન દંડ કહ્યો છે ?
   (A) ગિરનાર (B) વિન્ધ્યાચલ (C) મેરુ (D) હિમાલય
6. 'રતિવિલાપ' કુમારસંભવનો કેટલામો સર્ગ છે ?
   (A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) પહેલો
7. રતિના પતિનું નામ શું છે ?
   (A) ધર્મદેવ (B) કામદેવ (C) વસન્ત (D) ઈન્દ્ર

8. શિવ પાર્વતીની કસોટી કરવા શેનું રૂપ ધારણ કરીને આવે છે ?

(A) બ્રહ્મચારી (B) બટુક (C) રાજા (D) સંન્યાસી

9. ઉમાના માતા-પિતા કોણ છે ?

(A) રામ-સીતા (B) હિમાલય-મેના

(C) ઈન્દ્ર-શચિ (D) મેરુ-મેના

10. શિવની નિંદા કોણ કરે છે ?

(A) બટુક બ્રહ્મચારી (B) કામદેવ (C) બ્રહ્માજી (D) પાર્વતી

★

એકમ 14

# રઘુવંશ

**રૂપરેખા**


3.0 ઉદ્દેશ

3.1 પ્રસ્તાવના

3.2 'રઘુવંશ' મહાકાવ્યનો સર્ગશઃ સારાંશ

3.3 'રઘુવંશ'નું કલ્પાંતર સ્થાયિત્વ અને કાલિદાસનું જીવનદર્શન

3.4 ઉપસંહાર

3.5 તમારી પ્રગતિ ચકાસો


## 3.0 ઉદ્દેશ

- આ એકમમાં મહાકવિ કાલિદાસના બીજા મહાકાવ્ય 'રઘુવંશ'ના કથાનકથી પરિચિત થશો. પંચમહાકાવ્યોમાં 'રઘુવંશ' મહાકાવ્ય પણ આદર્શ મહાકાવ્ય ગણાય છે. કારણ કે, મહાકાવ્યનાં તમામ લક્ષણો આ મહાકાવ્યમાં બરાબર બંધ બેસે છે એટલે નહિ પણ મહાકાવ્યનાં લક્ષણો નિર્ધારિત કરનાર કાવ્યશાસ્ત્રીઓએ 'રઘુવંશ'ને નજર સમક્ષ રાખીને આદર્શ મહાકાવ્યનાં સ્વરૂપની વિચારણા કરી છે.
- વાલ્મીકિની રામકથાને કાલિદાસે પોતાની અદ્વિતીય કવિપ્રતિભાથી 'રઘુવંશ'માં નવીન સ્વરૂપે પ્રસ્તુત કરી છે. તેનો પરિચય તમને થશે.

## 3.1 પ્રસ્તાવના

કાલિદાસે રઘુવંશ મહાકાવ્યના સર્જન દ્વારા ઉત્તમ જીવનદર્શન આપ્યું કે, દિલીપ જેવા પ્રતાપી રાજાથી પ્રારંભાયેલો આ મહાન વંશ છેવટે અત્યંત ભોગવિલાસી રાજા અગ્નિવર્ણને કારણે ક્ષીણ થઈ ગયો.

સંસ્કૃતના વિદ્યાર્થીઓ માટે આ મહાકાવ્યનો પરિચય એટલા માટે પણ જરૂરી છે કે, તેમાં કાલિદાસની અદ્વિતીય કાવ્યપ્રતિભાના તો દર્શન થાય છે જ, સાથે સાથે યુગો સુધી ઉપયોગી થઈ શકે એવું જીવનદર્શન પણ પ્રાપ્ત થાય છે.

## 3.2 'રઘુવંશ' મહાકાવ્યનો સર્ગશઃ સારાંશ (કથાનક) :

**સર્ગ - 1 વસિષ્ઠાશ્રમાભિગમન :**

वागर्थाविवसंपृक्तौ वागर्थ प्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वती परमेश्वरौ ।।

એ રીતે વાણી અને અર્થની જેમ જોડાયેલાં જગતનાં માતાપિતા એવા શિવ અને પાર્વતીને પ્રણામ કરીને કવિ મહાકાવ્યની શરૂઆત કરે છે. શરૂઆતમાં કવિ ક્યાં સૂર્યથી ઉત્પન્ન થયેલો વંશ અને ક્યાં મારી અલ્પવિષયોને જાણકારી બુદ્ધિ ? હું તો નાની હોડીથી મહાસાગરને તરવાની કોશિશ કરું છું. એમ કહીને પોતાની નમ્રતા બતાવે છે. વાલ્મીકિ જેવા પૂર્વેના મહાકવિઓએ રઘુના વંશનું વર્ણન કર્યું હોવાથી સોયમાં દોરો પ્રવેશે તેમ પોતે પ્રવેશ કરી શકશે. એટલે કે મહાકાવ્ય લખી શકશે. એવા આત્મવિશ્વાસ સાથે કવિ મહાકાવ્યની શરૂઆત કરે છે. પ્રથમ સર્ગમાં કવિ રઘુવંશના રાજાઓની લાક્ષણિકતાઓ વર્ણવીને રઘુવંશની ભવ્યતાનો ખ્યાલ આપે છે. સૂર્યવંશની શરૂઆત વૈવસ્વતઃ મનુથી થઈ. તેમાં ઈક્ષ્વાકુ રાજા થઈ ગયો. આ વંશમાં દિલીપ નામનો પ્રતાપી રાજા હતો. સુદક્ષિણા તેની મુખ્ય રાણી હતી. રાજા નિઃસંતાન હોવાથી રાણી સાથે વસિષ્ઠ નામના કુલગુરુના આશ્રમે ગયો. વસિષ્ઠે રાજાને કહ્યું કે રાજા એક વખત સ્વર્ગમાંથી પાછો ફરતો હતો ત્યારે કલ્પવૃક્ષના છાંયડામાં ઊભેલી નંદિની ગાયને પ્રણામ કરવાનું ચૂકી ગયો હતો. સુદક્ષિણાને મળવાની ઉતાવળમાં રાજાનું ધ્યાન કામધેનુ ગાય તરફ ન ગયું. આથી તે ગાયના શાપના લીધે રાજાને સંતાન ન હતું. રાજાએ તેનો ઉપાય કરવા આશ્રમમાં રહેલી કામધેનુની પુત્રી નંદિની ગાયની સેવા કરવી જોઈએ.

## સર્ગ - 2 નંદિનીવરપ્રદાન :

દિલીપ રાજાએ નંદિની ગાયની સેવા કરવાનો સંકલ્પ લઈને રાણી સુદક્ષિણા સાથે વસિષ્ઠના આશ્રમમાં નિવાસ કર્યો. બીજા દિવસથી રાજા અને રાણી નંદિની ગાયની સેવા કરવા લાગ્યા. રાજા સવારથી સાંજ સુધી ગાયને ચરાવવા લઈ જતો અને તેની પાછળ પાછળ સતત ફરતો. એ રીતે એકવીસ દિવસ સુધી રાજાએ ગાયની સેવા કરી. ચોવીસમા દિવસે રાજા હિમાલય પર્વતની શોભા નિહાળતો હતો ત્યારે ગાય પર કુંભોદર નામના સિંહે હુમલો કર્યો. સિંહ ભગવાન શિવનો સેવક હોવાથી રાજા શસ્ત્ર પ્રહાર ન કરી શક્યો. સિંહે રાજાને મનુષ્યની વાણીમાં ગાયને છોડી જતા રહેવા કહ્યું. રાજા દિલીપે ગાયને બચાવવા પોતાની જાત આપવાની તૈયારી કરી. સિંહે રાજાને નિશ્ચયમાંથી ડગાવવાની કોશિશ કરી પણ દિલીપે ગુરુની ગાયને બચાવવા પોતાની જાતને ગાય પાસે મૂકી દીધી. એ વખતે ચમત્કાર થયો. સિંહ અદશ્ય થઈ ગયો અને નંદિની ગાયે રાજાને કહ્યું કે તેણે રાજાની પરીક્ષા કરવા સિંહ સજર્યો હતો. નંદિની ગાયના વરદાનથી ગુરુની આજ્ઞા લઈને દિલીપે નંદિની ગાયના દૂધનો પ્રસાદ લીધો. આથી સુદક્ષિણા રાણી ગર્ભવતી બની.

## સર્ગ - 3 રઘુરાજ્યાભિષેક :

સુદક્ષિણા ગર્ભવતી બની ત્યારે તેની વિશેષ કાળજી લેવામાં આવી. સુદક્ષિણાની બધી ઇચ્છાઓ દિલીપે પૂરી કરી. સુદક્ષિણાએ શુભ અવસરે પુત્રને જન્મ આપ્યો. શાસ્ત્રોક્ત સંસ્કાર કરીને તેનું રઘુ એવું નામ પાડવામાં આવ્યું. રઘુ ધાત્રીની દેખરેખ નીચે મોટો થવા માંડ્યો. તેની ગ્રહણશક્તિ સારી હતી. ગુરુઓએ તેને ધનુર્વિદ્યા સહિત સર્વ વિદ્યાઓ ભણાવી. દિવસો જતાં રઘુ યુવાન બન્યો. દિલીપે રૂપવતી રાજકન્યાઓ સાથે તેનો વિવાહ કર્યો. દિલીપે 99 અશ્વમેઘ યજ્ઞો પૂરા કર્યા પછી સોમા આશ્વમેઘ યજ્ઞનો પ્રારંભ કર્યો. રઘુને અશ્વની રક્ષણની જવાબદારી સોંપવામાં આવી. ઈન્દ્રે અદશ્ય રૂપે આવીને અશ્વને ચોરી લીધો પણ નંદિની ગાયની કૃપાથી રઘુ ઈન્દ્રને જોઈ ગયો અને તેણે ઈન્દ્રનો પીછો કર્યો. રઘુ અને ઈન્દ્ર વચ્ચે ભીષણ યુદ્ધ થયું. ઈન્દ્રે રઘુ પર વજ્રનો પ્રહાર કર્યો પણ

રઘુએ તેને પણ છાતી પર ઝીલી લીધા. આથી પ્રસન્ન થયેલા ઈન્દ્રે અશ્વ સિવાય બીજું ગમે તે વરદાન માંગવા કહ્યું ત્યારે પિતા દિલીપને આ યજ્ઞનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ રઘુએ મેળવ્યા. દિલીપે રઘુને રાજ્ય સોંપીને વનવાસ સ્વીકાર્યો.

### સર્ગ -4 રઘુનો દિગ્વિજય :

રઘુએ આદર્શ રાજ્ય વ્યવહાર કર્યો અને લોકપ્રિયતા મેળવી. એ પછી તે ચતુરંગિણી સેના લઈને દિગ્વિજય કરવા નીકળ્યો. સૌ પ્રથમ તેણે પૂર્વ દિશા જીતી લીધી. ત્યાં બંગ દેશને જીતીને કવિશા નદી ઓળંગી તેણે કલિંગ દેશને જીત્યો. એ પછી દક્ષિણ દિશા તરફ આગળ વધ્યો. દક્ષિણના પાંડવ રાઊજાઓને તેણે હરાવ્યા. ત્યારપછી તેણે સહ્યાદ્રિ પર્વતને ઓળંગીને અપરાંત અને કેરળના રાજાઓને હરાવ્યા. પછી તેણે પારસિક દેશના રાજાઓને હરાવ્યા. યવનો તેને શરણે આવ્યા. હિમાલય પર્વત પરના પર્વતાળ પ્રદેશના રાજાઓને જીતીને લૌહિત્યા નામની નદીને પાર કરીને રઘુએ પ્રાગજયોતિષપુર અને કામરૂપના રાજાઓને પણ જીતી લીધા. રઘુએ પાછા ફરીને દિગ્વિજય કર્યા પછી રાજધાનીમાં પ્રવેશી વિશ્વજીત નામનો યજ્ઞ કરીને તેની તમામ સંપત્તિનું દાન કરી દીધું અને પોતાના માટે માત્ર માટીનાં વાસણો જ રાખ્યાં.

### સર્ગ - 5 અજસ્વયંવરાભિગમન :

એ સમયે વરતન્તુ નામના ઋષિનો કૌત્સ નામનો શિષ્ય ગુરુદક્ષિણા માટે ચૌદ કરોડ સુવર્ણમુદ્રાઓ માંગવા રઘુ પાસે આવ્યો. તેણે રઘુની નિર્ધન અવસ્થા જોઈને બીજા રાજાઓ પાસે જવાની ઇચ્છા વ્યક્ત કરી. રઘુએ કૌત્સને વચન આપ્યું કે તે ગુરુદક્ષિણા માટે તેને વ્યવસ્થા કરી આપશે. આથી કૌત્સ રઘુની યજ્ઞશાળામાં રોકાયો. રઘુએ કુબેર પર ચડાઈ કરવાનો નિર્ણય કર્યો, પરંતુ તે જ રાત્રે કુબેરે રઘુના કોષાગાર પર સુવર્ણમુદ્રાઓની વૃષ્ટિ કરાવી. કૌત્સે ગુરુદક્ષિણા જેટલી મુદ્રાઓ લઈ લીધી અને રઘુને ઉત્તમ પુત્ર પ્રાપ્ત થવાના આશીર્વાદ આપ્યા. કુબેરે વર્ષાવેલી સોના મહોરો રસ્તામાં પડી રહી. પરંતુ તે વધારાની સોના મહોરો લોકોએ ન લીધી. આ પછી રઘુને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનું નામ અજ પાડવામાં આવ્યું. અજ યુવાન બન્યો ત્યારે રઘુએ તેને વિદર્ભ દેશના રાજા ભોજની બહેન ઈન્દુમતીના સ્વયંવરમાં મોકલ્યો. અજે સેના સાથે નર્મદા નદીના કિનારે રસ્તામાં પડાવ નાંખ્યો ત્યારે એક મદોન્મત્ત હાથી છાવણીમાં પ્રવેશ્યો. બધાને નાસભાગ કરતા જોઈએ અજે હાથીને શાંત પાડવા બાણથી સહેજ પ્રહાર કર્યો. ત્યાં આશ્ચર્ય થયું. હાથી અદશ્ય થઈ ગયો અને એક દિવ્ય પુરુષ અજની સામે ઊભો રહ્યો. મતંગઋષિના શાપને લીધે હાથી બનેલો ગંધર્વરાજ પ્રિયદર્શનનો પુત્ર પ્રિયંવદ શાપમુક્ત થયો. પ્રિયંવદે ઋષિને વિનંતી કરતાં મતંગઋષિને દયા આવી. તેણે કહ્યું હતું કે ઈક્ષ્વાકુવંશના રાજકુમાર અજનું તીર વાગતાં પ્રિયંવદ ફરી પાછો ગંધર્વ બની જશે. પશુની યોનિમાંથી મુક્ત થયેલા પ્રિયંવદે અજને 'સંમોહનાસ્ત્ર'ની ભેટ આપી.

### સર્ગ - 6 ઈન્દુમતી સ્વયંવર

રાજકુમારી ઈન્દુમતી સુનન્દા નામની દાસી સાથે સ્વયંવર સભામાં પ્રવેશી. સ્વયંવર મંડપમાં અનેક રાજાઓ હતા. તેઓ ઈન્દુમતીને મેળવવા વિવિધ શૃંગારિક ચેષ્ટાઓ કરતા હતા. ત્યાં ઈન્દુમતીને પાંડ્ય, મગધ, અંગ, અવંતી, અનુપ, શૂરસેન વગેરે દેશના રાજાઓ ઉપસ્થિત હતા. ઈન્દુમતી આગળ વધી. છેવટે અજની પાસે આવી. અજ તેને

પહેલી નજરે જ ગમી ગયો. તેણે અજના ગળામાં વરમાળા પહેરાવી. બધાએ ઈન્દુમતીની પસંદગી વખાણતા કહ્યું કે ચંદ્રની સાથે ચાંદની જોડાય, સુવર્ણ સાથે રત્ન જોડાય એવો આ સંયોગ છે.

### સર્ગ - 7 અજપાણિગ્રહણ :

રાજમહેલમાં અજ-ઈન્દુમતીના વિવાહ થયા. રાજાભોજે બહેન ઈન્દુમતીને કરિયાવર આપ્યો. અજ-ઈન્દુમતી અયોધ્યા જવા રવાના થયાં. ત્યાં ઈન્દુમતીને મેળવ્યા વિના પાછા ફરેલા નિરાશ રાજાઓએ અજનો રસ્તો રોક્યો. બંને પક્ષો વચ્ચે યુદ્ધ થયું. અજે સંમોહનાસ્ત્રથી સર્વ રાજાઓને હરાવ્યા. અયોધ્યાના નગરજનોએ અજ અને ઈન્દુમતીનું ભવ્ય સ્વાગત કર્યું.

### સર્ગ - 8 અજવિલાપ :

અજનો રાજ્યાભિષેક કરીને રઘુએ વનમાં જવાનું નક્કી કર્યું. પુત્રના આગ્રહને લીધે નગરની બહાર જ સન્યાસી જેવું જીવન ગાળવાનું શરૂ કર્યું. છેવટે યોગ સમાધિ દ્વારા શરીરનો ત્યાગ કર્યો. ઈન્દુમતીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ 'દશરથ' પાડવામાં આવ્યું.

એક વખત અજ અને ઈન્દુમતી ઉપવનમાં વિહાર કરતાં હતાં. એવામાં આકાશમાર્ગે જતાં નારદજીની વીણા ઉપરથી ઊડીને પુષ્પમાળા ઈન્દુમતીના દેહ પર પડી. તે સાથે જ ઈન્દુમતીનું મૃત્યુ થયું. અજે ઈન્દુમતીના મૃત્યુથી અત્યંત શોક પામીને વિલાપ કર્યો. આ વિલાપ 'અજવિલાપ' તરીકે સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં જાણીતો છે. અજને સાંત્વના અપાવવા વસિષ્ઠે એક શિષ્યને મોકલ્યો. તેણે આવીને ઈન્દુમતીના પૂર્વજન્મની હકીકત જણાવી. ઈન્દુમતી પૂર્વજન્મમાં હરિણી નામની દેવાંગના હતી. ઈન્દ્રની આજ્ઞાથી તે તૃણબિંદુ નામના ઋષિને ચલિત કરવા ગયેલી. તેથી ગુસ્સે થયેલા ઋષિએ તેને પૃથ્વીલોકમાં સ્ત્રી બનવાનો શાપ આપેલો. હરિણીએ પોતાના અપરાધ માટે માફી માંગી ત્યારે ઋષિએ સ્વર્ગનાં ફૂલનાં દર્શનથી તે સ્વર્ગમાં પાછી ફરશે તેવો અનુગ્રહ કર્યો. આ રીતે ઈન્દુમતી સ્વર્ગની અપ્સરા હતી. એ જાણીને અજને શોક હળવો થયો. અજે દશરથ યુવાન બન્યા ત્યાં સુધી શોકને સહી લીધો. પછી દશરથને ગાદી સોંપીને તેણે ગંગાયમુના સંગમે અનશન કરીને દેહત્યાગ કર્યો.

### સર્ગ - 9 મૃગયાવર્ણન :

દશરથ રાજાએ કોશલ, મગધ અને કેકય દેશની રાજકુમારીઓ કૌશલ્યા, સુમિત્રા સાથે લગ્ન કર્યા. એકવાર દશરથ રાજા મૃગયા રમવા ગયા ત્યારે તેણે એક તાપસકુમાર નદીમાં પાણીનો ઘડો ભરતો હતો. તે અવાજને હાથીની ગર્જના સમજીને શબ્દવેધી બાણ છોડ્યું. તાપસકુમારની ચીસ સાંભળીને રાજા તેની પાસે દોડ્યો. તાપસકુમારે દશરથને તેના માતાપિતા પાસે આ ઘટનાની જાણ કરવા મોકલ્યા. તાપસના માતા-પિતા પુત્રના મરણથી શોકાતુર થયાં અને તેણે દશરથને શાપ આપ્યો કે તું વૃદ્ધાવસ્થામાં પુત્રના શોકથી મૃત્યુ પામીશ. તે બંને પણ મૃત્યુ પામ્યા. દશરથ રાજા તેમનો અગ્નિ સંસ્કાર કરીને રાજધાનીમાં પાછા ફર્યા.

### સર્ગ - 10 રામાવતાર :

દશરથને ઘણાં વર્ષો સુધી પુત્ર ન થયો. તેમણે ઋષ્યશૃંગ વગેરે ઋષિઓની આજ્ઞાથી પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ ત્યારે યજ્ઞકુંડમાંથી ખીર ભરેલું સુવર્ણપાત્ર લઈને એક પુરુષ બહાર નીકળ્યો. દશરથે તે ખીર ત્રણે રાણીઓને આપી. આ ત્રણે રાણીઓ સગર્ભા બની. ભગવાન વિષ્ણુએ રાક્ષસરાજ રાવણને મારવા પૃથ્વી પર આવવાનું વચન આપ્યું હતું. તેથી તેઓ કૌશલ્યાના પુત્ર રામ તરીકે પૃથ્વી પર ઉતર્યો.

### સર્ગ - 11 સીતાવિવાહ દર્શન :

જ્યારે રામ નાના હતા ત્યારે વિશ્વામિત્ર ઋષિ દશરથ પાસે આવ્યા. તેણે આશ્રમના રક્ષણ માટે યજ્ઞની રક્ષા કરવા રામ લક્ષ્મણને પોતાની સાથે લઈ જવા રાજાને વિનંતી કરી. દશરથે વિશ્વામિત્ર સાથે રામ-લક્ષ્મણને મોકલ્યા. તેમણે તાડકા નામની રાક્ષસીનો વધ કર્યો. આ ઉપરાંત યજ્ઞમાં વિઘ્નો પહોંચાડતા મારીચ, સુબાહુ વગેરે રાક્ષસોની સેનાનો નાશ કર્યો. સામે વિશ્વામિત્ર સાથે સીતાના સ્વયંવરમાં જતી વખતે ગૌતમ ઋષિના શાપથી પથ્થર બનેલી અહલ્યાનો ઉદ્ધાર કર્યો. સીતા સ્વયંવરમાં રામે શિવ ધનુષ્યનો ભંગ કર્યો. આથી સીતાએ રામને વરમાળા પહેરાવી. દશરથ રાજા મિથિલા આવ્યા. રામસીતાની સાથે લક્ષ્મણ-ઉર્મિલા, ભરત-માંડવી અને શત્રુઘ્ન-શ્રુતકીર્તિના પણ લગ્ન પણ થયા. દશરથ ચારે પુત્રો અને પુત્રવધુઓ સાથે પાછા ફરતા હતા ત્યારે તેમને રસ્તામાં પરશુરામ મળ્યા. શિવધનુષ્ય તૂટવાને લીધે પરશુરામ નારાજ થયા હતા. તેમણે રામને કહ્યું કે તું મારા આ ધનુષ્ય પર બાણ ચડાવ અથવા શરણે આવ. રામે પરશુરામના ધનુષ્ય પર બાણ ચડાવીને તેમનો પરલોક નષ્ટ કર્યો અને તેમને ચિરંજીવ બનાવ્યા. પરશુરામ તપ કરવા ચાલ્યા ગયા.

### સર્ગ - 12 રાવણવધ :

દશરથ રાજાએ રામનો રાજા તરીકે અભિષેક કરવાનો વિચાર કર્યો પરંતુ કૈકેયીએ દશરથ રાજા પાસે બે વરદાનોમાં રામને ચૌદ વરસનો વનવાસ અને ભરતને રાજ્ય આપવાનું વરદાન માંગ્યું. રામ વનવાસમાં જવા નીકળ્યા. સીતા અને લક્ષ્મણ પણ તેમની સાથે ચાલી નીકળ્યાં. પુત્રના વિયોગમાં દશરથ જીવી ન શક્યા. મોસાળથી પાછા ફરેલા ભરતને માતાનાં વ્યવહારથી ખૂબ દુ:ખ થયું. તે રામને પાછા લાવવા ચિત્રકૂટ ગયા. ભરત રામની પાસેથી તેમની પાદુકાઓ લઈને પાછા ફર્યા અને રામના પ્રતિનિધિ તરીકે રાજ્ય કરવા લાગ્યા. રામ ચિત્રકૂટથી દક્ષિણ દિશા તરફ આગળ વધ્યાં. ત્યાં તેમણે વિરાધ નામના રાક્ષસનો વધ કર્યો. પંચવટીમાં રાવણની બહેન શૂર્પણખા લક્ષ્મણની સાથે લગ્ન કરવા આવી પરંતુ લક્ષ્મણે તેના નાક, કાન, કાપીને કદરૂપી બનાવી. રામે જંગલમાં ખર, દૂષણ, ત્રિશિરા વગેરે રાક્ષસોનો સંહાર કર્યો. ગુસ્સે થયેલા રાવણે કપટ કર્યું. મારીચ મૃગનું રૂપ ધારણ કરીને રામ લક્ષ્મણને દૂર લઈ ગયો ત્યારે રાવણે સીતાનું અપહરણ કર્યું. રાવણે સીતાની મદદે આવેલા જટાયુને હણી નાખ્યા. રામ અને લક્ષ્મણ જટાયુની પાસેથી સમાચાર સાંભળીને આગળ નીકળ્યા. તેમણે કબંધ નામના રાક્ષસને શાપથી મુક્ત કર્યો. સુગ્રીવની સાથે મિત્રતા કરી. આમ વાલીનો વધ કરીને સુગ્રીવને કિષ્કિંધાનો અધિપતિ બનાવ્યો. હનુમાન સમુદ્ર પાર કરીને લંકા ગયા. ત્યાં સીતાને અશોકવાટિકામાં મળીને રામનો સંદેશો કહ્યો. હનુમાને આક્ષયકુમારનો વધ કર્યો અને લંકાદહન કર્યું. સીતાની પાસેથી નિશાનીરૂપે ચૂડામણિ લઈને હનુમાન રામ પાસે પાછા

આવ્યા. રામે વાનરોની મદદથી સમુદ્ર પર સેતુબંધ બાંધીને લંકાની આસપાસ ઘેરો ઘાલ્યો. રામ અને રાવણ વચ્ચે ભીષણ યુદ્ધ જામ્યું. રામે મેઘનાદ, કુંભકર્ણ અને રાવણનો સંહાર કર્યો. રામે વિભિષણને લંકાનું રાજય સોંપ્યું સીતાએ અગ્નિપરીક્ષા દ્વારા પોતાની શુદ્ધતા સાબિત કરી. રામ, લક્ષ્મણ અને સીતા પુષ્પક વિમાનમાં બેસીને પાછા ફર્યા.

### સર્ગ -13 દંડકા પ્રત્યાગમન :

પુષ્પક વિમાનમાં બેસીને રામ અને સીતા પાછા ફરતાં હતાં. રામે સીતાને વાનર સેનાએ બાંધેલો પુલ બતાવ્યો. રસ્તામાં જનસ્થાન, માલ્યવાન પર્વત, પંચવટી, ઋષિઓના આશ્રમો, ચિત્રકૂટ પર્વત, મંદાકિની નદી, વૃક્ષો, ગંગા-યમુનાનો સંગમ વગેરે સ્થળોનું રામે સીતાની આગળ વર્ણન કર્યું. છેવટે સરયૂ નદીના કિનારે પુષ્પક વિમાન ઊતર્યું ત્યારે વસિષ્ઠ, ભરત, મંત્રીઓ અને પ્રજાજનોએ રામનું સ્વાગત કર્યું. શત્રુઘ્ને નગરની બહાર શિબિરો ઊભી કરી હતી.

### સર્ગ-14 સીતાપરિત્યાગ :

રામનો રાજયાભિષેક વિધિ થયો. પછી રામ રાજધાનીમાં પ્રવેશી રામની સાથે આવેલા વાનર અને રાક્ષસોના મુખ્ય મુખ્ય અતિથિઓ થોડો સમય રોકાયા. સમય જતાં સીતા સગર્ભા બન્યાં. તેમણે રામની પાસે ભાગીરથીના કાંઠા પરના તપોવનનાં દર્શન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. એ સમયે રામને રાક્ષસરાજ રાવણને ત્યાં રહેલી સીતા વિશે લોકો વિવિધ વાતો કરે છે તેવી જાણ થઈ. રામે લોક નિંદા સાંભળીને સીતાના ત્યાગનો નિર્ણય લીધો અને લક્ષ્મણને સીતાને જંગલમાં લઈ જઈને વાલ્મીકિના આશ્રમ પાસે ત્યજીને પાછા આવવાની આજ્ઞા કરી. લક્ષ્મણ સીતાને વાલ્મીકિના આશ્રમ પાસે લઈ ગયો અને ત્યાં સીતાને હકીકતની જાણ કરી. સીતાએ આ ઘટનાથી શોકાતુર થઈને રામને સંદેશો મોકલ્યો કે લોકાવાદથી ડરીને તમે અગ્નિ પરીક્ષાથી શુદ્ધ થયેલી પત્નીનો ત્યાગ કરો છો તે તમને યોગ્ય નથી. લક્ષ્મણના ચાલ્યા ગયા પછી કરુણ વિલાપ કરતાં સીતાની પાસે વાલ્મીકિ આવ્યા. તેમણે સીતાને પોતાના આશ્રમમાં નિવાસ આપ્યો. સીતાએ સંતાનોને જન્મ આપ્યા પછી શરીર ત્યજવાનો અને બીજા જન્મમાં રામને પતિ તરીકે પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. સીતાના ત્યાગથી રામ અત્યંત દુઃખી હતાં. તેમણે કઠોર હૈયાથી રાજય કર્યું. અશ્વમેઘ યજ્ઞમાં સીતાની સુવર્ણ પ્રતિમા સ્થાપીને યજ્ઞ કર્યો. વાલ્મીકિના આશ્રમમાં સીતાને રામના આ વ્યવહારની જાણ થતા તેને થોડું સાંત્વન મળ્યું.

### સર્ગ - 15 શ્રી રામસ્વર્ગારોહણ

રામે લવણાસુરનો વધ કરવા શત્રુઘ્નને મોકલ્યો. તે વાલ્મીકિના આશ્રમ પાસેથી પસાર થયો. તે સમયે સીતાએ લવ-કુશને જન્મ આપ્યો. શત્રુઘ્ન લવણાસુરનો વધ કરીને અયોધ્યા પાછો ફર્યો પણ તેણે સીતાના પુત્રો અંગેની વાત રામને ન જણાવી. રામે શૂદ્રમુનિ શંબૂકનો વધ કર્યો. પછી તેમણે અશ્વમેઘ યજ્ઞનો આરંભ કર્યો. ઋષિમુનિઓ સાથે વાલ્મીકિ પણ લવ-કુશ સાથે યજ્ઞમાં ગયા. વાલ્મીકિએ શીખવાડેલા રામાયણનું ગાન લવ-કુશે રામની સમક્ષ કર્યું. વાલ્મીકિએ લવ-કુશને રામના પુત્રો તરીકે સ્વીકાર કરવાનું જણાવ્યું. તેમણે પવિત્ર સીતાનો રામ સ્વીકાર કરે તેવું પણ કહ્યું. રામ પ્રજાજનોને વાંધો ન હોય તો સીતાને સ્વીકારવા તૈયાર થયા. સીતાએ ધરતીને તેના ઉદરમાં સમાવી

લેવાની વિનંતી કરી. સીતા ધરતીમાં સમાઈ ગયા પછી રામે રાજ્યનું વિભાજન કરીને તેનો વહીવટ ભાઈઓ તથા પુત્રોને સોંપીને સ્વર્ગમાં પ્રસ્થાન કર્યું.

### સર્ગ -16 કુમુદવતી પરિણય

રામે કરેલી વહેંચણી મુજબ કુશને દક્ષિણનું રાજ્ય મળ્યું. તેણે કુશાવતી રાજધાની વસાવી. એકવાર કુશને અયોધ્યાની અધિષ્ઠાત્રી દેવીનાં દર્શન થયાં. રામના વૈકુંઠગમન પછી અયોધ્યાની દુર્દશાનો ખ્યાલ તેણે આપ્યો અને અયોધ્યાનો પુનરુદ્ધાર કરવાની વિનંતી કરી. કુશ અયોધ્યા પાછો ફર્યો. તેણે અયોધ્યાનો જીર્ણોદ્ધાર કર્યો. એકવાર જલવિહાર કરતાં કુશનું સોનાનું દિવ્ય કડું કુમુદ નામનો નાગ લઈ ગયો. કુશે ગુસ્સે થઈને ગરુડાસનનો પ્રયોગ કર્યો. કુમુદ નાગ કુશને સોનાનું કડું પાછું આપી ગયો. તેણે કુશની સાથે તેની બહેન કુમુદવતી પરણાવી.

### સર્ગ - 17 અતિથિવર્ણન :

કુશની રાણી કુમુદવતીએ 'અતિથિ' નામના પુત્રને જન્મ આપ્યો. એક વખત કુશ દુર્જય નામના દૈત્ય સામે યુદ્ધ કરવા માટે ઈન્દ્રની સહાય કરવા ગયો. તેણે દુર્જયનો વધ કર્યો અને તે પણ લડતાં લડતાં વીરગતિ પામ્યો. કુમુદવતી સતી ગઈ. કુશના મૃત્યુ બાદ અતિથિ ગાદી પર આવ્યો. તેણે અયોધ્યાની સમૃદ્ધિ અને ભવ્યતામાં વધારો કર્યો.

### સર્ગ - 18 વંશાનુક્રમ

અતિથિએ નિષધ દેશના રાજા અર્થપતિની પુત્રી સાથે લગ્ન કર્યા. તેણે નિષધ નામના પુત્રને જન્મ આપ્યો. અતિથિએ નિષધ યુવાન થયો ત્યારે તેને રાજ્ય સોંપી દીધું. અતિથિ યજ્ઞયાગ, દાનપુણ્ય કરતાં કરતાં સ્વર્ગે ગયો. નિષધ પછી ઓગણીસ રાજાઓ થયા. છેલ્લા રાજા ધ્રુવસિંહને સિંહે મારી નાંખ્યો. ધ્રુવસિંહ પછી તેના છ વર્ષના પુત્ર સુદર્શનને ગાદીએ બેસાડવામાં આવ્યો. સુદર્શન યુવાન થતાં પ્રધાનોએ તેનાં લગ્ન કરાવ્યાં.

### સર્ગ - 19 અગ્નિવર્ણશૃંગાર

સુદર્શને શત્રુઓનો સંહાર કર્યો અને રાજ્યને સુરક્ષિત કર્યું. તે વૃદ્ધ થયો ત્યારે તેણે પુત્ર અગ્નિવર્ણને ગાદી સોંપી દીધી અને નૈમિષારણ્યમાં ચાલ્યો ગયો. અગ્નિવર્ણ વિલાસી અને ભોગવિલાસમાં મોજ માણનારો રાજા હતો. પ્રજાજનો તેના દર્શન કરવા ઈચ્છે ત્યારે તે અંતઃપુરની બારીમાંથી એક પગ કાઢીને બતાવી દેતો હતો. આમ છતાં તે ઉત્તમ કલાકાર હતો. નર્તકીઓ નૃત્ય કરતી ત્યારે તે મૃદંગ વગાડતો. નૃત્યમાં નાની ક્ષતિ હોય તો પણ તે જાણી લેતો. તે સુરા અને સુંદરીઓના અતિશય સેવનથી દુર્બળ અને રોગી બન્યો. તે અકાળે અવસાન પામ્યો ત્યારે મંત્રીઓએ તેની સગર્ભા રાણીને ગાદી પર બેસાડી. આ રીતે મહાન સૂર્યવંશ એવા રઘુવંશનો અંત આવ્યો. કાલિદાસે રઘુવંશનો ભવ્ય ઈતિહાસ તેના ગૌરવવંત ઉદય અને છેવટે ભોગ અને વિલાસી રાજા દ્વારા તેના અંતનું સૂચન કરીને મહાકાવ્યનું સમાપન કર્યું છે.

## 3.3 રઘુવંશનું કલ્પાન્તર સ્થાયિત્વ અને કાલિદાસનું જીવનદર્શન

મહાકાવ્યમાં સર્વ લક્ષણો હોય પણ તેમાં યુગે યુગે પ્રેરણા આપે તેવાં તત્ત્વો ન

હોય તો એ મહાકાવ્ય અમર ન બની શકે. રઘુવંશમાં ચિરંજીવ હોવાનું તત્વ છે, કેમ કે-

1. સૂર્યવંશના રાજાઓએ ભારતીય સંસ્કૃતિના આદર્શોનું પાલન કર્યું છે. ભારતીય સંસ્કૃતિ ધર્મ અને ત્યાગપ્રધાન છે. રઘુવંશના રાજાઓના વ્યક્તિત્વ અને જીવનચરિત્રમાં ભારતીય સંસ્કૃતિનાં આદર્શો મૂર્તિમંત છે.
2. દિલીપરાજા ગાયને બચાવવા પોતાની જાત સમર્પીને દયા અને શરણાગત વત્સલતાનો આદર્શ સ્થાપે છે. રઘુ દિગ્વિજય કરીને લખલૂટ સંપત્તિ ભેગી કરીને સર્વસ્વનું દાન આપી દે છે. તે નિર્ધન હોવા છતાં આંગણે આવેલ અતિથિનો સત્કાર કરીને તેને 14 કરોડ સોનામહોરની વ્યવસ્થા કરી દઈને, દાનવીરતા તથા ગૃહસ્થ ધર્મ, ક્ષત્રિયધર્મનો આદર્શ સ્થાપે છે. રામ 'રઘુકુલ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાય પર બચન ન જાઈ'ના આદર્શને સ્થાપીને પ્રતિજ્ઞાપાલન કરે છે. સીતા તેનો વિના કારણે ત્યાગ કરનાર રામને માટે કહે છે કે -

**भूम्यो यथा मे जननान्तरेऽपि**

**त्वमेव भर्ता न च विप्रयोगः ।**

સીતાનો આ સંદેશો સમગ્ર ભારતીય નારીઓનો આદર્શ છે.

3. કાલિદાસે પ્રથમ સર્ગમાં રઘુવંશના રાજાઓના ગુણ દર્શાવ્યા છે, તેમાં ભારતીય સંસ્કૃતિના ભવ્ય આદર્શો પ્રતિબિંબિત થાય છે.
4. કાલિદાસે અનેક સ્થળોએ વિચારમૌક્તિકો વિખેરીને તેમનું જીવનદર્શન વણી લીધું છે.

**आज्ञा गुरुणां ह्यविचारणीया ।**

જેવા વાક્યો, રસભરી શૈલી, ચમત્કૃતિવાળા અલંકારો તો આ બધા સાથે છે જ.

## 3.4. ઉપસંહાર

રઘુવંશે કાલિદાસની ખ્યાતિ "દીપશિખા" સમાન સ્થાપી છે क इह रघुकार न रमते ઉક્તિ પ્રચલિત બની છે. એમ. આર. કાલે નોંધે છે કે "It is in the Raghuvansam as in the sakuntala that Kalidasa is seen at this best. The poem has been most popular in India from very early times and has woked an unending chorus of praise from the learned and beginners alike." રઘુવંશ પર પચાસ જેટલી ટીકાઓ લખાઈ છે. તે તેની લોકપ્રિયતાનો પુરાવો છે. ડૉ. એસ. કે. ડે. એ લખ્યું છે કે કાલિદાસ અહીં તો એક પુરાણકથા કરે છે, પણ રોમહર્ષણ ચારુતાથી આપણને એક નૂતન વાતાવરણમાં લઈ જાય છે, પણ આ ઓજસ્વી અને અદ્ભુત પરિવેશમાં તે સદાય વાસ્તવવાદી બન્યા સિવાય વાસ્તવદર્શી બની રહે છે. પદાર્થો, દશ્યો, પાત્રો, ભાવો, ઘટનાઓ, વિચારો આ બધા જ રૂપાંતરિત થઈને શાશ્વત કીર્તિ અને કાવ્યશ્રમમાં ગોઠવાઈ જાય છે.

ડૉ. જી. સી. ઝાલાના મતે "કુમારસંભવ" એક મહાકાવ્ય તરીકે ગણના અને માન્યતા પામ્યું છે. તે છતાં ભારતીય કાવ્યમીમાંસાની મહાકાવ્યની વ્યાખ્યા અનુસાર "રઘુવંશ" એ સર્વશ્રેષ્ઠ મહાકાવ્ય છે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો : બહુ વૈકલ્પિક પ્રશ્નો

1. રઘુવંશ મહાકાવ્યના રચયિતા કોણ છે ?

   (A) કાલિદાસ (B) ભારવિ (C) માઘ (D) બાણ

2. રઘુવંશ કેટલા સર્ગથી યુક્ત છે ?

   (A) બાર (B) પંદર (C) સત્તર (D) ઓગણીસ

3. દિલીપરાજા અને સુદક્ષિણા રાણી પુત્ર પ્રાપ્તિ માટે કયા ઋષિના આશ્રમે જાય છે?

   (A) વાલ્મીકિ (B) વસિષ્ઠ (C) કશ્યપ (D) વેદવ્યાસ

4. કામધેનુ ગાયની પુત્રીનું નામ શું છે ?

   (A) ગાયત્રી (B) સાવિત્રી (C) નંદિની (D) ગોકર્ણ

5. રઘુકુળનો પ્રારંભ કયા રાજાથી થાય છે ?

   (A) રઘુ (B) અજ (C) રામ (D) દિલીપ

6. રઘુકુળનો અંત કયા રાજાથી થાય છે ?

   (A) દિલીપ (B) અજ (C) કુશ (D) અગ્નિવર્ણ

7. રઘુવંશમાં મુખ્ય પુરુષાર્થ કયો છે ?

   (A) ધર્મ (B) અર્થ (C) કામ (D) મોક્ષ

8. રઘુવંશના દ્વિતીય સર્ગનું નામ શું છે ?

   (A) વસિષ્ઠ બ્રહ્માભિગમન (B) નંદિની વરપ્રદાન

   (C) રઘુનો દિગ્વિજય (D) ઈન્દુમતી સ્વયંવર

9. રઘુવંશનો કુમુદવતી પરિણય નામનો સર્ગ કયો છે ?

   (A) પાંચમો (B) પંદરમો (C) સોળમો (D) બારમો

10. રઘુવંશના કયા સર્ગમાં રઘુવંશના રાજાઓની લાક્ષણિકતાઓ વર્ણવીને રઘુવંશની ભવ્યતાનો ખ્યાલ આપ્યો છે.

    (A) બીજો (B) પ્રથમ (C) ચોથો (D) ત્રીજો

★

| એકમ 15 | # કિરાતાર્જુનીયમ્ |
|---|---|

**રૂપરેખા**


**4.0 ઉદ્દેશ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 કિરાતાર્જુનીયમ્નો સર્ગવાર સારાંશ (કથાનક)**

**4.3 ભારવિની કાવ્ય વિશેષતા**

**4.4 'કિરાતાર્જુનીયમ્'માં ભારવિનું જીવનદર્શન**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**


## 4.0 ઉદ્દેશ

- આ એકમમાં કવિ ભારવિકૃત 'કિરાતાર્જુનીયમ્' મહાકાવ્યનો પરિચય મેળવશો.
- કવિ ભારવિની કાવ્ય વિશેષતાને સમજવામાં આ એકમ આપને ઉપયોગી સાબિત થશે.
- 'બૃહત્ત્રયી'માં જેનો સમાવેશ થાય છે તે ત્રણ મહાકાવ્યો પૈકીના એકનો અહીં સર્ગવાર પરિચય પ્રાપ્ત કરશો.

## 4.1 પ્રસ્તાવના

'બૃહત્ત્રયી' તરીકે પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના ત્રણ મહાકાવ્યો-કિરાતાર્જુનીયમ્, શિશુપાલવધ અને નૈષધીયચરિતમાં 'કિરાત'નું એક આગવું સ્થાન છે. પ્રસ્તુત મહાકાવ્યમાં કુલ 18 સર્ગો અને 1040 શ્લોકો છે. મહાભારતના વનપર્વમાંથી આ કથાનક લેવામાં આવ્યું છે.

ભારતની આ એકમાત્ર કૃતિ 'કિરાતાર્જુનીયમ્'ની એક વિશેષતા એ છે કે, તેમાં પ્રથમ સર્ગના પ્રથમ શ્લોકમાં 'શ્રી' મંગળવાચક શબ્દથી પ્રારંભ કરી પ્રત્યેક સર્ગના અંતિમ શ્લોકમાં **'લક્ષ્મી'** શબ્દનો ઉલ્લેખ કરી મંગલથી જ તેની પૂર્ણતા થતી બતાવી છે. આ શૈલીથી ભારવિનું આ મહાકાવ્ય **'લક્ષ્મ્યઙ્ક'** પણ કહેવાય છે. જ્યારે શિશુપાલવધમાં માઘે દરેક સર્ગને અંતે 'શ્રી' શબ્દ પ્રયોજ્યો હોવાથી તે **'શ્ર્યઙ્ક'** (શ્રી + અંક) કહેવાય છે.

## 4.2 કિરાતાર્જુનીયમ્નો સર્ગવાર સારાંશ (કથાનક) :

દ્યૂતમાં પરાજય પામ્યા હોવાથી યુધિષ્ઠિર દ્રૌપદી અને અન્ય ભાઈઓ સાથે દ્વૈતવનમાં આવી નિવાસ કરે છે. એકવાર યુધિષ્ઠિર દુર્યોધનના રાજ્ય શાસનના સમાચાર જાણવા

માટે એક વનેચરને મોકલે છે. બ્રહ્મચારીના વેશમાં ગયેલો વનેચર હસ્તિનાપુરથી પરત આવી સર્વવૃત્તાન્ત યુધિષ્ઠિરને કહે છે. આ પ્રસંગથી 'કિરાતાર્જુનીયમ્'નો પ્રથમ સર્ગ આરંભાય છે.

**સર્ગ : 1** - બ્રહ્મચારીના વેશમાં રહેલા વનેચરના આગમથી મહાકાવ્યનો આરંભ થાય છે. તે યુધિષ્ઠિરને પ્રણામ કરીને દુર્યોધન નીતિપૂર્વક રાજ્યનું શાસન કરી રહ્યો છે, તેમ દુર્યોધને અપનાવેલી રાજનીતિની સવિસ્તર માહિતી આપે છે. તે કહે છે કે, દુર્યોધન કપટથી જીતેલા રાજ્યને નીતિથી જીતવા માટે સદાચારપૂર્ણ વ્યવહાર પ્રજા સાથે કરી રહ્યો છે. એ દુર્યોધન તમારું સદા હિત ઈચ્છે છે.

યુધિષ્ઠિર વનેચરનો સઘળો વૃત્તાંત સાંભળી તેનો યોગ્ય સત્કાર કરી વિદાય આપે છે. વનેચરે કહેલો સમગ્ર વૃત્તાન્ત તે દ્રૌપદી તથા ભાઈઓને કહે છે. દ્રૌપદી આ બધું સાંભળીને ખૂબ વ્યથિત થાય છે અને યુધિષ્ઠિરની નિર્બળ નીતિની કડક આલોચના કરે છે અને પાંડવોની દયનીય દશાનું વર્ણન કરે છે. દ્રૌપદી એટલી હદે ઉશ્કેરાય છે કે તે શરતનો ભંગ કરી પાંડવોને શીઘ્ર યુદ્ધ કરવા પ્રેરે છે.

**સર્ગ : 2** - દ્રૌપદીના ઉત્તેજિત કરે એવા વચનો સાંભળીને પાંચ પાંડવોમાં ભીમ યુધિષ્ઠિરને દંડનીતિ અપનાવવા કહે છે. ભીમ યુદ્ધની અનિવાર્યતા અને પોતાની પ્રતિજ્ઞા પર અટલ રહે છે. એટલીવારમાં ભગવાન મહર્ષિ વ્યાસ પધારે છે એમનું પાંડવો યથાયોગ્ય સ્વાગત કરે છે અને ઉચ્ચ આસન આપે છે.

**સર્ગ : 3** - યુધિષ્ઠિરની નીતિપ્રિયતાને વ્યાસમુનિ વખાણે છે. વ્યાસમુનિ કહે છે કે ભીષ્મ, કર્ણ, દ્રોણ જેવા યોદ્ધાઓને પરાજિત કરવા માટે દિવ્ય અસ્ત્ર પ્રાપ્ત કરવા જોઈએ કારણ કે યુદ્ધ તો થવાનું જ છે. તેઓ અર્જુનને એક મંત્રનો ઉપદેશ કરી ઈન્દ્રને પ્રસન્ન કરવાનું સૂચવે છે. વ્યાસમુનિ એક યક્ષને અર્જુન સાથે મોકલે છે, જે ઈન્દ્રકીલ પર્વત ઉપર તપ કરવા માટે પહોંચાડે છે.

**સર્ગ : 4** - આ સર્ગમાં શરદઋતુનું સુંદર વર્ણન મળે છે. યક્ષ માર્ગનું નિદર્શન કરતો કરતો શરદનું વર્ણન કરે છે અને એમ અર્જુનની સાથે હિમાલય ઉપર આવી પહોંચે છે.

**સર્ગ : 5** - અર્જુન હિમાલય જોઈને પ્રસન્નચિત્ત બને છે તેથી યક્ષ હિમાલયની ભવ્યતા અને ગૌરવનું વર્ણન કરે છે. તે હિમાલય ઉપર સ્થિત ઈન્દ્રકીલ પર્વતના સૌંદર્યનું મનોહર વર્ણન કરે છે. છેવટે તે યક્ષ અર્જુનને શસ્ત્ર ધારણ કરી તપ કરવાનું જણાવી અદશ્ય થઈ જાય છે.

**સર્ગ : 6** - અર્જુન આ ઈન્દ્રકીલ પર્વત ઉપર એક સુંદર ઉપર્યુક્ત સ્થાન પસંદ કરી તપ કરવા તૈયાર થાય છે. તે મનને એકાગ્ર કરી ઈન્દ્રિયોને વશમાં રાખી તપ આદરે છે. અર્જુન પોતાના સૌમ્ય અને સહજ આચરણથી ઈન્દ્રકીલ પર્વત પર વસતા ઋષિઓના હૃદય જીતી લે છે. અર્જુનનો બાહ્ય દેખાવ પણ હવે મુનિઓ જેવો થઈ જાય છે.

અર્જુનના તપથી ઈન્દ્રકીલના રક્ષકો ડરી જાય છે અને ઈન્દ્ર પાસે જઈ સર્વ હકીકત બયાન કરે છે. ઈન્દ્ર અર્જુનની પરીક્ષા કરવા ગંધર્વો-અપ્સરાઓને મોકલે છે.

**સર્ગ : 7** - ગંધર્વો અને અપ્સરાઓ હાથી, ઘોડા, રથ અને સેવકો સાથે ઈન્દ્રકીલ પર્વત પર પ્રયાણ કરે છે. માર્ગમાં ખૂબ તાપ લાગે છે. માટે તેઓ પડાવ નાંખે છે. આ

આખા સર્ગમાં અપ્સરાઓની વિલાસપૂર્ણ ચેષ્ટાઓ અને શિબિરના સંનિવેશનાં વર્ણનો છે. આ બધાંને લીધે ઈન્દ્રકીલ પર્વત જાણે કે કોઈ નગરરૂપે ભાસે છે.

**સર્ગ : 8** - આ સર્ગમાં માયાવી મહેલોમાં આરામ કરવાને બદલે અપ્સરાઓ વનવિહાર કરવા જાય છે. આથી અહીં કવિ જલક્રીડા આદિ શૃંગારિક વર્ણનો કરવાની સુંદર તક ઝડપી લે છે.

**સર્ગ : 9** - આ સર્ગના પ્રારંભે સંધ્યાનું વર્ણન છે. સૂર્યાસ્ત પછી થતા ચંદ્રોદય, અપ્સરાઓની અને ગંધર્વોની વિહારક્રીડાનું વર્ણન છે તો વળી સુરાપાન અને સુરતક્રીડાનું વર્ણન પણ છે અને અંતે પ્રભાતનું વર્ણન છે.

**સર્ગ : 10** - અહીં અપ્સરાઓ પોતાનું મુખ્ય કાર્ય પ્રારંભે છે. છ ઋતુઓ તેમને સહાય કરવા આવે છે. ગંધર્વો વીણાગાન આરંભે છે. વાતાવરણ ઉન્માદક બને છે અને તેનો લાભ લઈ અપ્સરાઓ અર્જુનને વિચલિત કરવા નૃત્ય અને કામુક ચેષ્ટાઓ કરે છે પણ આ બધું વ્યર્થ જાય છે. તેઓ નિષ્ફળ થઈ સ્વર્ગમાં ઈન્દ્ર પાસે પરત ફરે છે.

**સર્ગ : 11** - અર્જુન તેના તપમાંથી ડગ્યો નથી. એ જાણી સ્વયં ઈન્દ્ર મુનિવેશે અર્જુન પાસે આવે છે. અર્જુનને શસ્ત્રધારી જોઈ આશ્ચર્ય પામે છે. અર્જુન પોતાના તપનો હેતુ જણાવે છે. તેને દૃઢ નિશ્ચયવાળો જોઈ ઈન્દ્ર પોતાનું રૂપ પ્રગટ કરે છે અને તપ વડે શિવજીને પ્રસન્ન કરવા સાલહ આપી પાછા ફરે છે.

**સર્ગ : 12** - શિવને પ્રસન્ન કરવા માટે અર્જુન પુનઃનિર્ભય બની કઠોર તપશ્ચર્યા આદરે છે. અર્જુનને તપમાં રત જોઈ 'મૂક' નામનો દાનવ વરાહનું રૂપ લઈને કપટથી તેને મારવા જઈ રહ્યો છે ત્યારે હું પણ કિરાત = ભીલનો વેષ ધારણ કરી મારા ગણો સાથે ત્યાં જઉં છું. થોડા સમયમાં તમે અર્જુનના પરાક્રમને જોશો, આમ કહીને શિવ પોતાના ગણો સાથે ઇન્દ્રકીલ પર્વત ઉપર આવી પહોંચે છે.

**સર્ગ : 13** - અર્જુન આ વરાહનું રૂપ ધારણ કરી આવેલા મૂક દાનવને નિહાળી તર્ક-વિતર્ક કરે છે. સતત શિવના પિનાક ધનુષમાંથી અને અર્જુનના ગાંડીવ ધનુષમાંથી એક સાથે બાણો છૂટે છે. વરાહ ઘાયલ થાય છે. જમીન ઉપર ઢળી પડી મૃત્યુ પામે છે. અર્જુન અને શિવનો દૂત બંને પોતપોતાના બાણ લેવા આવે છે. બાણ વાગવાની બાબતમાં બંને વચ્ચે ઉત્તેજનાપૂર્ણ વાદ-વિવાદ થાય છે.

**સર્ગ : 14** - શિવનો સેવક પરત ફરે છે. શિવને સર્વ હકીકત જણાવે છે. શિવ મનમાં પ્રસન્ન છે પણ બહારથી અર્જુન પર આક્રમણ કરવાનો આદેશ પોતાની સેનાને આપે છે. કિરાત (શિવ)ની સેના બાણોનો વરસાદ વરસાવે છે સામે અર્જુન પણ વળતો પ્રહાર કરે છે. અર્જુનના બાણોથી કિરાત સેના નાસી છૂટે છે. કેટલાંક મૂર્છિત પણ થઈ જાય છે.

**સર્ગ : 15** - શિવના ગણોમાં નાસભાગ મચી જાય છે. તેથી કુમાર કાર્તિકેય યુદ્ધ કરવા આવે છે. કાર્તિકેયના સૈનિકો પણ હતાહત થઈ જાય છે. વળી પાછું શિવ અને અર્જુન વચ્ચે યુદ્ધ થાય છે.

**સર્ગ : 16** - કિરાતની શૂરવીરતા જોઈ અર્જુનને સંશય થાય છે. તે પ્રસ્વાપન શસ્ત્ર દ્વારા સેનાને મૂર્છિત કરી દે છે. અંધકાર છવાય છે. શિવના લલાટમાંથી નીકળેલી તેજોરેખાથી પ્રકાશ થઈ જાય છે. પછી અર્જુન નાગપાશ ફેંકે છે, તો કિરાત ગરુડાસ્ત્ર ફેંકે છે. અર્જુન આગ્નેયાસ્ત્ર પ્રયોજે છે, તો કિરાત વરુણાસ્ત્ર છોડે છે. આમ, અર્જુનના

મૂલ્યવાન અસ્ત્રો ખૂટી પડે છે. તેમ છતાં હિંમત હાર્યા વિના સ્વપરાક્રમ બતાવે છે.

**સર્ગ : 17** - કિરાત (શિવ) અહીં પોતાનું ભયંકર રૂપ ધારણ કરે છે. અર્જુનનું કવચ નાશ પામે છે. અર્જુન તલવાર અને છેવટે પથ્થરોથી પ્રહાર કરે છે પણ તે બધું નિરર્થક નીવડે છે.

**સર્ગ : 18** - છેવટે અર્જુન બાહુયુદ્ધ કરવા તત્પર બને છે. આથી આખો ઈન્દ્રકીલ પર્વત હચમચી ઊઠે છે. શિવ અર્જુનને જોવા, જમીન પર પટકવા ઉદ્યત થાય છે, ત્યાં તો અર્જુન બળપૂર્વક બંને હાથ વડે કિરાતનાં ચરણ પકડી લે છે અને શિવ તો આશુતોષ હોવાથી શીઘ્ર પ્રસન્ન થાય છે અને અર્જુનને ભેટે છે.

શિવ પોતાનું મૂળરૂપ પ્રગટ કરે છે. આ જોઈ અર્જુન ગદ્ગદિત બની જાય છે. શિવની કૃપાથી અર્જુન પોતાના ગુમાવેલા શસ્ત્ર અસ્ત્ર પાછા મેળવે છે. તેની પર જળ અને પુષ્પની વૃષ્ટિ થાય છે. સૌ દેવો શિવની સ્તુતિ કરે છે અને અર્જુનને આશિષ આપે છે.

અર્જુન ભક્તિભાવથી શિવને વંદન સ્તુતિ કરે છે અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરાવનાર દિવ્ય અસ્ત્રની યાચના કરે છે. પશુપતિ શિવ પાશુપતાસ્ત્ર પ્રદાન કરે છે. ધનુર્વેદ તેને યુદ્ધવિદ્યા આપે છે. ઈન્દ્ર આદિ અમોઘ શસ્ત્ર આપે છે. યુધિષ્ઠિર આદિ તેનું અભિવાદન કરી સત્કારે છે. આ રીતે અહીં 'કિરાતાર્જુનીયમ્'નું કથાનક પૂર્ણ થાય છે.

આ રીતે ભારવિએ પાંડવોના જીવનમાંથી કેવળ એક નાની ઘટનાનો આધાર લઈને તેમાં કેટલાંક મહત્ત્વપૂર્ણ વર્ણનો ઉમેરીને મહાકાવ્યનું સ્વરૂપ આપ્યું છે.

## 4.3 ભારવિની કાવ્યવિશેષતા

મહાકવિ કાલિદાસ તેમની ઉપમાઓ માટે પ્રસિદ્ધ છે. તેમ મહાકવિ ભારવિ તેમના 'અર્થગૌરવ' માટે અપ્રતિમ ગણાય છે - 'भारवेर्डर्थगौरवम् ।' આ મહાકાવ્યના પ્રથમ અને દ્વિતીય સર્ગમાં દ્રૌપદી, ભીમ અને યુધિષ્ઠિરની ઉક્તિઓમાં અર્થની ગરિમા, સંપૂર્ણ રીતે દૃષ્ટિગોચર થાય છે.

પ્રસિદ્ધ ટીકાકાર મલ્લિનાથે ભારવિની શૈલીને 'નાળિયેરના ફળ' સાથે સરખાવી છે. 'नारिकेल फलसंमित वचो भारवेः ।' ભારવિની કવિત્વશક્તિ પણ અનન્ય છે. પાંચમા સર્ગમાં ઉડેલા કમળપરાગની કનક (સુવર્ણ) ના છત્ર સાથે કરેલી સરખામણીથી પ્રસન્ન થઈ સંસ્કૃતના કાવ્યરસિકોએ મહાકવિ ભારવિને 'આતપત્રભારવિ'નું બિરુદ આપી નવાજ્યા છે.

મહદ્અંશે મહાકાવ્યનાં તમામ લક્ષણો કિરાતાર્જુનીયમાં સિદ્ધ થાય છે. ભારવિએ મહાકાવ્યની રચનાશૈલી અને પરંપરામાં એક નવી કેડી કંડારી છે. મહાકાવ્યનું સ્વરૂપ ભારવિમાં ઉચ્ચ સિદ્ધિને પામ્યું છે.

## 4.4 'કિરાતાર્જુનીયમ્'માં ભારવિનું જીવનદર્શન :

ભારવિની વાણીમાં એના અનુભવની સચ્ચાઈનો રણકો બોલે છે. તેથી જ તો તે કહે છે -

'इदमीदृगनीदगाशयः प्रसन्नं वक्तुमुपतक्रमेत कः' કાવ્યમાં કવિનું દર્શન કાવ્યના દેહથી જ પ્રગટ થતું હોય છે. આ કાવ્યને (દેહને) પામી શકાય છે પણ તે દેહની અંદરના આત્માને પામવો થોડો મુશ્કેલ છે. આ મહાકાવ્યના અંતે અર્જુને કિરાતને ચરણે પડવા નહીં પણ તેમને પછાડવા ચરણ પકડ્યા, તો પણ શિવે અર્જુન પર કૃપા કરી એટલે જ તો શિવ ભોળાનાથ કહેવાય છે. ડૉ. નાણાવટી આ સંદર્ભે લખે છે 'શિવ તત્ત્વ હંમેશા મનુષ્યના કલ્યાણને માટે તત્પર હોય છે. સત્કર્મ ભૂલથી કે વિરોધી ભાવથી કર્યું હોય તો પણ એ સત્પરિણામી જ નીવડે છે. એ સિદ્ધાંત ભૌતિક શાસ્ત્રના નિયમ જેવો અફર છે. ભૂલથી પણ ચાંપ દાબો એટલે બત્તી થાય જ. ગીતા કહે છે તેમ 'न हि कल्याण कृत्कस्चित् दुर्गतिं तात गच्छति' કલ્યાણ કરનાર કોઈ દુર્ગતિ પામતો નથી, પણ કલ્યાણકૃત બનવા જેટલો પુરુષાર્થ તો કરવો પડે.

(કવિલોક, પંચમહાકાવ્ય વિશેષાંક, પૃ. 93)

'આ કાવ્યમાં મનુષ્યનું કર્તવ્ય અને ઈશ્વરનું કર્તવ્ય - એ બે વચ્ચેનો વિરોધ અને સમન્વય દર્શાવવાનો કવિનો આશય છે. મનુષ્ય પોતાના પ્રયત્નથી જે નિર્માણ કરે તે જ ઈશ્વર તેને આપે છે પણ તે મેળવવા માટે મનુષ્યે ઈશ્વર સાથે ઝઘડવું પડે છે. ઈશ્વર સાથે લડ્યા વિના અનુગ્રહ પણ મળતો નથી.''

(તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશી)

"छठ्ठी शताब्दी में मोक्ष-सम्बन्धी विचारों की आड में राष्ट्र में जो शिथिलता आ गई थी, उसे दूर करना ही भारवि के किरातार्जुनीयम् लेखन का उद्देश्य है ।"

(डॉ. केशवनारायण वारवे)

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

1. 'બૃહત્ ત્રયી'માં કયા કયા મહાકાવ્યોનો સમાવેશ થાય છે ?

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

2. 'કિરાતાર્જુનીય'ના એકથી આઠ સર્ગનો સારાંશ લખો.

.......................................................

.......................................................

.........................................................

.........................................................

.........................................................

3. 'કિરાતાર્જુનીય'નો 9 થી 18 સર્ગનો સારાંશ આપો.

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

4. ભારવિનું જીવનદર્શન

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

5. ભારવિની કાવ્ય-વિશેષતા

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

## બહુવૈકલ્પિક પ્રશ્નો

1. કિરાતાર્જુનીય કેટલા સર્ગનું મહાકાવ્ય છે ?

(A) 18 (B) 20 (C) 7 (D) 10

2. ભાવરિએ કયા ગ્રંથમાંથી મહાકાવ્ય રચવાની પ્રેરણા લીધી છે ?

(A) રામાયણ (B) મહાભારત (C) ભાગવતપુરાણ (D) રઘુવંશ

3. અર્જુન પાસે કિરાતનું રૂપ ધારણ કરીને કોણ આવે છે ?

(A) શિવ (B) વિષ્ણુ (C) બ્રહ્મા (D) ઈન્દ્ર

4. કયો દાનવ અર્જુનને મારવા આવે છે ?

(A) તારકાસુર (B) મૂક (C) બકાસુર (D) ધેનુકાસુર

5. પાંડવોને દિવ્યાસ્ત્રો એકત્ર કરવાની સલાહ કોણ આપે છે ?

(A) ભીષ્મ (B) દ્રોણાચાર્ય (C) કૃપાચાર્ય (D) વ્યાસમુનિ

6. શિવને પ્રસન્ન કરવાની ઈન્દ્ર કોને સલાહ આપે છે ?

(A) યુધિષ્ઠિર (B) ભીમ (C) અર્જુન (D) કૃષ્ણ

7. ભારવિ પોતાની કઈ કાવ્ય વિશેષતા માટે પ્રસિદ્ધ છે ?

(A) ઉપમા (B) અર્થગૌરવ (C) પદલાલિત્ય (D) પ્રાસાદિકતા

8. ભારવિને કયું બિરુદ મળેલું છે ?

(A) દીપશિખા (B) ઘંટામાઘ (C) આતપત્ર (D) મહર્ષિ

9. કયું મહાકાવ્ય ‘લક્ષ્મ્યંક’ તરીકે ઓળખાય છે ?

(A) રઘુવંશ (B) કુમારસંભવ (C) કિરાતાર્જુનીય (D) નૈષધીયચરિત

10. ‘કિરાતાર્જુનીય’નોમાં કુલ કેટલા શ્લોકો છે ?

(A) 1100 (B) 1234 (C) 1040 (D) 1050

★

એકમ 16

# નૈષધીયચરિત અને શિશુપાલવધ

**રૂપરેખા**

**5.0** ઉદ્દેશ

**5.1** **પ્રસ્તાવના**

**5.2** **'નૈષધીયચરિતમ્'નો સર્ગશઃ સારાંશ (કથાનક)**

**5.3** **મહાકવિ ભારવિનો જીવનસંદેશ**

**5.4** **'શિશુપાલવધ' મહાકાવ્યનો સર્ગવાર કથાસાર**

**5.5** **મહાકવિ માઘનું જીવનદર્શન**

**5.6** **તમારી પ્રગતિ ચકાસો**

## 5.0 ઉદ્દેશ

- વિદ્યાર્થી મિત્રો ! પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં 'બૃહત્ત્રયી'માં જેમનો સમાવેશ થાય છે, એમાંથી એક 'કિરાતાર્જુનીય' મહાકાવ્યનો સર્ગવાર પરિચય તમે એકમ-4માં મેળવ્યો. હવે, આ એકમમાં બાકીના બે મહાકાવ્યો 'નૈષધીયચરિત' અને 'શિશુપાલવધ'નો પરિચય મેળવવાનો છે.
- અલંકૃત મહાકાવ્યોમાં આ બંને મહાકાવ્યોનું વિશિષ્ટ સ્થાન હોવાથી એનો પરિચય જરૂરી છે.
- શ્રીહર્ષ અને માઘ જેવાં પ્રતિભાસંપન્ન મહાકવિઓએ પણ મહાકાવ્યના સ્વરૂપને વિકસિત કરવા જે યોગદાન આપ્યું છે, તે જાણવું જરૂરી છે.
- આ એકમમાં તમને પંડિતયુગના ત્રણ પંડિતકવિઓ ભારવિ, શ્રીહર્ષ અને માઘ પૈકી શ્રીહર્ષ અને માઘની કાવ્યવિશેષતાઓનો પણ ખ્યાલ આવશે.

## 5.1. પ્રસ્તાવના

પાંચ મહાકાવ્યોમાં 'નૈષધીય ચરિત' અપ્રિતમ સ્થાન પામ્યું છે. મહાકવિ કાલિદાસ પછી જે કલાવાદી કવિઓ આવ્યાં તેમાં શ્રીહર્ષ શ્રેષ્ઠ પુરવાર થયા છે. કાલિદાસ પછી કાવ્યનાં પાંડિત્યના પ્રદર્શનની પ્રવૃત્તિ વધતી ગઈ. આ પ્રવૃત્તિ ભારવિ અને માઘ પછી શ્રીહર્ષમાં આવી ત્યારે તો એ એની ચરમ સીમા પર પહોંચી ગઈ. પ્રાચીન પંડિતોએ 'નૈષધીયચરિત'ને ઉચ્ચ દરજ્જાનું સન્માન આપીને જાહેર કર્યું કે -

**तावद् भा भारवेर्भाति यावन्माघस्य नोदय: ।**
**उदिते नैषधेकाव्ये क्व माघ: क्व च भारवि: ॥**

આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, નૈષધીયચરિત મહાકાવ્યની રચના થતાં જ ભારવિ અને માઘ નિસ્તેજ થઈ ગયા. 'નૈષધીયચરિત' મહાકાવ્ય કુલ બાવીસ સર્ગનું મહાકાવ્ય છે. આ મહાકાવ્ય મહાભારતના આરણ્યક પર્વમાં આવતી નળ-દમયંતીની કથા પર આધારિત છે. આ મહાકાવ્યમાં નિષધ દેશના રાજા નળ અને એમની અપ્રિતમ સૌંદર્ય ધરાવનારી રાણી દમયંતીના જીવનચરિતનું વિસ્તારપૂર્વક આલેખન શ્રીહર્ષે કર્યું છે.

શિશુપાલવધ મહાકાવ્યના રચયિતા મહાકવિ માઘ સંસ્કૃત સાહિત્યના પ્રથમ પંક્તિના પંડિત મહાકવિ તરીકે ઓળખાય છે. તેમની એકમાત્ર ઉપલબ્ધ કૃતિ મહાકાવ્ય 'શિશુપાલવધ' છે. જે વીસ સર્ગનું છે. 'ઈતિહાસપ્રદીપ' ગણાતા મહાભારતના સભાપર્વમાં આવતી શિશુપાલના વધની કથાનો આધાર લઈ માઘે આ મહાકાવ્યની રચના કરી છે.

- માઘે પોતાની અભૂતપૂર્વ વિદ્વત્તા અને અનુપમ કાવ્યશક્તિથી મહાભારતની કથામાં પ્રાણ પૂરીને નખશિખ સુંદર એવું મહાકાવ્ય સર્જ્યું છે. સંસ્કૃતના પાંચ મહાકાવ્યોમાં આ મહાકાવ્યનું નિશ્ચિતપણે અપ્રિતમ સ્થાન છે. માઘનું સાદ્યન્ત અનુશીલન કરનાર ડૉ. હર્ષદેવ માધવનું માનવું છે કે, "માઘે આ મહાકાવ્ય દ્વારા મહાકવિ કાલિદાસ તથા મહાકવિ ભારવિની ગગનચુંબી કીર્તિને ઓળંગી જવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો છે અને તેમાં તેઓ મહદ્અંશે સફળ પણ થયા છે."

તો, સૌપ્રથમ આપણે 'નૈષધીયચરિત'નો પરિચય લઈએ ત્યારબાદ 'શિશુપાલવધ'નો પરિચય લઈશું.

## 5.2 'નૈષધીયચરિત'નો સર્ગશ : સારાંશ (કથાનક) :

**સર્ગ - 1.** આ સર્ગમાં મહાન, પુણ્ય શ્લોક રાજા નળના કામણગારા રૂપનું વર્ણન, દમયંતીના મનમાં નળ પ્રત્યેનો અનુરાગ, દમયંતીને મેળવવાની નળ રાજાની ઇચ્છા જેવા પ્રસંગોનું આલેખન કરાયું છે. આ સિવાય આ સર્ગમાં નળના વનવિહારનું વર્ણન, નળ વડે રાજહંસ અને સરોવરનું દર્શન, સુવર્ણહંસનું ગ્રહણ, તેનું આક્રંદ અને અંતે મુક્તિ જેવા પ્રસંગો દર્શાવાયા છે.

**સર્ગ - 2.** આ સર્ગમાં સુવર્ણ હંસ દ્વારા નળ પ્રત્યે આભારની લાગણી, રાજા નળનું કંઈક પ્રિય કરવા હંસની ઈચ્છા, દમયંતીનું હંસે કરેલું વર્ણન જેવા પ્રસંગો છે. આ ઉપરાંત આ સર્ગમાં ત્રૈલોક્ય સુંદરી દમયંતી સાથે નળનો મેળાપ કરવાની હંસની ઈચ્છા, ઈન્દ્રાદિ દેવોને પણ દમયંતીને પામવાની ઈચ્છા, હંસના પ્રસ્તાવથી પ્રસન્ન નળનો ઉત્તર, કામપીડિત નળની ઉક્તિઓ જેવા વર્ણનો રજૂ થયેલા છે. હંસની ઈચ્છાને નળનું અનુમોદન પણ આ સર્ગમાં દર્શાવાયું છે. આ સિવાય કુંડિનપુર નગર તરફ હંસનું ઉડ્ડયન, ત્રણેય લોકના સારભૂત કુંડિનપુરનું હંસે કરેલ વર્ણન, હંસ દ્વારા દમયંતીનું દર્શન જેવી ઘટનાઓ નિરૂપાઈ છે.

**સર્ગ - 3.** આ સર્ગમાં હંસને દમયંતી દ્વારા પકડવાનો પ્રયત્ન, દમયંતી સમક્ષ હંસે કરેલ નળના પરાક્રમ અને ઐશ્વર્યનું વર્ણન, દમયંતી અને હંસ વચ્ચે સંવાદ વર્ણવાયા છે.

**સર્ગ - 4.** દમયંતીની કામસંતપ્ત અવસ્થા, પિતા ભીમસેન વડે દમયંતીનો સ્વયંવર રચવાનું આયોજન આ સર્ગમાં નિરૂપાયું છે.

**સર્ગ - 5.** આ સર્ગમાં સ્વયંવરમાં આવવા ઈન્દ્રાદિ દેવોની તૈયારી, માર્ગમાં રાજા નળ સાથે દેવોનો મિલાપ જેવા દૃશ્યોનું આલેખન કરાયું છે. આ સિવાય દૌત્યકર્મ કરવા નળને દેવોનો પ્રસ્તાવ, નળની વિમાસણ અને પ્રસ્તાવનો સ્વીકાર વગેરેનું આલેખન થયેલું છે.

**સર્ગ- 6.** આ સર્ગમાં નળનું દમયંતીના અંતઃપુરમાં આગમન, ઈન્દ્ર સાથે વિવાહ માટે દમયંતીનો ઈનકાર જેવા દૃશ્યો છે.

**સર્ગ - 7.** આ સર્ગમાં દેવદૂત નળ દ્વારા દમયંતીનું દર્શન અને દમયંતીના દેહલાલિત્યનું વર્ણન છે.

**સર્ગ - 8.** આ સર્ગમાં દમયંતી સમક્ષ નળનું પ્રગટ થવું અને દેવદૂત બનીને ઈન્દ્રાદિદેવોની કામપીડિત અવસ્થાનું વર્ણન છે.

**સર્ગ - 9.** દેવદૂતનો પરિચય મેળવવા દમયંતીની જિજ્ઞાસા, દમયંતી-નળનો રુચિકર સંવાદ આ સર્ગમાં છે.

**સર્ગ - 10.** દમયંતીના સ્વયંવરના સમારોહનું આ સર્ગમાં અદ્ભુત વર્ણન પ્રાપ્ત થાય છે.

**સર્ગ - 11/12.** સ્વયંવરમાં દેવી સરસ્વતી દ્વારા દેવો, રાક્ષસો, ગંધર્વો, વિદ્યાધર, યક્ષ, વાસુકિ અને પૃથ્વી પરના રાજાઓનો પરિચય આ સર્ગોમાં છે.

**સર્ગ - 13.** દમયંતી સામે એક જેવા પાંચ નળની ઉપસ્થિતિ અને દમયંતીની મૂંઝવણ જેવા વર્ણનો આ સર્ગમાં છે.

**સર્ગ -14.** આ સર્ગમાં દમયંતી વડે દેવોની સ્તુતિ, પ્રસન્ન દેવોએ પ્રગટ કરેલું સ્વરૂપ, નળનું દમયંતી વડે વરણનું નિરૂપણ થયેલું છે.

**સર્ગ - 15.** નળ-દમયંતીના વિવાહ મહોત્સવ પૂર્વેની તૈયારીઓ આ સર્ગમાં વર્ણવાઈ છે.

**સર્ગ - 16.** આ સર્ગમાં દમયંતીના ભાઈ દમનકે કરેલું જાનૈયાઓનું સ્વાગત, વિવાહ મહોત્સવની ઉજવણી જેવા વર્ણનો આલેખાયા છે. આ સિવાય પુત્રી દમયંતીનો વિદાય પ્રસંગ, વિદર્ભની રાજધાનીમાં વરવધૂનું સ્વાગત જેવા પ્રસંગો છે.

**સર્ગ - 17.** આ સર્ગમાં કલિપ્રસંગ, દેવો દ્વારા ચાર્વાકના મતનું ખંડન, વૈદિક મતનું પ્રતિપાદન, કલિ દ્વારા નળ પાસેથી પત્ની અને રાજ્ય પડાવી લેવાની પ્રતિજ્ઞા જેવા પ્રસંગો છે.

**સર્ગ - 18.** નળ દમયંતીની રતિક્રીડાનું વર્ણન આ સર્ગમાં છે.

**સર્ગ - 19.** આ સર્ગમાં સુમધુર પ્રભાતે વૈતાલિકોએ કરેલું કર્ણપ્રિય ગાન જેવા દૃશ્યો છે.

**સર્ગ - 20.** આ સર્ગમાં દમયંતીનો સખીઓ સાથે આનંદ, પ્રમોદ, તથા રાજા નળની દિનચર્યાનું વર્ણન છે.

**સર્ગ - 21.** રાજા નળે કરેલું દેવોનું પૂજા-અર્ચન, મધ્યાહન પૂજન અને સંધ્યાપૂજનનું વર્ણન આ સર્ગમાં વર્ણવાયું છે.

**સર્ગ - 22.** આ સર્ગમાં રાજા નળ વડે સંધ્યા, અંધકાર અને ચંદ્રોદયનું વર્ણન છે.

આમ, 22 સર્ગના વિશાળ ફલક ઉપર આધારિત મહાકાવ્યને નળના સમગ્ર જીવનને આવરી લેતું દર્શાવાયું નથી, પણ નળના જીવનનો પૂર્વાર્ધ જ વર્ણવે છે. ડૉ. કેશવ નારાયણ વાટવે જેવા વિવેચકોનો અભિપ્રાય છે કે, નવદંપતીના જીવનમાં વિઘ્ન ઊભું કરવાની કલિની પ્રતિજ્ઞા પૂર્ણ થતી બતાવવા નળના જીવનનનો ઉત્તરાર્ધ જરૂરી છે. શ્રી હર્ષે તે વિભાગ રચ્યો હશે. જે હાલમાં પ્રાપ્ત થતો નથી. અથવા તો કોઈ કારણે તે ન પણ રચાઈ શક્યો હોય.

જો કે, પ્રસ્તુત મત સાથે કીથ, ચંડિકા પ્રસાદ શુક્લ આદિ વિદ્વાનો સંમત થતા નથી. તેઓના મતે 'નૈષધીયચરિત' સંપૂર્ણ કાવ્ય જ છે. કારણ કે કવિએ પોતે જ નળના શૃંગારપોષક જીવનના અંશનું જ નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરેલી હોવાથી 22માં સર્ગે મહાકાવ્ય પૂર્ણ થાય એ યોગ્ય જ છે.

'નૈષધીયચરિત'માં મહાકાવ્યનાં સર્વ આવશ્યક લક્ષણોનો સુપેરે સમાવેશ થયેલો છે. શ્રીહર્ષ પ્રતિભાસંપન્ન મહાકવિ છે. આ મહાકાવ્યમાં પંડિત કવિઓને પણ અતિક્રમી જાય એવાં પદલાલિત્ય, અર્થગૌરવ અને અલંકારવૈભવ શ્રીહર્ષે પ્રયોજ્યા છે પણ વિદ્વાનોનું માનવું છે કે, તે બધું વિદ્વત્તાના બોજ નીચે દબાઈ ગયું છે, તેથી જ આ મહાકાવ્ય વિદ્વદ્ભોગ્ય મહાકાવ્ય જ બની રહ્યું છે - नैषधं विद्वद् औषधम् । એટલે જ કહેવાયું છે સત્તરમો સર્ગ આખો દાર્શનિકતાથી ઓતપ્રોત છે. જો કે, શ્રી હર્ષ પોતે પોતાના કાવ્યની કઠોરતાથી સભાન તો છે જ. કવિ સ્વયં એમ ઈચ્છતા હતા કે, શ્રદ્ધાપૂર્વક ગુરુચરણોની ઉપાસના કરી જેઓ પોતાની દુર્બોધ ગ્રંથિઓ સમજવામાં સફળ થયા હોય એવા સજ્જન વાચકો જ આ મહાકાવ્યની રસલહરીમાં ડૂબકી મારી ભલે આનંદ પ્રાપ્ત કરે.

સંસ્કૃત સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાનોને અત્યંત પ્રસન્નતા પ્રદાન કરનારું હોવાથી 'नवसर्गगते माघे नवशब्दो न विद्यते', 'माघे सन्ति त्रयो गुणाः' જેવી પ્રશસ્તિ પ્રાપ્ત કરી હોવાથી આ શિશુપાલવધ મહાકાવ્ય મહાકવિ માઘના ચિરકાલીન યશની પ્રતિષ્ઠાપના કરનારું બન્યું છે.

## 5.3 મહાકવિ ભારવિનો જીવન સંદેશ :-

'નૈષધીયચરિતમ્' જેવું 'ચરિત્રપ્રધાન' મહાકાવ્ય રચીને શ્રી હર્ષ દ્વારા સમાજની સામે એક મહાન આદર્શ નાયક અને આદર્શ નાયિકાનું ચરિત્ર રજૂ કરવું એ એક રચના પ્રયોજન તો છે જ સાથે સાથે શ્રી હર્ષ જીવનમાં ધર્મ, અર્થ, કામનું સુંદર સંતુલન રાખવાનો સંદેશ પણ આપી જાય છે. 'નૈષધ' શૃંગારનો વાગ્-વિલાસ તરીકે ઓળખાતું હોવા છતાં, તેમાં અર્થ, ધર્મ તથા મોક્ષના ઉપાયને પણ સમાન મહત્ત્વ મળ્યું છે અને એ રીતે 'નૈષધ' વડે પૂર્ણ આદર્શ જીવનની પ્રતિષ્ઠાની આકાંક્ષા શ્રી હર્ષે સેવી છે, એવું ડૉ. ચંદ્રિકાપ્રસાદ શુક્લનું માનવું છે. નૈષધીયચરિતમાં કેટલીક ઉત્તમ અર્થગૌરવપૂર્ણ ઉક્તિઓ શ્રીહર્ષે મૂકી છે. જે તેમનાં જીવનદર્શન કે સંદેશને પ્રતિબિંબિત કરે છે. જેમ કે ભાગ્યવાન વ્યક્તિને ભોગની સામગ્રી ક્યાં નથી મળતી (1/102) તો વળી, સજ્જન પોતાની ઉપયોગિતા ફળથી પ્રગટ કરે છે, બોલીને નહીં (2/48). હંસને સંબોધીને ખૂબ સુંદર કહેવાયું છે કે, હે હંસશ્રેષ્ઠ ! પિત્તથી દૂષિત થયેલી જીભ ઉપર ખાંડ પણ તીખી લાગે છે. તો વળી, કર્મ

વિશે પણ શ્રીહર્ષ કહે છે - कर्मक : स्वकृतमत्र न भुड्क्ते । : (5/6)

અર્થાત્ કયો માનવ પોતે કરેલા કર્મો ભોગવતો નથી ?

શ્રીહર્ષના અર્થગૌરવ ધરાવતા અર્થાલંકારો ખરેખર એમનું જીવનદર્શન સ્પષ્ટ કરે છે.

## 5.4 'શિશુપાલવધ' મહાકાવ્યનો સર્ગવાર કથાસાર :

**સર્ગ - 1.** એક દિવસ કૃષ્ણ પોતાના પિતા વસુદેવના ભવનમાં બેઠા હતા. ત્યારે તે સમયે તેમણે આકાશમાંથી એમની તરફ આવી રહેલા તેજઃપુજને જોયું. આ તેજઃપુંજ અન્ય કોઈ નહીં પરંતુ જટાધારી, મુંજ મેખલાથી વિભૂષિત, મૃગચર્મ અને ઉત્તરીયથી સમલંકૃત એક હાથમાં સ્ફટિકની માળા અને બીજા હાથમાં પવનથી ગુંજતા નાદવાળી વીણા ધારણ કરનાર મહર્ષિ નારદ હતા. નારદને પોતાની પાસે આવતા જોઈ કૃષ્ણે ઊંચા આસન ઉપરથી ઊભા થઈ, આવકારી નારદની અર્ધ્યાદિથી પૂજા કરી અને સમુચિત આતિથ્ય સત્કાર કરી નમ્ર ભાનમાં તેના આગમનનું કારણ દેવરાજ ઈન્દ્રનો સંદેશો આપવાનું છે એમ જણાવે છે.

નારદ કહે છે કે, "દુષ્ટોનો સંહાર કરી પૃથ્વીનો ભાર હળવો કરવા આપે જન્મ લીધો છે. અત્યારે આ શિશુપાલ જગતનો ભારે ત્રાસ આપી રહ્યો છે. પૂર્વજન્મમાં હિરણ્યકશિપુ નામ ધારણ કરી તેણે ઈન્દ્ર સહિત સમસ્ત દિકપાલોને દાસ બનાવી દેવલોક ઉપર ભ્રમ પેદા કર્યો હતો, ત્યારે આપે નૃસિંહ રૂપે અવતાર લઈ તેનો સંહાર કર્યો. આ પછી શિશુપાલ રાવણરૂપે પૃથ્વી ઉપર આવ્યા અને જગતને ત્રાસ આપવા માંડ્યો, ત્યારે આપે રામાવતાર ધારણ કરી તેનો વધ કર્યો. આજે આ શિશુપાલ આ ધરતી પર ફરીવાર જન્મ લઈ જગત ઉપર ભારે દુરાચાર વર્તાવી રહ્યો છે. તેથી આ દુષ્ટનો નાશ કરી પૃથ્વીને હળવી બનાવો." આવો સંદેશો આપી નારદ કૃષ્ણની વિદાય લે છે.

**સર્ગ - 2.** ઈન્દ્રનો સંદેશો સાંભળી કૃષ્ણ વ્યાકુળ બને છે. એક તરફ કૃષ્ણને યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનું આમંત્રણ મળ્યું છે. તો બીજી બાજુ શિશુપાલ ઉપર આક્રમણ કરવું પણ જરૂરી બને છે. આ સંજોગોમાં કૃષ્ણ બલરામ અને ઉદ્ધવની સલાહ લે છે. બલરામ શ્રીકૃષ્ણનું કથન સાંભળી પોતાનો પ્રતિભાવ આપે છે અને અનેક પ્રકારની યુક્તિ અને દષ્ટાંત દ્વારા 'શિશુપાલનો વધ કરવો એ જ ઉચિત છે.' એમ કહી આક્રમણ કરવાની સલાહ આપે છે. બલરામને સાંભળ્યા બાદ શ્રીકૃષ્ણ ઉદ્ધવનો અભિપ્રાય લે છે. ત્યારે ઉદ્ધવ તર્કપૂર્ણ વિવિધ યુક્તિઓ દ્વારા કહે છે કે બલરામની યુક્તિ અત્યારની પરિસ્થિતિમાં સાનુકુળ નથી તેથી યુધિષ્ઠિરના યજ્ઞમાં જ જવું વધારે ઉચિત છે. શ્રીકૃષ્ણને પણ બલરામ કરતાં ઉદ્ધવની સલાહ વધારે યોગ્ય લાગે છે. તેથી તે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનો સંકલ્પ કરે છે.

**સર્ગ - 3.** ઉદ્ધવનો અભિપ્રાય અને સલાહ સાંભળી શ્રીકૃષ્ણ યુદ્ધનો વિચાર માંડીવાળી યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવા તૈયાર થાય છે. કિંમતી આભૂષણો પહેરીને તથા કૌમુદકી ગદા, નન્દક તલવાર, શાઙ્ગ ધનુષ્ય, પાંચજન્ય શંખ તેમજ ગરુડના ચિન્હથી અંકિત રથમાં બિરાજમાન થઈ કૃષ્ણ હસ્તિનાપુર તરફ પ્રયાણ કરે છે. શ્રીકૃષ્ણની વિદાય વખતે કૃષ્ણના દર્શન માટે નગરજનોની જે ભીડ જામે છે તેનું કવિએ સુંદર વર્ણન કર્યું છે. દ્વારિકાનગરી છોડીને કૃષ્ણ ઘેરા લીલા રંગના પાંદડાવાળી વનરાજીમાં પ્રવેશ કરે

છે. યાદવસેના સમુદ્રને પાર કરે છે. આ સાથે ત્રીજો સર્ગ પૂર્ણ થાય છે.

**સર્ગ - 4.** ચતુર્થ સર્ગમાં કૃષ્ણ માર્ગમાં આવેલ વિવિધ પ્રકારના ધાતુઓથી યુક્ત વિન્ધ્યાચલ પર્વત જેવો ઊંચો, જેના પર ખીલેલી લતાઓ ઉપર ભમરાઓ ગુંજન કરતા હતા. તેવા અનેક શિખરોથી યુક્ત, નાના નાના પર્વતોની હારમાળાઓ દ્વારા પૃથ્વીને ઘેરતો ઊંચા શિખરવાળા રૈવતક પર્વતને જુએ છે. એના શિખરો અનેક મૂલ્યવાન રત્નોથી યુક્ત હતા. તેના ઉપર ખીલેલા વિવિધ પુષ્પો ઉપર ભમરાઓ ગુંજન કરી રહ્યાં હતાં. મુક્ત રીતે હરણાંઓ વિચરી રહ્યા હતાં. કમળયુક્ત સરોવરથી યુક્ત તમાલ અને તાડના વૃક્ષોવાળા એવા તે પર્વતનું સુંદર નિરૂપણ છે.

**સર્ગ - 5.** સૂતપુત્ર દારુક પાસેથી રૈવતક પર્વતની સમૃદ્ધિ વિશે સાંભળી કૃષ્ણ ત્યાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરે છે. કૃષ્ણની વિશાળ સેના રૈવતક પર્વત તરફ પ્રયાણ કરે છે. મદોન્મત્ત ગજરાજ, ઊંટ, ઘોડા, રથ તથા પાયદળ વગેરે બધા જ ત્યાં રોકાય છે. બીજા કેટલાક રાજાઓ શ્રીકૃષ્ણની ગરુડ ધ્વજવાળા શિબિર પાસે પોતાની શિબિરો લાવે છે. ઉનાળાનો સમય હોઈ કેટલાક  સૈનિકો વૃક્ષોની છાંયામાં વિરામ કરે છે. સેનાની સાથે ગણિકાઓ પણ હતી. તેઓ નવા નિવાસસ્થાનોમાં થાકેલા સૈનિકોનો વિવિધ રીતે ઉપચાર કરતી હતી. તો વળી છાવણીમાં આરામ કરતા રાજાઓની વૈતાલિકો પ્રશસ્તિ કરી રહ્યા હતા.

**સર્ગ - 6.** છઠ્ઠા સર્ગમાં શ્રીકૃષ્ણ રૈવતક પર્વત ઉપર વિહાર કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે ત્યારે બધી ઋતુઓ કૃષ્ણની સેવામાં ઉપસ્થિત થાય છે. જેમ કે વસંતના નવપલ્લવો, કોયલનો ટહુકો, ભમરાઓનો ગુંજારવ વગેરેથી રમણીઓ કામોન્મય બની. ઉનાળાની ગરમીના કારણે વેલીઓ કરમાઈ જાય છે. મલય પવન વાવા લાગે છે. પલાશનો પુષ્પસમૂહ દાવાગ્નિ જેવો ભાસે છે. વર્ષાઋતુમાં વીજળીરૂપી આંખોના પલકારા મારતી વાદળોની હારમાળા રૈવતક પર્વત ઉપર સવાર થઈ જાય છે. મેઘ ગર્જના સાંભળીને કામાતુર સ્ત્રીઓ પ્રિયતમને મળવા અધીરી બને છે. શરદઋતુમાં હંસોનો મધુર અવાજ સંભળાય છે. સપ્તપર્ણના પુષ્પ ગુચ્છોની સુવાસથી વાયુ કામોત્તેજક લાગે છે. હેમંતઋતુમાં પવન શીતળ લાગે છે. આ ઋતુમાં પ્રિયંગુલતાનાં પુષ્પો ખીલી ઊઠે છે. આ પ્રકારનાં વર્ણન સાથે આ સર્ગ સમાપ્ત થાય છે.

**સર્ગ - 7.** રૈવતક પર્વત ઉપર છ ઋતુઓની શોભા જોઈ શ્રીકૃષ્ણ પોતાના અનુચરો સાથે વિહાર કરવા લાગે છે. યાદવો વનમાં પોતાની પ્રિયતમાઓ સાથે વિહાર કરે છે. પ્રેમીઓ પ્રિયતમાઓ સાથે મધુર પ્રેમાલાપ કરે છે. સ્ત્રીઓ વૃક્ષનાં પલ્લવો અને ફૂલો વડે કાનનો શણગાર કરે છે.

**સર્ગ - 8.** આઠમા સર્ગમાં વનવિહાર કરીને થાકેલી રમણીઓ જળાશય તરફ પ્રયાણ કરે છે. ત્યારે માર્ગના વૃક્ષો તેમને પોતાની  છાયા દ્વારા શીતળતા અર્પે છે. નદી પાસે પહોંચેલી કેટલીક સ્ત્રીઓ પોતાના પ્રિયતમનો હાથ પકડીને પાણીમાં પ્રવેશ કરતી હતી, તો વળી કેટલીક ધીમે પગલે પાણીમાં આગળ વધતી હતી. મોર-ઢેલ, હંસ-હંસી, ચક્રવાક-ચક્રવાકી વગેરે પક્ષીયુગલ પણ કામોત્તેજક જણાતા હતા. એવા વાતાવરણમાં આ સુંદરીઓ પોતાના પ્રિયતમ સાથે જલક્રીડા કરે છે. જલક્રીડા કરીને લોકો પાછા ફરે છે. આમ સૂર્યાસ્ત સાથે આઠમો સર્ગ પૂરો થાય છે.

**સર્ગ - 9.** સૂર્યાસ્ત થતાં રમણીઓ પોતાના નિવાસ તરફ આવે છે અને રતિક્રીડા માટે ઉત્કંઠિત બને છે. પક્ષીઓ પોતાના માળામાં પાછા ફરે છે. દિશાઓ રાતી થઈ જાય છે, કમળો બીડાઈ જાય છે. સંધ્યા સમયનું આકાશનું રક્તવર્ણી દૃશ્ય સુંદર શોભા ધારણ કરે છે. ચક્રવાક યુગલ વિખૂટાં પડે છે, અંધકાર સમસ્ત સંસારને ઘેરી વળે છે. ચંદ્રોદય થતાં સુંદરીઓ શૃંગાર સર્જે છે અને પ્રિયતમને સત્કારતી રમણીઓ પ્રિયતમના બાહુપાશમાં જકડાઈ જાય છે. આમ તેઓ પોતાના પ્રિયતમ સાથે રતિક્રીડા કરવા તત્પર બને છે.

**સર્ગ - 10.** દશમા સર્ગમાં રતિક્રીડા અને મદ્યપાનનું વર્ણન આવે છે. પોતાની પ્રિયતમાઓનું માન દૂર કરવા પ્રિયતમ મદિરાના બહાના હેઠળ પ્રેમનું પાન કરાવે છે. મદ્યપાન કરતી વખતે પ્રેમીઓ મદ્ય કરતા પણ વધારે સ્વાદિષ્ટ રમણીઓના ઓષ્ઠનું પાન કરે છે. પ્રિયતમાના અધરોષ્ઠ પરનો લાક્ષારંગ દૂર થઈ જાય છે. મદિરાના નશાના કારણે સ્ત્રીઓના અંગો અપ્રકટ વિલાસને પ્રગટ કરે છે. મદિરાપાનથી તેમની રતિક્રીડાની ઈચ્છા પ્રબળ બને છે. કોઈ પ્રેમી પ્રિયતમાના શીતળ નેત્રોને ચુંબન કરે છે. તો વળી પ્રેમી પ્રિયતમાના નાડાનું બંધન ખોલવામાં વ્યસ્ત છે. આમ અનેક રીતે કામક્રીડા કરતાં યુવક-યુવતી રાત્રિ પસાર કરે છે.

**સર્ગ - 11.** સવાર થતાં ભાટ-ચારણો મધુર ગીત દ્વારા શ્રીકૃષ્ણને જગાડે છે. ઝાંખાં દેખાતા ધ્રુવના તારાની ઉપર સપ્તર્ષિમંડલ ચમકે છે. કૂકડાઓ તાર સપ્તકમાં બોલવા લાગે છે. વૈતાલિકો મધુર ગાન દ્વારા રાજાઓને જગાડી રહ્યા છે. પક્ષીઓ કલરવ કરવા લાગે છે. તપસ્વીઓ મંત્રજાપ કરે છે. આમ, આ સર્ગમાં કવિએ પ્રભાતનું અત્યંત મનોરમ વર્ણન કર્યું છે.

**સર્ગ - 12.** સૂર્યોદય થયા પછી કૃષ્ણ પોતાની યાદવ સેના સાથે આગળ વધે છે. રાજાઓ શ્રીકૃષ્ણને અનુસરે છે. આ સર્ગમાં કવિએ ગોપાંગનાઓનું, યમુના નદી તથા આ નદીને પાર કરી રહેલા સૈનિકોનું રોચક વર્ણન કર્યું છે. પ્રસ્થાન કરતી વખતે શ્રીકૃષ્ણ પોતાનો પાંચજન્ય શંખ વગાડે છે. સેનાએ ઉડાડેલી ધૂળ ચારે બાજુ છવાઈ જાય છે. રથોના ચાલવાથી અને હાથીઓના પગલાંથી તૂટી ગયેલી જમીન સપાટ થઈ જાય છે. ગામડામાંથી પસાર થતી સેનાને ગામડાંની સ્ત્રીઓ અનિમેષ નયને જુએ છે. શ્રીકૃષ્ણ ગોચર ભૂમિમાં ઉભેલા ગોવાળને જુએ છે. ક્યાંક હરણાંઓના સમૂહને ખેતરમાં ચરતા જોઈને વ્યાકુળ બનેલી સ્ત્રીઓ મંદ મંદ હાસ્ય વેરતા શ્રીકૃષ્ણને જુએ છે. હાથી વાદળોને દાંતની ટોચથી ચીરી રહ્યા છે અને રસ્તાના વૃક્ષોને ઉખેડી રહ્યા છે. ઉન્નત સ્તનોવાળી વનવાસી સ્ત્રીઓ આંબળાના વનમાં બેસી શ્રીકૃષ્ણને જોઈ રહી છે. આમ, શ્રીકૃષ્ણની સેના અનેક દુર્ગમ વિસ્તારો, નદીઓ, નગરો વગેરેને પાર કરી હસ્તિનાપુર તરફ પ્રયાણ કરે છે.

**સર્ગ - 13.** આ સર્ગમાં ધર્મરાજ યુધિષ્ઠિરને હસ્તિનાપુર આવી રહેલા કૃષ્ણના આગમનની જાણ થાય છે. યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે શ્રીકૃષ્ણનું સ્વાગત કરે છે. શ્રીકૃષ્ણ રથમાંથી નીચે ઊતરી યુધિષ્ઠિરને દંડવત્ પ્રણામ કરે છે અને બંને એકબીજાને ભેટે છે. યાદવસ્ત્રીઓ અને પાંડવસ્ત્રીઓ પણ પરસ્પર એકબીજાને ભેટે છે. શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થ તરફ પ્રયાણ કરે છે ત્યારે યુધિષ્ઠિર પોતે ઘોડાની લગામ પકડે છે. ભીમ ચામર ઢોળે છે. અર્જુન છત્ર પકડે છે નકુલ અને સહદેવ શ્રીકૃષ્ણની પડખે ઊભાં રહે છે. આમ શ્રીકૃષ્ણ જુદા જુદા પ્રવેશદ્વારોથી યુક્ત એવા ઈન્દ્રપ્રસ્થમાં પાંડવો સાથે પ્રવેશ કરે છે. નગરની કેટલીક સ્ત્રીઓ કૃષ્ણને જોવા ટોળે વળે છે. સભાભવનમાં જલ અને સ્થળની

ભ્રાંતિ થાય છે. આમ, આ સર્ગમાં યુધિષ્ઠિરની મહાસભાનું સુંદર વર્ણન છે.

**સર્ગ - 14.** આ સર્ગમાં યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની સ્તુતિ કરી રાજસૂય યજ્ઞના આરંભ માટે સંમતિ માંગે છે. શ્રીકૃષ્ણના આગમનથી કાર્ય વિઘ્નરહિત બનતાં યુધિષ્ઠિર સંતોષની લાગણી પ્રગટ કરે છે. શ્રીકૃષ્ણ યજ્ઞની શરૂઆત કરે એવી યુધિષ્ઠિરની ઈચ્છા વ્યક્ત કરે છે. તે શ્રીકૃષ્ણ પાસે કર્તવ્યનું શિક્ષણ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. શ્રીકૃષ્ણ રાજસૂય યજ્ઞ માટે યુધિષ્ઠિર બધી રીતે યોગ્ય છે એવો પોતાનો મત આપે છે. શ્રીકૃષ્ણની સહાયથી યુધિષ્ઠિર યજ્ઞારંભમાં પ્રવૃત્ત થાય છે. પુરોહિતો યજ્ઞનું અનુષ્ઠાન કરાવે છે. આમ, યજ્ઞનું સુંદર વર્ણન આવે છે. આમ, યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા કરે છે.

**સર્ગ - 15.** શ્રીકૃષ્ણને મળેલા આવા સન્માનથી સભામાં બેઠેલા શિશુપાલને અત્યંત ગુસ્સો આવે છે અને અત્યંત ઉત્તેજિત થતાં બોલે છે કે, યુધિષ્ઠિર પોતાના પ્રિયજનને ગુણવાન માને છે. તેમનો કૃષ્ણ પ્રત્યે વિશેષ પ્રેમ હોવાને લીધે અપૂજિતની પૂજા કરી છે. જે રાજા નથી એવા કૃષ્ણને રાજોચિત પૂજાની ભેટ કૂતરા દ્વારા આહૂતિ આપવા યોગ્ય છે. યુધિષ્ઠિરે કૃષ્ણની પૂજા કરીને પોતાની અસત્યતા પ્રગટ કરી છે. જો તેમને કૃષ્ણ વિશેષ પૂજનીય લાગતા હતા તો પછી બીજા રાજાઓને શા માટે બોલાવ્યા? આ નિમંત્રણ તેમનું અપમાન કરવા બરાબર છે. આ વૃદ્ધ ભીષ્મ આ સભામાં બુદ્ધિ ગુમાવીને કઈ રીતે મનસ્વી બન્યા ? શિશુપાલે કરેલા શ્રીકૃષ્ણના અપમાનથી ભીષ્મ વધારે ગુસ્સે થાય છે. શ્રીકૃષ્ણ મનમાં શિશુપાલના આ અપરાધોને ગણે છે. શિશુપાલ અત્યંત ગુસ્સે થઈને યજ્ઞસભા છોડી તેની સાથે આ સર્ગની સમાપ્તિ થાય છે.

**સર્ગ - 16.** આ સર્ગમાં યુદ્ધનું આહ્‌વાન લઈને શિશુપાલનો દૂત કૃષ્ણ પાસે આવે છે અને દ્વિઅર્થી શબ્દોમાં શિશુપાલનો સંદેશો આપે છે. શ્રીકૃષ્ણના ઈશારાથી સાત્યકિ શિશુપાલના દૂતના વચનોનો જવાબ આપે છે. સાત્યકિ દૂતની વાણીને વિષયુક્ત અન્ન જેવી અનર્થકારી બતાવે છે. સાત્યકિ દૂતને જણાવે છે કે જો શિશુપાલ સંધિની ઈચ્છા રાખતો હોય તો યુદ્ધની તૈયારી કેમ કરે છે ? જો યુદ્ધ થશે તો અનર્થ થશે.

શિશુપાલે 100 અપરાધો પૂર્ણ કર્યા છે. હવે ચોક્કસ દંડ ભોગવશે. ત્યારે શિશુપાલનો દૂત સાત્યકિના વચનોનો જવાબ આપી શિશુપાલ વડે થનાર યુદ્ધની ચેતવણી આપે છે. આ સાથે આ સર્ગ પૂરો થાય છે.

**સર્ગ - 17.** શિશુપાલના દૂતનાં ગંભીર વચનો સાંભળી કૃષ્ણની સભા સંક્ષોભ પામે છે. ત્યાં ઉપસ્થિત અનેક રાજાઓમાં ગુસ્સો ફેલાઈ જાય છે. બલરામ અટ્ટહાસ્ય હરે છે. સાત્યકિના પિતામહ શિનિ ગુસ્સામાં જમીન પર પગ પછાડે છે. પાતાલ લોકમાં નાગોનો સમૂહ ભયભીત બને છે. જો કે બધા રાજાઓ ગુસ્સે થયા હોવા છતાં કૃષ્ણ શાંત રહે છે.

ઉદ્ધવજી પણ કૃષ્ણને અનુસરે છે. શિશુપાલના દૂતની વિદાય પછી કૃષ્ણનું સૈન્ય યુદ્ધની તૈયારી કરે છે. શ્રી કૃષ્ણ શસ્ત્રો સજી વિકરાળરૂપ ધારણ કરી પોતાની ચતુરંગી સેના સાથે યુદ્ધ માટે પ્રયાણ કરે છે.

**સર્ગ - 18.** આ સર્ગમાં કૃષ્ણ તથા શિશુપાલના સૈન્ય વચ્ચે તુમુલ યુદ્ધ ખેલાય છે. બંને પક્ષના સૈનિકો એકબીજાને જીતવાના નિર્ધાર સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે. યુદ્ધમાં લોહીની નદીઓ વહે છે. પક્ષીઓના સમૂહ માંસ ખાવાની ઈચ્છાથી આકાશમાં ઊડે છે. જાણે કે આખું રણ મેદાન શરીરનું નિર્માણ કરનાર વિધાતાનું સૃષ્ટિ નિર્માણસ્થળ ન હોય

તેવું પ્રાણીઓના અંગોથી વ્યાપેલું હતું.

**સર્ગ - 19.** અહીં બલરામ અને નરકાસુરના પુત્ર વેણુદારી વચ્ચેનું યુદ્ધ, રુક્મણિના ભાઈ રુકિમનું કૃષ્ણના પક્ષપાતી પૃથુના હાથે મૃત્યુ, પ્રદ્યુમ્ને બતાવેલી બહાદુરી, પ્રદ્યુમ્નના પરાક્રમથી દેવતાઓનું પ્રસન્ન થઈ પુષ્પવૃષ્ટિ કરવી, પ્રદ્યુમ્નના વિજયથી શિશુપાલનો ક્રોધ બમણો થવો, પ્રદ્યુમ્નની સામે ધસી જવું, યાદવસેનાનું શિશુપાલની સેના પર તૂટી પડવું, ભયંકર યુદ્ધ, શિશુપાલ વડે પોતાનું સૈન્ય અવરોધાયેલી જોઈ શ્રીકૃષ્ણનું જાતે યુદ્ધ માટે તૈયાર થવું વગેરે પ્રસંગોનું વર્ણન આવે છે.

**સર્ગ - 20.** આ સર્ગમાં શ્રીકૃષ્ણના પરાક્રમ જોઈને શિશુપાલ અત્યંત ક્રોધિત બને છે અને યુદ્ધ માટે શ્રીકૃષ્ણને પડકાર ફેંકે છે. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. શિશુપાલ ધનુષ્યની પણછ ખેંચી ભીષણ ટંકાર કરે છે અને ધનુષ્યમાંથી બાણોની વર્ષા કરે છે. શિશુપાલના બાણો મર્મભેદી હોવા છતાં કૃષ્ણને કોઈ હાનિ પહોંચાડી શકતાં નથી. શિશુપાલ ભુજંગાસ્ત્રનો પ્રયોગ કરી હજારો સાપ પેદા કરે છે. ત્યારે કૃષ્ણ ગરુડાસ્ત્ર ફેંકી તેનો સામનો કરે છે. શિશુપાલે આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કરતાં શ્રીકૃષ્ણ પર્જન્યાસ્ત્રનો પ્રયોગ કરી તેને ડામી દે છે. આમ, શિશુપાલ વડે પ્રયોગ કરાયેલા બધા જ પ્રયત્નોને શ્રીકૃષ્ણ નિષ્ફળ બનાવે છે અને અંતે પોતાના સુદર્શન ચક્ર વડે શિશુપાલના શરીરને મસ્તક વગરનું બનાવી દે છે.

શિશુપાલના શરીરમાંથી ઉત્પન્ન થયેલું તેજ શ્રીકૃષ્ણના દેહમાં વિલીન થઈ જાય છે અને આ સાથે મહાકાવ્યનો અંત આવે છે.

## 5.5 મહાકવિ માઘનું જીવનદર્શન

શિશુપાલવધ માઘનું અમર સર્જન છે. તેની સાહિત્યિક કલા સર્વાંગસુંદર છે. માઘ નિઃશંકપણે પ્રથમ હરોળમાં સ્થાન પામનારા મહાકવિ છે.

''શિશુપાલવધ''માં સ્થળે-સ્થળે મહાકવિ માઘે મહત્ત્વપૂર્ણ સંવાદોમાં પાત્રોના મુખે અર્થગૌરવયુક્ત પંક્તિઓ મૂકી છે. જ્યાં તેમનું જીવનદર્શન પ્રતિબિંબિત થયા વગર રહેતું નથી. મનુષ્યની પ્રકૃતિ, શત્રુની ઓળખ, સજ્જન, મહાપુરુષનો સ્વભાવ, બળવાન વ્યક્તિનું મહત્ત્વ, કામનો પ્રભાવ, નીતિવાનનું જીવનમાં મૂલ્ય, સ્વમાની મનુષ્યનાં લક્ષણ, અહંકારીની ઓળખ વગેરે અનેક મુદ્દે પોતાના વિચાર મૌક્તિકો માઘે આ મહાકાવ્યમાં ઠેરઠેર વેર્યાં છે. જેમ કે –

સ્વમાની મનુષ્યો માટે માઘ કહે છે કે, તેઓ હંમેશા માનરૂપી ધનવાળા હોય છે.(1/67) માણસની પ્રકૃતિને બદલી શકાતી નથી, પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, કંઈક એવા જ અર્થ માઘ કહે છે કે सतीव योषित् प्रकृतिः सुनिश्चला पुमांं समभ्येति भवान्तरेष्वपि । (1/72) અર્થાત્ પતિવ્રતા સ્ત્રી જેવી અત્યંત નિશ્ચલ પ્રકૃતિ = માણસનો સ્વભાવ બીજા જન્મમાં પણ એ માણસની સાથે આવે છે જ. તો વળી, પોતાનું હિત ઈચ્છતા વ્યક્તિએ શત્રુને ઊગતાની સાથે જ ડામવો જોઈએ. (2/10) કારણ કે સમયનું ચક્ર પરિવર્તન પામતું હોવાથી શત્રુઓ ઉન્નત થતાં બળવાન વ્યક્તિ પણ શત્રુઓને ડામવામાં અસમર્થ બની જાય છે અને શત્રુઓએ કરેલો તિરસ્કાર અસહ્ય હોય છે. परिभवोऽरिभवो हि सुदुःसह ।। (6/45) મનુષ્યજીવનની પરમ કડવી વાસ્તવિકતા

માઘ દર્શાવે છે કે - सर्वः स्वार्थं समीहते ।(2/65) અર્થાત્ આ સંસારમાં બધાય સ્વાર્થ સાધનારા જ હોય છે, તો વળી, મનુષ્ય સ્વભાવની બીજી વિશેષતા દર્શાવતાં માઘ લખે છે કે, ભ્રમિત માણસ વિવેકભાન ભૂલી જાય છે. (10/5) અને માણસ જ્યારે નશામાં હોય ત્યારે પોતાનો સ્વભાવ પ્રગટ કરી જ દે છે. (10/18) પણ મનુષ્યની ચતુરાઈ એને શીઘ્ર ફળ પ્રદાન કરનારી હોય છે. दाक्ष्यं हि सद्यः फलदम् । (12/32) એમ માઘનું માનવું છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો

1. શ્રીહર્ષનું મહાકવિ તરીકે પ્રદાન.

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

2. નૈષધીયચરિતના સર્ગ 1થી 10નો સારાંશ

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

3. નૈષધીયચરિતના સર્ગ 11થી 22નો સારાંશ

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

4. મહાકવિ ભારવિનું જીવનદર્શન/સંદેશ.

.......................................................

.......................................................

..............................................................

..............................................................

..............................................................

5. 'શિશુપાલવધ' મહાકાવ્યના સર્ગ 1 થી 10નો સારાંશ

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

6. 'શિશુપાલવધ' મહાકાવ્ય સર્ગ 11 થી 20નો સારાંશ લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

7. મહાકવિ માઘનું જીવનદર્શન.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## બહુવિકલ્પીય પ્રશ્નો

1. મહાકવિ માઘે કયું મહાકાવ્ય રચ્યું છે ?

(A) રઘુવંશ (B) કુમારસંભવ (C) શિશુપાલવધ (D) ઋતુસંહાર

2. શિશુપાલવધ કેટલા સર્ગનું મહાકાવ્ય છે ?

(A) બાર (B) પંદર (C) વીસ (D) બાવીસ

3. શિશુપાલવધના નાયક કોણ છે ?

   (A) બલરામ (B) કૃષ્ણ (C) શિવ (D) બ્રહ્મા

4. શિશુપાલવધ મહાકાવ્યને અન્ય કયા નામે ઓળખાય છે ?

   (A) ઊર્મિકાવ્ય (B) અધમ કાવ્ય (C) શ્રીપદાંકકાવ્ય (D) ખંડકાવ્ય

5. શિશુપાલવધનો મુખ્ય રસ કયો છે ?

   (A) વીર (B) શૃંગાર (C) ભયાનક (D) હાસ્ય

6. શિશુપાલનો વધ શ્રીકૃષ્ણ કઈ રીતે કરે છે ?

   (A) હાથ કાપી (B) પગ કાપી (C) માથું વાઢીને (D) ગરદન કાપી

7. શ્રી હર્ષચરિત મહાકાવ્યનું નામ જણાવો.

   (A) શિશુપાલવધ (B) નૈષધીયચરિત (C) રઘુવંશ (D) કુમારસંભવ

8. નૈષધીયચરિત કેટલા સર્ગનું મહાકાવ્ય છે ?

   (A) બાર (B) પંદર (C) એકવીસ (D) બાવીસ

9. નૈષધીયચરિતનો મુખ્યરસ કયો છે ?

   (A) શૃંગાર (B) હાસ્ય (C) વીર (D) ભયાનક

10. નૈષધીયચરિતનો મૂળસ્ત્રોત કયો છે ?

    (A) વેદ (B) પુરાણ (C) રામાયણ (D) મહાભારત (વનપર્વ)

11. નૈષધીય ચરિતના નાયક કોણ છે ?

    (A) રઘુ (B) ઉદયન (C) કૃષ્ણ (D) નળ

12. નૈષધીયચરિતની નાયિકા કોણ છે ?

    (A) શકુંતલા (B) દમયંતી (C) રાધા (D) વાસવદત્તા

★ ★ ★

BAOU
Education
for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

•

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**